
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૯મું
જૂન - ૨૦૧૪
અંક : ૪૩૩
મંગલ મંદિર • જૂન-૨૦૧૪ • ૧
(કુલ પાના : ૧૦૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર






ગેટ વે ઓફ ઈન્ડિયા - મુંબઈ

**આ અંકનું સૌજન્ય**
**શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન (નાની ખાખર-મુંબઈ) તરફથી પ્રાપ્ત થયેલ છે**

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુમિવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org



# નવનીત એજ્યુકેશન લિમિટેડ






## દ્વારા પ્રકાશિત
## શ્રેષ્ઠ
# જીવનચરિત્ર શ્રેણી

દીવાથી દીવો પ્રગટે એમ, આ શ્રેણી જીવનને જીવનથી જોડતો સેતુ બની રહેશે. આ શ્રેણીમાં એવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો છે, જેમણે સમાજ કે રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું છે. તેમનું જીવન સ્વયં એક સંદેશ છે.

**આ શ્રેણીનાં પુસ્તકો ...**

1. ગૌતમ બુદ્ધ
2. મહાત્મા ગાંધી
3. રવીન્દ્રનાથ ટાગોર
4. વલ્લભભાઈ પટેલ
5. સ્વામી વિવેકાનંદ
6. સુભાષચંદ્ર બોઝ
7. ઈન્દિરા ગાંધી
8. રાણા પ્રતાપ
9. લાલબહાદુર શાસ્ત્રી
10. જવાહરલાલ નેહરુ
11. ડૉ. બાબાસાહેબ આંબેડકર
12. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
13. રાજા રામમોહન રાય
14. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
15. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
16. છત્રપતિ શિવાજી
17. મધર ટેરેસા
18. કલ્પના ચાવલા
19. સુનિતા વિલિયમ્સ
20. ડૉ. વિક્રમ સારાભાઈ

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

**Since 1958**

**Leading. Innovating. Growing.**



Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

## V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

**નવભારત સાહિત્ય મંદિર**

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારા બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

---

TOYCRA
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઇન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઇમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

અમદાવાદના સૌથી ટોય્ઝના સૌપ્રથમ આવા
વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?

**વિશ્વની જાણીતી બ્રાન્ડનાં ટોય્ઝ, ગેઇમ્સ મેળવવા અમારા વિશાળ એ.સી. શો-રૂમની આજે જ મુલાકાત લો.**

---



**GILL & CO. PVT. LTD.**

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

With Best Compliments From

SHAH MOHANLAL DEVSHIBHAI FAMILY

- Anjar
- Mumbai
- Surat

SHAH ENTERPRISE

RATED NSIC-CRISIL SE2A

"RUSHABH", Nr. Sita Hospital, Old Subjail Gali, Ring Road, Surat - 395 002.
Email : shahgroupsurat@gmail.com/parkerstoresurat@gmail.com
Web : www.shahenterprise.in Phone : 0261-2630248, 0261-6540982
0261-6550982-86, Mobile : 98795 67448

COMPLETE COMPRESSED AIR SYSTEM SOLUTIONS

CONSULTANCY - SUPPLY - MAINTENANCE

- AIR COMPRESSORS
- AIR RECEIVER
- AIR DRYER
- ALL TYPE OF PNEUMATIC COMPONENTS
- ALL TYPE OF HYDRAULIC COMPONENTS
- VACUUM PUMP
- FILTERS
- SEAMLESS SS TUBES

AUTHORISED REPRESENTATIVE OF:

Chicago Pneumatic
CHICAGO PNEUMATICS SALES

Parker
PARKER HANNIFIN INDIA PVT. LTD.

SSD DRIVES
PARKER HANNIFIN (SSD DRIVE DIVISION)

SANDVIK
SANDVIK MATERIALS TECHNOLOGY


SIEMENS
SIEMENS LIMITED

TRIDENT
TRIDENT PNEUMATICS PVT.LTD.

legris connectic
LEGRIS INDIA PVT.LTD.

Air-marshal COMPRESSORS
GAJJAR COMPRESSORS PVT.LTD.

# વિવિધ યાદગાર પ્રસંગોએ સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં અણમોલ અને સદાબહાર પુસ્તકો




### શુભેચ્છા પાઠવવાના કોઈપણ પ્રસંગે

| | | |
|---|---|---|
| ચાલતા રહો, ચાલતા રહો | મોહમ્મદ માંકડ | 100 |
| ચાણક્યની રાજનીતિ | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| પગલે પગલે પ્રગટે કમળ | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 160 |
| સારપના સાથિયા | બાબુભાઈ સોલંકી | 120 |
| રજકણ | ધૂમકેતુ | 100 |
| પ્રેરણાપરબ | ફાધર વાલેસ | 65 |
| જીવન-ઉપનિષદ | બબાભાઈ પટેલ | 150 |
| જીવન જીવવાની કળા | શ્રી લલિતપ્રભ, અનુ. હિરેન્દ્ર લાડ | 160 |

### લગ્ન પ્રસંગે તથા લગ્નતિથિ નિમિત્તે

| | | |
|---|---|---|
| સાસુ-વહુ.કોમ | નીલમ દોશી | 200 |
| હૈયાનો હસ્તમેળાપ | દિનેશ પાંચાલ | 250 |
| બેટર હાફ | શશિકલા જોષીપુરા | 175 |
| પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી | સંપા. રોહિત શાહ | 150 |

### ધાર્મિક પ્રસંગે / તપસ્વીના બહુમાન નિમિત્તે

| | | |
|---|---|---|
| સૂફી જન તો તેને રે કહીએ | ડૉ. મહેબૂબ દેસાઈ | 90 |
| બોલો, ઈશ્વર છે કે નથી ? | દિનેશ પાંચાલ | 90 |
| હરિના હસ્તાક્ષર | કાન્તિલાલ કાલાણી | 45 |
| મા આનંદમયી | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |

| | | |
|---|---|---|
| ગીતા નવનીતમ્ | સ્વામી અધ્યાત્માનંદ | 125 |
| જીવનયોગ | સ્વામી અધ્યાત્માનંદ | 150 |
| મંગલમ્ | બિન્દુબહેન જે. કચરા | 100 |

### ફાધર્સ-ડે, પેરન્ટ્સ-ડે નિમિત્તે

| | | |
|---|---|---|
| પિતા-પપ્પા-ડેડી | સંપા. રતિલાલ બોરીસાગર | 225 |
| એવરી-ડે, પેરન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | 125 |

### શિક્ષક દિન નિમિત્તે તથા ઈનામરૂપે

| | | |
|---|---|---|
| ગુજરાતની શિક્ષણવિભૂતિઓ | ડૉ. ભદ્રાયુ વછરાજાની | 275 |
| શિક્ષક-ઉપનિષદ | બબાભાઈ પટેલ | 100 |
| ભૂલ્યા નહિ ભુલાય (પ્રસંગો) | નાગજીભાઈ દેસાઈ | 75 |
| કથાકોર્નર | વિકાસ ઘનશ્યામ નાયક | 70 |
| કરંડિયો | વિકાસ ઘનશ્યામ નાયક | 70 |
| ચેસની રસપ્રદ વાતો | મયૂર પટેલ | 120 |
| મારી નોંધો મારા પોતાના માટે | હસમુખ અઢિયા | 100 |

### બીમાર વ્યક્તિની ખબર પૂછવાના પ્રસંગે તથા સ્વજનના મૃત્યુ પ્રસંગે

| | | |
|---|---|---|
| યોગ અને આરોગ્ય | સ્વામી અધ્યાત્માનંદ | 150 |
| ભવરોગનું ઔષધ | કાન્તિલાલ કાલાણી | 115 |
| જીવનસંધ્યાનાં તિમિર અને તેજ | ઊર્મિલા શાહ | 110 |






## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
ફોન : 22144663 ફેક્સ : 22144663
ઈ-મેઈલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટેન્ડ પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*

*તંત્રી લેખ :*

- સેવાના ભેખધારી શ્રી તારાચંદભાઈ છેડાને અભિનંદન .......... અશોક મહેતા ........ ૯

*સંભારણા :*

- ભારતના વડાપ્રધાન (તત્કાલીન ગુજરાત રાજયના મુખ્યમંત્રી) શ્રી નરેન્દ્ર મોદી રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ના શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા ત્યારની યાદગાર પળો .......... ૧૧
- 'મંગલ મંદિર' શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગર : વર્ષ ૨૦૧૩-૨૦૧૪ .......... ૧૫

*લેખ વિભાગ :*

**કચ્છ**

- ભારતીય સંસ્કૃતિને જીવંત રાખતા કચ્છી નરબંકા ખેડૂતો .......... અશોક મહેતા ..... ૧૬
- ચારણની ચતુરાઈ અને ચાબખા – (૨) કચ્છની રસધાર : મણકો-૨૦ .......... દુલેરાય કારાણી ..... ૨૦
- વણલખ્યા વહેવારોનું ગ્રંથસ્થીકરણ : કચ્છી દેશી સીરસ્તા સંગ્રહ ........ નરેશ પી. અંતાણી ..... ૨૨

**પ્રજાતંત્ર**

- ઉદ્યોગોની જમીનની મંજૂરી માટે સુપ્રીમના દિશાનિર્દેશો ......... શશીકાંત ઠક્કર, ઍડવોકેટ ..... ૨૩

**વિચાર મંથન**

- પ્રગતિની અવરોધક માન્યતાઓ – ૨ .......... મૂળ લેખક : સુબોધ શાહ
  પુનર્જન્મ અને અધ્યાત્મનો અતિરેક — રજૂઆત : મૂરજી ગડા ..... ૧૮
- સાગર સંગમે .......... ડૉ. ગિરીશ વીછીવોરા ..... ૨૭

**વિચાર વિમર્શ**

- સંપત્તિનો નહીં, વિચારોનો ઢગલો કરો .......... ડૉ. યાસીન દલાલ ..... ૨૮

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૬ નિઃસ્વાર્થ પ્રેમવૃત્તિ .......... સ્વામી સચ્ચિદાનંદજી ..... ૩૦
- 'કોઈના મહેલ જોઈને આપણાં ઝૂંપડા ન બળાય' સંભારણાની સફર : મણકો-૧૩ .......... ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ..... ૩૨
- વહુના મીઠા શબ્દો : ડાયાબિટીસમાં પણ ખાઈ શકાય એવી વાનગી ....... દિનેશ પાંચાલ ..... ૩૪
- એવા સમયે તમે આત્માનું કહ્યું કરજો .......... ડૉ. ચંદ્રકાંત મહેતા ..... ૩૬
- તું અને હું – ૨ : આ દાસ્તાન સનાતન .......... માવજી કે. સાવલા ..... ૩૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## અર્થકારણ

● ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ : સેવાક્ષેત્ર ..................... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૩૯

## ઇતિહાસ

● ગાંધીના શસ્ત્ર – અહિંસાથી લડાયેલી વિશ્વની કેટલીક મહાન ક્રાંતિઓ ....... દામજી માણેક ગડા ..... ૪૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૪૩
પ્રકરણ-૨૮

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

● માનસિક વિકલાંગ સંતાનોના માતા-પિતાની ચિંતામાંથી સર્જાયું....
"સંજાણ હોમ" ..................... કિરણ ચાંપાનેરી 'સેતુ' ..... ૪૬

## તંદુરસ્તી

● બાયપાસ સર્જરીના ત્રીસ વર્ષ બાદ : ..................... ડૉ. ધીરેન શાહ
હૃદયરોગથી પીડિત એક વ્યક્તિની કથા — કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન - સીમ્સ હોસ્પિટલ ...... ૪૮
● વૈશ્વિક ચિત્તભ્રમ દિન ..................... ડૉ. મણિલાલ ગડા - મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ
ડૉ. દિપ્તી શાહ - બાળ મનોચિકિત્સક ..... ૫૦
● મોતીબિંદુ (મોતિયા)ને સમજીએ
કેટરેક્ટ (મોતિયો) શું છે? ..................... ડૉ. જુગલ પી. શાહ, આંખના સર્જન ..... ૫૩
● તમને પાણી પીતાં આવડે છે? ..................... શાંતિલાલ સંઘવી ..... ૫૪

## વાર્તા

● ગાયિકા ..................... હરેશ ધોળકિયા ..... ૫૫
● મનુષ્ય જીવનનું ગંગાજળ ..................... ડૉ. ઊર્મિલા શાહ ..... ૬૧

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ..................... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૬૩

## નિયમિત વિભાગો

● આંજો કાગર ..................... ૬૫
● અન્ય સંસ્થાઓના સમાચાર ..................... ૬૭
● સાર સમાચાર ..................... સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૭૧
● જાણવા જેવું ..................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૨
● શબ્દ રમત-૯૪ ..................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૩
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ..................... ૭૪
● *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૦) ..................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૫
● વલોવતન ..................... સંકલન : દિનેશ આર. મહેતા ..... ૭૭
● સમાજ દર્પણ ..................... ૮૧
● સંસ્થા સમાચાર ..................... ૮૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..................... ૯૬
● ઊડતી નજરે ..................... ૧૦૦

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સેવાના ભેખધારી શ્રી તારાચંદભાઈ છેડાને અભિનંદન

***– અશોક મહેતા***

છેલ્લા ૧૨-૧૨ વર્ષથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જેમણે જવાબદારી વહન કરેલ છે એવા વિચક્ષણ રાજપુરુષ શ્રી નરેન્દ્ર મોદીની ભારતના વડાપ્રધાન તરીકે નિમણૂક થતાં ગુજરાતની જવાબદારી શ્રીમતી આનંદીબેન પટેલના શિરે આવી. શ્રીમતી આનંદીબેને પોતાની ટીમના એક અદના સાથી તરીકે શ્રી તારાચંદભાઈ છેડાની પસંદગી કરી. તેમને રાજ્યકક્ષાના મંત્રીપદનું સ્થાન આપ્યું અને કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ તથા ગૌસંવર્ધનના ખાતાની જવાબદારી સુપરત કરવામાં આવી. શ્રી તારાચંદભાઈ છેડાનો કારોબાર હવે કચ્છની સીમા બહાર ગુજરાતની કક્ષાએ વિસ્તરવા પામેલ છે, ત્યારે શ્રી તારાચંદભાઈમાં શ્રી નરેન્દ્ર મોદી અને શ્રીમતી આનંદીબેને જે વિશ્વાસ મૂકેલ છે તે વિશ્વાસને તેઓ પૂરેપૂરા સાર્થક કરીને આવતા દિવસોમાં પુરવાર કરી શકશે તેવો અહેસાસ તેના પરિચયમાં આવનાર કોઈને પણ હોય તે સ્વાભાવિક છે. શ્રી તારાચંદભાઈ છેડાનું હૃદય સેવાના ક્ષેત્રે જેટલું નરમ છે તેવી તેમની કડપ પણ વિશેષ છે. શ્રી નરેન્દ્ર મોદી જેવા જ ગુણો તેમનામાં જન્મથી જ આરોપાયેલ છે. ત્યારે કોઈ પણ કચ્છી આ પ્રસંગે સવિશેષપણે આનંદથી કહી શકશે કે આવતા દિવસોમાં આપણે શ્રી તારાચંદભાઈ છેડાની પ્રગતિ સવિશેષપણે નિહાળી શકશું. અમને માત્ર ખાત્રી નથી પણ સંપૂર્ણ વિશ્વાસ છે કે આવતા દિવસોમાં એક કચ્છીના હસ્તે ગુજરાતની સમગ્ર પ્રજાની સેવાનો ઈતિહાસ રચાઈ શકશે.

શ્રી તારાચંદભાઈ છેડા ગુજરાત સરકારમાં મંત્રી પદે બિરાજમાન થાય છે તેવા સમાચાર ૧૯મી તારીખના સાંજથી જ આવવા લાગ્યા હતા. અનેક કચ્છી સહકાર્યકરોએ ગાંધીનગર આવવાની શરૂઆત કરી દીધેલ હતી. ૨૦મી તારીખે જ્યારે શપથવિધિ થઈ ત્યારે તેઓના અનેક ચાહકોએ જયઘોષ બોલાવેલ હતી. ધીરે ધીરે સમાચાર પ્રસરતા ગયા અને અમદાવાદ, કચ્છ, મુંબઈ કે ભારતના કોઈ પણ સ્થળના કચ્છીને આ સમાચાર મળતાં ગયા તેમ તેમ લોકો આનંદ વ્યક્ત કરતા ગયા. લોકોમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો. શ્રી તારાચંદભાઈ છેડાને આપણે શુભેચ્છા પાઠવીએ. તેઓશ્રીના હસ્તે સમગ્ર ગુજરાતની જનતાના અનેકવિધ સેવાના કાર્યો થતા રહે અને તેઓ પોતાનું નામ રોશન કરતા રહે તેવી લાગણી વ્યક્ત કરીએ. તેઓશ્રીને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન.

તેઓશ્રી હવેથી ગુજરાત સરકારમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રીના પદે બિરાજમાન રહેશે. તેઓશ્રીને કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધનના ખાતા સુપરત કરવામાં આવેલ છે કે જે ક્ષેત્રોના તેઓશ્રી માહીર છે.

સરકારની સફળતાનો આધાર વધુને વધુ રોજગારી ઉત્પન્ન કરવા પર નિર્ભર રહેલ છે. કુટિર ઉદ્યોગ રોજગારી ઉત્પન્ન કરવાનું એક ક્ષેત્ર છે. અગર આ ઉદ્યોગ ધમધમતો રહે તો અનેક રોજગારી ઉત્પન્ન થઈ શકે પરંતુ હાલના મંદીના માહોલમાં કોઈ પણ કુટિર ઉદ્યોગની ક્ષમતાના પ્રમાણમાં તેઓના માલનું વેચાણ થઈ શકતું નથી. આ માલના વેચાણના ક્ષેત્રો વધે તો જ તેની ખપત વધે. વેચાણના ક્ષેત્રોમાં વધારો ત્યારે જ થઈ શકે કે જ્યારે તે માલની વપરાશ વધે. વપરાશ ત્યારે જ વધે કે જ્યારે પ્રજાના હાથમાં પૈસાની બચત રહે. આ બચત ત્યારે જ શક્ય બને કે બજારના માલની કિંમતમાં ઘટાડો થાય. આ બધા સર્કલમાંથી પસાર થઈને આવતા દિવસોમાં અગર શ્રી તારાચંદભાઈ છેડા કુટિર ઉદ્યોગોમાં ગતિ લાવી શકશે તો તે સિધ્ધિ વિશેષ સ્વરૂપની કહી શકાશે. તેમની વિચક્ષણતા જરૂરથી હકારાત્મક પરિણામો લાવી શકશે તેવી ઈચ્છા કોઈ પણ કચ્છીના મનમાં હોય તે સ્વાભાવિક છે.

મીઠા ઉદ્યોગથી કચ્છ ધમધમતું રહે છે. સમગ્ર ભારતના મીઠાના ઉત્પાદનના ૪૦ ટકા અને ગુજરાતના મીઠાના ઉત્પાદનના ૮૦ ટકા જેટલું મીઠું કચ્છમાં જ પાકે છે. આ ઉદ્યોગ પરેશાન હોય તેવા સમાચાર અવારનવાર આવતા રહે છે. વેગનની ફાળવણી, રેલવેના નૂર જેવા પ્રશ્નો અવારનવાર ચમકતા રહે છે. સામા પક્ષે અગરિયાઓની હાલત કફોડી રહેવા પામેલ છે. તેમના બાળકોના શિક્ષણનો પ્રશ્ન વિકરાળ છે. જો કે હાલે કેટલીક સેવાકીય સંસ્થાઓએ આ ક્ષેત્રે સારા એવા યોગદાનની શરૂઆત કરેલ છે.

ગૌસેવા એ શ્રી તારાચંદભાઈની ગળથૂથીમાં જ રહેવા પામેલ છે. કચ્છમાં દુષ્કાળના સમયે વિવિધ ઢોરવાડા ખોલીને આ જીવોની સેવા કરવા અંગે સારાયે કચ્છ પ્રદેશમાં કોઈ એક વ્યક્તિ વિખ્યાત હોય તો તે શ્રી તારાચંદભાઈ છે.તેમને હવે ગૌસેવા ઉપરાંત ગૌસંવર્ધનની જવાબદારીનો તાજ પહેરાવવામાં આવેલ છે. ગાયોની નસલી જાત સુધારવી, ગાયોને પૌષ્ટિક આહાર મળી

*સારા લોકોનો સાથ ચંદન સમાન હોય છે.*

રહે તેવી વ્યવસ્થા ગોઠવવી, દુષ્કાળના સમયે ખેડૂતોને પરવડી શકે તેવા ભાવે પૂરતો ઘાસ સ્થાનિકે જ પૂરો પાડવો, દૂધાળા ઢોરોની કતલ અટકાવવી, ગૌમાંસને પ્રોત્સાહન ના મળે તેવા પરિણામો મેળવવા વગેરે પ્રકારના કાર્યોની જવાબદારી તેમના શિરે મૂકવામાં આવેલ છે. ગામડાની ઇકોનોમિ આજે પણ ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. આપણે સંપૂર્ણપણે શ્રી તારાચંદભાઈમાં વિશ્વાસ મૂકી શકીએ કે તેઓ પોતાની વિચક્ષણતા દાખવી આ ક્ષેત્રે સારા પરિણામો મેળવી શકશે.

કચ્છના મુંદ્રા તાલુકાના કાંડાગરા ગામનો એક યુવાન આજથી ૪૦-૪૫ વર્ષ અગાઉ તેની ૨૦-૨૧ વર્ષની ઉંમરે મુંબઈથી કચ્છમાં ઠરીઠામ થવા આવ્યો. આર્થિક ઉપાર્જનની સાથે સાથે તેણે સેવાના કાર્યોને પણ સ્વીકાર્યા. ધીરે ધીરે તેણે રાજકારણમાં પણ ડગ માંડ્યા. અને આજે તેઓશ્રી સમગ્ર કચ્છમાં વિખ્યાતિ પ્રાપ્ત કરી શકેલ છે તેવા શ્રી તારાચંદભાઈ છેડાએ કોઈ દિવસ પદની ખેવના રાખેલ નથી. અત્યારે જ્યારે પ્રધાનમંડળ રચાયું ત્યારે અનેક ધારાસભ્યશ્રીઓએ મંત્રીપદ માટે લોબીંગ કરવાની શરૂઆત કરી દીધેલ. આ બાબતે શ્રી તારાચંદભાઈનું જ્યારે ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે તેમનો જવાબ હતો કે લોબીંગ કરીને પદ મેળવવું તે મારા સ્વભાવમાં નથી. મારા કાર્યક્ષેત્રને જોઈને જો મને માનભેર પદ આપવામાં આવશે તો જ હું તેનો સ્વીકાર કરીશ. અન્યથા હું જ્યાં છું ત્યાં જ બરાબર છું. તેઓશ્રીનો પ્રત્યુત્તર લાજવાબ અને ગૌરવકારક હતો. તેઓશ્રી ભુજમાં રહી શ્રી ક.વી.ઓ. જૈન મહાજનના અધ્યક્ષપદે બિરાજમાન છે. આ એ જ મહાજન છે કે જેમણે ૨૦૦૧ના ધરતીકંપના સમયે સમગ્ર પ્રજા માટે પોતાના રસોડાના દ્વાર ખોલી નાંખેલ અને સહુને બંને ટાઈમ વિનામૂલ્યે અહીંથી ભોજન પીરસવામાં આવતું હતું. આ એજ મહાજન છે કે જેમણે અનેક ક્ષેત્રે આજે પણ પોતાની સેવાની જ્યોત પ્રજ્વલિત રાખેલ છે. આ એજ મહાજન છે કે જે કચ્છની કોઈપણ કન્યાના લગ્ન માત્ર રૂા. ૫,૦૦૦/-માં વાજતે ગાજતે કરાવી આપે છે. આ યોજના 'મહાજનના મામેરા'ના નામે સમગ્ર કચ્છમાં વિખ્યાત છે અને અત્યાર સુધી કોઈપણ જ્ઞાતિની ૧૬૫થી પણ વધુ કન્યાના લગ્ન ધામધૂમપૂર્વક કરાવી આપેલ છે. તાજેતરમાં જ જળમંદિર યોજના દ્વારા તેઓએ મુંદ્રા - માંડવી વિસ્તારના ૫૦૦ તળાવો નવા બનાવવા અથવા તો હયાત તળાવોને વધુ ઊંડા બનાવવાની યોજના દાખલ કરેલ છે. અત્યાર સુધી તેઓશ્રીએ આ યોજનાના ભાગ સ્વરૂપે ૬૪ તળાવોના ખાતમુહૂર્ત કરેલ છે. આ એવી યોજના છે કે જેના સુખદ પરિણામો આવતા એક-બે વર્ષમાં જ દૃષ્ટિગોચર થવાના છે.

સેવાના ભેખધારી શ્રી તારાચંદભાઈ છેડાને આ પ્રસંગે અમે નત મસ્તકે વંદન કરીએ છીએ અને હવે જ્યારે તેઓ ગુજરાત સરકારના મંત્રીપદે બિરાજમાન થયેલ છે ત્યારે તેઓશ્રીને કચ્છના નીચે મુજબના પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવા અમે નમ્રતાપૂર્વક રજૂઆત કરીએ છીએ.

કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણીની કેનાલોના કાર્યો તો હાલે સારા એવા પ્રમાણમાં પ્રગતિને પંથે છે પરંતુ વધારાના પાણીના કાર્યો જળસિંચાઈ વિભાગ હજુ સુધી શરૂઆત કરાવી શકેલ નથી. વધારાના પાણીના આયોજનો જળસિંચાઈ વિભાગે સંપૂર્ણપણે કરી રાખેલ છે. પરંતુ બજેટકીય ફાળવણીના અભાવે એ કાર્યો શરૂ થઈ શકેલ નથી. હવે તો નવા પ્રધાન મંડળની રચના થઈ ગયેલ છે ત્યારે વિધાનસભામાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫નું બજેટ રજૂ કરવામાં આવશે. આ બજેટમાં કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીના કાર્યો માટે બજેટમાં જોગવાઈ થઈ શકે એ જરૂરી છે. ટોટલ રૂા. ૪,૦૦૦/- કરોડની આ યોજના સામે અગર આ બજેટમાં રૂા. ૧,૦૦૦/- કરોડ પણ ફાળવવામાં આવે તો આ કાર્યો હાથ પર લઈ શકાય. આ તબક્કે આપણે એ હકીકતને ખ્યાલમાં રાખીએ કે આ પ્રકારના ઉત્તર ગુજરાતના કાર્યો રૂા. ૪,૨૦૦/- કરોડના ખર્ચે લગભગ પૂર્ણ થઈ ચૂકેલ છે અને સૌરાષ્ટ્રના રૂા. ૧૦,૦૦૦/- કરોડની યોજનાના કાર્યો હાલે પ્રગતિમાં છે.

કચ્છ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલરની નિમણૂક થયેલ નથી. રજિસ્ટ્રારની પણ નિમણૂક થયેલ નથી. તેના કાર્યો ઠેબે ચડેલ છે. કચ્છ યુનિવર્સિટીના કાર્યો હાથ પર લેવા ખૂબ જ જરૂરી છે.

કચ્છમાં ઠેરઠેર પ્રાઈમરી હેલ્થ સેન્ટર છે પણ યોગ્ય ડૉક્ટર અને સ્ટાફના અભાવે મોટાભાગના સેન્ટરો નિષ્ક્રિય છે. પરિણામે ગામડાની જનતાને બીમારીના સમયે પુષ્કળ હાલાકી ભોગવવી પડે છે.

જી.કે. જનરલ હોસ્પિટલ સામાન્ય પબ્લિકના ધોરણે યોગ્ય કાર્યવાહી કરી શકતી નથી. તેની ઉણપો સુધારવાની જરૂરત છે.

ઉપર મુજબના દાખલા વર્ણવવાપાત્ર હોવાના કારણે વર્ણવેલ છે. આવા તો અનેક કાર્યો હાથ પર લઈ શકાય.

અંતમાં, સમગ્ર કચ્છની પ્રજાના ઉમળકાની વાત કરીએ તો આ પ્રસંગે શ્રી તારાચંદભાઈને ખૂબ ખૂબ વધાઈ આપીએ. તેઓશ્રી નિરોગી રહી કચ્છની અને સમગ્ર ગુજરાતની જનતાની સેવા કરતા રહે તેવી અભિલાષા વ્યક્ત કરીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*પોઝિટિવ થીન્કિંગથી જ સફળતા મળે છે.*

# ભારતના વડાપ્રધાન (તત્કાલીન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી) શ્રી નરેન્દ્ર મોદી રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ના શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા ત્યારની યાદગાર પળો

લોકસભા - ૨૦૧૪ની ચૂંટણીમાં એન.ડી.એ. અને ભાજપને જે ક્લિયર કટ બહુમતી મળી તેનો જો કોઈને શ્રેય આપવાનો હોય તો તે માત્ર અને માત્ર ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને આપવો પડે. ઈલેક્શન કેમ્પેઈન વખતે તેમની વાણી, બોડી લેંગ્વેજ, સામા માણસના મગજમાં સોંસરવી ઉતરી જાય તેવી દલીલબાજી, જે પ્રદેશમાં જાય તે પ્રદેશની મૂળભૂત સમસ્યાનું વિવરણ અને જે વ્યક્તિત્વથી કોઈપણ જાતની થકાવટ વગર તેઓ પ્રચાર કરતા હતા એ સારાયે અભિગમને જન માનસે પોતાનામાં આત્મસાત્ કરી લીધો. ભારતની જનતાને નરેન્દ્ર મોદીમાં પોતાનો તારણહાર દેખાયો, પોતાનો ઉધ્ધારક દેખાયો. અને પરિણામ! કોઈએ કલ્પના પણ ના કરી હોય તેવી માત્ર ભાજપ અને ભાજપને ૫૪૩ માંથી ૨૮૩ સીટ અને એન.ડી.એ.ના મોરચાને ૩૩૫ સીટ.

શ્રી નરેન્દ્ર મોદીની છાપ એક લોખંડી પુરુષ તરીકેની પ્રચલિત થતી જાય છે. તેમના વિશે વર્તમાનપત્રોમાં દરરોજ ઢગલાબંધ વિશ્લેષણાત્મક લેખો આવે છે. ગુણવંત શાહ, ભવેન કચ્છી, ભાલચંદ્ર જાની, સુદર્શન ઉપાધ્યાય, નગીનદાસ સંઘવી, જય વસાવડા, અજય ઉમટ, કુંદન વ્યાસ જેવા અનેક સિધ્ધહસ્ત લેખકોએ અનેક હકીકતો આપણી સમક્ષ રજૂ કરેલ છે. શ્રી નરેન્દ્ર મોદી વિષે 'મંગલ મંદિર'માં કંઈ પણ લખીએ, એ ઉપરોક્ત લેખક મહાશયો દ્વારા રજૂ કરવામાં આવેલ વિગતોનું માત્ર રીપિટેશન જ થશે. તેથી એવી કોઈ વિગતોમાં ના ઉતરતાં, આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી અમે શ્રી નરેન્દ્ર મોદીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ અને ક્યારેક તેમની સાથે ગાળેલી યાદગાર પળોની તસવીરોને અત્રે રજૂ કરી તેઓ સાથે ગાળેલ સુમધુર યાદ તાજી કરીએ છીએ.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનું લોકાર્પણ રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ના રોજ કરવામાં આવેલ હતું. એ સમયે સ્વ. ધીરજલાલ સ્વરુપચંદ શાહ ગુજરાત વિધાનસભાના સ્પીકરપદે બિરાજમાન હતા અને શ્રી મૂકેશભાઈ ઝવેરી ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડના ચેરમેનપદે બિરાજમાન હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહના નિર્માણ માટે શ્રી મૂકેશભાઈ ઝવેરીએ ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડમાંથી રૂા. ૧.૦૦ કરોડ જેટલી માતબર રકમનું ડોનેશન એ સમયે અપાવેલ હતું. આ બંને મહાનુભાવોના પ્રયાસથી અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આમંત્રણથી શ્રી નરેન્દ્ર મોદીએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન કરવાનું સ્વીકારેલ હતું.

એ સમયની યાદગાર પળોને અત્રે ફોટો સ્વરૂપે જીવંત કરીએ છીએ.



**શ્રી નરેન્દ્ર મોદી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર પધાર્યા**
ત્યારે ઉપસ્થિત મહાનુભાવોનું અભિવાદન સ્વીકારતા દૃષ્ટિગોચર થાય છે.



**ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડની તકતીનું અનાવરણ કરતા શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયા,
ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર મોદી, શ્રી પ્રતાપભાઈ દંડ.



**જી.એમ.ડી.સી.ની તકતીના અનાવરણ બાદ એક ગ્રુપ ફોટોમાં શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા (પાછળ),
શ્રી નરેન્દ્ર મોદી, શ્રી મૂકેશ ઝવેરી (પાછળ), શ્રી પ્રતાપભાઈ દંડ,
એક મહાનુભાવ અને શ્રી મણિલાલ કુંવરજી ગોસર.



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ઉદ્‌ઘાટન બાદ મીઠું મોઢું કરતા શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી નરેન્દ્ર મોદી તથા અન્ય મહાનુભાવો.



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ઉદ્‌ઘાટન બાદ સરકિટ હાઉસ એનેક્ષીમાં યોજવામાં આવેલ સન્માન સમારંભમાં પધારતા શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી શ્રી નરેન્દ્ર મોદી, શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ વગેરે.



**સન્માન સમારંભમાં દીપ પ્રાગટ્યના સમયે શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી દીપ પ્રાગટ્ય કરતાં શ્રી મૂકેશભાઈ ઝવેરી, તત્કાલીન મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી નરેન્દ્ર મોદી, સ્વ. ધીરજલાલ સ્વરુપચંદ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને સામેની બાજુ શ્રી પ્રતાપભાઈ દંડ.



**સન્માન સમારંભમાં દીપ પ્રાગટ્યના સમયે શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી શ્રી મૂકેશભાઈ ઝવેરી, તત્કાલીન ગુજરાત રાજ્યના મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી નરેન્દ્ર મોદી, સ્વ. ધીરજલાલ સ્વરુપચંદ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને સામેની બાજુ શ્રી પ્રતાપભાઈ દંડ.



**શ્રી નરેન્દ્ર મોદીનું અભિવાદન કરતાં શ્રી અશોક મહેતા.**
ડાબેથી શ્રી અશોક મહેતા (સામેની બાજુ), શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી નરેન્દ્ર મોદી, સ્વ. ધીરજભાઈ શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા.



શ્રી કચ્છી વિશ્રામ ગૃહના બાંધકામમાં જેમણે અગ્રીમ ભાગ ભજવેલ,
તે ટ્રસ્ટી **શ્રી હસમુખભાઈ ગટેચાનું બહુમાન કરતા શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી શ્રી નરેન્દ્ર મોદી, સ્વ. ધીરુભાઈ શાહ તથા
ડૉ. ચંદ્રકાંત દેઢિયા. સામેની બાજુ શ્રી હસમુખભાઈ ગટેચા.



જી.એમ.ડી.સી.ના તત્કાલીન ચેરમેન શ્રી મૂકેશભાઈ ઝવેરીનું બહુમાન કરતાં
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી શ્રી બિપીનભાઈ જૈન.
ડાબેથી જી.એમ.ડી.સી.ના તત્કાલીન ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરી,
સ્વ. ધીરુભાઈ શાહ, અને ડૉ. ચંદ્રકાંત દેઢિયા. સામેની બાજુ શ્રી બિપીનચંદ્ર જૈન.




**સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયાનું બહુમાન કરતાં શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી શ્રી નરેન્દ્ર મોદી, સ્વ. ધીરજલાલભાઈ શાહ,
સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયા અને ડૉ. ચંદ્રકાંત દેઢિયા.



**સન્માન સમારંભના સમયે ગુફતેગુ કરતા શ્રી નરેન્દ્ર મોદી.**
ડાબેથી શ્રી નરેન્દ્ર મોદી, સ્વ. ધીરજલાલભાઈ શાહ,
ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયા.

# "મંગલ મંદિર" શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગર : વર્ષ ૨૦૧૩-૨૦૧૪

**નોંધ** : 'મંગલ મંદિર' વર્ષ ૨૦૧૩-૨૦૧૪ (એપ્રિલ ૨૦૧૩થી માર્ચ ૨૦૧૪) દરમ્યાનના અંકોમાં પ્રસિધ્ધ થયેલી સમગ્ર લેખન સામગ્રીઓમાંથી શ્રેષ્ઠ લેખ (પ્રથમ-૩) અને શ્રેષ્ઠ આંજો કાગર (પ્રથમ-૩)ની પસંદગી કરવા નીચે મુજબ એક નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવી હતી.

૧. ડૉ. શ્રી કાંતિ ગોર 'કારણ', ભુજ - કન્વીનરશ્રી

૨. શ્રી રવિ પેથાણી 'તિમિર', અમદાવાદ - સભ્યશ્રી

૩. શ્રી સંજય ઠાકર, ભુજ - સભ્યશ્રી

'મંગલ મંદિર'ની આ વિકટ કામગીરી ઉપરોક્ત નિર્ણાયક સમિતિએ ખૂબ જ પરિશ્રમથી અને પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને નિભાવેલ છે. તે માટે સમિતિના કન્વીનરશ્રી તેમજ અન્ય બંને સભ્યશ્રીઓનો ખાસ આભાર માનીએ છીએ.

ઉપરોક્ત સમિતિનો અહેવાલ અને નિર્ણય અત્રે પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

દરેક વિજેતાઓને અભિનંદન તેમજ વર્ષ દરમ્યાન 'મંગલ મંદિર' માટે લેખન સામગ્રીઓ, કૃતિઓ મોકલનાર દરેકનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

*– તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

## વર્ષ ૨૦૧૩-૨૦૧૪ : નિર્ણાયક સમિતિનો અહેવાલ

આપે અમને 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૩થી માર્ચ-૨૦૧૪ સુધીના અંકોમાંથી ત્રણ લેખ અને ત્રણ પત્રોની પસંદગી, ઈનામપાત્ર કૃતિઓ તરીકે કરી આપવાનું સૂચવેલું. પૂરતા અભ્યાસ પછી અમે આ પત્રથી અમારો નિર્ણય આપને જણાવીએ છીએ.

આ નિર્ણય લેતા પહેલાં અમે સાથે મળીને કેટલાક માર્ગદર્શક દિશાસૂચનો નક્કી કરેલા. જે આ પ્રમાણે છે.

૧. ગત વર્ષે ઈનામને પાત્ર ઠરેલા લેખકોની કૃતિઓને ધ્યાનમાં ન લેવી. એ જ રીતે આ પુરસ્કાર નિયત કરનારી સમિતિના સભ્યોની કૃતિઓને ધ્યાનમાં ન લેવી.

૨. અન્યત્ર પ્રકાશિત થયેલ કૃતિઓને ધ્યાનમાં ન લેવી.

૩. સંસ્થા પરિચયના બંને વિશેષાંક એમાં સમાવિષ્ટ લેખોને કારણે ઉત્તમ કક્ષાના બન્યા છે. પણ એ સૌ સંસ્થા પરિચયના લેખોને એટલા માટે ધ્યાનમાં ન લેવા કારણકે એમાંથી પસંદ થયેલ લેખથી જે તે સંસ્થાને શ્રેષ્ઠ સંસ્થા તરીકે પસંદ કરવાનો અંગૂલી નિર્દેશ થઈ જવાની શક્યતા રહે છે.

૪. **મૌલિકતા, ચોટદાર ભાષાભિવ્યક્તિ, વિચારનાવીન્ય, કલાત્મકતા અને મુદ્દાસર લખાણ જેવી બાબતો ઉપરાંત લેખનના બહુજન હિતાયના ઉદ્દેશને પણ ધ્યાનમાં લેવા. આ રીતે અભ્યાસ પછી સંયુક્ત નિર્ણયથી પસંદ થયેલ કૃતિઓ આ પ્રમાણે છે.**

### લેખ વિભાગ

| ક્રમ | કૃતિ | લેખક | અંક |
|---|---|---|---|
| ૧. | જૈન અને લઘુમતીનો દરજ્જો | મિતેશ એમ. સોલંકી | માર્ચ-૨૦૧૪ |
| ૨. | લાકડાની તલવારે પણ જીતાય | ચંદ્રહાસ ત્રિવેદી | મે-૨૦૧૩ |
| ૩. | ગાંધી અને દક્ષિણ આફ્રિકા | દામજી માણેક ગડા | જાન્યુઆરી-૨૦૧૪ |

### પત્ર (આંજો કાગર)

| ક્રમ | કૃતિ | લેખક | અંક |
|---|---|---|---|
| ૧. | જરૂર છે દિશા પરિવર્તનની | ધનજી ખીમજી શેઠિયા | એપ્રિલ-૨૦૧૩ |
| ૨. | જરૂર છે દિશા પરિવર્તનની | સૌ. પૂનમ શાહ | જુલાઈ-૨૦૧૩ |
| ૩. | ● Opening of Renovated Medical Centre | પ્રવીણચંદ્ર શામજી શાહ | ડિસેમ્બર-૨૦૧૩ |
| | ● શ્રધ્ધા અને સાબિતી | નીતિન સંઘવી | ફેબ્રુઆરી-૨૦૧૪ |

(નોંધ : તૃતીય ક્રમમાં બે કૃતિઓ છે.)

*ડો. કાંતિ ગોર 'કારણ', રવિ પેથાણી 'તિમિર', સંજય ઠાકર*

# કચ્છ ભારતીય સંસ્કૃતિને જીવંત રાખતા કચ્છી નરબંકા ખેડૂતો

• અશોક મહેતા •

વર્ષ ૧૯૫૩માં આણંદની કૃષિ યુનિવર્સિટીમાં બી.એસસી. (એગ્રીકલ્ચર)ની પદવી મેળવ્યા પછી કચ્છના લાખાપર ગામમાં જમીન હસ્તગત કરી ખેડૂત તરીકે પોતાની જિંદગી વ્યતીત કરી. આજે ૮૦ વર્ષની ઉંમરે પહોંચેલ અસલ ખેડૂત શ્રી મધુભાઈ માંકડ પોતાની ખેતીની સાથે સાથે પોતાના જ્ઞાનના કારણે આજુબાજુના ખેડૂતોને પણ સલાહ આપતા આપતા સમગ્ર કચ્છમાં એક આદરણીય વ્યક્તિ તરીકે સન્માન પામ્યા. મુંદ્રા તાલુકાના લગભગ ૨૦૦૦ ખેડૂતોએ તેમના આ કાર્યની કદર સ્વરૂપે તેમનું સન્માન કરવાનું વિચાર્યું. તરતમાં સન્માન સમિતિની નિમણૂક કરવામાં આવી. અને જ્યારે મધુભાઈ માંકડનું ધૃત-તુલાથી રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪ના રોજ મુંદ્રા ખાતે સન્માન કરવામાં આવ્યું ત્યારે કચ્છના ધરતીપુત્રોની અનેક કહાણી નજરમાં આવી. આ ધરતીપુત્રોએ આજના સમયમાં પણ જબાનની જે કિંમત જાળવી રાખી, નૈતિકતાની અહાલેક જગાવેલ, તે ધરતીપુત્રોનું - ખેડૂતોનું પણ એ સમયે સન્માન કરવામાં આવ્યું.

સહુને પ્રશ્ન એ થશે કે ગામડામાં રહીને ખેતી કરતા સામાન્ય ખેડૂતોએ એવી શું નૈતિકતા દાખવી અથવા તો એવા કયા ઉદાહરણો પાર પાડી બતાવ્યા કે જેના કારણે આટલી ઠસ્સાદાર સ્વરૂપે સહુ ઉપસ્થિતોની વચ્ચે અને ખૂબ જ ઉત્સાહજનક વાતાવરણમાં તેઓનું સન્માન કરવામાં આવે છે! તેના અનુસંધાને વિગતો મેળવવામાં આવી.

આજે જ્યારે ચારે તરફ ચોરી, લુંટફાટ, બેઈમાનદારી, નૈતિકતાનું સ્ખલન, લાંચરુશવત વગેરેનો વ્યાપ સમાજમાં સારો એવો વ્યાપી ગયેલ છે અને ભણેલ-ગણેલ વર્ગ પણ એ જ રીતે આગળ વધી રહેલ છે ત્યારે ભારતભરના ગામડાંઓમાં ખેતી કરતી પ્રજા અને ખેડૂત પુત્રોએ નૈતિકતાની અહાલેક જાળવી રાખેલ છે. કચ્છના ગામડે ગામડે તેના જ્વલંત ઉદાહરણો આજે પણ ચેતના સ્વરૂપે પ્રગટી ઉઠે છે. સામાન્યમાં સામાન્ય કક્ષાના ખેડૂતોએ ખુવાર થઈ જવાનું પસંદ કરેલ છે પરંતુ પોતાની ખુમારી, પોતાની નૈતિકતા, પોતાની જબાનની કિંમત આજે પણ યશસ્વીપણે જાળવી રાખેલ છે. આ ધરતીપુત્રોના કેટલાક જ્વલંત ઉદાહરણો અત્રે રજૂ કરેલ છે.

એ ઉદાહરણો જોયા પછી કોઈના પણ મનમાં પ્રશ્ન થાય કે શહેરમાં રહેનાર માનવી ખરેખર નૈતિકપણે પ્રગતિ કરે છે કે ગામડાનો સામાન્ય ખેડૂત તેનાથી વધારે નૈતિક છે?

આ રહ્યા એ જ્વલંત ઉદાહરણો કે જે કોઈના પણ માટે દીવાદાંડી સ્વરૂપ છે!

### (૧) નરબંકા શ્રી હીરજી મોરારજી શાહ (ગામ : પ્રતાપપર)

ગામ પ્રતાપપરના શ્રી હીરજી મોરારજી શાહના પિતાશ્રી સ્વ. મોરારજી ખેરાજે રાજાશાહીના જમાનામાં પોતાની જમીન ઝરપરના સ્વ. ગઢવી સુમાર જીવરાજ રવિયાને માત્ર સાદા કાગળના લખાણ પર સહી કરી વેચાણ આપી દીધેલ હતી. પરંતુ રેવન્યુના તમામ રેકર્ડ પર વર્ષ ૨૦૦૯ સુધી આ જમીન મોરારજી ખેરાજના નામ પર બોલાતી હતી. વર્ષ ૨૦૦૯માં સ્વ. ગઢવી સુમાર જીવરાજ રવિયાના પૌત્ર (એટલે કે ત્રીજી પેઢી) સ્વરાજ સૌયા સુમારે સ્વ. મોરારજી ખેરાજના પુત્ર હીરજી મોરારજી શાહને વાત કરી કે આપશ્રીના પિતાશ્રી મોરારજી ખેરાજે આ જમીન અમારા દાદા ગઢવી સુમાર જીવરાજને વેચાતી આપેલ છે પરંતુ અમારી પાસે લખાણમાં આ સાદા કાગળ સિવાય અન્ય કોઈ પુરાવો નથી. શ્રી હીરજી મોરારજી શાહ આ બાબતે તદ્દન અજ્ઞાત હતા. તેઓ બંનેએ ભુજપુર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મહેન્દ્રભાઈ ગઢવીનો સંપર્ક સાધ્યો. શ્રી મહેન્દ્રભાઈએ ખરાઈ કરી આપી કે સ્વરાજ એ સ્વ. ગઢવી સુમાર જીવરાજ રવિયાનો પૌત્ર થાય છે. એટલે તરતમાં કોઈ પણ જાતના હિચકિચાટ વગર અને એક પણ નવા પૈસાની અપેક્ષા વગર શ્રી હીરજી મોરારજી શાહે આ જમીનના સ્વરાજ સાયા ગઢવીના નામના દસ્તાવેજ બનાવી આપ્યા. એ સમયે આ જમીનની બજાર કિંમત રૂપિયા એક કરોડ ગણી શકાય. શ્રી હીરજી મોરારજી શાહને ધન્યવાદ આપીએ.

### (૨) નરબંકા બાબુભા ઉર્ફે શિવુભા કલ્યાણજી જાડેજા (ગામ : ભુજપુર)

ભુજપુર ગામના બાબુભા કલ્યાણજી જાડેજાએ આજથી લગભગ ૪૦ વર્ષ અગાઉ માત્ર મૌખિક કરારથી પોતાનું અંદાજિત ૫ એકરનું ખેતર ઝરપરાના નારણ નાથા મંઢાણીને વેચાણ આપેલ હતો. પરંતુ આજ દિન લગી રેવન્યુના રેકર્ડ પર એ જમીન બાબુભા કલ્યાણજી જાડેજાના નામે જ બોલતી હતી. તાજેતરમાં તેની બજાર કિંમત જ્યારે અંદાજિત રૂા. ૭૦ લાખ જેવી ગણાય ત્યારે જરૂરિયાત અનુસાર અને કોઈ પણ જાતની આર્થિક અપેક્ષા વગર બાબુભાએ આ જમીનના દસ્તાવેજ નારણ નાથાને કરી આપી ત્યાગની અને પ્રામાણિકતાની મોટી ભાવના દાખવેલ હતી. ધન્યવાદ છે બાબુભા ઉર્ફે શિવુભા કલ્યાણજી જાડેજાને.

*શબ્દો તીર કરતાં પણ વધુ તીક્ષ્ણ હોય છે.*

**(૩) નરબંકા ડોસાભાઈ સવાભાઈ બાતિયા (ગામ : ઝરપરા)**

ગામ ઝરપરાના ગઢવી જીવરાજ વિશ્રામનું ખેતર વર્ષ ૧૯૬૨માં કોઈ ભૂલના કારણે ડોસાભાઈ સવાભાઈ બાતિયાના નામે હક્ક પત્રકમાં ચડી ગયેલ હતું. પરંતુ ખરેખર એ ખેતર તેમનું ન હતું. જ્યારે યોગ્ય હકીકતની જાણ થઈ ત્યારે ડોસાભાઈ સવાભાઈ બાતિયાએ ૩.૫ એકરની આ જમીન કે જેની બજાર કિંમત રૂા. ૭૦ લાખ ગણાય તે પૂરેપૂરી રકમ ગઢવી જીવરાજ વિશ્રામને કોઈપણ જાતના હિચકિચાટ વગર ચૂકવી દીધી. ધન્ય છે ડોસાભાઈ સવાભાઈ બાતિયાને.

**(૪) નરબંકા ખીમગર દયાલગર ગુંસાઈ (ગામ : ઝરપરા)**

આજથી ૫૦ વર્ષ અગાઉ ઝરપરાના ખીમગર બાવાજી પાસેથી એ જ ગામના સામરા કરશન ટાપરિયાએ મૌખિક કરારથી અંદાજિત ૬ એકર જમીન વેચાતી લીધેલ હતી. પરંતુ હક્ક પત્રકમાં એ સમયે સુધારો કરાવેલ ન હોવાથી રેકોર્ડ પર એ જમીન ખીમગર દયાલગીરી ગોસ્વામીના નામે જ બોલતી હતી. તાજેતરમાં આ બાબતનો ખ્યાલ આવતાં ખીમગર દયાલગીરીએ કોઈ પણ જાતની અપેક્ષા વગર રૂા. ૯૦ લાખની હાલની કિંમતની આ જમીન સામરા કરશન ટાપરિયાના વારસદારના નામે ટ્રાન્સફર કરાવી આપેલ હતી. આ બાબતે આપણે ખીમગર દયાલગીરી ગોસ્વામીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા જ પડે.

**(૫) નરબંકા દેવરાજ માડણ શાખરા (ગામ : ઝરપરા)**

માડણ સામત શાખરા અને ગાભા મુરજી બાટી – બંને રહેવાસી ઝરપરા વચ્ચે આજથી ૪૦ વર્ષ પહેલાં મૌખિક કરારથી એક વાડીનો સોદો કરવામાં આવેલ હતો. ત્યારબાદ આ વાડી વેચનાર અને ખરીદનાર બંનેનું અવસાન થયેલ. અંદાજિત ૩.૫ એકરની વાડીની આ જમીન કે જેની તાજેતરના હિસાબે રૂા. દોઢ કરોડ જેટલી કિંમત ગણાય. આ વાડી વેચનાર માડણ સામત શાખરાના પુત્ર દેવરાજભાઈએ જમીન ખરીદનાર ગાભા મુરજી બાટીના પુત્ર વીરમ બાટીના નામે કોઈપણ જાતની અપેક્ષા વગર દસ્તાવેજ કરી આપ્યા. શ્રી દેવરાજ માડણ શાખરાને તેમની નૈતિકતા બદલ ધન્યવાદ પાઠવીએ.

**(૬) નરબંકા સુલતાનજી રાણાજી અને નરબંકા ખેતુભા રાણાજી (ગામ : ભુજપુર)**

ગામ ભુજપુરના સ્વ. રાણાજી હઠાજી જાડેજાએ આજથી ૫૦ વર્ષ અગાઉ પોતાની જમીનનો સોદો ગામ ઝરપરાના કરશન નાથા મંઢાણીથી મૌખિક સ્વરૂપે કરેલ હતો. મજકુર ઠામની હાલની બજાર કિંમત રૂા. ૭૦ લાખ જેટલી ગણી શકાય. આ ઠામનો રજિસ્ટર દસ્તાવેજ તાજેતરમાં જ કોઈ પણ જાતની અપેક્ષા વગર સ્વ. રાણાજી હઠાજીના વારસદાર પુત્રો સુલતાનજી રાણાજી તથા ખેતુભા રાણાજીએ સામા પક્ષને કરી આપેલ હતો. આ કળિયુગમાં પણ નૈતિકતાનો ઝંડો ઊંચો રાખનાર સુલતાનજી જાડેજા અને ખેતુભા જાડેજાને આપણે ધન્યવાદ પાઠવીએ.

**(૭) નરબંકા રાણશી વરજાંગ કાનાણી (ગામ : ઝરપરા)**

ગામ ઝરપરાના સ્વ. વરજાંગ કાનાણીએ લગભગ ૪૦ વર્ષ અગાઉ પોતાના ઠામનો સોદો ઝરપરાના જ મહેશ્વરી દેવાભાઈ સાથે મૌખિક કરારથી કરેલ હતો. આ ઠામની હાલની બજાર કિંમત રૂા. ૪૦ લાખ જેટલી ગણી શકાય. તાજેતરમાં જ આ ઠામનો દસ્તાવેજ સ્વ. વરજાંગ કાનાણીના પુત્ર રાણશી કાનાણીએ કોઈપણ જાતની અપેક્ષા વગર કરી આપેલ હતો. રાણશી વરજાંગ કાનાણીને તેમની નૈતિકતાનો ઝંડો ઊંચો રાખવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**(૮) નરબંકા વીરમ ગાભાભાઈ બાટી (ગામ : ઝરપરા)**

ગામ ઝરપરાના વીરમ ગાભાભાઈ બાટીએ આજથી ૨૦ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ અગાઉ કે જ્યારે જમીનની કિંમત ખૂબ જ નજીવી હતી ત્યારે પોતાની વાડી મૌખિક સોદાથી બોરાણાના બારોટ વાલા કાનાને વેચાણ આપેલ હતી. ૨૦ વર્ષ બાદ એટલે કે આજે જ્યારે આ જમીનની કિંમત રૂા. ૧ કરોડ ગણી શકાય ત્યારે કોઈ પણ જાતની અપેક્ષા વગર હસતે મોઢે બારોટ વાલા કાનાને નામે રજિસ્ટર દસ્તાવેજ કરી આપેલ હતા. એક સામાન્ય ખેડૂત વીરમ ગાભાભાઈ બાટીની નૈતિકતાને ખૂબ ખૂબ ધન્યવાદ.

**(૯) નરબંકા રામ વરજાંગ કાનાણી (ગામ : ઝરપરા)**

ધ્રબના અધા સલુ તુર્કની જમીન ઝરપરાના રામ વરજાંગ કાનાણીના નામે કોઈ શરતચૂકના કારણે હક્કપત્રકમાં ચડી ગયેલ હતી. જ્યારે તે બાબતનો ખ્યાલ આવ્યો ત્યારે રૂા. દોઢ કરોડની આ જમીનનો દસ્તાવેજ રામ વરજાંગ કાનાણીએ કોઈ પણ જાતની લાલચને વશ ના થતાં તેના મૂળ માલિક અધા સલુ તુર્કના નામે કરી આપેલ હતો. રામ વરજાંગ કાનાણીને ધન્યવાદ.

*માણસને પોતીકો કરી લેવાના માર્ગ શોધો.*

**(૧૧) નરબંકા ભારૂ જખુ ભીમશી ગાગિયા (ગામ : ઝરપરા)**

ઝરપરાના જખુ ભીમશી ગાગિયાએ એ ગામના જ માડણ સામત સાખરાને મૌખિક કરારથી પોતાની જમીન વેચાણ આપી દીધેલ હતી. કોઈપણ જાતના લખાણ કે કરાર વગર માત્ર મૌખિક રીતે આ સોદો થયેલ હતો. કાળક્રમે બંનેનું અવસાન થયું. સરકારી રાહે હક્કપત્રકમાં આ જમીન જખુ ભીમશી ગાગિયાના નામે બોલતી હતી. અન્ય તરફ માડણ સાખત સાખરાના વારસદારોએ આ જમીન અન્ય કોઈને વેચી દેતા દસ્તાવેજ કરાવવાની જરૂરત ઊભી થઈ. આ સમયે જખુ ભીમશી ગાગિયાના વારસદાર ભારૂ જખુ ભીમશીએ કોઈપણ જાતની અપેક્ષા વગર એ જમીનના દસ્તાવેજ અન્યના નામે કરાવી પોતાનો પૂરેપૂરો સાથ સહકાર આપ્યો. આ સમયે જમીનની કિંમત લગભગ રૂા. એક કરોડ જેવી થવા જતી હતી. અગાઉ જે કહેવામાં આવતું કે ભારતની અસલ સંસ્કૃતિ તેના ગામડામાં ધબધબતી, તેનું આ જીવંત ઉદાહરણ છે. ભારૂભાઈને નત મસ્તકે વંદન અને ધન્યવાદ.

**(૧૧) નરબંકા દેવરાજ ભીમશી શાખરા (ગામ : ઝરપરા)**

ઝરપરાના ભીમશી ખેતશી શાખરાએ કપાયા ગામની સીમમાં, પંચતન પાટિયા પાસે આવેલ પોતાનું ઠામ મૌખિક કરારથી વર્ષો અગાઉ મુંદ્રાના ઉમરસંગજી પરમારને વેચાણ આપેલ હતું. છેલ્લે એટલે કે બે વર્ષ અગાઉ કચ્છમાં પણ જમીનમાં તેજી ભભૂકતી હતી ત્યારે કેટલાક અનિષ્ટ તત્ત્વોએ સમાન નામધારક પાસેથી ખોટો દસ્તાવેજ કરાવડાવી પોતાના નામે એ જમીન રેવન્યુ રેકોર્ડમાં ચડાવડાવેલ હતી. આ હકીકતની જાણ થતાં સ્વ. ભીમશી ખેતશી શાખરાના વારસદાર દેવરાજભાઈએ કોર્ટમાં કેસ દાખલ કરી પુરવાર કરેલ કે આ જમીન પોતાના પિતાજીની છે અને અનિષ્ટ તત્ત્વોએ ખોટી રીતે આ જમીન પડાવી લીધેલ છે. કેસ જીતી લીધા બાદ દેવરાજભાઈએ રૂા. ૨ કરોડની કિંમતની આ જમીન પોતાના પિતાશ્રીએ જેમને મૌખિક સ્વરૂપે કરાર કરી આ જમીન વેચેલ હતી તે સ્વ. ઉમરસંગજી પરમારના વારસદાર ભગવતસિંહજી પાસેથી એક પાઈની પણ અપેક્ષા રાખ્યા વગર તેમના નામે રજિસ્ટર કરી સુપરત કરી દીધેલ હતી. ખૂબ જ અદ્વિતીય! ખૂબ જ ઉમદા! આફરીન પોકારી જવાય! કચ્છની અસલિયત આને કહેવાય! દેવરાજભાઈ, તમારા આ કૃત્ય પ્રત્યે તો સમગ્ર કચ્છ ગૌરવ લઈ શકે! ખૂબ ખૂબ ધન્યવાદ.

**(૧૨) નરબંકા દાદા માણશી બાતિયા (ગામ : ઝરપરા)**

ઝરપરાના દાદા માણશી બાતિયાએ આજથી ૩૦ વર્ષ અગાઉ આજના અદાણી પોર્ટ પાસેનું પોતાનું ૪ એકરનું ઠામ માત્ર રૂા. ૪,૦૦૦/-માં મૌખિક કરારથી વેચાણ આપેલ હતું. હાલે આ ઠામની કિંમત રૂા. ચાર કરોડ જેટલી ગણાય. તેમ છતાં કોઈપણ જાતની અપેક્ષા વગર અથવા કોઈ પણ જાતના પ્રલોભનમાં આવ્યા વગર તેના દસ્તાવેજ તાજેતરમાં જ કરાવી આપેલ હતા. ધન્યવાદ છે નરબંકાઓની વણઝારના એક અન્ય નરબંકા દાદા માણશી બાતિયાને.

**(૧૩) નરબંકા કરશન વિશ્રામ કાનાણી (ગામ : ઝરપરા, હાલે ભુજપુર)**

ઝરપરાના કરશન વિશ્રામ કાનાણીએ આજથી ૩૦ વર્ષ પહેલાં પોતાની જમીન દાદા કરશન બાતવાને મૌખિક સોદાથી વેચાણ આપેલ હતી. ૩૦ વર્ષ બાદ એ જમીનની બજાર કિંમત રૂા. એક કરોડ જેટલી થઈ જવા છતાં એક પણ પૈસાની અપેક્ષા વગર કરશન વિશ્રામ કાનાણીએ આ જમીનના રજિસ્ટર્ડ દસ્તાવેજ દાદા કરશન બાતવાના નામે કરી આપેલ હતા. નૈતિકતાને વરેલ આ કચ્છી માડુને ખૂબ ખૂબ ધન્યવાદ.

**(૧૪) નરબંકા બારોટ લઘુ વિશ્રામ (ગામ : વોવાર)**

બારોટ લઘુ વિશ્રામના પિતાશ્રી બારોટ વિશ્રામ બુધાએ લગભગ ૩૦ વર્ષ અગાઉ વડાલા ગામની સીમના સર્વે નંબર ૧૦૨વાળું પોતાનું ઠામ મૌખિક કરારથી એક પાર્ટીને વેચાણ આપેલ હતું. એ ખેતર તાજેતરમાં શેખડિયાના ભરત શિવરાજ ગઢવીએ એ પાર્ટી પાસેથી અંદાજિત રૂા. ૫૦ લાખની કિંમતે ખરીદેલ. પરંતુ હક્કપત્રકમાં એ ઠામ બારોટ વિશ્રામ બુધાના નામે નોંધાયેલ હતું. એ સમયે બારોટ વિશ્રામ બુધાના વારસદારો લઘુ વિશ્રામ બુધાએ જરાપણ ખચકાટ વગર એ જમીનના દસ્તાવેજ કોઈપણ જાતની અપેક્ષા વગર કરી આપેલ હતા. બારોટ લઘુ વિશ્રામને અભિનંદન.

**(૧૫) આમદ અબ્દુલ્લા વર્યા (ગામ : બિદડા)**

બિદડાના આમદ અબ્દુલ્લા વર્યા પાસે તે જ ગામના ડુંગરશી ચાંપશી શાહ તથા શાંતિલાલ ભાણજીભાઈના મકાનો, વાડાઓ, પ્લોટો વગેરેનો કબજો અને ભોગવટો હતો. પરંતુ તાજેતરમાં કોઈપણ જાતના હિચકિચાટ વગર અને એક પણ પાઈની અપેક્ષા વગર સામેથી મૂળ માલિકોને બોલાવીને લગભગ રૂા. દોઢ કરોડની કિંમતની મિલકત સુપરત કરી દીધેલ હતી. પ્રામાણિકતાના નખશિખ દર્શન આવા નરબંકાઓ કચ્છના ગામડે ગામડે અવારનવાર કરાવતા રહે છે. આમદ અબ્દુલ્લા વર્યાને આપણે તેમના સુકૃત બદલ ધન્યવાદ પાઠવીએ.

*સાચી લાગણી કોઈનું જીવન બદલી શકે છે.*

**(૧૬) નરબંકા મંગાભાઈ મહેશ્વરી (ગામ : સિરાચા)**

ઝરપરાના વાલા હરદાસ ગઢવીએ એ સમયે ઊંટગાડી આપીને તેના બદલામાં સિરાચાના મંગાભાઈ મહેશ્વરીનું ખેતર વેચાતું લીધેલ હતું. આ સોદો કોઈપણ જાતના લખાણ વગર માત્ર મૌખિક સ્વરૂપે થયેલ હતો. ત્યારબાદ વાલાભાઈ ગઢવીનું અચાનક અવસાન થયું. ત્યારબાદ મંગાભાઈ મહેશ્વરીએ સામે ચાલીને વાલા હરદાસ ગઢવીના વારસદારો પાસે જઈ તેમને દસ્તાવેજ બનાવી આપ્યા. ત્યારબાદ વાલાભાઈના વારસ થારૂભાઈએ તરતમાં જ તે ખેતર રૂા. ૨.૫ કરોડમાં વેચી, તેની આવેલ રકમમાંથી વીસ એકરની મીઠા પાણીના બોરવાળી વાડી ખરીદી તેમાં પોતાનું જીવન સુખચેનથી વ્યતીત કરી રહ્યા છે. આ સમયે આપણે સિરાચાના મંગાભાઈ મહેશ્વરીને પોતાની જબાન નૈતિક સ્વરૂપે પાળી બતાવવા બદલ અભિનંદન પાઠવીએ.

**(૧૭) નરબંકા જાડેજા હરીસંગ કેણજી (ગામ : ભુજપુર)**

ભુજપુરના જાડેજા હરીસંગ કેણજીને તેમના પિતાશ્રીએ એક ખેતર સોંપતા કહેલું કે આ ખેતર આપણું નથી પણ તે કોનું છે તે પણ ખબર નથી. જ્યારે આ ખેતરના સાચા માલિકના વારસદારો તારી સામે આવે ત્યારે તે તેમને સોંપી દેજે. ત્યાં સુધી તું આ ખેતરને તારા કબજામાં રાખી શકે છે. ત્યારબાદ સંવત ૨૦૦૮માં ભુજપુરના શ્રી કેશવજી પદમશી ગોગરીએ જરૂરી તપાસ કર્યા બાદ સરપંચશ્રી મહેન્દ્ર ગઢવી તથા શ્રી ઝવેરીલાલ ભેદાને મળીને જણાવ્યું કે ભુજપુરની ઉગમણી સીમમાં અમારા બાપદાદાનું ખેતર હતું પણ તેના સર્વે નંબરની અમને જાણ નથી. ત્યારબાદ તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે એ ખેતર હાલે હરીસંગ કેણજીના કબજામાં છે. શ્રી હરીસંગને સહુએ સાથે મળીને વાત કરી ત્યારે તેમણે જણાવ્યું કે હા, મારા પિતાજી કહી ગયેલ છે કે આ ખેતર લેવા જ્યારે તેના કોઈ વારસદાર આવે ત્યારે તેમને સોંપી દેજે. અને ત્યારબાદ તેની ખરાઈ કર્યા બાદ જાડેજા હરીસંગ કેણજીએ કોઈપણ જાતની માથાકૂટમાં ઉતર્યા વગર સ્વહસ્તે તે ઠામ કેશવજી પદમશી ગોગરીને સુપરત કરેલ. ધન્ય છે હરીસંગ કેણજી જાડેજાને.

***આ પ્રકારના અનેક જ્વલંત ઉદાહરણ કચ્છના ગામડે ગામડે ધરબાયેલ પડ્યા છે. જે રીતે દુલેરાય કારામીએ કચ્છના વીર પુરુષોની કચ્છની રસધાર કહાણીઓ લખી તેને પુસ્તક સ્વરૂપે એક સીરીઝમાં બહાર પાડેલ હતી એ રીતે કચ્છના કોઈ લેખક મહાશયે આ ઈન્સાનિયતના દાખલાઓ મેળવી તેની બુક બહાર પાડે તો આજે કોઈના પણ હૃદયના તાર ઝણઝણી ઉઠે. આજે જ્યારે બેવફાઈ, કૂડ-કપટ, દગા - ફટકા વગેરેના બનાવો અવારનવાર આપણે વર્તમાનપત્રમાં વાંચતા રહીએ છીએ, આજે જ્યારે નૈતિકતાનું સ્ખલન થઈ રહેલ છે ત્યારે આ સામાન્ય વર્ગના ખેડૂતોના અસામાન્ય ઉદાહરણો એક મશાલ સ્વરૂપે ઝળકી ઊઠે તેવા છે. અસલ કચ્છ અને તેની કચ્છીયત આજે પણ તેના ગામડામાં અસલ સ્વરૂપે સચવાયેલ પડેલ છે. કોઈ વીરલો આ વિગતને ચમકાવે તો જગત આખાની તે દીવાદાંડી બની શકે. ભણેલ-ગણેલ આઈ.એ.એસ. ઓફિસરો કે જેમના ઘરમાં રેઈડ પડ્યા પછી કરોડો રૂપિયા પકડાયા તથા આદર્શ કમ્પાઉન્ડ, કોલ કમ્પાઉન્ડ, ખાણના માફિયાઓ તથા અન્ય અનેક માલેતુજાર બનેલા રાજકારણીઓ કચ્છના ખેડૂતોની આ દાસ્તાનો વાંચીને કંઈક ધડો લઈ શકશે!***

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪ બપોરે ૨.૩૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | (૧) વાનગી હરીફાઈ (૨) ડ્રોઈંગ હરીફાઈ |
| ● બુધવાર, તા. ૨-૭-૨૦૧૪ સાંજે ૪.૦૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | એક રંગારંગ કાર્યક્રમ |
| ● શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪ બપોરે ૨.૩૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | (૧) લગ્નગીત હરીફાઈ (૨) બ્યુટી હરીફાઈ |
| ● રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ સવારે ૯.૩૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સામાન્ય સભા |
| ● શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૧૪ સવારે ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન. |
| ● શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૧૪ સવારે ૧૧.૦૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | રંગોળી હરીફાઈ |

# ચારણની ચતુરાઈ અને ચાબખા – (૨)

## કચ્છની રસધાર : મણકો-૨૦

• દુલેરાય કારાણી •

ગોંડલપતિ કુંભાજીની આંખમાં ચારણનું નામ સાંભળીને આગ વરસે છે. ગોંડલની હદમાં દાખલ થનાર કોઈ પણ ચારણને ત્યાંથી જ ધક્કા મારીને કાઢવાનો કુંભાજીનો જહાંગીરી હુકમ છૂટી ગયો છે. ચારણો પ્રત્યે કુંભાજીના હૃદયમાં આવી વસેલો આવો તિરસ્કાર દૂર કરવા અનેક ચારણ કવિઓએ અનેક પ્રયત્નો કરી જોયા, પણ સૌને એકલી નિષ્ફળતા જ સાંપડી હતી. ચારણો તરફની કુંભાજીની ઘૃણા જેવી ને તેવી કાયમ રહી હતી.

ગોંડલ નરેશ કુંભાજી મહાપરાક્રમી અને બુદ્ધિશાળી હતા. તેમણે પોતાના બાહુબળથી પોતાના પ્રદેશનો વિસ્તાર સારી રીતે વધારી દીધો હતો. આ કુંભાજી જેવા પરાક્રમી હતા તેવા જ સાહિત્યપ્રેમી પણ હતા. આમ છતાં ચારણો પ્રત્યેની તેમની અવગણનાનું એક ખાસ કારણ ઊભું થયું હતું.

એકવાર બે વિદ્વાન ચારણ કવિઓ કુંભારાજની મુલાકાતે આવ્યા હતા. બંને ભાઈઓ હતા. કુંભાજીની વિશાળ અને સુંદર યશગાથા આ કવિઓ તૈયાર કરી આવ્યા હતા. કુંભાજીની રાજકચેરીમાં એક દિવસ એમણે આ યશગાથા રજૂ કરી. આ યશગાથાની રચના સાથે એમના બુલંદ કંઠનો એવો સુમેળ થતો હતો કે, આખી સભા આ યશગાથા શ્રવણ કરીને મંત્રમુગ્ધ બની ગઈ. કુંભાજી પણ આ કવિરાજોની કાવ્ય રચનાથી ખૂબ પ્રસન્ન થયા અને બંને કવિઓને રાજ્યના મહેમાન તરીકે ઘણા વખત સુધી રોકી રાખવામાં આવ્યા.

કવિઓની વિદાયને આગલે દિવસે આ બંને કવિઓના માનમાં એક મોટો સમારંભ યોજવામાં આવ્યો અને બંનેને સારી શીખ અને પોશાક ઉપરાંત એક એક સોનાનું કડું કુંભાજીના હાથે અર્પણ કરવામાં આવ્યું.

રાત્રિના સમયે બે ભાઈઓમાંથી એકની દાનત બગડી. અને તેણે બેમાંથી એક કડું ચોરી લીધું અને કોઈને ખબર ન પડે એવી રીતે એ કડું છુપાવી દીધું.

સવાર પડતાં મોટી ધાંધલ મચી ગઈ. બંને કવિઓ રુદન કરવા લાગ્યા - માથું કૂટવા લાગ્યા. કડાના ચોરને શોધવા રાજ તરફથી ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા, પણ ધણી પોતે જ જ્યાં ચોર હોય ત્યાં ચોરને કેવી રીતે શોધી શકાય? ચોરની તપાસ નિષ્ફળ જતાં પાછો ચારણોનો કકળાટ શરૂ થયો. આખરે એમના કંટાળાથી કુંભાજી ત્રાસી ગયા અને એમને માટે બીજું નવું કડું તૈયાર કરાવીને આખરે બંનેને વિદાય આપી.

એમની વિદાય પછી એક દિવસ એમના કારસ્તાન પરથી પડદો ઊંચકાયો અને કુંભાજીને આ રહસ્યથી વાકેફ કરવામાં આવ્યા. તે દિવસથી ચારણ વર્ગ પ્રત્યે કુંભાજીના મનમાં ઘોર તિરસ્કાર વ્યાપી ગયો. કોઈ પણ ચારણ બચ્ચાને ગોંડલની હદમાં પ્રવેશ કરવા પર એમણે સખત પ્રતિબંધ મૂકી દીધો. કુંભાજીના ક્રોધની જ્વાળામાં આ રીતે સૂકાં સાથે લીલાં પણ બળવા લાગ્યાં. એટલું જ નહિ પણ સમસ્ત ચારણ જાતિનું આ એક અપમાન છે, એમ સમજીને અનેક ચારણ કવિઓ અને વિદ્વાન ચારણોએ આ પ્રતિબંધ રદ કરાવવા અનેક ઈલાજો અજમાવ્યા, પરંતુ આજ લગી કોઈને સફળતા પ્રાપ્ત થઈ ન હતી. કુંભાજીની આ વક્ર દૃષ્ટિ ચારણ જનતા માટે અસહ્ય હતી - દુઃખદાયક હતી.

વારૂ બારોટ એક સાહસિક અને સમર્થ કવિ હતો. અવારનવાર કેટલાક ચારણો ગોંડલના રાજાનો આ પ્રતિબંધ દૂર કરાવવા એને વિનવતા પણ હતા. એટલામાં ઓખાના રાણાએ વારૂ બારોટની વિશેષ કસોટી કરવાના આશયથી તેને પડકાર ફેંક્યો કે, ‘‘વારૂ બારોટ, તમે ખરા કવિ હો તો તમારા ચારણ બંધુઓને ગોંડલ રાજ્યના અપમાનમાંથી મુક્ત કરો!’’

વારૂ બારોટ કચ્છી કવિ હતો. ભાષા પર એની હથોટી જામી ગઈ હતી. ગોંડલ આવીને એણે વિચાર્યું કે જો ચારણ તરીકે ગોંડલમાં દાખલ થઈશ તો તો મને દૂરથી જ વધાવી લેવામાં આવશે અને મને પણ બીજા ચારણોની માફક વીલે મોઢે પાછા ફરવું પડશે. આવા વિચારથી તેણે એક નવો જ રસ્તો લીધો. બ્રાહ્મણના વેશે તે ગોંડલના દરવાજામાં દાખલ થઈ ગયો અને લાગ જોઈને કુંભાજીના રાજદરબારમાં પહોંચી ગયો. દેવી સરસ્વતી તો એની જિહ્વા પર સદા બિરાજમાન હતી. તે એક પછી એક કચ્છી ભાષાના દુહા લલકારવા લાગ્યો.

*વડા બિરદ વીર, જાડા! તું ન ઝલીએ,*
*ત કાંરી ધોરા ખીર, કીં દુભંધા કુંભડા!*

*ભાવાર્થ :* ઓ કુંભારાજ! ઓ જાડેજા વીર! જો તારા જેવા રાજવીઓ પોતાના બિરૂદનો ત્યાગ કરશે તો કાળી ભેંસોના આંચળમાંથી ઊજળાં દૂધ કેમ દોહાશે?

*સુજસ સંધા સાજ, પેરે તું ન પોરસેં,*
*ત જર મથે જહાજ, કીં તરંધા કુંભડા?*

*ભાવાર્થ :* સુજશના વાઘા ધારણ કરીને તું જો પ્રફુલ્લ નહિ બને તો હે કુંભાજીરાજ! દરિયાના પાણી પર વહાણો પણ કેમ તરશે?

*વડી પનોતી વિસમું રા, રવિ નાંય તિન રાસ,*
*કુંભો જિની તેં કોપેઓ, તેં જા નોંય ગ્રોં નિરાસ.*

*ભાવાર્થ :* પનોતી મોટી ખરી, રાહુ તો તેથી પણ વસમો. રવિદેવ પણ એથી ન વધે, પણ જેના પર કુંભોજી કોપ્યો હોય તેના તો નવે ગ્રહ નિરાશ સમજવા.

*નેજા નભાભન જા, ધસે ગિડા તેં ધીંગ,*
*તો સામી તિરસીંગ, કેર બધંધો કુંભડા?*

*ધનની તૃષ્ણા અને લોભ બહુ ઉપયોગી નથી.*

*ભાવાર્થ :* હે ધીંગા રાજવી! તેં નવાબોના નેજા ઝુંટવી લીધા છે. ઓ તિરસીંગ! તારી સામે ઊભો પણ કોણ રહી શકે તેમ છે?

વારૂ બારોટના દુહા શ્રવણ કરીને કુંભોજી સમજી ગયા હતા કે આ બ્રાહ્મણની વાણી નથી પણ ચારણની વાણી જ છે. ચારણની કાવ્યકળાનો મર્મ પણ કુંભોજી પામી ગયા હતા. દરેક દુહામાં રહેલ ગર્ભિત માંગણી પણ એમના લક્ષમાં આવી ગઈ હતી. પણ એ માંગણીનો સ્વીકાર કરવા હજુ કુંભોજી તૈયાર ન હતા. આમ છતાં વારૂ ચારણની જુસ્સાદાર અને માર્મિક વાણીએ કુંભાજીના અંતરમાં કૈં કૈં નવીન લાગણીઓ જન્માવી હતી.

"દેવીપુત્ર! ચારણનો વેશ તજી દઈને બ્રાહ્મણના વેશનો આશરો કેમ લેવો પડ્યો?" કુંભાજીએ વારૂ બારોટને પ્રશ્ન કર્યો.

"બાપુ! દેવીપુત્રો જ્યાં દૂરથી જ ધકેલાતા હોય ત્યાં બીજો શો ઉપાય કામ લાગે? આપના રામરાજ્યમાંથી જો દેવીપુત્રોનો બહિષ્કાર થાય તો દુનિયાનો કયો ખૂણો એમને સંઘરી શકે?"

"પણ દેવીપુત્રોમાં હવે કળિયુગ આરપાર પેસી ગયો છે તે જાણો છો?"

"બધું ય જાણું છું બાપ! પણ આ તો થાય છે એવું કે સૂકાંની સાથે લીલાં ય સળગી જાય છે!"

"છો સળગે! ત્યારે જ એમની આંખ ઊઘડશે અને ઠગબાજીનું પરિણામ જોઈ શકશે."

"એ નહિ શોભે નામવર! ભર્યા સરોવરને આરેથી ગાયો તરસી જાય તો દુનિયા રસાતાળ જાય!"

"કવિરાજ! હવે બીજી બધી વાતો પડતી મૂકો અને તમને બીજું જે જોઈએ તે માંગી લો!" કુંભાજીએ મૂળ વાતને કાપી નાખતા કહ્યું.

"મેં તો વહેલું જ માગી લીધું છે અન્નદાતા! વારે વારે માંગવાનું શું હોય?"

કુંભાજીએ જાણ્યું કે આ ચારણ તો ચોંટી પડ્યો છે. ત્યારે તેણે ટાઢે પાણીએ ખસ કાઢવા એક નવી રમૂજ રજૂ કરી.

"તમે મોટા કવિ છો તો હવે મારી એક શરત સાંભળો."

"એવી કેવી શરત છે બાપુ?"

"શરત એટલી જ કે જો તમે જામનગરવાળા મેરૂ ખવાસને એના મોઢા માથે ખવાસ કહી આવો તો હું વધુ વિચાર કરું."

"બસ એટલું જ ને? એ તો મારું કામ! સાચેસાચું સૌને મોઢા પર ફટકારવામાં ચારણો કદી ડર્યા નથી અને ડરવાના પણ નથી."

આટલું બોલીને વારૂ બારોટ કુંભાજીની કચેરી છોડી ગયો અને જામનગરને પંથે પડ્યો

★

વારૂ બારોટ જામનગરમાં દાખલ થયો ત્યારે તેના કેડિયાની એક કસ તૂટી ગયેલી હોવાથી તે એક દરજીની દુકાને જઈ ચડ્યો. દરજી એ વખતે જ જામનગરના માલિક મેરૂ ખવાસનું અંગરખું સીવી રહ્યો હતો. તેણે વારૂ ચારણને થોડીવાર થોભી જવા જણાવ્યું. ઘણીવાર દરજીના મોઢા સામે જોતો બેસી રહ્યો. દરજી તો એની સામે પણ જોયા વિના પોતાના કામમાં મશગૂલ હતો.

વારૂ બારોટ આખરે કંટાળ્યો. ઘણીવાર રાહ જોવડાવવા છતાં દરજી દાદ આપતો ન હતો. એટલે તે દરજીને ઠપકો આપવા લાગ્યો.

દરજી બોલ્યો, "બારોટજી! તમે જાણો છો? આ તો મોટા દાંતવાળા મેરૂ કાકાનું કામ છે, એ પૂરું કર્યા વિના તમારું કામ કેમ હાથમાં લઉં?"

મેરૂનું નામ સાંભળી વારૂ ઉકળી ઉઠ્યો. એના મનમાં તો મેરૂ જ રમતો હતો. એટલે દરજીને જવાબ દેતાં તે બોલી ઉઠ્યો :

"મેરૂ કાકો તારો! મારો નહિ! મારે મન તો એ જામનો ગોલો!" કચ્છી બારોટે કચ્છી શબ્દોમાં સાફ સંભળાવી દીધું.

"ગોલો ગોલો તો અહીં કહેવાય ગઢવી! એને મોઢે કહેવા જાઓ તો તમારી ખબર પડે!" દરજીએ પણ તપી જઈને કહ્યું.

"તારે મોઢે ગોલો કહ્યો તો એને મોઢે પણ કહી દઉં! અહીં એક વાર તો એને મોઢે ત્રણ વાર! તારે સાંભળવું હોય તો તું પણ આવજે!"

અને એ જ વખતે વારૂ બારોટ ત્યાંથી ચાલી નીકળ્યો.

બીજે દિવસે સવારમાં વારૂ બારોટ મેરૂ ખવાસની રાજ કચેરીમાં આવી પહોંચ્યો. મેરૂ ખવાસ પોતાના અધિકારીઓ સાથે કચેરીમાં હાજર હતો.

કવિએ 'શુભરાજ' કહી મેરૂ ખવાસને આશીર્વાદ આપ્યા અને તરત જ બોલી ઉઠ્યોઃ

***ગોલા! ગોલા! ગોલા! ગોઠણ હેઠ કૈક નર નમાવીઆ,***
***ભૂપત છોડે ભેઠ, મોઢા આગળ મેરૂઆ!***

મેરૂની કચેરીના તમામ સભાજનો કવિના આ શબ્દો સાંભળીને અવાક્ બની ગયા. ચારણનું હવે શું થાય છે તે તેઓ આતુરતાપૂર્વક જોઈ રહ્યા. અવળી ખોપરીવાળા આ ચારણની મોતની ઘડીઓ ગણાઈ રહી છે એવું જ સૌને લાગતું હતું.

મેરૂની મુખમુદ્રા પણ ગંભીર બની ગઈ. તે કંઈ બોલવા જાય તે પહેલાં તો ફરીવાર કચ્છી વાણીમાં વારૂ પોકારી ઊઠ્યો-

***ધન માતા ને ધન પિતા, ધન જનમ જિન રાત,***
***ખંઢ ખંઢ જાત ખવાસ, તેં મલાઈ મેરૂઆ!***

*ભાવાર્થ :* તારા માતા-પિતાને ધન્ય છે. જે રાતે તારો જન્મ થયો એ રાતને પણ ધન્ય છે. ખવાસની જાતને તેં તો ખંડે ખંડમાં દીપાવી દીધી છે.

વારૂની કાવ્યકળા અને એની હિંમત જોઈને મેરૂ ગુસ્સે થવાને બદલે ખુશ થયો. અને તેને શીખ તેમજ સરપાવ આપીને વિદાય કર્યો.

આ રીતે વારૂ બારોટે પોતાની કાવ્યકળા અને ચાલાકીથી ગોંડલ દરબારના હૃદયમાં ચારણો પ્રત્યે પ્રવર્તી રહેલો તિરસ્કાર દૂર કરાવ્યો. ગોંડલના દરવાજા પણ ચારણો વાસ્તે સદાને માટે ખૂલી ગયા. ■

*સમયસર કામ કરો, ટેન્શનને રામ રામ કરો.*

## વણલેખ્યા વહેવારોનું ગ્રંથસ્થીકરણ :
# "કચ્છ દેશી સીરસ્તા સંગ્રહ"

• નરેશ પી. અંતાણી •

ઈ.સ. ૧૮૪૪માં રાવ દેશળજી બીજાએ કચ્છમાં સત્તા સંભાળી ત્યારે કચ્છના અંદાજે ૮૫૦ ગામડાઓમાંથી માત્ર ૨૯૪ ગામડાઓ જ કચ્છ રાજયની હકુમતમાં હતા. ૪૩૪ ગામડાઓ ભાયાતો અને જાગીરદારોની સત્તા હેઠળ હતા અને ૧૨૩ ગામો ધર્માદા-સખાવતી સંસ્થાને અર્પણ કરાયાં હતા. પરિણામે દરેકની વ્યાપારી નીતિ-રીતિ, તોલમાપ, આર્થિક લેણદેણ, મિલકતની લે-વેચ, વ્યાપારી વહાણવટુ વગેરે બાબતોમાં દરેક વિસ્તારો વચ્ચે જ માત્ર નહિ, પ્રત્યેક વિસ્તારના સ્થળે સ્થળે પણ અલગ અલગ પરંપરાગત શિરસ્તા ચાલતા હતા, જે "બાર ભાઈ અને તેર ચૂલા" ની કહેવતને યથાર્થ ઠરાવતા હતા.

આમાં નોંધપાત્ર હકીકત એ હતી કે, ક્યાંયે કોઈ જગ્યાએ લેખિત કાયદા કાનૂન યા નિયમો હતા જ નહિ. પરિણામે જે પરિસ્થિતિ સર્જાઈ હતી એ માટે મહારાવ ખેંગારજી ત્રીજાના સમયના દીવાન મણિભાઈ જસભાઈએ સંવત ૧૯૩૪માં નોંધ્યું હતું એ મુજબ "આ દેશમાં તકરારોના નિકાલ કરવામાં દેશ શિરસ્તા પ્રમાણે ઘણું કરીને રિવાજ ચાલે છે. પણ દેશ શિરસ્તો લિખિત ન હોતા, અમુક શિરસ્તો ચાલે છે કે નહિ એ વિશે ઘણીવાર તકરાર પડે છે. ચાલતી તકરારે શિરસ્તા વિશે પુરાવો લેવામાં આવે છે. ત્યારે લાગતા વળગતા પક્ષકારોની વગ સાથીઓને પહોચે છે અને ગુંચવાડો થઈ પડે છે."

આમાંથી રસ્તો કાઢવા દીવાન મણિભાઈએ એ વખતના કચ્છના નાયબ દીવાન અને ડિવિઝનલ જાડેજા કોર્ટના પ્રમુખ ખાનસાહેબ જમશેદજી અરદેસર દલાલના અધ્યક્ષપદે ત્રણ સભ્યોની સમિતિ નિયુક્ત કરી હતી. જેના બીજા સભ્યોમાં આગેવાન નાગરિકો, નાગજી ચાંપશી અને સોમજીભાઈ વલ્લભજીને નિમવામાં આવ્યા હતા. સમિતિને વેપાર અને ગરાસોમાં "ચાલતા વ્યવહારિક કામમાં ઉપયોગી એવા તમામ રિવાજો વિશે તપાસ કરી હકીકતો એકઠી" કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

સમિતિએ આ વિષયને લગતી પ્રશ્નોતરી તૈયાર કરી. કોર્ટોમાં ચાલેલા મુકદ્દમાઓના ફેંસલા અને બીજા દરબારી દસ્તાવેજોનો અભ્યાસ કરવા ઉપરાંત, સમિતિએ ભુજ, માંડવી, મુંદ્રા અને અંજાર શહેરમાં અનુભવી વેપારીઓ અને બીજા લોકો પાસેથી આને લગતી પ્રચલિત પ્રથાની માહિતી ભેગી કરીને એનો લેખિત અહેવાલ દીવાન સાહેબ પાસે રજૂ કર્યો. આ અહેવાલને વિષયવાર ૨૨ ભાગમાં વહેંચી દઈને છપાવવામાં આવ્યો. અનુભવી દરબારી અમલદારો, વેપારીઓ, બીજા અગ્રગણ્ય નાગરિકો ઉપરાંત મુંબઈ કે અન્ય વસી રહેલા આગેવાન કચ્છીઓને આ અહેવાલની નકલો પાઠવીને એમના અભિપ્રાયો મંગાવવામાં આવેલા.

બાદમાં સંવત ૧૯૩૬માં પુસ્તકરૂપે આ માહિતી પ્રગટ કરવામાં આવી. આ સંબંધમાં સમિતિના સભ્યો નાગજી ચાંપશી અને સોમજી વલ્લભજીએ જણાવ્યું હતું કે, "આથી આગળ આ દેશ (કચ્છ) ના ધારા લખાણમાં આવેલા નથી તેથી આ પહેલો જ પ્રયત્ન છે." એ જ રીતે દીવાન મણિભાઈ જસભાઈએ આ પહેલાં ખુલાસો કર્યો હતો કે, "આ પ્રકરણો રીતસર પસાર થયેલા કાયદા તરીકે નહિ પણ માત્ર એક સાધારણ પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે." આમ છતાં, એ સંગ્રહ કોર્ટના કામકાજમાં એટલો બધો ઉપયોગી જણાયો હતો કે, એની બધી જ નકલો ચપોચપ વેચાઈ ગઈ. અને વધુ માગણી થવા લાગી હતી. પરિણામે, મહારાવના હુકમથી, "વાકે. ગાર વકીલો અને બીજા ગૃહસ્થોની એક સમિતિ" દીવાન મણિભાઈના અધ્યક્ષપદે નિયુક્ત કરાઈ. આ સમિતિએ સુચવેલા સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ "કચ્છ દેશ શિરસ્તા સંગ્રહ" (વ્યાપાર તથા ગિરાસ) ના નામથી સં. ૧૯૪૧ (ઈ.સ. ૧૮૮૫) માં બહાર પાડવામાં આવી. એ પુસ્તકને "કાયદા તરીકે" નહિ ગણવાની ફરીવાર સૂચના છતાં અદાલતે ચડતા મુકદ્દમા વેળા એને આધારભૂત માહિતી તરીકે લેખવામાં આવ્યું હતું.

કચ્છમાં ખાલસા પ્રદેશ અને ગરાસોમાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિ બાબત રસપ્રદ વિગતો આ પુસ્તકમાં સમાવવામાં આવી છે. ખાલસા પ્રદેશમાં અનાજ વગેરે ભરવાના માપમાં સૌથી નાનું એકમ "ચોથાણું" અને સૌથી મોટું એકમ "મુંડો" ગણાતા. અન્ય એકમોમાં પવાલું, પાટવી, ટોકડીઉ, ચોઈઉ, મા, નાની, સઈ, ચોસીઉ, હારો અને કળશીનો સમાવેશ થતો. પણ માપવા માટે ચોથાલું, પવાલું, પાટવી અને માપ એટલાં જ સાધનો હતા. બાકી મૌખિક કોષ્ટક મુજબ ગણતરી કરાતી. આમ છતાં સ્થળે સ્થળે રહેલી વિસંગતિના ઉદાહરણોમાં ગણીએ તો ભુજમાં આઠ માપની એક સઈ ગણાતી. જ્યારે પરગણામાં બમણું માપ ચાલતું. જેને મોટી સઈ ગણવામાં આવતી. ગરાસિયા ગામોમાં ક્યાંક ૧૨ શેરનું એક માપ ગણાય, તો બીજે ૨૭ શેરનું માપ ગણાય. માપમાં કેટલી પાટવી ગણાય એનાં પણ ઠેકાણે ઠેકાણે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)

*પ્લાનિંગથી જીવીએ તો ડિપ્રેશન આવે જ નહિ.*

પ્રજાતંત્ર

# ઉદ્યોગોની જમીનની મંજૂરી માટે સુપ્રીમના દિશાનિર્દેશો

• શશીકાંત ઠક્કર, એડવોકેટ •

ભુજ તાલુકાના કુકમા - રેલડી ગામની ખેતીની જમીનનું એક કંપની દ્વારા અન્ય કંપનીને કરાયેલા વેચાણ અંગે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં ઔદ્યોગિક કંપનીઓ દ્વારા ખરીદવામાં આવતી ખેતીની જમીન અંગે અપાતા પ્રમાણપત્રોના પ્રકરણોમાં કરવાની કાર્યવાહી અંગે કેટલાક દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. આ દિશાનિર્દેશો તંત્ર અને પ્રજા બંને માટે ઉપયોગી હોવાથી તે અત્રે રજૂ કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે ચુકાદાના પારા-૬૬માં જણાવ્યું છે કે ભારત એ મુખ્યત્વે ગામડાંઓનો દેશ છે. શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણ થઈ રહ્યું હોવા છતાં ઉદ્યોગો પૂરતા પ્રમાણમાં વિકાસ પામ્યા નથી. અને તેથી આપણી વસતિનો મોટો ભાગ ગુજરાન ચલાવવા માટે ખેતી પર નભે છે. આથી જમીનો ખેતીવાડીના હેતુ માટે રાખવી જરૂરી છે. આ જમીનોને ઔદ્યોગિક પ્રદૂષણથી થતા નુકસાનથી રક્ષિત કરવી જરૂરી છે. પ્રામાણિક ઔદ્યોગિક પ્રવૃત્તિ ઉદ્યોગગૃહને સારી આવક આપી શકે છે. પરંતુ તે સારો રોજગાર અને રાજ્યની સારી આવક આપવાની સાથે આજુબાજુના ખેડૂતોને ઓછામાં ઓછું નુકસાન અને પ્રદૂષણ કરે તે જરૂરી છે. ગણોતધારાની કલમ-૮૯એ(૫) અન્વયે પરવાનગી આપતી વખતે કલેક્ટરે આ બધી બાબતો તપાસવી રહે છે કારણકે બીજા એકમાત્ર અપવાદ ઔદ્યોગિક ઝોનમાં આવેલ ખેતીની જમીનોને બિનખેતીમાં ફેરવવાનો છે. આથી ઔદ્યોગિક ઝોનમાં આવેલી જમીનો સિવાયની જમીનોને સંબંધ છે ત્યાં સુધી અરજદારની અરજી પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટેની છે કે કેમ તેનો નિર્ણય કરતી વખતે ઉપરોક્ત તમામ સાવચેતીઓ લેવાની રહે છે.

ચુકાદાના પારા-૬૭માં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે માત્ર જી.ડી.પી.ના વધારાથી માપી શકાય નહીં પરંતુ સામાન્ય જનસમાજની ઉપયોગીતાની નજરે તેને માપવાનો રહે છે. કાયદામાં ચોક્કસ આંતરિક ડહાપણ છે જે લોકોની પ્રતિનિધિ એવી વિધાનસભાએ કરેલો આદેશ છે.

પ્રસ્તુત પ્રકરણે વિવાદિત જમીનની આજુબાજુના ખેડૂતોએ કરેલા વિરોધ અને તેના માધ્યમો દ્વારા પ્રસિદ્ધ થયેલા અહેવાલોની અવગણના કરીને કરવામાં આવેલી કાર્યવાહી તરફ અંગૂલીનિર્દેશ કરીને સુપ્રીમ કોર્ટ દ્વારા ઉપરોક્ત નિર્દેશો અપાયા છે.

કચ્છમાં ધરતીકંપ થયા બાદ રાજ્ય સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહન અને છુટછાટ આપવાની નીતિના પરિણામે કચ્છમાં સંખ્યાબંધ ઉદ્યોગો આવ્યા છે અને તેના પરિણામે કચ્છની કેટલીક વેરાન ગણાતી જમીનોના ભાવો પણ ખૂબ ઊંચા ગયા છે. તેના કારણે અર્થતંત્રમાં સારી એવી ઉછાળવૃત્તિ આવી છે. પરંતુ સૌથી મોટી ભૂલ એ થઈ છે કે ઉદ્યોગો સ્થાપવા માટે ઝોનિંગ થયું નથી અને તેના પરિણામે ગમે તેવા ઉદ્યોગો ગમે ત્યાં કોઈ રોકટોક વિના શરૂ કરાયા છે. આથી ઘણા બધા ગામોમાં પ્રદૂષણના મોટા ગંભીર સવાલો પેદા થાય છે અને સારી ખેતીવાડીની જમીનોનો તેમાં ઉપયોગ થવાના પરિણામે આજુબાજુની જમીનોને પણ ખૂબ ગંભીર નુકસાન થયું છે. એટલું જ નહીં જ્યાં જ્યાં આવા ઉદ્યોગો આવ્યા ત્યાં ત્યાં વર્ષોથી વિકાસ પામેલા વૃક્ષોનું પણ નિકંદન નીકળ્યું છે. પાણીના વહેણો પણ અવરોધાયા છે અને સમગ્ર પર્યાવરણમાં મહત્ત્વના ફેરફારો થયા છે.

કચ્છની આ પરિસ્થિતિના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આપેલા નિર્દેશો ઘણા ઉપયોગી છે અને વહીવટીતંત્ર જો આ નિર્દેશોનો પ્રામાણિકપણે અમલ કરે તો કમસે કમ ભવિષ્યના ઘણા પ્રશ્નોને ઊગતા જ ડામી શકાય તેમ છે.

સુપ્રીમ કોર્ટે બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જે અધિકાર, કાયદાથી જે અધિકારીને અપાયો હોય તેમણે તે પોતાની વિવેકબુદ્ધિ અને કાયદાની મર્યાદામાં તેણે પોતે જ અન્ય કોઈપણ બાહ્ય બળની દખલગીરી વિના ઉપયોગ કરવાનો રહે છે. અને તેમ ન કરાયું હોય ત્યાં સંબંધિત નિર્ણય અધિકારના દુરુપયોગમાં પરિણમે છે. આથી જ્યારે ગણોતધારાની કલમ-૮૯એ અન્વયેના પ્રમાણપત્ર આપવાના પ્રશ્ને અને આવા પ્રમાણપત્ર આપ્યા પછી કાયદા મુજબની શરતોનો અમલ સંબંધિત ઉદ્યોગગૃહે ન કર્યો હોય ત્યારે કાયદા મુજબની તપાસ કરી કાયદા મુજબનો હુકમ કરવાની ફરજ અને જવાબદારી સંબંધિત અધિકારીની પોતાની જ રહે છે અને તેમણે આ માટે કોઈપણ ઉચ્ચ કક્ષાની સત્તાનું ડિટેક્શન લેવાનું અયોગ્ય અને ગેરકાનૂની બને છે.

### • કૌટુંબિક વહેંચણીની નોંધો પ્રમાણિત કરવા અંગે સરકારની સ્પષ્ટતા :

તાજેતરમાં નોંધણી નિરીક્ષક ગાંધીનગરની સૂચના અન્વયે જિલ્લા કલેક્ટર દ્વારા તા. ૭-૧૨-૨૦૧૩ના પત્રથી ‘મહેસૂલી અધિકારીઓને અપાયેલી સૂચના અંગે વહીવટીતંત્રનો વિવાદાસ્પદ નિર્ણય’ એ મથાળા હેઠળ ‘કચ્છમિત્ર’ તા. ૧૧-૧-૨૦૧૪ના અંકમાં ચર્ચાપત્ર આવેલો હતો. આ બાબતમાં કેટલીક વિશેષ વિગતો ઉપલબ્ધ થયેલ હોવાથી તે પ્રજાની જાણ માટે અત્રે આપવામાં આવે છે. સ્ટેમ્પ કાયદામાં તા. ૧૦-૪-૨૦૧૩ના થયેલ સુધારા અન્વયે નીચે મુજબ પરિસ્થિતિ છે.

*નબળા મનના લોકો જ નસીબનો વાંક કાઢે છે.*

### ● હક્ક કમીના દસ્તાવેજો :

કોઈપણ વડીલોપાર્જિત મિલકત અથવા તેના ભાગ ઉપરનો પોતાનો હક્ક કમી કરવાની ફારગતી ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, સ્વર્ગસ્થ પુત્રના પુત્ર, સ્વર્ગસ્થ પુત્રની પુત્રી, પિતા, માતા અથવા પતિ-પત્ની અથવા આ સંબંધીઓના વારસોની તરફેણમાં અથવા તેમના દ્વારા જ્યારે કરવામાં આવે ત્યારે તેવી ફારગતી માત્ર રૂા. ૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર કરીને રજિસ્ટર કરી શકાય છે. આ સિવાયના કિસ્સામાં વેચાણ દસ્તાવેજ મુજબ સ્ટેમ્પ લેવો પડે. આ સુધારો સ્ટેમ્પ એક્ટના શીડ્યુલના આર્ટીકલ-૪૫ માં કરવામાં આવ્યો છે.

### ● પાવરનામું :

હાલના આર્ટીકલ-૪૫ મુજબ જ્યારે સ્થાવર મિલકત વેચાણ કરવા માટે પાવરનામું અપાયેલ હોય ત્યારે વેચાણ દસ્તાવેજ મુજબ સ્ટેમ્પ વાપરવો પડે છે. આ આર્ટીકલમાં ઉમેરો કરી જ્યારે સ્થાવર મિલ્કતનું વેચાણ કરવા અવેજ વિના અગર અવેજ બતાવ્યા વિના પાવર આપવામાં આવેલ હોય ત્યારે નીચેની વ્યક્તિઓના અપાયેલ પાવર માત્ર રૂા. ૧૦૦/-ના સ્ટેમ્પ પર થઈ શકે છે. પિતા, માતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર પુત્રી, પૌત્ર, પૌત્રી આ સિવાય અન્ય કોઈને પાવર આપવામાં આવે તો વેચાણ દસ્તાવેજ મુજબ સ્ટેમ્પ વાપરવો પડે.

### ● હક્કપત્ર નોંધો અંગે :

ગુજરાત સરકારે સ્ટેમ્પ કાયદામાં કરેલા સુધારાના સંદર્ભે ઊભા થતા પ્રશ્નો અંગે કલેક્ટર અમરેલી દ્વારા સરકારનું માર્ગદર્શન માગવામાં આવતાં સરકારના મહેસૂલ વિભાગના તા. ૨૩-૮-૨૦૧૩ના પત્ર દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતાઓ નીચે મુજબ છે.

આમ છતાં હવે નવા સુધારા મુજબ હક્ક કમી કરવાની ફારગતી અને પાવરનામા ચોક્કસ લોહીના સંબંધ ધરાવતા ઉપરોક્ત સુધારામાં સ્પષ્ટ કરેલા લોકોની તરફેણમાં હોય ત્યારે માત્ર રૂા. ૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર બનાવી રજિસ્ટર કરાવી શકાય છે. તેથી તેમ કરવું વધારે હિતાવહ ગણાય. પરંતુ ઉપરોક્ત સ્પષ્ટતા મુજબ રજિસ્ટર દસ્તાવેજ રજૂ ન થાય તો પણ આવી નોંધો પ્રમાણિત કરવાની રહે છે તે આથી સ્પષ્ટ થાય છે.

*'જલિયાણ', જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂનાવાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

**સારું છે કે 'ડૉલર' અને 'યુરો'ની જેમ 'રૂપિયા' નામના કોઈ અંડરવેર આવતા નથી. કારણકે જે રીતે રૂપિયો નીચે ઉતરી આવ્યો છે એ હિસાબે તો આપણી ઈજ્જત ઉઘાડી પડી જાત!**

## "કચ્છી દેશી શીરસ્તા સંગ્રહ"

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

અલગ નિયમો હતા. એક ગરાસમાં એક કળશીમાં છ માપ લેખાંતાં, તો બીજા ગરાસમાં એક કળશીમાં ૧૨૮ માપ પણ લેખાતાં. ઉપરાંત ૪૦ શેરનો કાચો મણ અને ૪૮ શેરનો પાકો મણ ગણાતો.

કાપડ માપવા બે ગજ અમલમાં હતા. એક "લાખાસાઈ ગજ" જેમાં ૨૪ તસુનો સમાવેશ થતો હતો. જ્યારે બીજો ગજ એક હાથનો ગણાતો જેને 'હથી' કહેવાતો અને એમાં ૨૦ થી ૨૧ તસુ કાપડ આવતું. સોના-ચાંદીના તોલમાં પણ વિસંગતતા હતી. માંડવી અને મુંદરામાં ૧૦૦ ગદીનો દાગીનો ભુજમાં વપરાશ તોલ મુજબ ૧૦૬ ગદીનો ગણાતો.

કચ્છ દેશી સીરસ્તા સંગ્રહમાં વ્યાપારી સોદા વ્યાજ વટાવ, દલાલી, વ્યાપારી વહાજ વ્યવહાર, વીમો, જમીન, દીવાળું, માલ મિલકતની લે-વેચ, ગીરવે રખાતી મિલકતો વગેરેને લગતી સરસ અને વિગતવાર માહિતી અપાઈ છે. અને તેને લગતા દસ્તાવેજોના અનુસરણીય નમુનાઓ પણ મૂકવામાં આવ્યા છે.

વળી ગરાસને લગતા લે-વેચ કે ગીરવે ખતમાં વપરાતી ભાષા કે શબ્દોની વ્યાખ્યા પણ આ સંગ્રહમાં આપવામાં આવી છે. આવા કેટલાક શબ્દો જોઈએ તો જમીન ખેડવાના હક્કને 'બુટ્ટા' કહેવાય, જેના પર ખેતી થવાની હોય એ જમીનને 'ધડો' કહેવાય. 'અઢારે હબુબ' અર્થાત સર્વ પ્રકારની ઉપજ. 'વાગ' એટલે લગામ કે અંકુશ. જમીનની કુલ પેદાશને 'સભોગી' કહેવાતું. દસ્તાવેજને અંતે સહી માટે રખાતી જગ્યા પર 'મતું' લખવામાં આવતું. એકની પાસે ગીરવે પડેલી બીજા પક્ષે રાખે એ માટેના લખાણને 'ચાંપણિયું' કહેવાતું. ખત પણ બે પ્રકારના હતા. એક નામ જોગું કહેવાતું જેમાં લેણદારનું નામ લખવામાં આવતું અને બીજું કોઠાણું જેમાં લેણદારના નામની જગ્યા ખાલી મુકાઈ હોય જેને કચ્છીમાં 'ખડકિયાણું' કહેવાય. આજે પણ કેટલાય કેસોમાં આ જૂના દસ્તાવેજોનો આધાર ધારાશાસ્ત્રીઓ કરતા હોય છે.

આમ, કોઈ લેખિત ધારા ધોરણ કે નિયમો વિનાના એ સમયમાં ચાલુ રહેલા વ્યવહારોને ગ્રંથસ્થ કરવાનો એ પ્રયાસ સુંદર હતો.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૯૨*
*મો. : ૯૯૯૮૨ ૨૦૪૭૮*
***Email : naresh_antani@yahoo.in***

Dhiren Shah - Director
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

વિચાર-મંથન

## પ્રગતિની અવરોધક માન્યતાઓ – ૨

# પુનર્જન્મ અને અધ્યાત્મનો અતિરેક

મૂળ લેખક : સુબોધ શાહ ● રજૂઆત : મુરજી ગડા

પુનર્જન્મની માન્યતામાં પશ્ચિમના ધર્મો કરતાં ભારતના હિંદુ, જૈન, બુદ્ધ ધર્મ જુદા તરી આવે છે. કર્મફળનો સિદ્ધાંત એ જ સિક્કાની બીજી બાજુ છે, જે પુનર્જન્મની સાથે સાથે જાય છે. જિંદગી જ્યારે દુઃખથી ભરેલી હોય ત્યારે આ સિદ્ધાંત સાંત્વના, શાતા, આશા આપે છે. સારું વર્તન કરવા માટે એ હેતુ પૂરો પાડે છે. કારણ એ જ કે સારા કામનું ફળ સારું મળે અને ખોટા કામનું ફળ ખોટું મળે. આ જન્મે નહિ તો આવતા જન્મે એમ મનાય છે. આ એનું હકારાત્મક અને પ્રેરણાદાયક પાસું છે. હવે એની બીજી બાજુઓ તરફ નજર કરીએ, જેનાથી સમાજને અત્યંત ગંભીર હાનિ પહોંચી છે.

કર્મફળ અને પુનર્જન્મમાં શ્રદ્ધા સર્વમાન્ય બની એટલે દેવદર્શન, ક્રિયાકાંડ, તપ, વગેરેને તો ઉત્તેજન મળ્યું જ, પણ સાથે સાથે પ્રબળ પ્રારબ્ધવાદ અને નિષ્ક્રિય નસીબવાદે સમાજમાં ઘર ઘાલ્યું. આપણે નકારાત્મક ને નિરાશાવાદી બન્યા અને નિષ્ફળતાને સ્વાભાવિક માની સ્વીકારતા થઈ ગયા. જેમ સ્પર્ધા, પુરુષાર્થ, મહત્વકાંક્ષા, ધ્યેયપ્રાપ્તિ વગેરેનું મહત્ત્વ ઘટતું ગયું તેમ સમાજની પ્રગતિ રૂંધાતી ગઈ. અધ્યાત્મનું નિરંતર ચિંતન, મનન, રટણ કરવાથી આ લોકની વાસ્તવિકતાઓ બાજુ પર રાખી પરલોકની રંગદર્શી કલ્પનાઓ તરફ સમાજની દિલચસ્પી વધી ગઈ. સમાજમાં ધન અને બુધ્ધિધન બન્ને બીજી દિશામાં વળી ગયાં. આકાશમાં મીટ માંડીને રસ્તે ચાલતો માણસ ઠોકર ખાય એ સ્વાભાવિક વાત છે. આત્માની દરકારમાં દેહ દૂબળો પડે એ પણ એટલું જ સ્વાભાવિક છે. જીવન સફરમાં જે સમાજનું ધ્યેય અસ્પષ્ટ હોય, ધ્યાન બેતરફ હોય, લક્ષ્ય આકાશ હોય, તે સમાજ ક્યાંક અટવાઈ જાય, અથડાઈ જાય, કે કૂટાઈ જાય, એમાં આશ્ચર્ય શું?

પુનર્જન્મની માન્યતાનું બીજું સીધું પરિણામ એ આવ્યું કે આપણે ત્યાં અધ્યાત્મનો અતિરેક થયો. એ માન્યતા સાચી હોય કે ખોટી હોય તો પણ અધ્યાત્મની એકસરખી આરાધનાથી, કહો કે વળગાડથી, એવો સમાજ નિર્માણ થયો કે જેને ભાષા ને તત્ત્વજ્ઞાનના વિષયમાં કદાચ ફાયદો થયો હોય, તો પણ ભૌતિક અને સ્વરક્ષણ ક્ષેત્રે એ નિર્માલ્ય બન્યો. પ્રત્યક્ષ જીવન સાથે કોઈ સંબંધ ન હોય એવી દુનિયાની શોધમાં સમાજમાં કરોડો લોકો નીકળી પડ્યા. એમની પરલોકની શોધ કદી પૂરી થતી નથી તેમજ આ લોકના ઉકેલની શોધ કદી શરૂ થતી નથી. એમની અમૂલ્ય જિંદગી જ્યારે ભાવિ સ્વર્ગની લાલચે તેઓ હોડમાં મૂકે છે. ત્યારે તેઓ આભાસી સત્ય પામે છે. સ્વર્ગ આભાસી છે, જ્યારે જિંદગી સત્ય છે.

અધ્યાત્મનું આક્રમણ ખાળવું આપણા દેશમાં અશક્ય છે. એ અતિશય નફાકારક ઉદ્યોગ બન્યો છે. કરોડો લોકો વ્યાખ્યાનો, શિબિરો, સેમિનારોમાં ઉભરાય છે. મંદિરમાં, આશ્રમમાં, ખુલ્લા મેદાનોમાં અને હવે વિમાનમાં, એનાં માઈકોનો અવાજ કાનના પરદા ચીરે છે પણ એટલા તો નહિ જ, જેટલા સામાન્ય બુદ્ધિને હણે છે. ''દુનિયા દુઃખથી ભરેલી છે, દુનિયા ભ્રમ છે, બ્રહ્મ એ જ સત્ય છે, મોક્ષ એ જ ઉપાય છે'' એમ સર્વ સંતો, શાસ્ત્રો, સુજ્ઞ પુરુષો કહે છે. સંતો આપણને આકર્ષક વાણીમાં દુન્યવી જીવનની નિરર્થકતા અને અમર આત્માની તેજસ્વિતા અદ્‌ભુત વિગતે સમજાવે છે. એમણે શોધી કાઢ્યું છે કે આત્મા એ પ્રકાશ છે, શક્તિનો સ્રોત છે. અનાદિ અનંત અમર્ત્ય અજ્ઞેય છે. એ દરેક જીવન, જીવાણું બધામાં વાસ કરે છે. એના વિશેનું જ્ઞાન એ એક જ જ્ઞાન પામવા યોગ્ય છે, બીજું બધું વ્યર્થ છે.

અજ્ઞાનીઓ ઉપર દયા કરીને આ બધું જ્ઞાન આપવા બેઠેલા સાધુઓ, સંતો, સ્વામીઓ, મહાત્માઓ, ગુરુ, બાપુ, દાદા, એ બધાની ગણતરી રાખવી એ ભારતમાં દુષ્કર કાર્ય છે. એમને અપાતાં સુંદર વિશેષણો - શ્રી, સદ્‌ગુરુ, સર્વજ્ઞ, આત્મજ્ઞ, જગદ્‌ગુરુ, ૧૦૦૮, ભગવાન, ભગવંત એ કોઈવાર આપણા ભાષાજ્ઞાનની કસોટી કરે એવાં હોય છે. દર વર્ષે વિશ્વશાંતિ પ્રચારાર્થે સંખ્યાબંધ આત્મજ્ઞ કે સર્વજ્ઞ ગુરુઓની પધરામણી અમેરિકામાં થાય છે, કાશ્મીર કે પેલેસ્ટાઈન જેવા પ્રદેશોમાં કદી નહિ. અને તે સુંદર ઉનાળામાં જ! ઠારી નાખતા શિયાળામાં નહિ. ભગવાં વસ્ત્રધારી કોઈપણ સ્વામી આજકાલ અમેરિકાની યાત્રા કરીને શિષ્યગણ સંપાદન ન કરે તો ભારતમાં એમની કિંમત ઓછી ગણાય છે.

એક વ્યાપારી કંપની જ્યારે સમય, શક્તિ, નાણાં, બુદ્ધિધન, વગેરે અમુક ક્ષેત્રમાં રોકે છે, ત્યારે એ નવું કંઈક શોધી શકે છે, અને વધુ કમાય છે. ૧૯૬૦ પછીના દાયકામાં અમેરિકાએ અવકાશ સંશોધન ક્ષેત્રે

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

મોટું મૂડીરોકાણ કર્યું અને એ ચંદ્ર પર પહોંચ્યું. જેમાં રોકાણ કરો એમાં પ્રગતિ થાય. એક સમાજ જ્યારે પરલોક માટે પુણ્ય કમાવવામાં રોકાણ કરે ત્યારે એ કદાચ પરલોક સારો પ્રાપ્ત કરે પણ ખરો, પણ આ લોકમાં તો જરૂર પાછળ રહેવાનો. આ જન્મમાં પ્રગતિ કરવી હોય તો આ જન્મ ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરવું પડે, મૃત્યુ પછીના જન્મ ઉપર નહિ. ઉદ્યમ અને ઉદ્દેશ સંલગ્ન થાય તો જ સફળતા જન્મે, પરંતુ ભારતીય સમાજે હજારો વર્ષો સુધી પથ્થર પાછળ પૈસા ખર્ચ્યા છે. આજે પણ જ્યારે સ્કૂલો અને ઈસ્પિતાલો ગરીબીમાં સબડે છે, ત્યારે સાંઈબાબાને સોનાનો મુગટ ચડવાય છે. મંદિરોનાં ટ્રસ્ટો મિલકત માટે બાખડે છે. ગુરુઓને રૂપિયાની ખોટ નથી.

જીવનના ભીષણ સંગ્રામમાં ભારતીય સમાજને શત્રુઓની જરૂર ના પડી. એની પાસે તો એના ગુરુઓ જ બસ હતા. આટઆટલા બુધ્ધિશાળી ભારતીયોનું બૌદ્ધિક ક્ષેત્રોમાં આટલું ઓછું પ્રદાન શા માટે છે? તેઓ બે વખત લૂંટાય છે. ગરીબી જે યુવાનીને ચોરી જાય છે અને અધ્યાત્મ જે ઘડપણને લૂંટે છે. યુવાનીમાં કમાવું પડે, ઘડપણમાં દર્શન, યાત્રા, પૂજા, વ્યાખ્યાન, ભજન કરવાનાં. બૌદ્ધિક બાબતોમાં પડવાનો એમની પાસે સમય જ ક્યાં છે? એકંદરે ખોટ જાય છે સમાજને. બુદ્ધિ પ્રતિભાનો ઉપયોગ આધ્યાત્મિક પિષ્ટપેષણમાં થાય છે, સમાજને આગળ લઈ જવામાં નહિ. જ્યારે આપણું અડધું બુદ્ધિધન અધ્યાત્મમાં વેડફાઈ જાય અને બાકીનું અડધું ક્ષુદ્ર કૌટુંબિક પળોજણોમાં પરોવાઈ જાય, ત્યારે દેશની પ્રગતિ માટે શું બચે?

મહર્ષિ અરવિંદ જેવી અનેક પ્રખર બુદ્ધિમાન હસ્તીઓને ધર્મ અને અધ્યાત્મે આપણી પાસેથી આંચકી લીધી છે. એમની નિઃશંક તેજસ્વિતાનો લાભ પોંડિચેરીને કે પરલોકને ભલે મળ્યો હોય; દેશને ના મળ્યો. દેશના સારા નસીબે, સુભાષબોઝ હિમાલયથી જરીકમાં પાછા આવ્યા અને પછી તો કેટલા અદ્ભુત નેતા બન્યા! અરવિંદ પણ એવા થઈ શક્યા હોત, પણ પલાંઠી વાળીને બેસી ગયા. ગુજરાતી ભાષાના સમર્થ કવિઓ સુંદરમ અને પૂજાલાલ બન્ને પોંડિચેરી સિધાવ્યા અને એમનામાંથી કવિતા ઊડી ગઈ. આપણે ઉદાર દિલથી દેશની બુદ્ધિશક્તિનો દુર્વ્યય કરીએ છીએ જ્યારે એની ટંચાઈની ચિંતા રોજેરોજ કરતા હોઈએ છીએ. આપણે પરલોક ઉપર બધું લક્ષ કેન્દ્રિત કર્યું એનું પરિણામ શું આવ્યું? આ દુનિયા આપણને ના ગમી એટલે આપણે તે ગુમાવી, બીજાઓએ તે જીતી લીધી. આપણે સ્પર્ધામાં ઉતરવાની જ ના પાડી દીધી, પછી એને જીતવાની તો વાત જ ક્યાં? તો પછી, આપણા પછાતપણા માટે પસ્તાવો કરવાનું કારણ ના જ હોય. આ લોક ગુમાવવા ઉપરાંત પરલોક જીતવાની મહેનત કરવી તો આપણે માટે બાકી રહી જ. દુનિયા આખી અધ્યાત્મના આપણા ભવ્ય વળગાડથી ચકિત થાય છે. આપણા અધ્યાત્મની નીતિ છે, આજે ઉધાર, કાલે રોકડા. આપણે આપણી જાતને પૂછવાની જરૂર છે : મોક્ષ મેળવવો એ જ શું આપણો સૌથી મોટો ધ્યેય છે, એકમેવ આવશ્યકતા છે?

આત્મા સર્વશ્રેષ્ઠ અને દેહ ક્ષુદ્ર એ માન્યતાનાં દુષ્પરિણામો ભારત માટે ભયંકર આવ્યાં છે : શરૂથી જ ભૂખે મરતા લોકોને ઉપવાસ અને અપોષણનો ઉપદેશ; અનારોગ્ય અને શરીરની ઉપેક્ષા; રોગોની ભરમાર. આપણા સાધુસંતો લાખો લોકોને પોતાનાં પાપ ધોવાનું શીખવે છે. એને બદલે રોજ સાબુથી નહાવાનુ અને જમતા પહેલા હાથ ધોવાનું શીખવે તો ચેપી રોગો ઓછા પ્રસરે. પોતાના આત્માના કલ્યાણ માટે ઉપવાસ કરવા કરતાં ગરીબોની સહાનુભૂતિમાં ઉપવાસ કરવા વધારે સારા. આજુબાજુ લોકો ભૂખે મરતા હોય ત્યારે પોતાના જ આત્માના મોક્ષનું ધ્યાન ધરવું એ મોટું પાપ છે, કારણ બધા ધર્મો પરમાર્થનો પુરસ્કાર કરે છે, સ્વાર્થનો નહિ. આપણું સ્વકેન્દ્રિત વર્તન સ્વવિનાશક બનીને આજે જાહેરમાં સર્વ સ્થાને દેખાય છે.

સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં આપણી ભયાનક નિષ્ફળતાઓનું એક મહત્ત્વનું કારણ તે આધ્યાત્મિક ક્ષેત્રમાં આપણે મેળવેલી અનેરી સફળતા છે. આપણે યુદ્ધો પાણીપતના મેદાન પર નહી બલકે ગંગાના પવિત્ર ઘાટ ઉપર હાર્યા છીએ. પંડિતોના પવિત્ર મંત્રોચ્ચારોથી ઉભરેલા આધ્યાત્મિકતાના મહાપૂરમાં આપણી યુદ્ધક્ષમતા તણાઈ ગઈ હતી. આપણા પોતાના અંતિમ લક્ષ્યના જ આપણે ભક્ષ્ય બન્યા. ભૂલી જ ગયા કે આત્માની મુક્તિના જેટલી જ દેશની, સમાજની મુક્તિ આવશ્યક અને ઇચ્છનીય છે. આપણે તો જીવનમાં સામે દેખાતા દુશ્મનોને છોડીને, કાલ્પનિક દુશ્મનો સામે ઝુકાવ્યું. દૈનિક જીવન જો અસ્તિત્વ ટકાવી રાખવાનો એક સંગ્રામ હોય, સ્પર્ધા હોય, તો આત્માનું નિત્ય ચિંતન, મનન, શ્રવણ, એ કોઈ માર્ગ નથી. કયો ઉપવાસ દેહને પુષ્ટ કરશે? કયા મંદિરનો ઘંટનાદ મારા મરતાં બાળકને જીવાડશે? કયું ભજન ભૂખ્યાને ભોજન પૂરું પાડશે? આત્મા પ્રકાશી પુંજ છે એવું રટણ રોજેરોજ કરવાથી જીવનનાં અંધારાં હટશે નહિ, એ તો પુરુષાર્થથી જ હટશે.

આજે, અધ્યાત્મ દ્વારા મુક્તિ નહિ, પણ અધ્યાત્મ-માંથી મુક્તિની જરૂર છે. અધ્યાત્મના અતિરેકમાંથી છુટવાની જરૂર છે. બ્રહ્મ સત્ય હોય અને જીવન સ્વપ્ન હોય તો ભલે હોય. એ સ્વપ્ન જો ૭૦-૮૦ વરસ સુધી ચાલવાનું હોય, તો એને સુખી જોવાનું કેમ ના ઈચ્છવું?

***૧, શ્યામ વાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***
***મો. : ૯૭૨૬૭ ૯૯૦૦૯***

॥ क्षमा वीरस्य भूषणम् ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# સાગર સંગમે

• ડૉ ગિરીશ વીછીવોરા •

નદી જ્યારે સાગરમાં વિલીન થતી જાય છે ત્યારે એને કેવું ભાસતું હશે! પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ મિટાવી દેવું, નામશેષ થવું, દુનિયામાંથી અદશ્ય થઈ જવું, કેવી વિસ્મયજનક વાત! નદીને ખબર હશે પોતાની અંતિમ મંઝીલની? પોતાના અંતિમ અંજામની? એને ખબર હોય, ને ન પણ હોય! ખબર હોય ચરમ શિખરની, ખબર હોય પ્રિયતમને મળવાની, જિજ્ઞાસા હોય, અંતરમાં ઉચાટ, ઉમંગ અને ઉત્સાહ ભર્યા પડ્યા હોય. એ બધું એક સામટું મિલને વમન થઈ બહાર નીકળી પડે ને નદી બાહુઓ પ્રસારી આગળ વધતા, ઓરા આવતા સાગરના આજાન બાહુમાં સમાઈ લીન થઈ જાય, રત થઈ જાય, એકમેક એક બની જાય ને સાગર સ્વસ્થ થઈ જાય. સર્વત્ર શાંતિ પથરાય! જાણે કંઈ થયું ન હોય!

ઉગમની અલમસ્ત, કાંચી કુંવારિકા, બાલિકા, કૂદકા ને ઠેકડા મારતી, વાટમાં અહીંતહીં મળતા ઝરણાને હર્ષભેર વધાવતી, ગજું કાઢતી ને સોળે શણગાર સજતી, નવયૌવના બનતી, હૈયામાં અવનવા ઉમંગ ને હર્ષ પ્રસરાવતી, કોડભરી નવયૌવનાને બુઢ્ઢો મહાસાગર બાહુમાં જકડી લે ત્યારે કેવી વલવલતી હશે? વીલિન તો એને થવાનું છે. વિલય હર્ષથી થાય છે કે દયામય દારુણ્ય દુઃખથી થાય છે? કોણ કહી શકે નદીના હૃદયની દાસ્તાં? કોણ છે એનો અગમ નિગમનો સંગાથી, જેણે એના હૃદયને જાણ્યું પણ છે ને માણ્યું પણ છે? નદી પોતાના અસ્તિત્વે ફૂલાતી, મોકળા મને પ્રફુલ્લિત રહેતી ને હરખથી ઝાંઝર ઝમકાવતી, આમ એકાએક નીરસ, જડસુ ને આળસુ દરિયાના દાગીના પહેરી લે? મનમાં ગજબની અવઢવ ઉદ્‌ભવે છે. આપણે એ બધું કુદરતની લીલા કે કુદરતની માયા કરી માણીએ છીએ ને ભૂલી પણ જઈએ છીએ. નદી ભૂલી શકતી હશે? એની હૈયાવરાળ ક્યાં સંભળાશે? કોણ સાંભળશે? નદી ખરેખર પોતાના પ્રિયતમ જેવા દરિયાના બાહુપાશમાં સમાઈ ધન્ય થતી હશે તો કોણે માણી છે એ ધન્યતા કે ચંચળતા?

નદી તો એક બહાનું. કુદરત બડી ફાંટાબાજ છે. કુદરતના ઘટકનું કોઈ પણ અંગ લ્યો, એ પ્રગટે, મહોરે, મોટું થાય, વિકસે, પોતાના ભાગે આવેલું કામ કરે ને વિરમે! આ વિરમવું સૌનું સારું હશે? સૌ પ્રફુલ્લિત થઈ આનંદ મંગળમાં વિરમતા હશે કે નિસહાય, નછૂટકે, કમને કુદરતના પરિબળોને આધીન થતા હશે? કુદરતનો કોઈ પણ ઘટક એ નહિ કરી શકે. લુચ્ચી કુદરત વિલયે બધું જ ભુલાવી દે છે.

સંપૂર્ણ આધિપત્ય જમાવતી કુદરત સૌ પ્રત્યે એક જ ભાવ રાખતી હશે કે કોઈ પ્રત્યે વહાલપ કે કોઈ પ્રત્યે નફરત ધરાવતી હશે. સૌના બે પાસાં હોય છે. સિક્કાના બે પાસાંની જેમ જ. અંધારું ને અજવાળું, રાત ને દિન, ઠંડી ને ગરમી, સુખ ને દુઃખ, ચડતી ને પડતી, ગમા ને અણગમા, આનંદ ને હતાશા, સુગંધ ને દુર્ગંધ, સ્વર ને અંતરાલ, નજર ને અંધાપો, વાચા ને ચૂપકીદી, સૂચિ વણથંભી વધી શકે. કુદરત સારી ને નરસી બે બાજુ રાખી શું કહેવા માંગે છે? એ એમ તો નથી કહેતી કે સારા સાથે ખરાબ પણ બનો. કે કદાચ કહેતી હોય કે કાદવમાં કમળ ખિલે છે તેમ સારા સાથે ખરાબ ભળેલું જ હોય છે? દરેક ચીજની એ સ્થિતિ છે. પણ એ બધું શું કામ? અંજામ શું? વ્યક્તિએ કુદરતી પરિબળોને તાબે થવું જ જોઈએ? એની અનિચ્છા હોવા છતાં કુદરત ઈચ્છે એમ કરવું જોઈએ?

બાળક જન્મે છે. ભણીગણી દુનિયાદારીમાં પ્રવેશે છે. પોતાને ગમતો વ્યવસાય, ધંધો કે નોકરી કરતો થાય છે. સદ્‌નસીબે એને ગમતું કામ મળ્યું તો એમાં અજબ ગજબની પ્રગતિ પણ કરે છે. સહેજે એને કંઈક કર્યાના સંતોષનો ઓડકાર પણ આવે છે. એને આવું આનંદમય સંતોષી જીવન અને પ્રગતિ ગમી ગયા છે, સદી ગયા છે. પોતાના કુટુંબ કબીલા સાથે સુખચેનથી રહે છે. એવા એ સંતોષી જીવનને વાર્ધક્ય વળગે, અમુક ઉંમર થાય તો ફરજિયાત ફારેગ થવું પડે છે. એને કામ કરવાની ધગશ ને હોંશ છે પણ ઉંમરનો કાંટો એના ફારેગ થવાના સ્થળે પહોંચ્યો કે જગ્યા ખાલી કરો ને બીજાને આપો. બાકીનું શેષજીવન એને માટે કંટાળારૂપ નહિ થાય! એને બીજું કંઈ કરવું ગમતું નથી. જે કરતો હતો તે કામ વહાલું હતું. એ કામ એની પાસેથી છીનવી લેવામાં આવ્યું. એનો અંજામ? એની ઉત્તરાવસ્થા બદહાલતભરી થઈ જાય છે. ભલે એ બધું કાયદાકાનૂન પ્રમાણે થતું હોય છતાં ક્યાંક કંઈક ખૂટે છે.

કુદરતના ક્રમને કોણ રોકી શક્યું છે? જીવનની એ ઘટમાળ તો આવી રીતે ચાલતી જ રહેવાની છે. એ ઘટમાળના એક ઘટક હોવાથી એમાંથી છૂટવું લગભગ અશક્ય છે. છતાં માણસ જેવો માણસ કંઈક તો કરશે જ.

શું કરી શકે? જેમાંથી ફારેગ થયો એના જેવું જ કામ કોઈ બીજી જગ્યાએ કરી શકે. કેટલો પગાર મળતો ને હવે શું મળશે, શું પદ હતું ને હવે કઈ પાયરીએ ઉતરવાનું છે એ ભૂલી જવાનું. કુદરત ત્યાં પણ આપણને લાચાર બનાવે છે. કોઈ શોખ, જે આગળથી વિકસાવેલો હોય, એમાં મંડી પડવાનું. શોખ જે ઉપપત્ની જેવો હતો, તે ભલેને પટ્ટરાણીનું સ્થાન લે. આવું થતાં ઘણીવાર વ્યક્તિની હાલત સુધરે છે.

કેટલા વીરલા નીકળી શકે છે જે કુદરતના એ ઘટનાક્રમ સામે બળવો પોકારી શકે છે? જૂજ. પણ નીકળે ખરા. નીકળ્યા જ છે. એવું કંઈ કરો, એવી આરાધના કરો, એવા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*નાની-નાની ટેવો કુટેવો ન બની જાય તે વિચારવું.*

વિચાર વિમર્શ

# સંપત્તિનો નહીં, વિચારોનો ઢગલો કરો

• ડૉ. યાસીન દલાલ •

કેટલીકવાર કોઈ નાનકડી કહેવત, નાનકડો પ્રસંગ કે નાનકડો સુવિચાર પણ ઘણું બધું કહી જાય છે. બ્રિટીશ લેખક જી. કે. ચેસ્ટરટને એકવાર કહેલું કે, 'જો એક નકામી બપોરને તમે કશું પણ કામ કર્યા વિના ગાળી શકો તો સમજજો કે જીવનને કેવી રીતે જીવાય એ શીખી લીધું છે.' મતલબ સાફ છે. કેટલાક લોકો પ્રવૃત્તિનો અર્થ તદ્દન ભૌતિક કરે છે. ખાવું, પીવું, ઓફિસમાં કામ કરવું, ઓફિસ છૂટે કે તરત બહાર ફરવા નીકળવું એમાં જ એમની જિંદગી પૂરી થઈ જાય છે. ઘરમાં નિરાંતે બેસીને વિચારવાને એ લોકો પ્રવૃત્તિ ગણતા જ નથી. મોટાભાગના લોકોએ વિચારવાનું છોડી દીધું છે. ખરેખર તો નિરાંતે બેસીને વિચારીએ તો જ ભવિષ્યનું આયોજન થઈ શકે. ઘરમાં એકલા પડીએ તો કોઈ પુસ્તક વાંચી પણ શકીએ. ઘરમાં એક નાનકડી લાઈબ્રેરી ઊભી કરી હોય તો એમાંથી જીવન વિશેની ઘણી ફિલસૂફી જાણવા મળી શકે. બહાર નીકળીને લોકો મોટેભાગે હોટલમાં જતા હોય છે. એને બદલે નદીકાંઠે, દરિયાકાંઠે જઈને પ્રકૃતિને નિહાળી શકાય. આજકાલ ટી.વી.એ આપણા ઉપર એટલું આક્રમણ કર્યું કે લોકો નવરા પડે ત્યારે ટી.વી. ઉપર તદ્દન નકામા કાર્યક્રમો જોયા કરે છે.

પુસ્તકની વાત નીકળી છે તો એ પણ જાણી લઈએ કે ઝવેરચંદ મેઘાણીએ કહ્યું હતું, 'ગુજરાતની લેખન સમૃદ્ધિ ઘણી છે. એ સમૃદ્ધિ જલદી જોવા - અનુભવવામાં આવતી નથી. તેનું કારણ એની યથાસ્વરૂપ પિછાન દેનારા પ્રયત્નોની કચાશ છે. સંપત્તિના ઢગલા માત્ર દેખાડવાથી એનું સાચું દર્શન કરાવી શકાતું નથી.' એ જ રીતે આંદ્રે મોરવાએ કહ્યું છે કે, 'વીતેલા જમાનાઓ વિષે વાકેફ થવાનું એકમાત્ર રસ્તો પુસ્તકોનો છે અને જે માનવ સમાજોની મુલાકાત આપણે કદી લેવાના નથી તેમને સમજવાની શ્રેષ્ઠ ચાવી પણ પુસ્તકો છે.'

શેક્સપિયરના નાટકોમાં ઘણા વાક્યો કહેવત જેવા જોવા મળે છે. આજે ઘણાં લોકો એને કહેવતની જેમ ટાંકે છે. એનું એક નાટક 'એઝ યુ લાઈક ઈટ' છે. એમાં એક રાજા સંજોગોવશાત્ રાજપાટ છોડીને જંગલમાં આવી ચડે છે. જંગલમાં એ બીજા વનવાસીઓની જેમ અત્યંત સાદું અને યાતનામય જીવન ગાળે છે. અત્યાર સુધીમાં મહેલમાં રહેતો હોવાથી એને આ યાતનાઓની ખબર હોતી જ નથી. યાતનાઓ ભોગવ્યા પછી અનાયાસે એ બોલી જાય છે, 'સ્વીટ આર ધી યુઝીસ ઓફ એડવર્સિટી' મતલબ કે સંકટ પણ કેટલીકવાર મધુરાં હોય છે. આ એક જ વાક્ય એકદમ અર્થગંભીર છે. આવાં તો એના નાટકોમાં અનેક વાક્યો મળી આવશે.

ઈંગ્લેન્ડના રાજા ઍડવર્ડ આઠમાએ પ્રિયતમા માટે ગાદી છોડી દીધી અને સામાન્ય ઘરની દીકરી સાથે લગ્ન કરી લીધા. પ્રજાએ એ લગ્નનો અસ્વીકાર કર્યો. એ સ્ત્રીનું નામ સિમ્પસન હતું. સિમ્પસનને રાણી બનાવાય એમ એડવર્ડ ઈચ્છતો હતો પણ ચર્ચને મંજૂર નહોતું. ૧૯૩૬ના ડિસેમ્બરની ૧૧મીએ એમણે રેડિયો ઉપર જે ભાષણ આપ્યું એ આજે પણ ઈતિહાસમાં અમર થઈ ગયું. એણે કહ્યું, 'જે સ્ત્રીને હું દિલોજાનથી ચાહું છું તેના સહારા વિના રાજ્યની ભારે જવાબદારી હું વહન કરી શકું એમ છું જ નહીં.'

'મેં રાજગાદી ધારણ કરી તે પહેલાં અને પછી બ્રિટનના લોકોએ મને ખૂબ હૂંફ અને વહાલ આપ્યા છે. હું તેમનો થોડો આભારી છું. અને આજથી જાહેર જીવનનો સંપૂર્ણ ત્યાગ કરું છું અને તેનો બોજો આજથી ઉતારું છું. હું થોડા દિવસમાં મારે ગામ જઈશ પણ બ્રિટનના લોકોનું અને સામ્રાજ્યનું હિત હંમેશાં મારે હૈયે હશે. આજથી શાસન સંભાળનાર નવા રાજવીને અને લોકોને સુખસમૃદ્ધિ મળે એવી પ્રાર્થના કરું છું. રાજ્યને જરૂર પડશે તો ગમે ત્યારે એક વ્યક્તિ તરીકે આવીને હું ઊભો રહીશ.' આ પછી રાજ્યના ત્યાગ બાદ તેઓ ફ્રાંસ ગયા. તેમની પત્ની સિમ્પસને એક પુસ્તક લખ્યું જેનું નામ હતું, 'હૃદયને બુદ્ધિ હોતી નથી.'

બર્ટ્રાન્ડ રસેલ નોબલ ઈનામ વિજેતા એક પ્રખ્યાત લેખક અને ફિલોસોફર હતા. એમણે પોતાની આસપાસના સમાજમાં પ્રવર્તતી દારુણ ગરીબી - બીમારી જોઈને એકવાર બોલી ઉઠ્યા કે માણસ જે રીતે યુદ્ધો લડે છે અને એકબીજાને મારે છે અને સતત ખટપટમાં પ્રવૃત્ત રહે છે એ જોઈને મારું મન તો માની જ શકતું નથી કે આ દુનિયા ઈશ્વરે બનાવી છે. બીજા એક સ્થળે એમ પણ લખ્યું છે કે **જ્યાં સુધી માનવ જરીપુરાણા ગ્રંથોના ફરમાનોને માનતો રહેશે ત્યાં સુધી સંસ્કૃતિ બચવાની કોઈ આશા જ નથી.** એ જ રીતે શોપનહોવરે એકવાર કહ્યું હતું, 'જીવન એક અનિષ્ટ છે, વેદના છે. એનું કારણ એ જ કે જીવનમાં એક તીવ્ર સંઘર્ષ, કુદરતમાં સર્વત્ર રસાકસી, ખેંચતાણ, સ્પર્ધા છે. પરાજયના આત્મઘાતી વારાફેરા જ ચાલ્યા કરે છે. પ્રત્યેક જીવ અન્ય જીવ સાથે વસ્તુ, સ્થળ કે સમય માટે નિરંતર ઝઘડા જ કરતો જોવા મળે છે.'

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

દરેક મહાપુરુષના જીવનમાં આવતી કેટલીક ક્ષણો અત્યંત રોમાંચિત અને યાદગાર બની જતી હોય છે. સંસદસભ્ય પુરુષોત્તમ માવળંકરના જીવનમાં આવી એક યાદગાર ક્ષણ આવી હતી. શ્રીમતી ગાંધીએ દેશમાં કટોકટી લાદી ત્યારે દેશના વિરોધપક્ષના બધા સભ્યોની ધરપકડ કરી હતી. માત્ર થોડા અપક્ષ સભ્યોને બાકાત રાખ્યા હતા. આમાં માવળંકરનો પણ સમાવેશ થતો હતો. શ્રીમતી ગાંધીએ બંધારણ સુધારાનો ખરડો રજૂ કર્યો. ૨૫મી ઓક્ટોબર, ૧૯૭૬ના દિવસે આ ખરડો રજૂ થયો હતો. એના ઉપર નવ દિવસ લોકસભામાં ચર્ચા ચાલી હતી. મતદાન થયું ત્યારે ખરડાની તરફેણમાં ૩૫૫ મત પડ્યા. ત્યારે વિરોધમાં માત્ર માવળંકરનો એક જ મત પડ્યો. આમ લોકસભામાં એક ભારે વિરલ દૃશ્ય સર્જાયું. માવળંકરે એને પોતાના જીવનની સૌથી યાદગાર ક્ષણ ગણે છે. મતદાન પહેલા માવળંકરે જે પ્રવચન કર્યું એ સંસદીય ઇતિહાસમાં આજે પણ અવિસ્મરણીય ગણાય છે. એમાં એમણે પ્રવચનના અંતે જે શબ્દો કહ્યાં એ આજે પણ ઠેર ઠેર ટાંકવામાં આવે છે. એમણે કહ્યું, 'જે પાપો આચરવાની તૈયારીમાં તમે છો એ માટે ભગવાન તમને માફ નહીં કરે.'

કેટલીક ફિલ્મી ગીતોની પંક્તિઓ પણ અત્યંત અર્થસભર હોય છે. બીમલ રોયના 'દેવદાસ'માં એક ગીતની પંક્તિ છે : 'તુજે ઔર કી તમન્ના મુઝે તેરી આરઝુ હૈ' આ એક પંક્તિમાં ફિલ્મનું નહિ, પણ જીવનનું રહસ્ય સમજાય છે. માણસને જે પાત્ર પાસેથી પ્રેમની અપેક્ષા હોય ત્યાંથી એ ન મળે એટલે માણસ ભાંગી પડે છે. દેવદાસ પારોને ચાહતો હોય છે પણ દેવદાસ પોતાના મનમાંથી પારોને ભુલાવી જ શકતો નથી. ચંદ્રમુખી ગીત ગાઈને એનું મનોરંજન કરવાનો પ્રયત્ન કરે છે. એ ગીતની આ પંક્તિ છે. અંતે દેવદાસ પારોના ઘરની સામે જ ઢળી પડે છે અને પ્રાણ ત્યજી દે છે. આમ એક મહાન કરુણાંતિકા સર્જાય છે. માણસને જ્યારે જોઈતી ચીજ ન મળે ત્યારે આવી જ નિરાશા થાય છે.

કેટલીક કહેવતો વિરોધાભાસી હોય છે. દાખલા તરીકે એક કહેવત છે, 'ન બોલ્યામાં નવ ગુણ.' બીજી કહેવત છે, 'બોલે એનાં બોર વેચાય.' આમાં વિરોધાભાસ દેખાય છે. પણ વાસ્તવમાં એવું નથી. કેટલાક માણસો બોલવું જરૂરી હોય ત્યાં જ મૌન ધારણ કરે છે. પરિણામે બાજી બગડી જાય છે. એની સામે બીજા કેટલાક માણસો જ્યાં મૌન જરૂરી હોય ત્યાં જ બોલીને બગાડી નાખે છે. **ક્યાં મૌન સેવવું અને ક્યાં બોલવું એનો વિવેક હોય એ જ માણસો જીવનમાં સફળ થાય છે.** આવો વિવેક ન હોય એ માણસો ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ જીવનમાં નિષ્ફળ જાય છે. આમ દરેક કહેવતના ઊંડાણમાં કોઈને કોઈ અર્થ છુપાયેલો હોય છે.

કેટલાક સુવિચારો પણ જીવનમાં અપનાવવા જેવા હોય છે. થોરોએ કહ્યું છે કે, 'જેઓ અતિ વેગથી દોડે છે, તેઓ રસ્તામાં જ પડી જાય છે.' એ જ રીતે સેનેકાએ કહ્યું કે, 'ઉતાવળ ગોથા ખવડાવે છે અને બંધન તથા અંતરાય કરે છે.'

વિલિયમ ફોકનરને નોબેલ ઈનામ મળ્યું ત્યારે એ સ્વીકારતી વેળા એણે જે પ્રવચન કર્યું એ પણ ખૂબ મહત્ત્વનું બની ગયું છે. એણે કહ્યું હતું, 'આ પારિતોષિક મને વ્યક્તિ તરીકે નથી મળ્યું. આ તો જિંદગીભર માણસે જે સંવેદના ભોગવી અને દુઃખ, પરસેવો, હિંમત, ધૈર્ય, કરુણા અને હૃદયમાં ઊઠતા ભાવોને અક્ષરોમાં ચિત્રિત કર્યા છે એ કાર્યને પુરસ્કાર મળ્યો છે.'

'આજે તો આપણે સર્વનાશ થશે એવી બીકમાં જીવીએ છીએ. માણસનો સર્વનાશ નહીં થાય. માણસ ફક્ત બચી જશે એટલું જ નહીં પણ તે મનુષ્યત્વનો પ્રચાર કરશે. એ હૃદયના ગુણોનો સંઘર્ષ બતાવશે. એ જો સંવેદના કાગળ ઉપર નહીં બતાવી શકે તો પ્રેમ અને લાલસા વચ્ચે ફરક, સદ્ અને અસદ્‌ના પુષ્પો, કરુણા અને અમાપ વિશાળ હૃદય પણ નહીં બતાવી શકે તો એ સાહિત્ય નહીં ગણાય.'

કાર્લાઈલે કહ્યું કે, 'નીચામાં નીચા ઊંડાણમાં જ વધારેમાં વધારે ઊંચાઈએ જવાનો માર્ગ હોય છે.' એ જ રીતે જીન ઈજ્જલોએ કહ્યું કે, 'આપણે મહત્ત્વાકાંક્ષા રાખીએ છીએ તે એકલી આપણી જ મહત્તા છે.'

ઈમર્સને કહ્યું કે, 'તમારા વાચકથી દૂર જવાનું બહુ મુશ્કેલ છે. જો એ તમારા કામથી સંતુષ્ટ ન હશે તો તે ગમે તેટલા પ્રયત્નો કરશો તો પણ તમારા લેખનને વધુ સારું નહીં બનાવી શકે.' એ જ રીતે હેનરી એમિલે કહ્યું છે કે, '**પ્રતિભા એટલે જે બીજાને અત્યંત મુશ્કેલ લાગતું હોય છે એ સરળતાથી કરવાની શક્તિ અને જિનિયસ એટલે જે અશક્ય હોય તે શક્ય બનાવવાની શક્તિ.**' આ જ રીતે સર્વેન્ટીસે લેખન વિષે બહુ સરસ વાત કહી છે. એણે કહ્યું છે કે, '**કલમ એટલે દિમાગની જીભ.**'

વિનોબા ભાવેના કહેવા મુજબ 'આજે આપણે દુનિયાના ચોકમાં ઊભા છીએ. ચારેકોરથી વિચારોનો મારો ચાલી રહ્યો છે. સારા વિચારોનો તેમજ ખરાબ વિચારોનો પણ. આ બધાની વચ્ચેથી આપણા વિચારો મુજબ આપણે કામ કરતા રહેવાનું છે અને આપણા વિચારને પરિશુદ્ધ કરતા કરતા આગળ વધારવાનો છે. આવા સંજોગોમાં અધ્યયન વગર તો આપણે માર ખાઈશું. અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે. '**જેમ અન્ન વિના દેહ ટકતો નથી તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી.**'

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

સમાજની ક્ષિતિજો

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૬)

# નિઃસ્વાર્થ પ્રેમવૃત્તિ

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

જો વાસનાવૃત્તિ, ધનવૃત્તિ સાથે જોડાયેલી હોય તો તે બેવડો સ્વાર્થ ઊભો કરે છે. 'મને વાસના પણ મળે અને પૈસો પણ મળે.' આવું ગણિત સ્થિર સંબંધ રચી શકતું નથી. જો આ બન્ને વસ્તુઓની પ્રાપ્તિમાં વધઘટ થાય અથવા બેમાંથી એકાદ વસ્તુ સમાપ્ત થઈ જાય તો સંબંધ પણ સમાપ્ત થઈ જાય છે અથવા ક્ષીણ થઈ જાય છે. **સતત બિનજરૂરી રીતે પૈસાની માગણી કરનારી પત્ની, પતિનો પ્રેમ અને વિશ્વાસ જીતી શકતી નથી.** આવી જ રીતે પત્ની પાસે પણ સતત પૈસાની અપેક્ષા રાખનાર પુરુષ પણ પત્ની માટે ત્રાસરૂપ બની જાય છે. ધનલોભી પુરુષ પત્નીને વારંવાર તેના બાપ પાસેથી પૈસા લઈ આવવાની વૃત્તિ રાખે તો પત્ની માટે તે અણગમતો પતિ થઈ જાય. પત્ની વારંવાર તેના પિયર જાય અને રડી-કકળીને મા-બાપ કે ભાઈઓ પાસેથી પૈસા લઈ આવે અને ધનલાલચું પતિને સંતોષવા પ્રયત્ન કરે એ લગ્નજીવનનું હીન કલંક જ કહેવાય.

આવા કલંક ઊંચી ગણાતી અને દહેજના કુરિવાજથી પીડાતી જ્ઞાતિઓમાં વધારે હોય છે. પુરુષની મર્દાનગી એમાં છે કે પત્ની પાસે આપત્કાળ સિવાય ધનની અપેક્ષા ન રાખે. સ્ત્રીધનથી આજીવિકા જીવનારને અધમાધમ માન્યો છે. સ્ત્રીધનને શિવનિર્માલ્ય માન્યું છે.

સમર્થ પુરુષે તેની જરા પણ લાલચ રાખવી ન જોઈએ. બની શકે તો સ્ત્રીને આપતા રહેવાનું છે. તેની પાસેથી કશું લેવાનું નથી. લેવાનો તો એકમાત્ર પ્રેમ જ હોય છે. ધનની માફક વાસનાનું પણ છે. વાસના જો ધન સાથે જોડાય અર્થાત્ ધન આપો તો વાસના મળે, ન આપો તો ન મળે - આવો સંબંધ વેશ્યાવૃત્તિ જેવો જ છે. અથવા કહો કે બેમાંથી કોઈ પણ એક ધન મેળવવા વાસના આપે છે અથવા વાસના મેળવવા ધન આપે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જ્યાં આવું ગણિત કામ કરતું હોય છે, ત્યાં પતિ-પત્નીનો સંબંધ પવિત્ર નથી રહેતો. **પવિત્રતા નિઃસ્વાર્થવૃત્તિથી આવે છે અને નિસ્વાર્થવૃત્તિની પરાકાષ્ઠા અથવા પૂર્ણતા એ જ પ્રેમ છે.**

વાસના અને ધનનું આદાન-પ્રદાન તો પતિ-પત્નીમાં રહેવાનું જ, તે કોઈ દોષ કે અપરાધ નથી, પણ તે બંનેમાં બંને મેળવવાનું ગણિત આવી જાય તો તે દોષ છે, અપવિત્રતા છે. તેનાથી મુક્ત પતિ-પત્નીનો સંબંધ હોય તો તે પ્રેમસંબંધ છે.

પ્રેમસંબંધમાં કોઈ એક પાત્રમાં કામસામર્થ્ય કે ધનસામર્થ્ય ઘટી જાય અથવા ઓછું થઈ જાય તો પણ સંબંધમાં ઘટીજવાપણું કે સમાપ્ત થઈ જવાપણું નહિ આવે. જીવનમાં આવા પ્રસંગો આવવાની શક્યતા છે જ. કોઈ રોગ કે કોઈ અકસ્માત વગેરેના કારણે પુરુષ કે સ્ત્રીમાં સ્થાયી રીતે કામશક્તિનો ક્ષય થઈ જાય તોપણ જો સાચો પ્રેમ હશે તો તેમના પ્રેમ-સંબંધમાં ઊણપ આવશે નહિ. મેં આવાં કેટલાંય દંપતી જોયાં છે અને મારું માથું તેમને નમી ગયું છે.

બાજુના જ ગામમાંથી આવું એક દંપતી કોઈ કોઈ વાર મારા આશ્રમમાં આવે છે. બંને અમેરિકા રહે છે. પૈસે-ટકે સારાં સુખી છે. બંને જુવાન છે, પણ છેલ્લાં તેર વર્ષથી પુરુષ ભયંકર બીમાર થઈ ગયો છે. તે નથી ચાલી શકતો, નથી બોલી શકતો, નથી ખાઈ શકતો કે નથી પોતાની મેળે પાણી પણ પી શકતો. તેની યુવાન અને દેખાવડી પત્ની છેલ્લાં તેર વર્ષથી એકધારી તેની સેવા કરે છે. તેને જ્યાં ઈચ્છા થાય ત્યાં ગાડીમાં ફેરવે છે. તેની સ્પેશિયલ ફોલ્ડિંગ ખુરશીમાં ઊંચકીને ગોઠવે છે. તેના ઇશારાને સમજીને તેની ઈચ્છા પ્રમાણ વસ્તુઓની આપ-લે કરે છે. તેને ખવડાવે છે, પીવડાવે છે, મોઢું લૂછે છે, કુદરતી હાજતે લઈ જાય છે, તે પછીની બધી ક્રિયા કરે છે. તેના ભારે શરીરને આમથી તેમ ફેરવે છે. આ બધું માત્ર ક્રિયાથી જ નહિ પણ પ્રેમથી કરે છે - જરાય અણગમો લાવ્યા વિના પ્રેમ નીતરતા ચહેરે. તેની એક એક ક્રિયા થતી જુઓ તો એ બહેનને વંદન કરવાનું મન થઈ જાય.

તે ચાહે તો નર્સ રાખી શકે તેમ છે કારણકે પૈસાની અગવડ નથી. પણ તે પોતે જ એક પણ અક્ષર બોલ્યા વિના અત્યંત પ્રેમભાવથી માતા જેમ બાળકની ક્રિયા કરે તેમ બધી ક્રિયા કરે છે. તેની પ્રત્યેક ઈચ્છા પૂરી કરવામાં ધન્યતા અનુભવે છે. આ નિઃસ્વાર્થ પ્રેમ છે. અમેરિકા જેવા દેશમાં રહીને પોતે નોકરી-ધંધો કરીને પણ પોતાના પતિ માટે સર્વસ્વ કરી છૂટનાર આવી નારી વંદનીય છે, દર્શનીય છે. જો કોઈ બીજી સ્ત્રી હોત અને વાસનાપ્રધાન સંબંધ હોત તો ક્યારનીય છોડીને ચાલી ગઈ હોત. કારણકે અહીં હવે વાસનાની ક્ષમતા જ નથી રહી. જ્યાં આવી ક્ષમતા દેખાત ત્યાં તે ચાલી ગઈ હોત. પણ તેને સ્વપ્નમાં પણ આવા વિચારો નથી આવતા. આ જ તપસ્યા છે. ખરેખર આ બહેન તપસ્વિની બહેન જ છે. ભલે તે રાખ ન ચોળતી હોય કે ધૂણી ન ધખાવતી હોય કે લાંબા ઉપવાસો ન કરતી હોય તો પણ તે સાચી તપસ્વિની છે. તેનાં દર્શન કરીને ધન્ય ધન્ય થઈ જવાય.

આવું જ એક બીજું દંપતી છે. પતિ, માધ્યમિક શાળાના આચાર્ય થઈને નિવૃત્ત

*સદા આનંદિત રહેવાના રહસ્યો શોધો.*

થયા. સમાજમાં સારી પ્રતિષ્ઠા એટલે સમાજસેવાનાં કાર્યોમાં જોડાઈ ગયા. પણ પત્નીને કેન્સર થયું. કેન્સરની લાંબી અને ત્રાસદાયી બીમારીમાં પતિએ પત્નીની એકધારી સેવા બજાવી. જરાય મોઢું ન બગાડે, ન માણસો પાસે કામ કરાવે. જાતે જ બધું કરે. કોઈની પાસે કશી ફરિયાદ નહિ. લાંબા સમયે પત્ની દેવ થઈ ગઈ. ''હાશ છૂટ્યા'' એવો છુટકારાનો કોઈ ભાવ નહિ. એક જ વાક્ય સૌને કહે, ''એણે મને જેટલો પ્રેમ આપ્યો હતો અને જેટલી મારી સેવા કરી હતી તેનો મારાથી જરાય બદલો આપી શકાયો નહિ.''

આ નિઃસ્વાર્થ પ્રેમનો સંબંધ છે જે જીવતાં તો રહે છે, મૃત્યુ પછી પણ અખંડ રહે છે. કોઈ વિરલ દંપતીમાં જ આવો પ્રેમ જોવા મળે છે. જો માણસ આવી ઉચ્ચ ધારણા રાખે તો કદાચ તે પણ આવી સ્થિતિને પ્રાપ્ત કરી શકે.

પતિ-પત્નીના સંબંધોની શરૂઆત ભલે ભૌતિક આવશ્યકતાઓથી થાય પણ જો તેને બંને રિફાઈન કરતાં રહે તો ક્રમે ક્રમે વાસના - ધન અને બીજાં ભૌતિક સુખોના સ્વાર્થોથી તેને ઉચ્ચ કક્ષાએ પહોંચાડી શકાય છે. આનું નામ જ દૈવી પ્રેમ છે. જેમાં દિવ્યતા જ દિવ્યતા વરસતી હોય તે દૈવી પ્રેમ. જેને એ પ્રાપ્ત થયો હોય તેણે ઘર છોડવાની કે સાધુ થવાની જરૂર નથી. આ દૈવી પ્રેમ એ જ પરમાત્માનું સ્વરૂપ છે. ભલેને તે પતિ-પત્નીના માધ્યમથી જ પ્રાપ્ત કેમ ન થયું હોય.

## વ્યાવહારિક સંબંધ

જ્યાં વાસનાલાભ નથી, ધનલાભ નથી, નિઃસ્વાર્થ સાચો પ્રેમ પણ નથી, છતાં પતિ-પત્નીનો સંબંધ હોય તો તે માત્ર વ્યાવહારિક સંબંધ છે.

સંસારના અનેક સંબંધોમાં સૌથી પ્રબળ વ્યવહાર સંબંધ છે. ઈચ્છાએ કે અનિચ્છાએ પણ સૌએ આવો સંબંધ રાખવો જ પડતો હોય છે. આપણે જ્યારે કોઈના ઘરે જઈએ છીએ ત્યારે આપણને જે આવકારો અપાય છે તેના અનેક પ્રકાર હોય છે. ભલે શબ્દો એકસરખા હોય પણ ભાવ સરખા નથી હોતા. કેટલોક આવકારો ઉપેક્ષાભર્યો હોય છે. કહેવા ખાતર ભલે ''આવો'' એમ બોલે પણ તેમાં ભારોભાર ઉપેક્ષા હોય છે. કેટલાક ''આવો'' માં વ્યવહાર માત્ર હોય છે. જે આવે તેને સૌને આવો એમ કહેવું જોઈએ એટલે ''આવો'' એમ કહ્યું. આ વ્યવહારિકતા છે. કેટલાક ''આવો'' માં ભાવ નીતરતો હોય છે. કહેનાર ખીલી ઊઠે. ઊભો થઈ જાય, સામો આવે, ભેટી પડે વગેરે અનેક હાવભાવોથી ભાવ છલકાવા લાગે. આ ભાવ-વ્યવહારસંબંધ છે, જે સુખદાયી અને આનંદદાયી છે. જેટલો ભાવ વધારે તેટલો જ આનંદ વધારે.

આવા ભાવથી ભર્યું જીવન હોય તેને સુખી જીવન કહેવાય. આ ભાવ જ વધુ શુદ્ધ થઈને પ્રેમ બને છે. એ પ્રેમ જ અમૃત્વની પ્રાપ્તિ છે. પતિ-પત્નીના સંબંધમાં આમાંનું કશું ન હોય એટલે કે ન તો તેમને વાસનાસુખ મળતું હોય, ન ધનસુખ મળતું હોય, ન પ્રેમભાવ જ હોય તેમ છતાં બન્ને એક જ ઘરમાં સાથે રહેતાં હોય અને સમજી વિચારીને વ્યવહાર કરતાં હોય તો તે વ્યાવહારિક સંબંધ માત્ર થઈ જાય છે. લોકલાજથી, સમાજના દબાણથી, વડીલોનું માન સાચવવા તે પતિ-પત્ની હોવાનું નાટક કરે છે. બાકી બંને કહેવા ખાતરનાં જ પતિ-પત્ની છે. એમ કહો કે ચેતના વિનાનાં બે મડદાં પતિ-પત્નીનો ખેલ કરી રહ્યાં છે.

*ભક્તિ નિકેતન આશ્રમ*
*પો.બો.નં.-૧૯, પેટલાદ (દંતાલી)*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

## સાગર સંગમે

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

અંતર્મુખ થઈ જાઓ, એવી નિજની ખોજ આદરી દો, જે વ્યક્તિને આ ગમા-અણગમા, ભવફેરા, કુદરતના ક્રમના ચક્રવ્યૂહમાંથી બહાર ફેંકી શકે! મહામાનવો થયા જ છે. એ મહામાનવોએ કુદરતના એ ક્રમને આંબ્યો છે એમ કહેવાયું. એટલે જ તેઓ દેવ તરીકે પૂજાય છે. હા, માનવમાંથી મહામાનવ મનુષ્ય બની જ શકે છે. મનુષ્ય ધારે તો બધું જ કરી શકે છે. એ પોતાનો ભાગ્યવિધાતા બની જ શકે છે. શું કરવું, ન કરવું; શું થવું, ન થવું તેની ચાવી એની પાસે જ છે.

પણ ખમો! આવા મહામાનવો ભવફેરામાંથી ટળી ગયા છે એનો પુરાવો શું? એ મહામાનવો હતા જ. ભવફેરાની વાત તે જમાનાએ સ્વીકારી. આપણે પણ સ્વીકારી. નવીનક્કોર વિચારધારા બીજું જ કંઈ કહે છે. ને એમાં તથ્ય છે. સ્વર્ગ કે નરક પૃથ્વી પરની જ સ્થિતિ છે. સારા આચાર-વિચાર, તપ-જપથી વ્યક્તિ નિર્મળ જરૂર થાય છે. એની ઈન્દ્રિયો વધુ સતેજ થઈ વધુ જાણી શકે છે. પણ ભવફેરાની વાત આગળ એક મોટું પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી શકાય છે. કુદરતના ક્રમ, કુદરતની ઘટમાળ અવિરત ને અવિનાશી છે. એમાંથી પૃથ્વી પરનો કોઈ ઘટક બાકાત રહી શકતો નથી. પછી ભલે એ વિવિધ સ્વરૂપે પૂજાતો હોય ને લોકહૈયામાં આદર ને માન સન્માન ધરાવતો હોય. એ બધું આપણે પોતે જાતે થઈને બનાવ્યું છે. કારણકે લોકને કોઈક આદર્શમૂર્તિ જોઈએ, કોઈક વંદનીય જોઈએ, કોઈ પ્રેરણારૂપ બની રહે તેવું જોઈએ. એટલે એ બધું આપણે જ બનાવીએ છીએ. આપણે જ પૂજીએ છીએ, આપણે જ સંતોષનો ઓડકાર ખાઈએ છીએ. આપણી એ કરુણતા ઉપર આપણે ક્યારેય પણ કબૂલ કરી શકતા નથી. કુદરતનું ચક્ર કાયમનું છે. એમાં મીનમેખનો ફરક ન પડી શકે. જ્યારે ફરક પડ્યો ત્યારે પ્રલય પડ્યો કહેવાશે.

*૫૦/૪, રામસદન*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

**Gala Agencies**
**EXCLUSIVE SAREES**
**Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)**
***EXCLUSIVE FANCY KOTA***
***EXCLUSIVELY***
***(RETAIL ONLY ON SATURDAY)***
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# કોઈના મહેલ જોઈને આપણાં ઝૂંપડાં ન બળાય

## સંભારણાની સફર : મણકો - ૧૨

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

બ્રિન્દા મધ્યમવર્ગના કુટુંબની હોશિયાર છોકરી હતી. સારું ભણીને મારી જેમ પ્રોફેસર બનીને મારી સહકાર્યકાર થઈ. તેની ગણના એક સારા પ્રોફેસરમાં થતી. મારી જેમ તેને પણ બે સંતાન. મનીષા નામની પુત્રી અને મનેષ નામનો પુત્ર. બ્રિન્દાના પતિ દિનકર, શહેરની ખૂબ જાણીતી મિકેનિકલ એન્જિનિયરિંગની કંપનીમાં મુખ્ય ઇજનેરનો પ્રભાવશાળી હોદ્દો શોભાવતા હતા. સમાજની દૃષ્ટિએ બ્રિન્દાનું કુટુંબ એટલે નાનું - સુખી, આદર્શ કુટુંબ.

હું અને બ્રિન્દા ટીચર્સરૂમમાં ટી-કોફી બ્રેકમાં કે મોટી રિસેસના સમયે ભેગાં થઈ જઈએ. ઘણી વાર, પછીનો પિરિયડ ફ્રી હોય તો વાતો લાંબી ચાલે. બ્રિન્દાને હું તેના કોલેજકાળથી ઓળખું તેથી તે મારી સાથે પેટછૂટી વાતો કરે, પોતાની અંતરંગ વાતો ખુલ્લા દિલે વ્યક્ત કરી મારો અભિપ્રાય પણ માગે. મારા મતે આવો સ્વભાવ આજકાલ બહુ જ ઓછી વ્યક્તિઓ ધરાવે છે. આજકાલ તો મહોરાં જ પહેરવા પડે. તમાચો મારીનેય ગાલ લાલ રાખવો પડે.

એક દિવસ તે સાવ દિવેલિયા મોઢે બેઠી હતી. મેં પૂછ્યું, 'શું થયું બ્રિન્દા?'

'જવા દેને યાર, હું તો દુઃખી દુઃખી થઈ ગઈ છું.'

'શું થયું? ઘેર કાંઈ પ્રોબ્લેમ છે? છોકરાંઓ તો મજામાં છે ને?' મેં પૂછ્યું.

'ના...ના...એવું તો કાંઈ નથી, પણ મારી કાકાની છોકરી માલા ખરી ને? તું તો ઓળખે છે. આપણે "ટાઈટેનિક" જોવા ગયાં ત્યારે થિયેટરની બહાર મળી હતી. પેલી વાંકડિયા વાળ વાળી, ગોગલ્સ પહેરીને સતત મોબાઈલ પર વાત કરતી હતી તે, ચાંપલી.'

'હા, યાદ આવી ગઈ. તે શું થયું તેને?'

'એને શું થવાનું હતું? આજકાલ નવી-નવાઈના પૈસા આવી ગયા છે તે અશ્વિની સોસાયટીમાં પાંચસો વારનો પ્લોટ લીધો. ત્યાં હવે નવો બંગલો બાંધવાની છે. અમે વર-બૈરી બંને કમાઈએ છીએ તોય મારો પ્લોટ તો ચારસો વારનો જ છે.'

'અરે, બ્રિન્દા, તારું ઘર કેટલું સરસ છે! ત્રણ બેડરૂમ, નજીકમાં જ ગાર્ડન, બસસ્ટોપ નજીક અને છોકરાંઓની સ્કૂલ તો બેલ વાગે તોય સંભળાય તેટલી પાસે! હવે તો નવી શાક-ફ્રૂટની માર્કેટ પણ તારા ઘરની નજીકમાં થઈને? આટલાં વરસમાં ક્યારેય મેં તારા મોઢે ઘર વિષે કોઈ ફરિયાદ નથી સાંભળી. માલા પાંચસો વારનો પ્લોટ લે કે ગીતા હજાર વારનો લે, તારે શું?'

'મારે તને આ વાત કહેવી જ ન હતી, કારણકે તને દુનિયાદારીની સમજણ જ નથી. આજકાલ અમે બધાં કુટુંબીજનો ભેગાં થઈએ ત્યારે બધાં "માલા-માલા" કરે છે! એનો વટ પડે અને મારો તો કોઈ ભાવ પણ ન પૂછે! એ "ચાંપલી"ના માન-પાન વધી ગયાં.'

ખરેખર, મને આ પ્રકારની દુનિયાદારીની સમજણ ઓછી જ છે. બેલ વાગ્યો અને બ્રિન્દા કચવાતા મને પિરિયડ લેવા ગઈ. શી ખબર, આજે કયા વિદ્યાર્થીનું આવી બનશે!?

થોડા દિવસ પછી બ્રિન્દા ફરી મળી. ખુશખુશાલ હતી! હજી તો હું કાંઈ પૂછું તે પહેલાં મને કહે, 'દસમા ધોરણમાં મારી મનીષાના માર્ક મિહિર કરતાં વધારે આવ્યા. હાશ!'

મને વાતની ગેડ ન બેઠી. મેં ભોળાભાવે પૂછ્યું, 'કોણ મિહિર?'

'તું તદ્દન ભૂલકણી છે. સુધા, મેં તને મારી કાકાની દીકરી માલાની વાત નહોતી કરી? તેનો દીકરો મિહિર અને મારી મનીષા એક જ ક્લાસમાં હતાં. એણે પાંચસો વારનો પ્લોટ લઈને શું કાંદા કાઢ્યા? માર્ક્સ તો મારી મનીષાના જ વધારે આવ્યાને?!'

'કેટલા આવ્યા મનીષાના?'

'મારી મનીષાના ૮૦% અને માલાના બાબાના ૭૯.૫% - બ્રિન્દા.

મારા મગજમાં કેમેય કર્યું ઊતરતું ન હતું કે આ ૦.૫% બ્રિન્દાને ૧૦૦% આનંદ કેવી રીતે આપતા હતા!? માર્ક્સ અને પ્લોટના ક્ષેત્રફળ વચ્ચે શો સંબંધ હતો તે મને હજીયે સમજાયું નથી.

આમ, બ્રિન્દાના મૂડમાં ભરતી-ઓટ આવ્યા જ કરે. હવે મને બરોબર સમજાઈ ગયું કે કોઈની પડતી થાય તો તેના આનંદમાં ભરતી આવતી અને કોઈની ચડતી થાય તો તેનો જીવ બળી જતો. મૂડમાં ઓટ આવતી.

એક દિવસ બ્રિન્દા કાજુની કતરીનું બોક્સ લઈને કોલેજ આવી. રિસેસમાં મને જોતાં જ ભેટી પડી અને મારા મોંમાં એક સામટી બે કતરી ખોસી દઈને કહે, 'દિનકરને (તેના પતિને) પ્રમોશન મળ્યું. કંપનીએ તેમનો પગાર ચાલીસ હજાર કરી દીધો.'

અમે બધાંએ તેને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં. મેં તો ઘેર જઈને મારા પતિને વાત કરી અને તેમણે પણ દિનકરને ફોન કરીને અભિનંદન આપ્યાં.

પણ બીજે જ દિવસે શું જોઉં છું?! બ્રિન્દાનું મોઢું તદ્દન પડી ગયું હતું. 'સુધા, આટલાં વર્ષ આવી મિકેનિકલ એન્જિનિયરિંગની ફાલતું કંપનીમાં ગદ્ધાવૈતરું કરવાનો અર્થ ખરો? અમારા બાજુવાળા બાબુભાઈનો દીકરો રાજન હજી તો માંડ સત્યાવીસ વર્ષનો છે, અને તેને સિત્તેર હજાર મળે છે! સોફ્ટવેર એન્જિનિયરોને તો લહેર જ છે.' તેનો બળાપો બેલ પડ્યો ત્યાં સુધી ચાલ્યો.

*દિલ દુખાવતી વાતોને હંમેશાં ટાળો.*

બ્રિન્દાને કેવી રીતે સમજાવું? તેને ખુશ થતાં દિવસો લાગતા હતાં પણ એ ખુશાલીનું બાષ્પીભવન સેકંડોમાં થઈ જતું. તેના મનમાં પિત્રાઈ ભાઈ-બહેનો, પડોશીઓ તથા મિત્રો સાથેની સરખામણીનું ચક્કર સતત ચાલ્યા જ કરતું. ઘણી વાર પોતાના વિદ્યાર્થીઓ માટે પણ તે બળાપો વ્યક્ત કરતી. 'આ આપણા વિદ્યાર્થીઓય ભારે ગરજુડા ને સ્વાર્થી છે. અહીં કોલેજમાં આપણા હાથ નીચે હોય ત્યારે તો ડાહ્યાડમરા હોવાનો દેખાવ કરે, જેવા ગ્રેજ્યુએટ થઈ જાય, નોકરી મળે કે 'તું કોણ ને હું કોણ?' વળી કંપનીઓમાં નોકરી કરે એટલે પગારોય તગડા મળે.'

બ્રિન્દાને મારે સમજાવવી પડે, કે પ્રોફેસર તરીકે સોફ્ટવેર કંપનીમાં મળે તેવા મોટા પગારો અમને ક્યારેય ન મળે. પણ વિદ્યાર્થીઓનો પ્રેમ, માનસિક સંતોષ અને ઊગતી પેઢી માટે કાંઈક કરવાનો આવો મોકો કદાચ બીજી કોઈ નોકરીમાં લાખો રૂપિયા આપતાંય ન મળે!

પણ બ્રિન્દા માનતી કે દુનિયાના બધા માણસો તેના કરતાં વધારે સુખી છે. એક દિવસ તેણે મારી સમક્ષ પોતાના અંતરની તદ્દન અંગત, સુષુપ્ત વ્યથા ઠાલવી. મને કહે, 'સુધા, તને શું કહું? મારી મમ્મીયે મારી સાથે વેરોઆંતરો રાખે છે. મારી મોટી બહેન વધારે ગોરી અને નમણી છે, એટલે માને તે વધારે વહાલી છે. હંમેશ તેની તરફ પક્ષપાત કરે છે. મારી તો સાસરામાંય દશા બેઠી છે. મારા સાસુને હું દીઠી ગમતી નથી, કારણ એ કે મારા નણંદ કરતાં હું વધારે રૂપાળી છું. હું તો બાળોતિયાની જ બળેલી છું - પિયરમાં પોરો નહીં ને સાસરામાં સુખ નહીં.'

આ તો હદ થઈ ગઈ. આ સ્ત્રીને કહેવું શું? તેને ખુશ કરવા માટે મને કોઈ શબ્દો જડતા ન હતા.

વખતને વીતતાં કાંઈ વાર લાગે? હવે બ્રિન્દાનાં બંને બાળકો મોટાં થઈ રહ્યાં હતાં. નાનો મનેષ બારમા સાયન્સની પરીક્ષામાં બેસવાનો હતો. જ્યારે મળે ત્યારે એક જ વાત. 'મને મનેષની ખૂબ ચિંતા રહે છે. શું થશે એનું?'

'બ્રિન્દા, તને તો ચિંતા કરવાની ટેવ પડી ગઈ છે. મનેષ કેટલો હોશિયાર અને મહેનતુ છે! એન્જિનિયરિંગમાં એને ચોક્કસ એડમિશન મળી જશે. આખો દિવસ એનું માથું ખાઈને હેરાન ન કરતી. ખોટા દબાણને કારણે તેને ડિપ્રેશન આવી જશે.' મેં કહ્યું.

હું મનેષને ઘણી વાર મળી હતી. બિચારો તદ્દન સીધોસાદો, આજ્ઞાંકિત છોકરો હતો. બારમાની પરીક્ષામાં સારા માર્ક ન આવે અને ભારતની સારી કોલેજમાં એડમિશન ન મળે, તો પરદેશ જવામાં સમય ન વેડફાય તે માટે તે વિદેશની સ્પર્ધાત્મક પરીક્ષાઓ - SAT, TOEFL, IELTS વગેરેની તૈયારી પણ રોજેરોજ કરતો હતો. ફક્ત બ્રિન્દાના આગ્રહને વશ થઈને! વળી કર્ણાટક તથા મહારાષ્ટ્ર બોર્ડની ઈજનેરી એડમિશન માટેની પરીક્ષાઓ તો ખરી જ. ઉપરાંત આ વર્ષે ચાલુ થયેલી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) છોગામાં. બધાં જ હોશિયાર વિદ્યાર્થીઓની જેમ તે સખત મહેનત કરતો તથા પરિણામ માટે સતત ટેન્શનમાં રહેતો. બ્રિન્દાની સતત ટોકવાની આદત બળતામાં ઘી હોમતી.

એ દિવસે મારાથી ન રહેવાયું. મેં બ્રિન્દાને કડક શબ્દોમાં ઠપકો આપ્યો, શિખામણનાં બે વેણ કહ્યાં. જોકે મને ખબર જ હતી કે શેઠની શિખામણ ઝાંપા સુધી. સાંજે ઘેર પહોંચતા જ બ્રિન્દાની કચકચ શરૂ થઈ જશે. 'બાબા, સૂતો સૂતો ન વાંચ, ઊંઘ આવશે.' 'ભણવા બેસ' વગેરે. પણ હું રહી પ્રોફેસર. સલાહ આપવાનો મોકો ચૂકું?

બ્રિન્દા તો વધારે અપસેટ થઈ ગઈ.

'સુધા, તું તદ્દન નાદાન છે. સાવ ઈમપ્રેક્ટિકલ. મનેષને જો રીજિયોનલ એન્જિ. કોલેજ (REC) માં એડમિશન નહીં મળે તો મારે તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવાનો વારો આવશે. એમાંય કમ્પ્યૂટર, ઈ.સી. કે આઈ.ટી. માં જ મળવું જોઈએ. નહીં તો મારા સગાંમાં હું મોં શી રીતે બતાવીશ?'

'અરે, એમાં સગાંઓ ક્યાં વચ્ચે આવ્યાં?' મેં ભોળાભાવે પૂછ્યું.

મારા નણંદના દીકરાને ગઈસાલ આઈ.આઈ.ટી., ચેન્નાઈમાં મળ્યું. ભાઈનો દીકરો સિંગાપુર એરલાઈનની સ્કોલરશીપમાં સિલેક્ટ થઈને ત્યાં ગયો. હવે મનેષના માર્ક ઓછા આવે તો મારું તો નાક જ કપાઈ જાય ને! અમારી ઈજ્જતના કાંકરા થઈ જાય. એના ભવિષ્યનું શું? એના મનમાં લઘુતાગ્રંથિ ઘર કરી જાય.' બ્રિન્દાના દુઃખનો પાર ન હતો.

'હમણાંથી તો મને મનીષાની પણ ચિંતા થાય છે.'

'કેમ મનીષાની શી ચિંતા છે?' મેં પૂછ્યું.

'મારા ભાઈની દીકરી મનીષા કરતાં વધારે ગોરી છે. બંનેની ઉંમર પણ લગભગ સરખી છે. હવે કાલે સવારે કોઈ મુરતિયો હોય, તો તે મનીષાને પડતી મૂકીને મારી ભત્રીજીને જ પસંદ કરે ને?'

હવે આ બાઈને હું શું કહું? ભેંસ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ...ખરું ને? બ્રિન્દાને શી રીતે સમજાવવી કે આ ચડસાચડસીમાં મૂક પૂળો. આ દુનિયામાં અબજો માનવી ઉપરવાળાએ ઘડ્યા છે. તમે હોશિયાર હશો, તો તમારાથી વધારે અક્કલવાળો કો'ક તો તમને ભૂ પીવડાવશે જ. તમે રૂપાળા હશો તો સામે મિસ ઈન્ડિયા હશે તથા તેને પણ કો'ક હરીફ તો હશે જ. તમે તમારી જાતને પૈસાદાર માનીને રૂઆબ છાંટતા હશો તો બિલ ગેટ્સ તમને ઝાંખા પાડી દેશે અને તે પણ વૉરન બફેટ સામે ફિક્કો પડતો હશે. જો હરીફાઈ કરવી જ હોય તો જાત સાથે કરો. કોઈના મહેલ જોઈને આપણાં ઝૂંપડાં બાળી ન કઢાય. **તમારા મિત્ર તમારા કરતાં કાબેલ કે હોશિયાર હોય તો તેને તમારું સદ્‌ભાગ્ય માનજો.**

થોડા વખત પહેલાં સુંદર ફિલ્મ એક્ટ્રેસ ઐશ્વર્યા રાયના ફોટા પર લખેલો એક શે'ર વાંચ્યો હતો તે યાદ આવે છે.

*'સૂર્ય પણ તમને જોવાને નીકળતો હોય છે,*
*અને પછી આખો દિવસ ઈર્ષામાં બળતો જાય છે.'*

તમારામાં પણ ક્યાંક બ્રિન્દા નથી ને? સાચવજો. ■

*પ્રામાણિક કમાણીનું જ દાન ફળે છે.*

# વહુના મીઠા શબ્દો : ડાયાબિટીસમાં પણ ખાઈ શકાય એવી વાનગી

• દિનેશ પાંચાલ •

આથમતી અવસ્થામાં દેહ ઘરડો થાય પણ ઈચ્છાઓ ઘરડી થતી નથી. સુખના સ્વપ્નો એવાં પ્રબળ હોય છે કે એંસીની ઉંમરે મોતિયાવાળી આંખે પણ સ્પષ્ટ જોઈ શકાય છે. માનવીનું જીવન ઈચ્છાઓનું અક્ષયપાત્ર ગણાય છે. વૃદ્ધોના બધાં સપના પૂર્ણ થયા હોય તોય અંતે વણસંતોષાયેલી ઈચ્છાઓનું લાંબુ લિસ્ટ રહી જાય છે. ઈચ્છાઓ પણ કેવી...? કાશ..., મારા દીકરાને ત્યાં દીકરો અવતરે...! મારી પૌત્રીને સારો વર મળે! જમાઈને વિઝા મળી જાય! દીકરીને મેડિકલમાં એડમિશન મળી જાય! બધી જ ઈચ્છાઓ પાર પડી હોય તો મોતની અંતિમ ઘડીમાં કોઈ કષ્ટ ના પડે એવી ઈચ્છા પણ વૃદ્ધોને રહેતી હોય છે. સુખશાંતિ મનુષ્યજીવનની સ્થાયી પ્રકૃતિ છે.

એક વડીલની સ્મશાનયાત્રામાં જવાનું બન્યું. ત્યાં બીજા વડીલને બોલતા સાંભળ્યા - 'હું ભગવાનને પ્રાર્થના કરું છું કે મારું મોત વહેલી સવારે થાય જેથી સાંજ સુધીમાં સગાવહાલાં વેળાસર તેમના ઘરે પહોંચી શકે!' આમ તો આ ભલી ભાવના ગણાય પણ છે તો ઈચ્છા જ ને! કહેવત છે કે મરનારો ઉંચકનારાઓની ફિકર કરતો નથી. પણ માણસની પ્રકૃતિ એવી છે કે એની ઈચ્છાઓનો કોઈ અંત નથી. હવે આ દેહના દરવાજે વૃદ્ધાવસ્થા ટકોરા મારી રહી છે. ઘડપણ મોતનું પાદર કહેવાય. પાદરે ઊભો છું ત્યારે સમજાય છે કે ઘડપણમાં માણસને પ્રેમની જેટલી જરૂર પડે છે એટલી જુવાનીમાં પણ નથી પડતી. ડાયાબિટીસને કારણે વૃદ્ધો મીઠાઈ ખાઈ શકતા નથી. પરંતુ વહુ દીકરાઓના મીઠા શબ્દોની તેમને તીવ્ર ઝંખના રહે છે. વહુના મીઠા શબ્દો ડાયાબિટીસમાં પણ ખાઈ શકાય એવી વાનગી છે. કોઈ અપમાન કરે ત્યારે વૃદ્ધોને બહુ લાગી આવે છે. મોતિયાવાળી આંખોએ પણ તેઓ જોઈ શકે છે કે કોણ તેને પ્રેમ કરે છે અને કોણ તેના મરવાની રાહ જુએ છે! કોણ જાણે એ શ્રાપ ગણાય કે આશીર્વાદ... પણ ઘડપણમાં મોતિયાવાળી આંખે માણસ મમતા જોઈ શકે છે અને નફરત અનુભવી પણ શકે છે. એક બુઢ્ઢો બાપ ઝામરવાળી આંખે નવ વિધવા દીકરીની આંખમાં થીજી ગયેલા આંસુઓ જોઈ શકે છે. અરવિંદભાઈ કહે છે - 'ઘડપણમાં આંખે નવ નંબરના ચશ્મા હોય તોય નફરત સ્પષ્ટ જોઈ શકાતી હોય છે. કાને ગમે તેટલી બહેરાશ આવી ગઈ હોય તોય જમાઈની વણબોલાયેલી ઈચ્છાઓ સંભળાતી હોય છે. સાઠે બુદ્ધિ નાઠી હોય તોય એ કળી જતાં વાર નથી લાગતી કે કોણ એને સાચો પ્રેમ કરે છે અને કોની ત્રાંસી નજર એની મિલકત પર મંડાયેલી છે?

જે વૃદ્ધો પ્રત્યે તેમના સ્વજનોને પ્રેમ અને આદર હોય એને હું વૃદ્ધોની મોટી સિદ્ધિ ગણું છું. સમાજમાં એવા ભાગ્યશાળી વૃદ્ધોની સંખ્યા ઓછી છે. આના કારણમાં બચુભાઈ કહે છે - 'ગાડાના બળદોને હાંકેડા પ્રત્યે પ્રેમ હોતો નથી. તે હંમેશાં પરોણી ઘોંચતો રહે છે. વૃદ્ધો જીવનભર ઘોંચપરોણી કરતાં રહે છે. જોકે ક્યારેક એ જરૂરી હોય છે. પણ વડીલોએ એક સમજ કેળવવી જોઈએ. પૂંછડી આમળવાથી કામ ચાલી જતું હોય તો પરોણી ના ઘોંચવી જોઈએ. યુવાપેઢી સાથે ઘરડાઓને વાતે વાતે વાંકુ પડતું હોય છે. વડીલોએ જાત તરફ પક્ષપાત કર્યા વિના એક મુદ્દા પર તટસ્થતાપૂર્વક મનન કરવું જોઈએ. **તમે ઘરના વડીલ હો તેટલા માત્રથી આપોઆપ કોઈને તમારા માટે પ્રેમના ફૂવારા છૂટવાનાં નથી. તમારે સ્વયં સૌના દિલમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરવું પડે છે.**અમારા નરસિંહકાકા કહેતા - 'વડીલોની એક આંખમાં કરડાકી હોવી જોઈએ અને બીજી આંખમાંથી પ્રેમ વહેવો જોઈએ. ઋજુતા અને રૌદ્રતા વચ્ચે બેલેન્સ જાળવવાનું અઘરું છે છતાં ખૂબ જરૂરી છે.

**ઘડપણમાં કેવી રીતે જીવવું એના ટ્યુશન ક્લાસ ચાલતાં નથી. માણસે સ્વચિંતન અને અનુભવો દ્વારા એ માર્ગ શોધવો પડે છે.** જેમના પોતાના ઘણા શોખ હોય, પ્રવૃત્તિ હોય તેમને ઘડપણમાં વાંધો આવતો નથી. પરંતુ જેમની પાસે નોકરી સિવાય કોઈ પ્રવૃત્તિઓ નથી હોતી અને કશામાં રસ પણ નથી હોતો તેમને માટે નિવૃત્ત જીવન શુષ્ક, નીરસ અને કંટાળા ભરેલું બની જાય છે. એવાં નવરા વૃદ્ધો ક્યારેક એવો તરખાટ મચાવે છે કે સૌનું જીવવાનું હરામ થઈ જાય છે. થોડા દિવસ પર એક વૃદ્ધના એવા તોફાન વિશે જાણવા મળ્યું. વહુ દીકરાને હોટલમાં જમવાનો શોખ. તેઓ ઘણીવાર રાત્રિનું જમણ હોટલમાં લેતા. વૃદ્ધને એ ગમતું નહીં. આવો ખોટો ખર્ચ કરવાની શી જરૂર છે? એમ કહી તેમણે મોટો ઝઘડો કર્યો. મહોલ્લો ભેગો થઈ ગયો. યુવાને શાંતિથી કહ્યું - 'પિતાજી બચપણમાં ગરીબીને કારણે મને એક ચોકલેટ પણ ખાવા નહોતી મળતી. આજે ઈશ્વરની

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

કૃપાથી કમાઉં છું. ઘરની બધી જવાબદારી સારી રીતે નિભાવું છું અને બચત પણ કરું છું. તમને પણ કોઈ વાતે તકલીફ પડવા દીધી નથી. એથી પ્લીઝ..., તમે અમારા જીવનમાં દખલ કરશો નહીં. મને મારી રીતે જીવવા દો. હું કોઈ ભૂલ કરું તે દિવસે જરૂર કહેજો!'

ઘણીવાર વૃદ્ધો પાસે સમય પસાર કરવા માટે કોઈ પ્રવૃત્તિ હોતી નથી. એથી તેમની પ્રવૃત્તિશૂન્યતા વિકૃત બનીને આડે માર્ગે ફૂટી નીકળે છે. નિવૃત્તિજન્ય ખાલીપો તન-મનને ખોખલા કરી નાખે છે. મને પૂછીને જ બધાએ નિર્ણય લેવો જોઈએ એવો અહંભાવ પણ વૃદ્ધોને સતાવતો હોય છે. સુખી થવા માટે વૃદ્ધોએ ઘડપણમાં કેટલીક પ્રતિજ્ઞા કરવી જોઈએ. પ્રથમ તો એ કે ઘડપણમાં કોઈને નડવું નહીં. કોઈની વાતોમાં માથુ મારવું નહીં. વહુ દીકરાઓ શું ખાય છે...શું પહેરે છે...કઈ હોટલમાં જાય છે...વિડિયો પર ફિલ્મ જુએ છે કે ટોકિઝમાં જાય છે...? કોઈની કશી જ સાડાબારી રાખવી નહીં. તેમને તેમની રીતે જીવવા દો. તમે કેવળ એટલી જ ફિકર રાખો કે સમયે તમને દાળ રોટી મળી રહે છે કે નહીં? માંદગીમાં તમારી ઠીક રીતે દવા કરાવવામાં આવે છે કે નહીં? વૃદ્ધોએ યાદ રાખવું પડશે કે કોઈ પૂછે નહીં ત્યાં સુધી વણમાગી સલાહ આપવી નહીં. દરેક વૃદ્ધે મિત્રો બનાવવા જોઈએ. નિયમિત લાઈબ્રેરીમાં જવું જોઈએ. ક્લબો, હોસ્પિટલો કે સામાજિક સંસ્થાઓમાં ઑનરરી સેવા પણ આપી શકાય. ચક્ષુદાન કે રક્તદાન જેવી પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાય. તમારી રસરૂચિ પ્રમાણે ઘડપણનું ટાઈમટેબલ ગોઠવો. કોઈને કોઈ શોખ કેળવો. ગમતા પુસ્તકો વાંચો, સંગીત સાંભળો, ચિંતન કરો. મિત્રો જોડે રસના વિષયો પર ચર્ચાઓ કરો. સારું વિચારી શકતા હો તો છાપાઓમાં મંતવ્યો લખો. મિત્રો જોડે પત્તાં કે એવી અન્ય નિર્દોષ રમતો રમો. હરો ફરો અને નિયમિત થોડું ચાલો. નવરા તો બિલકુલ ન રહો. **ઘરકામમાં થઈ શકે તેટલી મદદ કરો. બાળકોના મિત્રો બની જાઓ. તેમની સમસ્યાઓ સાંભળો. ઘરની વહુ દીકરીઓ કે દીકરાઓને સતત અહેસાસ કરાવતા રહો કે તેઓ તમારી ખૂબ કાળજી લે છે અને તેમના પ્રેમથી તમે ખુશ છો.** (તમે ખુશ ના હો તો પણ આવી વાતો કરશો તો તેમને તમારા પ્રેમને લાયક બની રહેવાની ઈચ્છા જાગશે.)

યાદ રહે, યુવાનીમાં મીઠા શબ્દો બોલવાનું ચૂકી જવાશે તો ખાસ નુકસાન નથી. પરંતુ ઘડપણમાં જીભેથી અચૂક સુગર ટપકવી જોઈએ. જીભની મીઠાશ જાળવશો તો દીકરા વહુઓ તમારા પેશાબની સુગરની પૂરી કાળજી લેશે. દુર્ભાગ્યે આપણા બહુધા વડીલો આખી જિંદગી નફરત વેંઢારવાનું કામ કરે છે. ઘડપણમાંય તેમની પાસે એ સિવાય કોઈ પ્રવૃત્તિ હોતી નથી. તેમનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે. એક ઘરડો માણસ પોતાનો નજીવો અસંતોષ ઘણા કડવા શબ્દોમાં વ્યક્ત કરે છે ત્યારે વહુ દીકરાની આગલી પાછલી બધી સેવાઓ ધોવાઈ જાય છે. આવું વારંવાર થાય ત્યારે તેમના પ્રત્યે ઘરનાઓને પ્રેમ કે આદર રહેતો નથી. આદર ગુમાવી ચૂકેલા વૃદ્ધોની સેવા કરવાનું આવે છે ત્યારે ઘરનાઓને માટે તે અણગમતી ફરજ બની રહે છે. ભગવાનદાસકાકા કહે છે - 'અમારા વેવાઈ પુસ્તકો વાંચવાને બદલે ઘરમાં કોણ શું ખાય પીવે છે તે જાંચવાનો શોખ ધરાવે છે. સંગીત સાંભળવાને બદલે આખો દિવસ બબડાટ કર્યે રાખે છે. એઓ ચર્ચા નથી કરતા, બીડી તમાકુના ખર્ચા કરે છે. ચિંતન કરવાને બદલે ફાલતું ચિંતા કરે છે. લખવાનો શોખ ખરો, પણ નનામા કાગળો લખે છે. ઘરકામમાં મદદ કરવાનું દૂર રહ્યું તેઓ વહુઓની તરેહ તરેહની ભૂલો કાઢતા રહે છે. લોકોના ઓટલે બેસીને વહુઓની કૂથલી કરે છે અને બીજાના ઘરમાંય ક્યારેક છીણકુ ચાંપતા આવે છે. ઘરનાઓ એને ઠપકો આપે છે ત્યારે મોટો ઝઘડો કરીને કહે છે - 'હું ઘરનાને જ નહીં આખા ગામને અકારો થઈ પડ્યો છું. ભગવાન મને મોત કેમ નથી આપતો?' અલબત્ત સઘળા વૃદ્ધો આવા હોતાં નથી. પરંતુ જ્યાં હોય છે તે ઘરના માણસોને જ સમજાય છે કે સમાજમાં ઘરડાઘર હોવા કેટલા જરૂરી છે? ગમે કે ન ગમે તોય એક વાત સ્વીકારવી પડશે કે સંતાનોનો પ્રેમ પબ્લિક ટેલિફોન જેવો હોય છે. એમાં પહેલા પ્રેમનો સિક્કો નાખો પછી જ વાતો થઈ શકે છે. માત્ર બેંકબેલેન્સ પર્યાપ્ત નથી...દિલની બેંકમાં સ્નેહની સફિસીયન્ટ સિલક હશે તો જ સંતાનોનો પ્રેમ પામી શકાશે. વૃદ્ધોએ એક રહસ્ય જાણી લેવા જેવું છે. સંતાનો કેવળ કલદારથી ખુશ રહી શકતાં નથી, તેમને આદરની પણ ભૂખ હોય છે.

ઉર્દુ શાયર શૌકતુદ્દીન લખનવી અત્યંત ક્રોધી સ્વભાવના હતા. તેમનો પરિવાર તેમનાથી દુઃખી રહેતો. તેમણે દીકરાને ઉદ્દેશીને બે પંક્તિ લખેલી :

*'મુઝે ઈતની ખુશી દો કિ મરનેકા નામ ન લૂં...*
*તુમ સબકો છોડકર ખુદાકે ઘરભી મૈં રોતે રોતે જાઉં...!'*

દીકરો જલાલુદ્દીન શાયર ન હતો. પણ તેણે પિતાને જે જવાબ આપેલો તે વૃદ્ધોએ ધ્યાનમાં રાખવા જેવો છે.

*'જિંદગી જીભર જીલો... પર કિસીકા જી મત જલાઓ...*
*ફિર દેખો ખુદાસે તુમ્હે છૂડાકે કૈસે ઘર લે આતે હૈં...!'*

**સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,**
**ગણદેવી રોડ, જમાલપોર**
**નવસારી-૩૯૬ ૪૪૫.**
**મો : ૯૪૨૮૧ ૬૦૫૦૮**

Aristo™ STAINLESS STEEL
**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**
**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# એવા સમયે તમે આત્માનું કહ્યું કરજો

● ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી ●

એક માણસ પોતાના પરિવારનાં સભ્યો પર સખત ગુસ્સે થયો. થોડીક શાંતિ અનુભવવા પોતાના કંપાઉન્ડમાં મૂકેલા હીંચકા પર બેઠો. પગથી હીંચકાને ગતિ આપવાની કોશિશ કરી, પણ કડામાંથી અવાજ આવવા લાગ્યો. એને કારણે એ માણસ વધુ ગુસ્સે થયો અને હીંચકાને લાત મારી મોટર બાઈક પર બહાર ચક્કર મારવા માટે નીકળ્યો. થોડેક આગળ જતાં સાઈલેન્સર બગડવાને કારણે ગરબડ શરૂ થઈ ગઈ. ગુસ્સામાં મોટર બાઈકને એક ખૂણામાં મૂકીને બગીચા તરફ ચાલતા પ્રયાણ કર્યું.

ત્યાંથી એક જાન પસાર થઈ રહી હતી. ફટાકડાના કાનના પડદા ચીરી નાખે તેવા અવાજથી કંટાળીને એણે પાછા ફરવાની કોશિશ કરી. મગજ હજી શાંત પડ્યું નહોતું. એક સાઈકલ સવાર તેની જોડે અથડાયો અને રોષાવેશમાં તેને મારવાની કોશિશ કરી. સાઈકલ સવાર માથાભારે હતો! એણે બે તમાચા ચોડી દીધા અને ચાલતો થયો.

**આજના માણસની સૌથી મોટી સમસ્યા છે માનસિક સ્વસ્થતા અને સંતુલનની જાળવણીની.** કોઈપણ વાદક કે સંગીતકાર જ્યાં સુધી વાજિંત્રમાંથી એકસૂરાપણું પ્રગટે નહીં ત્યાં સુધી વાજિંત્રને વગાડવાનું શરૂ કરતો નથી. જ્યારે એને પાકી ખાતરી થાય કે વાજિંત્ર સુરીલો અવાજ પ્રગટાવવા સજ્જ છે, ત્યારે જ એ કાર્યક્રમ શરૂ કરે છે.

આપણી જિંદગીનું પણ એવું જ છે. આપણી માનસિક અસ્વસ્થતા જિંદગીમાં બેસૂરાપણું પ્રગટાવે છે. પરિણામે આપણાં કાર્યોમાં બરકત આવતી નથી. એકાગ્રતાની ઊણપ એ આજના જમાનાનો સૌથી મોટો અભિશાપ છે.

માણસ નોકરી કરે છે, ધંધો - વ્યવસાય કરે છે, અધ્યયન-અધ્યાપન કરે છે, તેમાં બરકત નહીં આવવાનું કારણ તેની જિંદગીના વાજિંત્રનું બેસૂરાપણું છે. લોભ, સ્વાર્થ, ચિંતા, ક્રોધ, પ્રતિશોધની આગ એ બધાં જિંદગીના સુરીલાપણાને બરબાદ કરનારાં વિઘાતક તત્ત્વો છે. માણસ સાત્વિક રહેવા જન્મ્યો છે, પણ જીવન જીવવાની બિનઆવડત એને તામસી બનાવે છે. આપણી જિંદગી પણ કોઈક પરમશક્તિની અણમોલ ભેટ છે. એણે આપેલી અમાનત છે. પરમાત્માનું વાજિંત્ર છે, આપણી જિંદગી જેમ હીંચકાના કડામાંથી આવતો કિચૂડ-કિચૂડ અવાજ કે કાર અથવા મોટરબાઈકની યાંત્રિક ખામીને લીધે નીકળતો વિકૃત અવાજ આપણને પસંદ નથી, તો પછી આપણી વાણી, વર્તન, વ્યવહાર, અન્ય સાથેના સંબંધોમાં બેસૂરાપણું પરમપિતાને ક્યાંથી પસંદ પડે? સ્વભાવ બગાડવો એટલે પરમાત્માએ આપેલા શરીરરૂપી યંત્રને બગાડીને જન્મારો એળે જવા દેવો! શરીર અને મનને ખામીયુક્ત રાખવું એ જગત્પિતાની સૌથી મોટી આરાધના છે.

માણસ બુદ્ધિ અને અંતઃકરણના દ્વંદ્વ વચ્ચે અટવાયા કરે છે. માણસનો પવિત્ર આત્મા તેનો અભિન્ન મિત્ર છે. બુદ્ધિ જ્યારે માણસને ભરમાવે ત્યારે આત્મા એને આંતરિક પ્રકાશ દ્વારા ચેતવે છે અને માર્ગ ચીંધે છે. **એટલે જ સ્વામી વિવેકાનંદ કહેતા કે જ્યારે આત્મા કાંઈ કહે અને બુદ્ધિ કાંઈ બીજું જ કહે, એવા સમયે તમે આત્માનું કહ્યું કરજો.**

ઘણા બધા લોકો અત્યંત સમર્થ અને શક્તિશાળી હોય છે. તેઓ માનસિક સ્વસ્થતા અને શાંતિ સાચવી શકે તો હાથમાં લીધેલાં કામોનું અદ્‌ભુત પરિણામ લાવી શકે છે. પરંતુ જો તેમના સ્વભાવનો કબજો ઉગ્રતા, ક્રોધ અને અહંકારજન્ય અવિચારીપણું લઈ લે, તો તેઓ જાતે જીવનને અશાંતિ અને આંધીના વમળમાં હડસેલી દે છે.

જીવન એટલે સુંદરતાની સાથે સાથે શુભત્વ અને શિવત્વની પરિશોધ. ભગવાને માણસનો ચહેરો પ્રસન્ન રહેવા ને રાખવા જ બનાવેલો છે. આપણે ક્રોધ, ભય, શંકા અને વિહ્વળતાથી આપણા ચહેરાને કદરૂપો બનાવી દઈએ છીએ.

કાકા કાલેલકરે જૂના અને નવા જમાનાનો ભેદ બતાવતાં માર્મિક વાત કરી છે. જૂનો જમાનો જુદો હતો. જૂના જમાનામાં ભલે સંકુચિતતા હોય, ભલે આંધળા વિચાર હોય અને વહેમ પણ ભલે હોય, પણ એમાં એક વ્યવસ્થા હતી. લોકોના સ્થૂળ અભિપ્રાય લગભગ સરખા રહેતા. સમાજમાં દુરાચાર નહોતો એમ નહીં, પણ લોકો દુરાચારને દુરાચાર તરીકે ઓળખી શકતા. સારું શું ને નઠારું શું એનો ભેદ નક્કી હતો. દરેક વસ્તુનું મહત્ત્વ કેટલું, એનું તારતમ્ય એ વખતના લોકોએ પોતાની દૃષ્ટિએ બરાબર નક્કી કરેલું હતું. જેથી જિંદગીનો વહેવાર બરાબર ચલાવવો હોય તો મુશ્કેલી નડતી નહીં. માણસ પડે તો ય ઉઘાડી આંખે પડે. જોખમ ખેડે તોય જોખમ ઓળખીને ખેડે. વ્યવહારનું ચલણી નાણું બધે એક જ અને એકસરખું હતું. એ નાણાંને સંસ્કૃતિ કહીએ છીએ. આજે એ નાણાંમાં ગોટાળો થયો છે. વિચારનાં અનેક જાતનાં નાણાં સમાજમાં ચાલુ થયાં છે. આજનો જમાનો વિચારોની અરાજકતાનો થઈ ગયો હોય એમ લાગે છે.

માણસની અશાંતિ સ્વયં નિમંત્રિત છે. શાંતિ આપણા દરવાજે બેસીને કાકલૂદી કરે

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)

*પછેડી પ્રમાણે સોડ તાણવાનું રાખો.*

# તું અને હું – ૨
# આ દાસ્તાન સનાતન

• માવજી કે. સાવલા •

અરે, તું સાંભળે તો છે ને? આપણાં તો ઘોડિયાના સગપણ! એકબીજાને નામથી બોલાવવાની ફેશન ત્યારે તો ક્યાંથી હોય! યાદ છે તને? દસ-બાર વર્ષ પૂર્વે અંજારના કવિ મિત્ર રમણિક સોમેશ્વર આપણે ત્યાં શ્રી હર્ષદ ત્રિવેદી અને એમના પત્ની બિંદુબેન ભટ્ટને તેડી આવ્યા હતા. ત્યારે મેં વિધિવત્ તારો પરિચય કરાવતાં કહ્યું હતું – 'મારાં પત્ની સાકરબાઈ.' એમને મેં આપણા ઘોડિયાના સગપણની (ત્યારે મારી ઉંમર ૪-૫ વર્ષની અને તારી તો દોઢેક વર્ષની) વાત કરતાં કહ્યું હતું કે - 'તુંબડીના મારા ફળિયામાંના ટાબરાંઓને જ્યારે આપણા સગપણની વાતની ખબર પડી, ત્યારે તેઓ મને ચીડવતા - માવો અને સાકર, ભેગા થાય એટલે બને પેંડા.' આ સાંભળીને તો આપણા એ અતિથિ ખડખડાટ હસી પડ્યા હતા!

આજે (તા. ૧૦-૫-૨૦૧૪) તારી ચિર વિદાયને પૂરા સાત મહિના થયા. હજી પણ હું મહિનાઓ નથી ગણતો - રોજેરોજ દિવસો જ ગણું છું. આપણું સાડા પાંસઠ વર્ષનું સુખદ અને સંતુષ્ટ દાંપત્ય જાણે કે ૬૦-૬૫ મિનિટોમાં જ એક ફિલ્મની જેમ વીતી ગયું, અને હવે આ લાં.....બી જુદાઈની પળેપળ એક યુગ સમાન લાગે છે. આ કલાકો - દિવસો - મહિનાઓ અને વરસોમાં મપાતો સમય વાસ્તવમાં શું છે, એ તો જ્ઞાનીઓ જ જાણી શકે; હા, થોડુંક એ હું સમજી ગયો છું; એટલે જ ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજીએ જ્યારે સ્ટીફન હૉકિન્સનું વિશ્વ પ્રસિદ્ધ પુસ્તક 'અ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઈમ' મને વાંચવા મોકલ્યું ત્યારે એનાં ૫-૧૦ પાના વાંચતા જ એને છોતરાં જેવું સમજી મેં એ પુસ્તક તરત પાછું મોકલ્યું હતું.

આપણાં એ સુદીર્ઘ દાંપત્યના અનેક યાદગાર પડાવો મારા જર્જરિત સ્મૃતિ ભંડારમાંથી બહાર આવવા ધસી રહ્યા છે.

યાદ છે તને? વીસેક વર્ષ પૂર્વે રોજ રાતે સૂતાં પહેલાં સૂતા સૂતા જ તું મને અવધૂત આનંદઘનજી રચિત સ્તવન ચોવીસીનું ક્રમશઃ એક સ્તવન સંભળાવતી. ૨૪ દિવસે એ ચક્ર પૂરું થતાં ફરી પ્રથમ સ્તવનથી શરૂ થાય. સ્તવન સાંભળ્યા પછી ધીમે આર્દ્ર સ્વરે હું તને શું કહેતો એ તને યાદ છે ને? હું રોજેરોજ તને એ ઘડીએ કહેતો, 'મારાથી પહેલાં ન જતી - મારાથી કદી જ દૂર ન થતી.' મારા આ વધુ પડતા લાં....બા આયુષ્યમાં મેં કરેલ અનેક ઈચ્છાઓ અને સેવેલ સપનાંઓ જાણે કે ચમત્કારિક રીતે સાકાર થતા ગયા છે. મારા અંતિમ સમયે તારા ખોળે મસ્તક મૂકીને તારી આંખો સામે જોતાં જોતાં અંતિમ શ્વાસ લઉં એ મારી ઝંખના સાકાર ન જ થઈ. સને ૨૦૦૯માં પ્રગટ થયેલ મારી પ્રથમ નવલકથા (અને છેલ્લી પણ) 'એક અધૂરી સાધના કથા' (ગૂર્જર)માં અંતિમ દૃશ્ય મેં આવું જ મૂક્યું છે. પ્લેયર પર ગીત 'બીતે હુએ લમ્હોં કી કસક સાથ તો હોગી....!' શરૂ થયું છે અને કથક, પત્નીના ખોળે સ્મિતપૂર્વક માથું મૂકે છે અને પુત્ર - પુત્રવધૂ અને પુત્રી તથા આવેલ એક અતિથિ સન્નારી સામે જોતાં હાથ ઊંચો કરે છે; અને અંતિમ શ્વાસ સાથે એ નવલકથા પૂરી થાય છે.

છેલ્લા અઢી વર્ષ તો - લકવાના બીજા હુમલા પછી - તું સંપૂર્ણપણે પથારીવશ રહી; એટલું જ નહિ, પણ તારી સ્મૃતિ પણ ઝડપભેર સંપૂર્ણ નષ્ટ થવા તરફ હતી. એ સમયગાળામાં જ હું (રન્નાદે પ્રકાશનના આમંત્રણથી) 'ટાગોર ગીતાંજલિ : દિવ્ય સંવાદનું સૂરીલું સ્તોત્ર' લખી રહ્યો હતો. હસ્તપ્રત પૂરી થતાં અર્પણપત્રિકા લખવા બેઠો અને આ શબ્દો સહેજે લખાઈ ગયા :

"અર્પણ...
*સાકરબેનને*
*સંતુષ્ટ - પ્રસન્ન દાંપત્યના*
*આ પાંસઠમા વરસે*
*સહેજ ધ્રુજતી કલમે.'*

પણ પુસ્તક પ્રકાશિત થઈને આવતાં (તા. ૨૧-૨-૨૦૧૪) એ અર્પણ પત્રિકા તને વાંચી સંભળાવવાની મારી તૃષ્ણા પણ અધૂરી જ રહી ગઈ. તૃષ્ણાઓનો અંત જ ક્યાં છે? એ ધ્રુજતી કલમની ધ્રુજારી તો મારા અસ્તિત્વના અણુએ અણુમાં હું ચોવીસે કલાક હવે અનુભવી રહ્યો છું.

અને એ પણ હું કેમ ભૂલી શકું.... થોડાંક વરસો (કદાચ ૧૦-૧૫ વર્ષ) પહેલાં તે નવ લાખ નવકાર મંત્રના જાપનું અનુષ્ઠાન આદર્યું હતું. તારા કહેવાથી મેં જ એક નોટબુક ખાનાં પાડીને બનાવી હતી. જેથી રોજેરોજની સંખ્યા લખી શકાય અને ગણતરી કરવાનું સરળ અને ચોક્સાઈપૂર્વક થઈ શકે. રોજ રાત્રે સૂતી વખતે તું એ જાપ સંખ્યા મારા હાથે જ એ બુકમાં લખાવતી. જે રાત્રે નવ લાખની સંખ્યા પૂરી થયાનું મેં તને કહ્યું, ત્યારે તેં એ નોટબુક અને પેન મારી પાસેથી લઈને છેલ્લા પાને તેં સ્વહસ્તાક્ષરે એમાં લખ્યું :

*"આ નવ લાખ નવકારના જાપનું*
*પુણ્ય હું મારા પ્રાણનાથ –*
*પતિને અર્પણ કરું છું."*

*સ્વાશ્રયી બનવું, હરામનું લેવું નહિ.*

તું આ બધું સાંભળે તો છે ને? આપણા એ જમાનામાં પતિ-પત્ની એકબીજાને નામથી ન જ બોલાવે એવો રિવાજ હતો. 'તું અને હું'ની આ સાડા પાંસઠ વર્ષની દાસ્તાનમાં આપણને કદી અરસપરસ નામ દઈને બોલાવવાની જરૂર જ પડી નહીં.

હા, એ ઘુંઘટની પ્રથાનો પણ જમાનો હતો. આપણા મોટા પુત્ર વીરેન્દ્રના લગ્ન સુધી મારા પિતાશ્રીની હાજરીમાં તેં એ પ્રથા સુંદર રીતે નિભાવી. આપણા ઘરમાં સૌ પ્રથમ ટેપ રેકોર્ડર આવ્યું ત્યારે તરત જ મેં મુંબઈ મારા સાઢુભાઈ મગન સાવલા (તારા બહેન પ્રભાના વર)ને પત્ર લખીને વિનંતી કરી કે જ્યુથિકા રોયે ગાયેલ ગીતોની એક કેસેટ તૈયાર કરાવીને તુરત મોકલે. એ કેસેટમાંની કબીરની આ રચના તો તારી સાથે મળીને હજારેક વાર મેં સાંભળી હશે :

*ઘુંઘટ કા પટ ખોલ રે! તોહે પિયા મિલેંગે*
*ઘટઘટ મેં વો સાંઈ રમતા, કટુવચન મત બોલ રે....*
*ધન - જોબન કો ગરવ ન કીજે, જૂઠા પચરંગ ચૌલ રે...*
*સુન્ન મહલ મેં દીયરા બારિ લે, આસન સે મત ડોલ રે...*
*જાગ જુગુત તો રંગમહલ મેં, પિય પાયો અનમોલ રે...*
*કહે કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે....*

'પિય પાયો અનમોલ' શબ્દોમાં હું તને જ જોઈ રહ્યો છું - પામ્યો છું. મારા નીકટ - દૂર અનેક મિત્રો મને કહેતા જ રહ્યા છે કે મારા ઉપર અનરાધાર ઈશ્વર કૃપા વરસતી રહી છે. પણ... પણ એ સૌને આપણી આ 'તું અને હું'ની દાસ્તાન તો કેટલીક પહોંચે.... શબ્દોમાં તો કેટલું સમાય?

આ લાં....બી જુદાઈના સાત મહિના - રોજેરોજ તારી છબી સામે બે ધૂપસળી હાથમાં લઈને નતમસ્તકે ઊભો રહું છું. આપણે એકબીજાને નામથી તો કદી બોલાવ્યા નથી. એક ઉત્તમ શ્રાવિકા તરીકેનું તારું જીવન અને અડગ શ્રધ્ધા મને પણ સદા પ્રેરક બની રહ્યાં છે. એટલે સર્વસામાન્ય આપણી પરંપરા અનુસાર તારું સ્થાન દેવલોકમાં જ હોય એમાં મને કશો જ સંશય ન હોય. એટલે જ એક દિવ્ય સ્વરૂપે તારી છબીને - તને નિત્ય સવારે વિધિવત્ નમન કરતો રહું છું. તારી છબીની સામે અને તારી સામે આ દાસ્તાન લખી રહ્યો છું. મારું ધૈર્ય હવે ખૂટવા આવ્યું છે. દીવામાંનું તેલ ખૂટતું જાય છે - તું જુએ છે ને આ બધું? સાંભળે છે ને?

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

## એવા સમયે તમે આત્માનું કહ્યું કરજો

**(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

છે કે મને આવવા દો. મારી શોક્ય અશાંતિને તમે ઘરમાં આશરો આપ્યો છે. એ તમને ઠરવા નહીં દે. કારણ કે એણે તમારા પર કબજો જમાવવાને બદલે તમારી બુદ્ધિ પર કબજો જમાવ્યો છે. બુદ્ધિને નાચતાં પણ આવડે છે અને નચાવતાં પણ. પરંતુ એને રાસ રચાવતાં નથી આવડતું. એ કામ હૃદયનું છે. **માણસને કાં તો જાતનો ડર હોય, અથવા જગતનો, અથવા જગન્નિયતા પરમેશ્વરનો. આ ત્રણેમાંથી એકેયનો ડર ન હોય તો માણસમાં રાક્ષસત્વ પ્રગટે છે. આજની હેવાનિયતનું કારણ પણ આ જ છે. માણસનો શુભત્વ અને શિવત્વ સાથેનો સંબંધ તૂટી ગયો છે. પરિણામે તેનું મન, બુદ્ધિ, વિચાર, નિર્ણય અને વ્યવહાર બધું જ ભ્રમગ્રસ્ત છે, ભયગ્રસ્ત છે.** ઘર હોય કે કાર્યાલય, વેપાર હોય કે વ્યવસાય આપણાં કાર્યોમાં જ્યાં સુધી પવિત્રતા અને ઈશ્વરત્વ હાજર નહીં હોય ત્યાં સુધી આપણા હાથમાં અશાંતિ અને ક્લેશ સિવાય બીજું કશું જ નહીં આવે.

જગતે જીતવા આદરેલી દોડમાં ક્રમશઃ એ પોતે હારતું જ ગયું છે. જીતવા માટે જીદ નહીં પણ આયોજનબદ્ધ દીર્ઘદૃષ્ટિ જોઈએ. માનસિક સ્વસ્થતા અને સંતુલન જોઈએ. પૈસા પાસે પાંખ છે પણ આંખ નથી. આજનો સમાજ અર્થ નિયંત્રિત સમાજ બની ગયો છે. માણસ કમાવાની દોડમાં જિંદગીનું સંતુલન ગુમાવી બેઠો છે. જિંદગીનું યંત્ર આપણને પોકારી-પોકારીને કહે છે કે તમારી વ્યસ્તતા, ભીડ, ભાગદોડ, સ્વજનો પરત્વેની વિમુખતા અને લોભ તથા સ્વાર્થ પ્રત્યેની અભિમુખતાએ તમને બેબાકળા બનાવી દીધા છે, એટલે જિંદગી સંવાદિતા ગુમાવીને કિચૂડ-કિચૂડ અવાજથી તમને બેચેન બનાવી રહી છે. જિંદગીમાં નિરાશા, થાક, જાતજાતની પીછેહઠ અને નિષ્ફળતાઓએ બેસૂરાપણું પ્રગટાવ્યું છે, તેને દૂર કરવા, અંદરની શાંતિ શોધવા સંકલ્પબદ્ધ બનો. પરમાત્મા સાથેના તૂટતા જતા સંબંધને સાંધવાની કોશિશ કરો. તમે મહાકલ્યાણ માટે ધરતી પર આવ્યા છો, મહાવિનાશની ભયાનક પળોને નિહાળવા માટે નહીં. ઈશ્વર આપણને નોંધારા રાખવા ઈચ્છતો જ નથી, આપણે જાતને 'બિચારી' બનાવીએ, એમાં ઈશ્વરનો શો વાંક? માણસ નથી જાતે ઠરતો કે નથી ઈશ્વરને ઠરવા દેતો!

*૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે, સેટેલાઈટ રોડ*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

ડૉક્ટર : તમારો માથાનો દુઃખાવો કેવો છે?
દર્દી : પિયરમાં છે!

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

અર્થકારણ

# ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ : સેવાક્ષેત્ર

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

જ્યાં સેવાઓની ઉપલબ્ધિ અને સેવાઓનું ઉત્પાદન થતું રહે છે એ સેવાક્ષેત્ર મનાય છે. સામાન્ય રીતે સેવાક્ષેત્રમાં વાહન અને સંદેશાવ્યવહાર, વહીવટી સેવાઓ, શિક્ષણ તેમજ સ્વાસ્થ્ય સેવાઓ, વ્યાપાર - વાણિજ્ય, વીમા કંપનીઓ - બેંકો, સંરક્ષણ કાયદો વ્યવસ્થા આદિ સમાવિષ્ટ છે. કોઈપણ અર્થતંત્રને ખેતી ક્ષેત્ર, ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર એમ ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે. સેવાક્ષેત્રના વિકાસ વિના ઉદ્યોગ ક્ષેત્ર અને ખેતી ક્ષેત્ર વિકસી શકે નહિ. રોજગારીના વિવિધ ક્ષેત્રોમાં સેવા ક્ષેત્રની ટકાવારી પણ વધતી જાય છે.

### રોજગારીના વિવિધ ક્ષેત્રોના હિસ્સાની ટકાવારી

| વર્ષ | કૃષિ ક્ષેત્ર | ઉદ્યોગ ક્ષેત્ર | સેવા ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧૯૫૦-૫૧ | ૭૨.૧% | ૧૦.૭% | ૧૭.૨% |
| ૧૯૮૦-૮૧ | ૬૮.૮% | ૧૩.૫% | ૧૭.૭% |
| ૧૯૯૯-૨૦૦૦ | ૫૬.૭% | ૧૭.૫% | ૨૫.૮% |
| ૨૦૦૭-૨૦૦૮ | ૫૫.૯% | ૧૪.૭% | ૨૫.૪% |

ભારતમાં કુલ આંતરિક ઉત્પાદનમાં સેવા ક્ષેત્રનો હિસ્સો ૧૯૫૦-૫૧માં ૨૨.૭% હતો જે ૨૦૦૯-૧૦માં ૫૪.૬% થયો. વાહન વ્યવહાર ક્ષેત્રે રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસાર્થે ઇ.સ. ૨૦૧૨માં ૨,૨૦,૦૦૦ કરોડનો ખર્ચ નિરધારેલો. જ્યારે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ૨૦૧૨ સુધી રૂા. ૪૦,૦૦૦ કરોડની જોગવાઈ થયેલી. ભારતીય રેલવે તરફ દૃષ્ટિપાત કરીએ તો પ્રતિદિન ૧૪,૩૦૦ જેટલી ટ્રેનો, અંદાજે ૧ કરોડ ૩૦ લાખ પેસેન્જરોને ૮,૯૪,૫૭૦ કિ.મી.નો પ્રવાસ કરાવે છે. ગોદીઓ અને બંદરોના વિકાસાર્થે ઇ.સ. ૨૦૧૨ સુધીમાં ખાનગી - જાહેર ભાગીદારીનું ૫૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ નિર્ધારેલું.

### • ટેલિકોમ ક્ષેત્રે વિસ્તરણ :

ભારતીય અર્થતંત્રના વિકાસમાં ટેલિકોમ ક્ષેત્રનું મહત્ત્વનું પ્રદાન છે. દેશના જી.ડી.પી.માં ૧૫% પ્રદાન છે. વર્ષ ૨૦૧૦ની ૩૧ ઓક્ટોબર સુધી ૭૪,૨૧૩ કરોડ ટેલિફોન જોડાણ નોંધાયા હતા. ટેલિફોન જોડાણમાં મોબાઈલ સંદેશા વ્યવહારનું ૫૦% પ્રદાન છે. ૨૦૦૩માં ગ્રાહકો ૫.૪૬ કરોડ હતા તે મોબાઈલ ધારકોની સંખ્યા ૨૦૧૦માં ૭૪.૨ કરોડ થઈ. ટેલિફોન રેગ્યુલેટરી ઓથોરીટી (ટ્રાઈ) દ્વારા અપાયેલ અહેવાલ મુજબ વિવિધ કંપનીઓની સેવા વધતી રહી છે. ટેલિકોમ્યુનિકેશનમાં કંપનીઓનું યોગદાન નીચે મુજબ છે :

| ક્રમ | ભારતીય ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ | ટકાવારી |
|---|---|---|
| ૧. | ભારતીય એરટેલ | ૨૦.૮% |
| ૨. | રીલાયન્સ | ૧૯.૨% |
| ૩. | વોડાફોન | ૧૬.૮% |
| ૪. | બી.એસ.એન.એલ. | ૧૧.૪% |
| ૫. | ટાટા | ૧૧.૫% |
| ૬. | આઈડિયા | ૧૦.૮% |
| ૭. | એરસેલ | ૬.૮% |

### • ભારતમાં બેન્કિંગ સેવા વિકાસ :

ભારતમાં પ્રથમ આધુનિક બેંક ઇ.સ. ૧૭૭૦માં કલકત્તામાં એજન્સીગૃહ દ્વારા સ્થપાયેલી તે "હિંદુસ્તાન બેંક" હતી. ઇ.સ. ૧૭૦૫માં બેંગાલ બેંક અને જનરલ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ. ઈ.સ. ૧૮૩૪માં રૂા. ૩૦ લાખની શેર મૂડીથી "બેંક ઓફ મદ્રાસ" અસ્તિત્વમાં આવી. ઇ.સ. ૧૮૪૦માં રૂા. ૫૦ લાખની શેરમૂડીથી "બેંક ઑફ બોમ્બે" અસ્તિત્વમાં આવી. ઇ.સ. ૧૯૩૫માં ભારતમાં રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયાની સ્થાપના થઈ. ઇ.સ. ૧૯૯૫માં ઈમ્પીરિયલ બેંકનું રાષ્ટ્રીયકરણ કરી "સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા"ની સ્થાપના થઈ. બેંક — એ નાણાં આપનાર અને નાણાં લેનાર વચ્ચેનો શરાફી મધ્યસ્થી છે. બેંકો છેલ્લી ત્રણ સદીથી વિકાસ પામી છે. બેંક વિશ્વના તમામ નાના મોટા રાષ્ટ્રોના આર્થિક જીવનમાં મૂલ્યવાન ભાગ ભજવે છે.

### અન્ય રાષ્ટ્રોમાં બેંકોનો પ્રારંભ

| ક્રમ | દેશનું નામ | પ્રારંભ વર્ષ | બેંકનું નામ |
|---|---|---|---|
| ૧. | સ્વીડન | ઈ.સ. ૧૬૫૬ | ધ નેશનલ બેંક ઓફ સ્વીડન |
| ૨. | ફ્રાંસ | ઈ.સ. ૧૭૧૬ | ફર્સ્ટ પબ્લિક બેંક ઓફ ફ્રાંસ |
| ૩. | ઓસ્ટ્રેલિયા | ઈ.સ. ૧૮૧૭ | ધ બેંક ન્યુ સાઉથવેલ્સ લિ. |
| ૪. | મેક્સિકો | ઈ.સ. ૧૯૬૪ | ધ કોમ. બેંક ઓફ મેક્સિકો |
| ૫. | જાપાન | ઈ.સ. ૧૮૮૨ | ધ બેંક ઓફ જાપાન |
| ૬. | કેનેડા | ઈ.સ. ૧૯૩૪ | કેનેડિયન સેન્ટ્રલ બેંક |
| ૭. | ઈંગ્લેન્ડ | ઈ.સ. ૧૮૨૬ | ગ્રામીણ જોઈન્ટ બેંક |
| ૮. | ઈંગ્લેન્ડ | ઈ.સ. ૧૯૩૪ | લંડન એન્ડ વેસ્ટ મિનિસ્ટર બેંક |

*ભાગ્યશાળી બનવા પરિશ્રમ કરો.*

**• આર્થિક માહિતી ક્ષેત્ર :**

અર્થતંત્રમાં આર્થિક વિકાસ સરળ બનાવવા માહિતી મેળવવી આવશ્યક છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિશ્વ અને દેશના ઔદ્યોગિક વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. "માહિતીનું અર્થશાસ્ત્ર" એ નવી શાખા છે. તે સામાજિક વિજ્ઞાન છે. માહિતીનું વિજ્ઞાન વ્યાપારીઓ તથા ઉપભોક્તાઓને સહાયરૂપ બને છે. આજે તો સમગ્ર વિશ્વ ઈન્ટરનેટ દ્વારા જોડાઈ રહ્યું છે. "Internet is a Networking of the Net Works" વ્યાપારનું એક નવું "ઈ-કોમર્સ" વિકસ્યું છે. જેમાં મુખ્યત્વે ફેશન, વેચાણ, સંચાર વ્યવસ્થા, ફાઈનાન્સ આવરી લેવાયા છે.

**• ભારતમાં ટપાલ સેવા વિસ્તરણ :**

ભારતમાં ટપાલ સેવા એ વિશ્વનું સૌથી મોટામાં મોટું ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસોનું નેટવર્ક ધરાવે છે.

**ઇ.સ. ૨૦૧૦ સુધી ભારતીય ટપાલ ક્ષેત્રે વિકાસ**

| | | |
|---|---|---|
| કુલ પોસ્ટ ઓફિસ | ૧,૫૪,૯૭૯ | |
| શહેરી પોસ્ટ ઓફિસ | ૧૫,૭૯૭ | ૧૦.૧૯% |
| ગ્રામ્ય પોસ્ટ ઓફિસ | ૧,૩૯,૧૮૨ | ૮૯.૮૧% |
| ખાતાકીય કર્મચારીઓ | ૨.૬ લાખ | |

ભારતીય ટપાલ ખાતાની વિવિધ સેવાઓ આજે ઉપલબ્ધ છે. પોસ્ટકાર્ડ ઈનલેન્ડ લેટર, કવર, ટિકિટો, મની ટ્રાન્સફર, મની ઓર્ડર, બચત બેંક, નાની બચત યોજનાઓ, સ્પીડ પોસ્ટ, બિઝનેસ પોસ્ટ, મીડિયા પોસ્ટ, ઈ-બીલ પોસ્ટ. ઇ.સ. ૧૮૦૪થી પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સેવા શરૂ કરવામાં આવેલી છે.

**• વીમા સેવા ક્ષેત્રે ભારત :**

ભારત સરકાર દ્વારા IRDAની સ્થાપના ઇ.સ. ૧૯૯૯માં કરવામાં આવી છે. જેનું નામ છે "Insurance Regulatory & Development Act." આ એક્ટ પોલીસી હોલ્ડરની કોઈપણ સમસ્યા હલ કરે છે. સામાન્ય રીતે માનવી પોતાના ભવિષ્યનો ખ્યાલ રાખી વીમો ઉતરાવે છે. જેમાં આરોગ્ય, અકસ્માત, બાળકોનો અભ્યાસ, નિવૃત્તિ બાદ ઉપયોગી બની શકે તે અંગે બચતના સાધનો – આદિનો તથા આગ જેવી નૈસર્ગિક આપત્તિઓમાં મદદ મળે તે માટે વીમો ઉતરાવે છે. હાલે આપણા દેશમાં ૧૩ વીમા કંપનીઓ છે.

**• ઊર્જા ક્ષેત્રે પ્રગતિ :**

અર્થતંત્રના વિવિધ ક્ષેત્રના ચાલક બળ તરીકેની આ ક્ષેત્ર ભૂમિકા ભજવે છે. તેના કોમર્શિયલ એનર્જી તથા નોન કોમર્શિયલ એનર્જી એવા બે ભાગ છે. આપણા દેશમાં મોખરાનું સ્થાન ધરાવતી એનર્જી કંપનીઓમાં એન.ટી.પી.સી., એન.એસ.પી.સી., ટાટા પાવર, અદાણી પાવર, રિલાયન્સ પાવર, એસ.જે.વી.એન., લેન્કો ઈન્ફાટેર, દામોદર વેલી કોર્પોરેશન સમાવિષ્ટ છે.

**• હેલ્થકેર ક્ષેત્રે વૃદ્ધિ :**

રોજગારી અને આવકના ક્ષેત્રમાં આ ક્ષેત્ર મોટું છે. દેશમાં નિદાન, સારવાર અને રોગપ્રતિબંધન માટે અપાતી સેવાઓ અને ભૌતિક તેમજ માનસિક તંદુરસ્તીની દિશામાં સેવા આપતા ક્ષેત્રને "હેલ્થ કેર સિસ્ટમ" કહે છે. વાર્ષિક ૧૦ ટકાના દરે આ ક્ષેત્ર કુલ રોજગારીના એક ચતુર્થાંશ (૧/૪) રોજગારી પૂરી પાડે છે. આ ક્ષેત્રમાં ડોક્ટર્સ, ફિઝિશિયન્સ, નર્સિસ, ઔષધ તંત્ર, દવાના વેપારીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ કેન્દ્ર, ૧૦૮ની સેવા ઉપલબ્ધિ આવરી લેવાયા છે.

**• વિકસતું પ્રવાસન ક્ષેત્ર :**

સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠનના અહેવાલ મુજબ આ ક્ષેત્ર કુલ રોજગારીના સાત ટકા પ્રત્યક્ષ રોજગારી અર્પે છે. ઇ.સ. ૨૦૦૮-૦૯માં ૧.૪૪ કરોડ વિદેશી પ્રવાસીઓ ભારત આવેલા. જેની સંખ્યા ૨૦૧૦માં ૧.૭૯ કરોડ થઈ છે. ખાસ કરીને ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લાનું ટુરિઝમ વિકસી રહ્યું છે. વિશ્વના પ્રવાસન મેપમાં અગ્ર સ્થાન મળવા લાગ્યું છે.

*(લેખકશ્રી ભુજની શ્રી આર.આર. લાલન કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક છે.)*

*૬/એ, લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**Dalal**
**S. Nitinkumar & Co.**
**CANVASSING AGENT**
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
• Sister Concern •
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

*જીત હંમેશાં ભલાઈની જ થાય છે.*

# ગાંધીના શસ્ત્ર – અહિંસાથી લડાયેલી વિશ્વની કેટલીક મહાન ક્રાંતિઓ

ઇતિહાસ

• દામજી માણેક ગડા •

ગાંધીની અહિંસક ક્રાંતિમાં વિશ્વાસ હોવાથી દેશભરમાં અહિંસક આંદોલન ચલાવી રહેલા સંગઠનોની સાથે નિકટથી સંકળાયેલો હોવાથી ગાંધીના સિદ્ધાંતો અને વિચારોમાં અતુટ શ્રદ્ધા છે. ગાંધી વિચારધારા ચલાવતા સામયિકો 'ભૂમિપુત્ર', 'નિરીક્ષક', મરાઠીમાં 'સાધના', 'આંદોલન', હિંદીમાં 'સામયિક વાર્તા' અને 'સામ્યયોગ' વાંચવાનો સમય કાઢી લઉં છું.

સામયિક નિરીક્ષકમાં અભિજીત વ્યાસનો એક લેખ ગાંધીના શસ્ત્ર – અહિંસાથી લડાયેલી વિશ્વની કેટલીક મહાન ક્રાંતિઓ વાંચવા મળ્યો. અભિજીત વ્યાસના શબ્દોમાં એક ડોક્યુમેન્ટરી ફિલ્મ એમને જોવા મળી. એ દસ્તાવેજી ફિલ્મ તે "A more powerful force." આપણે ત્યાં સાધારણ રીતે દસ્તાવેજી ફિલ્મો સર્જવાનું અને તેને જોવાનું ખાસ આકર્ષણ હોતું નથી. એવું પણ નથી કે દસ્તાવેજી ફિલ્મો આપણે ત્યાં તૈયાર થતી નથી. પરંતુ તેના વિતરણની સમસ્યાઓ હોવાને કારણે સારી દસ્તાવેજી ફિલ્મો દર્શકો સુધી પહોંચતી નથી. આ કારણે દર્શકોને તેની માહિતી મળતી નથી. ફિલ્મ ડિવીઝન જેવી એક સંસ્થા આપણે ત્યાં કાર્યરત છે. આ સંસ્થા દ્વારા અનેક સરસ દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ થયું છે.

એક સમયે સમાચાર પહોંચાડવા માટેનું માધ્યમ જ આ ફિલ્મ વિભાગ દ્વારા તૈયાર થયેલા "ન્યુઝ રીલ" હતાં. આજે ટેલીવિઝનના આગમનથી આ પ્રકારની ફિલ્મો હવે જીવંત સ્વરૂપમાં જોવા મળે છે. આ ફિલ્મ ડિવીઝન દ્વારા આપણા કેટલાક કલાકારો, લેખકો અને રાજકર્તાઓ ઉપર કેટલાક સુંદર તથ્યચિત્રો પણ નિર્માણ પામ્યા છે. જે વિતરણની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે મોટાભાગના પ્રેક્ષકોને જોવા મળતી નથી.

"A Force more powerful" એ પણ એક તથ્યચિત્ર (ડોક્યુમેન્ટરી) છે. વીસમી સદીનો ઈતિહાસ જોઈએ તો તેમાં અનેક પ્રકારના આંદોલનો અને યુદ્ધો થયાં. ઈતિહાસમાં જગતની સૌથી મોટી હિંસક સદી તરીકે પણ ઓળખાય છે. ૨૦મી સદીમાં અનેક રાજનૈતિક પુરુષો થયાં. એમાં એક મહત્ત્વનું અને પ્રભાવક નામ મોહનદાસ કરમચંદ ગાંધીનું પણ છે. દક્ષિણ આફ્રિકામાં એમણે એક અહિંસક ચળવળ કરી અને તે ચળવળનો પ્રભાવ સંપૂર્ણ જગત પર પડ્યો. આ આંદોલનથી પ્રેરાઈને બીજા અનેક દેશોમાં આ જ પ્રકારના અહિંસક આંદોલનો, સત્તા સામે થયાં.

આવા કેટલાક આંદોલનોની વાતો આ ફિલ્મ "A Force more powerful"માં થઈ છે. આ ફિલ્મની રજૂઆતનાં ચિત્ર ઉપર "ડેસમંડ ટુટુ" નું એક વિધાન લખ્યું છે : 'જ્યારે લોકો નક્કી કરે છે કે તેમને સ્વતંત્ર થવું છે, ત્યારે તેમને કોઈ રોકી શકતું નથી. (When People decide they want to be Free, there is nothing that can stop them.)

આ ફિલ્મની શરૂઆત ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની સરકાર સામે આરંભેલા અહિંસક આંદોલનથી થાય છે. ગાંધીએ આરંભેલી અહિંસક આંદોલનની યાત્રા ઘર આંગણે પણ આગળ ચાલે છે. અસહકાર આંદોલન, દાંડીકૂચ, વિદેશી માલનો બહિષ્કાર વગેરે દ્વારા સ્વતંત્રના આંદોલનની વાતો જોવા મળે છે. આઝાદીના આંદોલનના કેટલાક અલભ્ય દશ્યો પણ ફિલ્મમાં જોવા મળે છે. ફિલ્મમાં નારાયણ દેસાઈ, એલિક પદમશી અને પ્રો. દેવવ્રત પાઠકની મુલાકાતો પણ આ સંદર્ભમાં જોવા મળે છે. આ પહેલા ઘટકનું શીર્ષક છે : "ડીફાઈંગ ધ ક્રાઉન." બીજા ઘટકનું શીર્ષક છે : "વી વેર વોરિયર્સ."

૧૯૬૦ના સમયમાં અમેરિકાના નેસવીલમાં શરૂ થયેલું આંદોલન પણ ગાંધીના અહિંસક આંદોલનની પ્રેરણાથી શરૂ થયું હતું. ડૉ. માર્ટિન લ્યુથર કિંગ જુનિયરને માટે પણ ગાંધીજી પ્રેરણાસ્રોત હતા. એમની લડાઈ બધાને સન્માન અને સમાન હકને માટેની હતી. અને તેઓ પણ અહિંસક આંદોલન કરીને સમાન હક અને સન્માન પ્રાપ્ત કરે છે.

ગાંધીના અહિંસક આંદોલનમાંથી પ્રેરણા લઈને દક્ષિણ આફ્રિકાના એક યુવાન નામ મુસ્લીજેક ૧૯૮૫માં એપાર્થિક તરીકે ઓળખાતી કાનુની અસમાનતા સામે આંદોલન કરે છે અને બહિષ્કાર દ્વારા ગોરી પ્રજાને તે પ્રત્યે સાવધ કરે છે. આ આંદોલન પણ અહિંસક હતું. આ ઘટકનું શીર્ષક છે : "ફ્રિડમ ઈન અધર લાઈફ ટાઈમ." ૧૯૪૦ના એપ્રિલમાં જર્મન લશ્કર ડેન્માર્ક ઉપર આક્રમણ કરે છે. હજારો યહૂદીઓની હત્યા પછી પણ નાઝી જર્મનીની સામે ડેનીસ પ્રજાનું આંદોલન અહિંસક જ રહે છે અને તે આંદોલનના પરિણામે જ તેમનો વિજય થાય છે. ઇતિહાસની આ ઓછી જાણીતી વાત આ ફિલ્મ દ્વારા જોવા મળે છે. એમની પ્રેરણા પાછળ ગાંધીના સિદ્ધાંતો અને મૂલ્યો હતાં. આ એપિસોડનું શીર્ષક છે : "લીવિંગ વિથ એનિમી"

૧૯૮૦માં પોલેન્ડનાં કામદારો એક સ્વતંત્ર યુનિયનની માગણી કરે છે. કામદારો સોલિડારીટી નામે એક સંગઠન (યુનિયન) ઊભું કરે છે. ૧૯૮૧માં સરકાર આ યુનિયનને તોડી પાડવાની કાર્યવાહી કરે છે. ફરી સોલિડારીટીના સભ્યો એકઠા થઈ માથું ઊંચકે છે અને તેમના આંદોલનના પરિણામે ૧૯૮૯માં સત્તાવાહી પાર્ટી તરીકે ઊભરી

*ગયેલો સમય પાછો આવતો નથી.*

આવે છે. આ એપિસોડનું શીર્ષક છે : "વી હેવ કોટ ગોડ બાય આર્મ."

આ પછીના છેલ્લા ઘટકનું શીર્ષક છે : "ડીફીટ ઑફ ડિક્ટેટર." ૧૯૮૩માં ચીલીના કામદારોએ મિલીટરી સરમુખત્યાર જનરલ ઓગસ્ટો પીનોચેની સામે અહિંસક આંદોલન ચલાવેલું. આ આંદોલનને તોડી પાડવા માટેના બધા પ્રયત્નો નાકામિયાબ રહ્યા પછી લોકશાહીની તરફેણમાં ૧૯૮૮માં સરમુખત્યાર પીનોચેની હાર થાય છે. આ સદીનું અવલોકન કરતાં ઈતિહાસની સૌથી વધુ હિંસક સદી કહેવાય છે. તેની સામે લાખો લોકોએ અહિંસાના શસ્ત્રથી લડાઈ લડીને જીત હાંસલ કરી.

ભલે આ સદી ઈતિહાસની સૌથી લોહિયાળ સદી કહેવાતી હોય, ફિલ્મ દિગ્દર્શકે તો તેને "એ સેન્ચુરી ઓફ નોનવાયલેન્ટ કોન્ફિલક્ટ" કહી છે. કારણકે આ બધા જ આંદોલનના પાયામાં ગાંધીના અહિંસાનું આંદોલન હતું. એજ પ્રેરણારૂપ બળ હતું. ગાંધીના જીવન પર આપણે ત્યાં અનેક દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ થયું છે. આ બધી ફિલ્મ ડિવીઝન પાસે રહેલા અનેક તથ્યાત્મક દશ્યોના આધારે સર્જાઈ છે. આ ફિલ્મમાં પણ એજ બધા તથ્યચિત્રોનો ઉપયોગ થયો છે. પણ તેનું સંકલન એટલું સરસ થયું છે કે એક સમગ્ર કાલખંડ આપણી આંખોની સામે જીવંત થઈ જાય છે.

તેવી જ રીતે અન્ય બધા દેશોનાં દશ્યો પણ અત્યંત તથ્યાત્મક છે. ફિલ્મમાં અનેક લોકોના ઈન્ટરવ્યૂઝ છે. તેમાંના કેટલાકોએ આ આંદોલનોમાં ભાગ પણ લીધો છે. આ ફિલ્મના કથક (નેરિટર) જાણીતા અભિનેતા બેન કિંગ્સલી (રિચાર્ડ ઍટનબરોની ફિલ્મ "ગાંધી"ના ગાંધી) છે. ફિલ્મમાં નિર્માણ લેખન અને દિગ્દર્શન સ્ટીવ યોર્કનું છે. ફિલ્મ અંગ્રેજી, ફ્રેચ, સ્પેનીશ, અરબી, બર્જીઝ, ફારસી, હીબ્રુ, ઈન્ડોનેશિયન. ઈટાલિયન, મેન્ડેરીન, નેપાલી, રશિયન, વિયેટનામીઝ – એમ દસ જેટલી ભાષામાં સર્જાયેલી છે. આ ફિલ્મની સ્ક્રીપ્ટ પણ પુસ્તકનાં સ્વરૂપમાં ઉપલબ્ધ છે. "એ ફોર્સ મોર પાવરફુલ" એ જુદા જુદા દેશોમાં ચાલેલા અહિંસક આંદોલનની વાત કરતું તથ્યચિત્ર છે. તે દર્શકોને ઈતિહાસ દર્શન કરાવે છે.

આઝાદી પછી આપણાં દેશમાં મોટી ક્રાંતિ લોકશાહી બચાવવા માટે થયેલી. તે વખતે ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં દેશભરમાં રાતોરાત કટોકટીની ઘોષણા કરી દીધી. પ્રેસ અને લોકોના વિચારો પર પાબંધી લાદી દીધી હતી. એકાએક દેશભરમાંથી કટોકટી ઉઠાવીને ચૂંટણીની જાહેરાત કરી દીધી. ભારતીય પ્રજાએ વોટ (મત)ના આધારે સરમુખત્યારશાહીનો પરાજય કરેલો. આ અહિંસક ક્રાંતિના સરનાયક જયપ્રકાશ નારાયણ હતા. પરંતુ તેની પાછળ પ્રેરણાબળ ગાંધીના વિચાર હતા.

આજે પણ દેશભરમાં સરકારની ખોટી વિકાસની નીતિઓને કારણે લોકોમાં અસંતોષ નિર્માણ થયેલ છે. આ નીતિઓનો વિરોધ અસહકાર, સત્યાગ્રહના બળે નેશનલ અલાયન્સ ઓફ પીપલ્સ મુવમેન્ટ (NPM)ના કાર્યકર્તાઓ અહિંસક આંદોલન કરી રહ્યા છે. આ સંગઠનના કાર્યકર્તાઓ સંપૂર્ણ દેશમાં ફેલાયેલા છે. આ કાર્યકર્તાઓ લોકોની ભાષા બોલે છે, લોકોની વચ્ચે રહે છે અને લોકોનાં કલ્યાણ માટે કાર્ય કરે છે. આ કાર્યકર્તાના કર્મમાં ગાંધીના સિદ્ધાંતો અને વિચારોનું પ્રેરણાબળ જોવા મળે છે.

*આર-૫૬૭, એમ.આઈ.ડી.સી.,*
*ટી.ટી.સી., રબાલે*
*નવી મુંબઈ - ૪૦૦ ૭૦૫.*
*ફોન : (૦૨૨) ૨૭૬૯૫૭૬૬*

## બાયપાસ સર્જરીના ત્રીસ વરસ બાદ

**(અનુસંધાન : પાના નં.-૪૯ ઉપરથી ચાલુ)**

ખૂબ નાની ઉંમરે આક્રમક સીએચડી છે. પ્રામાણિકપણે, તમે ૪૦ વર્ષની ઉંમર સુધી પહોંચી શકશો એ વિષે મને આશંકા છે. તમે તમારા બાળકોને સ્નાતક થતા જોઈ શકશો કે કેમ એ વિષે બહુ ઓછી આશા છે." તેમની પ્રત્યુત્તર આપવાની રીત ખૂબ નિષ્ઠુર હતી પણ મારે માનવું પડે એમ હતું કે એ કદાચ સાચા હોઈ શકે. એક કે બે અઠવાડિયા સુધી હું હતાશ રહ્યો, હું સ્પષ્ટ માર્ગ જોવા માટે અથવા તો કોઈ નિર્ણાયક પગલાં લઈ શકવા માટે અસમર્થ હતો. પછી મારી પત્નીએ આખીય વાતને પરિપ્રેક્ષ્યમાં મૂકીને કહ્યું : "તેમની આગાહી અટલ ભાવિ નથી." "એ વાત સાચી છે કે તમે હવે જે પત્તાથી ભૂતકાળમાં રમ્યા એ બદલી શકાય તેમ નથી. તમારે ખૂબ નાની ઉંમરે આક્રમક હૃદય રોગની તકલીફ છે. પણ તમે જીવનરૂપી પત્તા રમવાની રીતને બદલી શકો છો. અને આપણે બધા જ પ્રયત્નો કરીશું કે જેનાથી આપણે અત્યંત પૌષ્ટિક ખોરાક લઈએ અને તમામ અવરોધોને દૂર કરવા માટે પૂરતી કસરત પણ કરીશું."

અને અમે તે પ્રમાણે જ કર્યું. તેણે કેવી રીતે કામ કર્યું? ૨૦૦૯માં મેં મારી પત્ની સાથે મારી ઉપર કરવામાં આવેલી બાયપાસ શસ્ત્રક્રિયાની વર્ષગાંઠ તિથિ ઉજવી. શસ્ત્રક્રિયાના ૩૩ વર્ષ બાદ, બાયપાસ શસ્ત્રક્રિયામાંથી જીવનને ઉગારીને લાંબુ જીવન જીવ્યા હોય તેવા લોકોમાં આખાય દેશમાંના લોકોમાં મારો પણ સમાવેશ થાય છે. મારા હાલના બાયોમેટ્રિક માપદંડ - કોલેસ્ટેરોલ, વજન અને લોહીનું દબાણ - દર્શાવે છે કે ૧૯૭૭ કરતા અત્યારે હું વધુ તંદુરસ્ત છું. પરિણામે, હું મારા દીકરા અને દીકરીને શાળા, કોલેજ, કાયદાની કોલેજમાં સ્નાતક થતા, લગ્નના ૪૨ વર્ષની ઉજવણી, દીકરાના લગ્નપ્રસંગની ખુશી, ૬૫મા જન્મદિવસે પરિવાર સાથે મેળાવડો, પૌત્ર-પૌત્રીઓને રમાડી શક્યો અને ૨૫ વર્ષની હૃદયરોગ વિષે લખવાની અને વાત કરવાની કારકિર્દીને હું જોઈ શક્યો. આ કશુંય શક્ય ના હોત – જો મેં તંદુરસ્ત જીવનશૈલીને અપનાવી ના હોત તો.

***(ક્રમશઃ)***

***સીમ્સ હોસ્પિટલ, શુકન મૉલની સામે,***
***સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ***
***મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩***
***Email : dhiren.shah@cims.me***

*ભૂલનો સ્વીકાર, દૂર કરે તકરાર.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૯

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

- **સમાજના જરૂરતમંદ સભ્યો માટે આવાસ યોજનાનું સ્વરૂપ નક્કી થયું.**
- **કચ્છ જિલ્લાના નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓનું તા. ૨૭-૨-૨૦૦૮ના રોજ કે.ડી.સી.ના ઉપક્રમે ગાંધીનગર ખાતે બહુમાન કરવામાં આવ્યું.**
- **આવાસ યોજનાનું ભૂમિપૂજન, રીનોવેટ થયેલા શ્રી કચ્છી જૈન સેવા ભવનનું ઉદ્‌ઘાટન અને મુંબઈ - શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રીઓના સન્માનનો કાર્યક્રમ તા. ૩૦-૩-૨૦૦૮ના રોજ યોજાયેલ.**
- **કે.ડી.સી. દ્વારા ભુજ ખાતે શૈક્ષણિક શિબિર સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તા. ૮-૩-૨૦૦૮ના રોજ કરવામાં આવેલ.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એક એવી સંસ્થા છે કે, તેના ઉદ્‌ગમકાળથી જ પોતાના સભ્ય પરિવારજનોના વિકાસ અને સેવાકીય ક્ષેત્રના અનેકવિધ કાર્યોમાં ઉત્તરોત્તર વધારો કરતી રહી છે. જેના અંતર્ગત નીચે મુજબની સેવાઓનો લાભ વર્ષોથી સમાજનાં સભ્યોને આપી રહેલ છે.

★ કોઈ પણ સભ્યને ત્યાં નવા જન્મતા બાળકને રૂા. ૧૦,૦૦૦/-નું ગીફ્ટ વાઉચર આપે છે. જેથી જ્યારે બાળક ૨૦ વર્ષનું થાય ત્યારે તેની વ્યાજની રકમ સહિત બાળકને સારી એવી રકમ મળી શકે.

★ શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરમાં સમાજનાં બધા જ સભ્યોને માત્ર ૨૫ ટકાના દરેથી બધા જ પ્રકારની તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

★ સમાજનાં કોઈપણ જરૂરિયાતવાળા કુટુંબને રૂા. ૨૫,૦૦૦/- જેટલા વીમાની મેડિક્લેઈમ રકમ સમાજ તરફથી ચૂકવવામાં આવે છે.

★ સમાજના દરેક કુટુંબની કોઈપણ એક વ્યક્તિનો અકસ્માતે અવસાન થાય તો તે માટેનો રૂા. ૨.૫૦ લાખનો વીમો સમાજ તરફથી લેવામાં આવે છે.

★ વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે આવશ્યક કોઈ પણ પ્રકારની શૈક્ષણિક સહાયતા પૂરી પાડવામાં આવે છે.

★ મહિલા ઉત્કર્ષ, યુવા વિકાસ, વયસ્ક સભ્યોની, લાઈબ્રેરી વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ પણ સમાજનાં સભ્યો માટે આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં તે સમયના અંદાજિત ૭૫૦ સભ્ય કુટુંબોમાંથી અનેક કુટુંબો એવા હતા કે જેઓની માસિક આવક રૂા. ૫,૦૦૦/- સુધીની હતી. જે આવકમાંથી તેઓએ પોતાનું ઘર ચલાવવાનું, મકાનનું ભાડું ભરવાનું, બાળકોનાં અભ્યાસનો ખર્ચ કરવાનું, ઘરેથી વ્યવસાય કે નોકરીનાં સ્થળે આવવા-જવા માટેનો ખર્ચ વગેરે કરતા હતા. મોંઘવારીના સમયમાં આ પ્રકારના કુટુંબો આવક - જાવકના બે છેડાઓ મુશ્કેલીથી મેળવી શકતા હોય તે સ્વાભાવિક છે. એટલે આ પ્રકારના કુટુંબોને પોતાનું મકાન લેવાનું તો સ્વપ્ને પણ વિચાર ન આવે, તે સમજી શકાય તેવી બાબત છે. આ કારણે આવા કુટુંબોને પોતાનું ઘર મળે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આવાસની સુવિધા પૂરી પાડવાનું બીડું ઝડપ્યું. અને એના અનુસંધાને શનિવાર, તા. ૧૯-૧-૨૦૦૮ના રોજ બહેરામપુરા સ્થિત શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટની જગ્યા પસંદ કરવામાં આવી. જ્યાં આશરે ૧૦૦ જૈન પરિવારો વસવાટ કરે છે અને જેના પ્રાંગણમાં જ જૈન દેરાસર તથા ઉપાશ્રય વગેરેની સગવડ ઉપલબ્ધ છે. તેવા સંકુલમાં રૂા. ૧૫૦૦/- પ્રતિ ચોરસવારના હિસાબે અંદાજિત ૨૮૦૦ ચોરસ વારની FSI પેઢી પાસેથી સંપાદિત કરી અને તેનો બાનાખત કરી લેવામાં આવ્યો.

એક બેડરૂમ, હોલ, કિચનનાં ૭૦ ચોરસ વારના ૪૦ ફ્લેટ સમાજનાં જરૂરિયાતવાળા સભ્યો માટે બનાવવા માટેની એક યોજના ઘડી કાઢવામાં આવી. ભોંયતળિયું + ૪ માળ – એ રીતે ૫ માળના બિલ્ડિંગમાં દરેક માળે ૮ ફ્લેટના હિસાબે ૪૦ ફ્લેટ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. લિફ્ટની સુવિધા સહિતનું મકાન બનાવવા માટે મે. અભિનવ એન્જિનિયર્સ સાથે ડેવલપમેન્ટ કરાર કરી લેવામાં આવ્યા અને નજદીકના ભવિષ્યમાં જ બાંધકામ શરૂ કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું.

સમાજના જરૂરિયાતવાળા પરિવારો પાસેથી નજીવી રકમ લઈને આ ફ્લેટો કે જેની કિંમત આશરે રૂા. ૪.૫૦ લાખ પ્રતિ ફ્લેટ હતી તેવા ફ્લેટો સભ્યોને ફાળવવા માટેના નીતિ નિયમો નક્કી કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી.

*કદી, ક્યારેય ખણખોદ ન કરો.*

બાંધકામ શરૂ કરવા માટે તા. ૩૦-૩-૨૦૦૮ના રોજ ભૂમિપૂજન કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તે માટેની સંપૂર્ણ તૈયારીઓ આદરી દેવામાં આવી હતી.

દર વર્ષની જેમ તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૮ના દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં સવારના ૯ વાગે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. સમાજના અંદાજિત ૫૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં સંસ્થાના મે. ટ્રસ્ટી ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ ધ્વજવંદન કરેલ હતું. ધ્વજવંદન બાદ પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈએ સમાજના કાર્યકર્તાઓ તથા સભ્યોને સમાજ તથા દેશ માટે સંઘભાવના કેળવવાનું આહ્‌વાન કરેલ હતું.

ધ્વજવંદન બાદ સંસ્થાના સાંસ્કૃતિક હોલમાં એક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાજર રહેલા મહાનુભાવોમાંથી કેટલાકે પ્રાસંગિક પ્રવચનો કરેલ હતા. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ મુંબઈ અતિથિ ભવન પ્રોજેક્ટની વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ અમદાવાદ ખાતેના સમાજના વિવિધ પ્રોજેક્ટ્સ જેવા કે ગીતા મંદિર રીનોવેશનનું કામ તથા બહેરામપુરા વિસ્તારમાં ઊભી કરવામાં આવનાર આવાસ યોજના વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. ભવિષ્યમાં સંસ્થા તરફથી કચ્છનાં વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ માટે ઊભી કરવામાં આવનાર હોસ્ટેલના પ્રોજેક્ટ અંગે પ્રારંભિક રજૂઆતો કરેલ હતી.

ત્યારબાદ મહિલા ઉત્કર્ષ સમિતિનાં કન્વીનર શ્રીમતી સુલુબેન શાહે કેન્સર નિદાન કેમ્પની વિગતવાર રજૂઆત કરી હતી. તે દિવસે સંસ્થા દ્વારા યોજાનાર કેન્સર નિદાન કેમ્પમાં લગભગ ૫૦થી વધુ મહિલાઓએ પોતાના નામો નોંધાવેલ હતા. સમારંભના અંતે અલ્પાહાર લઈ સૌ છૂટા પડેલ હતા.

આગળ જણાવ્યા મુજબ સમાજનાં જરૂરિયાતવાળા સભ્ય પરિવારો માટે એક આવાસ યોજના ઘડી કાઢવામાં આવી હતી. તે આવાસ યોજનાના ભૂમિપૂજન માટેનો કાર્યક્રમ પણ નક્કી કરી લેવામાં આવેલ. આવાસ યોજનાની સાથે સંસ્થાના ગીતા મંદિર ખાતેના રીનોવેટ થયેલા શ્રી કચ્છી જૈન સેવા ભવનનું ઉદ્‌ઘાટન પણ તા. ૩૦-૩-૨૦૦૮ના રોજ કરવું તેવું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે નક્કી કર્યું હતું. તે દિવસે એક સમારંભનું આયોજન કરીને મુંબઈ શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની આવાસ યોજનાના મુખ્ય દાતાઓનું સંસ્થા વતી બહુમાન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપર મુજબના ત્રિવિધ કાર્યક્રમ માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી. પ્રથમ પ્રોગ્રામ સવારના સમયે બહેરામપુરા સ્થિત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સંકુલમાં આવાસ યોજનાના ભૂમિપૂજન બાદ ગીતા મંદિર ખાતે નવીનીકરણ થયેલા શ્રી કચ્છી જૈન સેવા ભવનનું પુનઃ ઉદ્‌ઘાટન અને ત્યારબાદ બપોર પછી ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે મુંબઈ આવાસ યોજનાનાં દાતાશ્રીઓનું બહુમાન કરવું તેવું નક્કી કરી લેવામાં આવ્યું. ત્રણે સ્થળના સમારંભ માટેના અતિથિ વિશેષો નક્કી કરવા તથા સમારંભોમાં હાજર રહેવા માટેના આમંત્રણો આપવા માટે સંસ્થાનાં કેટલાક ટ્રસ્ટી તથા હોદ્દેદારોને મુંબઈ મોકલવામાં આવ્યા અને બધું જ નક્કી થઈ ગયા બાદ ભારતભરમાં ૧૫૦૦ આમંત્રણો મોકલવામાં આવ્યા. બીજી તરફ આમંત્રિતોને ઉતારવા માટે તેમજ તેમના માટે વાહનોની વ્યવસ્થા વિચારવામાં આવી અને સંસ્થાની પ્રણાલિકા મુજબ અલગ અલગ સમિતિઓ બનાવીને તેઓને જવાબદારીઓ સોંપી દેવામાં આવી હતી. તે સાથે તા. ૩૦-૩-૨૦૦૮ના રોજ યોજાનાર ઉપરોક્ત ત્રિવિધ મહોત્સવને સફળ બનાવવા તડામાર તૈયારીઓ આદરી દેવામાં આવી હતી.

તે દરમ્યાન કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ બુધવાર, તા. ૨૭-૨-૨૦૦૮ના રોજ તે સમયના નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના બહુમાનનો એક કાર્યક્રમ હોટલ હવેલી - ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. તે સમયે ગાંધીનગર તથા અમદાવાદ સ્થિત અનેક કચ્છી મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

ભુજ વિભાગના ધારાસભ્યશ્રી તથા સમાજ કલ્યાણ વિભાગનાં રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીર, રાપર વિભાગના ધારાસભ્યશ્રી તથા ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ, મૂળ કચ્છના અને કપડવંજ વિભાગના ધારાસભ્ય શ્રી મણિભાઈ પટેલ, અબડાસા વિભાગનાં ધારાસભ્ય શ્રી જયંતીભાઈ ભાનુશાલી, માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી ધનજીભાઈ સેંધાણી તથા મુંદ્રા વિભાગના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મહેશ્વરી આ સન્માન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ વાગડ વિસ્તારનાં ભુટકિયા ભરૂડિયા ગામના મૂળ વતન તથા વડગામ વિસ્તારમાંથી ચૂંટાયેલા સમાજ કલ્યાણ ખાતાના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા તથા અંજાર વિભાગના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય કોઈ કારણસર ઉપસ્થિત રહી શકેલ ન હતા. કચ્છ જીલ્લા ભાજપના તે સમયના પ્રમુખ શ્રી તારાચંદભાઈ છેડાની ઉપસ્થિતિ સહુને ગમી હતી. સમારંભનું અધ્યક્ષ સ્થાન મૂળ લાયજાના પરંતુ મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાએ સંભાળેલ હતું. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોકભાઈ મહેતાએ આવકાર પ્રવચન આપતા જણાવેલ હતું કે નવનિર્વાચિત કચ્છી ધારાસભ્યશ્રીઓને આવકારતા અમદાવાદ - ગાંધીનગર સ્થિત અનેક કચ્છી પરિવારો હર્ષની લાગણી અનુભવે છે.

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

આવકાર પ્રવચન બાદ શ્રી વાસણભાઈ આહીરનું બહુમાન શ્રી જગશીભાઈ છેડાએ, શ્રી મણિભાઈ પટેલનું બહુમાન શ્રી અશોકભાઈ મહેતાએ, શ્રી જયંતીભાઈ ભાનુશાલીનું બહુમાન શ્રી પ્રતાપભાઈ દંડે, શ્રી રમેશભાઈ મહેશ્વરીનું બહુમાન ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ, શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહનું બહુમાન શ્રી કાંતિલાલભાઈ સાવલાએ, શ્રી ધનજીભાઈ સેંધાણીનું બહુમાન શ્રી ધીરજભાઈ સોમપુરાએ તથા શ્રી તારાચંદભાઈ છેડાનું બહુમાન શ્રી હીરજી પાસુભાઈ શાહે કરેલ હતું.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં અધ્યક્ષ શ્રી અશોકભાઈ મહેતાએ સંસ્થાકીય અહેવાલ આપતા જણાવેલ હતું કે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ કચ્છના સર્વાંગી વિકાસ માટેનાં પ્રયત્નો કરી રહેલ છે. તેઓશ્રીએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે અત્યાર સુધી ઔદ્યોગિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે તથા ખેતીવાડી ક્ષેત્રે જે કાર્યો કરેલ છે તેની વિગતવાર માહિતી આપેલ હતી. કચ્છમાં નર્મદાના પાણી નિયમિત તથા વધારાના પાણી ઝડપથી પહોંચે તે અંગે સેમિનારો કે મિટીંગો જે તે વિભાગનાં ઉચ્ચ અધિકારીઓશ્રી અને કચ્છની રાજકીય નેતાગીરી સાથે થયેલ, તેની પણ માહિતી આપેલ હતી. તેઓશ્રીએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની ભવિષ્યની કામગીરી અંગેની રૂપરેખા પણ રજૂ કરી હતી.

શ્રી વાસણભાઈ આહીરે પોતાના પ્રવચનમાં જણાવેલ હતું કે જ્યારે કચ્છનાં વિકાસને લગતી વાતો આવશે ત્યારે અમે બધા જ કચ્છી ધારાસભ્યો એક છીએ. અને એ માટે અમે અમારાથી બનતા બધા જ પ્રયત્નો કરીશું. તે ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી ધીરજભાઈ સોમપુરા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી હસમુખભાઈ ગઢેચા તથા શ્રી બાબુભાઈ મેઘજી શાહે પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સમારંભના પ્રમુખે કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કરવા બદલ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને ધન્યવાદ આપેલ હતા. કાર્યક્રમના અંતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કર્યા બાદ, ભોજન લઈ સૌ છૂટા પડ્યા હતા.

કચ્છ જિલ્લામાં અંદાજિત ૧૬૨૫ પ્રાથમિક શાળાઓ છે. કચ્છના ગામડાંઓમાં અપાતું શિક્ષણ વધુને વધુ ઉચ્ચ કક્ષાનું બને એ આશયથી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે ભુજ ખાતેના ટાઉનહોલમાં શનિવાર,તા. ૮-૩-૨૦૦૮ના રોજ કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં સહકારથી એક શિબિર યોજવામાં આવેલ હતી. આ શિબિરમાં સી.આર.સી., બી.આર.સી. તથા વિવિધ શાળાઓના અંદાજિત ૫૦૦ જેટલા આચાર્યશ્રીઓ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

માનનીય શ્રી વાસણભાઈ આહીર, સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી જીવાભાઈ આહીર તથા જિલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા આ શિબિરમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય મંત્રીશ્રીએ આ પ્રસંગે બાળકો તથા શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરેલ હતું. આ પ્રસંગે એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં અનેક શિક્ષકોએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પનું ઉદ્ઘાટન શિબિરમાં અધ્યક્ષ સ્થાન શોભાવનાર શ્રી આર.સી. રાવલ સાહેબનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. તેઓશ્રી ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનાં નિયામક તરીકે હતા. તેઓશ્રી સાથે જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી શ્રી મહેશભાઈ રાવલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પ્રફુલ્લભાઈ જલુ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં અધ્યક્ષ શ્રી અશોકભાઈ મહેતા, ઉપાધ્યક્ષ શ્રી શશીકાંતભાઈ ઠક્કર, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ, કેળવણીકાર શ્રી રમેશભાઈ દવે, શ્રી કાંતિસેનભાઈ શ્રોફ, જી.સી.ઈ.આર.ટી.નાં પૂર્વ નિયામક શ્રી નલીનભાઈ પંડિત, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી દિનેશભાઈ સેવક, શ્રી નિમેષ ફડકે વગેરે મહાનુભાવો મંચ પર બિરાજમાન હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અશોકભાઈ મહેતાએ ઉપસ્થિત સૌને આવકાર્યા હતા અને ખાસ કરીને શિક્ષકોને જણાવેલ હતું કે આજની આ શિબિરમાં જે કંઈ કાર્યવાહી કરવામાં આવે તેનો ગામડામાં જઈ નિષ્ઠાપૂર્વક અમલ કરવામાં આવશે તો જ આ શિબિરની સાર્થકતા જણાશે. ત્યારબાદ શિક્ષણકાર શ્રી રમેશભાઈ દવેએ આ શિક્ષણ સજ્જતા શિબિરનાં હેતુ અને ઉદ્દેશ અંગે વિગતવાર માહિતી આપેલ હતી.

માધાપર શાળા નં.-૨ ની વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના અને ભીડ બજાર શાળા નં.-૨ની વિદ્યાર્થિનીઓએ રજૂ કરેલ સ્વાગત ગીત બાદ ઉપસ્થિત વિવિધ મહાનુભાવોએ પોતાના પ્રવચનોમાં શિક્ષણનું ધોરણ કઈ રીતે ઊંચે લઈ જઈ શકાય તે માટે વિવિધ સૂચનો કરેલ હતા. કાર્યક્રમમાં બપોર પછી શિક્ષકો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોનાં નિયામક શ્રી આર.સી. રાવલ સાહેબે મુદ્દાસર જવાબ આપેલ હતા. શિબિરના અંતમાં નિયામકશ્રીએ ખૂબજ લાગણીસભર અને વિશાળ માહિતી સાથે ઉદ્બોધન કરેલ. ત્યારબાદ સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડની આભારવિધિ સાથે શિબિરની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી હતી.

***(ક્રમશઃ)***

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

સંસ્થા/વ્યક્તિ વિશેષ

માનસિક વિકલાંગ સંતાનોના માતા-પિતાની ચિંતામાંથી સર્જાયું...

# "સંજાણ હોમ"

● કિરણ ચાંપાનેરી 'સેતુ' ●

**કુદરતની કૃપાથી વંચિત એવા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોના શિક્ષણ અને વિકાસની સાથોસાથ તેવા બાળકો અથવા પુખ્ત વયની વ્યક્તિને કલા-કારીગરીમાં પ્રવીણતા મેળવવામાં તથા તેઓને પગભર કરવા પ્રશિક્ષણ આપતી સંસ્થા એટલે "સંજાણ હોમ." એક સર્વેક્ષણ મુજબ કુલ વસતિના ૩ ટકા લોકો આ પ્રકારના ક્ષતિગ્રસ્ત હોય છે. જ્યારે આવી કોઈ સામાજિક સંસ્થાની મુલાકાત લઈએ ત્યારે જ તેમની સ્થિતિનો તેમજ તેમના વાલીઓ, માતા-પિતાની સમસ્યા અને સંવેદનાનો સાચો અંદાજ મળી શકે. આજે જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીએ પ્રગતિ કરી છે ત્યારે તેઓ પણ બીજાની માફક સામાન્ય જીવન જીવી શકે તેવું વાતાવરણ ઊભું કરવાની ખાસ જરૂર છે. લેખકશ્રીએ આ ક્ષેત્રની એક ઉત્તમ સંસ્થાની ખૂબ જ ઉપયોગી માહિતીની રજૂઆત કરી છે.**

*– તંત્રી મંડળ*

સંસાર જીવનમાં યુવક-યુવતી, સ્ત્રી-પુરુષ પ્રભુતામાં પગલાં પાડે પછી તેમની મહેચ્છા વહેલાસર સંતાન પ્રાપ્ત કરવાની રહે છે. તો દંપતીના માતાપિતાને દાદા-દાદી અને નાના-નાની બનીને પોતાના વ્યાજ પર વ્હાલ વરસાવવાની ઉતાવળ હોય છે. સંતાન પ્રાપ્તિ, એ દાંપત્ય જીવનનું સર્વોત્તમ સુખ છે! બાળક-શિશુઓ એટલે દેવના દૂતસમા બાળકો. મોટાભાગના કિસ્સાઓમાં તો સંતાનો સોહામણા અને તંદુરસ્ત જન્મતા હોય છે.

પણ સંસારના દરેક પતિ-પત્નીને સ્વસ્થ, તંદુરસ્ત અને દેખાવડા સંતાનો સાંપડતા નથી. ઘણાં દંપતીઓને જન્મજાત બહેરામૂંગા, તો કોઈકને જન્મજાત પ્રજ્ઞાચક્ષુ (દૃષ્ટિહીન) તો કોઈકને હાથ-પગની ખોડવાળા તો કોઈકને મંદબુદ્ધિના સંતાનો કુદરત તરફથી ભેટ મળતા હોય છે! જન્મજાત, બહેરામૂંગા, પ્રજ્ઞાચક્ષુ, હાથેપગે ખોડખાંપણવાળા સંતાનોનું તો આધુનિક ટેકનોલોજીના સંશોધનથી જીવન સરળ બનાવ્યું છે. તેમ છતાંય આવી વ્યક્તિ અને તેમના માતાપિતાને પારાવાર મુશ્કેલીઓ પડતી હોય છે. **તેમાંય જન્મજાત મંદબુદ્ધિના મેન્ટલી રિટાર્ડેડ બાળકો-સંતાનોના વાલીઓ-માતાપિતાની સમસ્યા અને સંવેદનાની વાત જ કરી શકાય તેમ નથી.**

દરેક માબાપને પોતાનું સંતાન પ્રાણથી પણ પ્યારું હોય છે. પછી તે સંતાન શારીરિક રીતે વિકલાંગ હોય કે માનસિક રીતે વિકલાંગ પણ માતાપિતા તેનું જતન મન મૂકીને કરે છે. તેમાંય વિકલાંગ સંતાન પ્રત્યે તો માતાપિતા વધુ કાળજી રાખતા હોય છે. રાખવી પણ પડે છે.

બાળકમાં મંદબુદ્ધિપણુ તેની ઉંમર વધતા પાંચ-છ વર્ષનું થાય ત્યારે, કે શાળામાં ભણવા મોકલવામાં આવે ત્યારે ધીમે ધીમે ખ્યાલ આવતો જાય છે. **માનસિક રીતે વિકલાંગતા માટે ઘણા કારણો છે. જેમાં ડાઉન સિડ્રોમ અને એક્સ સિન્ડ્રોમના કારણે આનુવંશિકતા, ગર્ભાવસ્થા દરમ્યાન માતાએ દારૂ કે કેફી માદક પીણાનું સેવન કર્યું હોય. કુપોષણ, ગર્ભના મગજને અસર થઈ હોય કે બાળકના જન્મ વખતે ઓક્સિજન પૂરતા પ્રમાણમાં ન મળ્યો હોય અથવા સમય પહેલા-અકાળે બાળકનો જન્મ થયો હોય તો માનસિક વિકલાંગતા એટલે કે ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબિલીટી (મેન્ટલ રિટાર્ડેશન) થવાની સંભાવના વધુ છે.**

માનસિક વિકલાંગ બાળકમાં વિચારશક્તિનો અભાવ, પોતાની રીતે કાર્ય કરવાની સૂઝબૂઝનો અભાવ હોય છે. **આવી વ્યક્તિઓની ઉંમર વધવાની સાથે તેમની બુદ્ધિમત્તા - માનસિકતા વિકસતી નથી.** પરિણામે તે ચાલીસ કે પચાસ વર્ષની ઉંમરે પહોંચે તો પણ વ્યવહાર વર્તન બાળક જેવાં જ રહે છે!

માનસિક રીતે વિકલાંગ બાળકોને તાલીમ અને ખાસ પ્રકારના શિક્ષણ દ્વારા તેના બુદ્ધિમતાંકમાં થોડોક સુધારો થઈ શકે છે. તેનામાં રહેલી સર્જનશક્તિને ખિલવી શકાય છે. આ માટે માનસિક વિકલાંગ બાળકોની - મંદબુદ્ધિના બાળકોની તાલીમ શાળાઓ અસ્તિત્વમાં આવી છે.

મુંબઈના જુહુ વિસ્તારમાં ક્રિશ્ચિયન મિશનરી સંચાલિત **'દિલખુશ સ્કૂલ ફોર મેન્ટલી ચેલેન્જડ ચિલ્ડ્રન'** શાળા ચાલે

**Meera Marketing**
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

**છે.** આ દિલખુશ શાળામાં ભણતા - તાલીમ લેતા માનસિક વિકલાંગ બાળકોના ૧૫૦ માતાપિતાને એક વિચાર સતાવતો હતો કે ....'' પોતે જીવે છે ત્યાં સુધી તો તેઓ પોતાના વિકલાંગ સંતાનની સારસંભાળ, દેખરેખ, જતન કરશે...પણ પોતાની હયાતી ન હોય, અમારી આંખ મિંચાઈ જાય અને સ્વર્ગે સીધાવીએ ત્યારે અમારા આ વહાલસોયા, પ્રાણપ્યારા બાળકોનું શું?''

માનસિક વિકલાંગ બાળકોની ચિંતા સતત સતાવતી રહેતી.... વાલીઓ ભેગા થઈને ચર્ચાવિચારણા કરતાં... કારણ આજના વિષમકાળમાં વિકલાંગ બાળક-સંતાન-વ્યક્તિની દેખભાળ સગા ભાઈ-બહેનો રાખવા તૈયાર નથી હોતા, ક્યારેક કૌટુંબિક કારણસર વિકલાંગ વ્યક્તિની જવાબદારી અદા કરી શકતા નથી...આવા સઘળા પાસાના વિચારમંથનમાંથી સંજાણમાં વરોલી નદીના કાંઠે માનસિક વિકલાંગતા ધરાવતા પુખ્તવયનાં છોકરા-છોકરીઓ માટે પોતાના ઘરના ઘરની ગરજ સારે તેવા 'સંજાણ હોમ' ની રચના કરવામાં આવી.

જુહુ વિસ્તારના અને દિલખુશ સ્કૂલ ફોર મેન્ટલી ચેલેન્જડ ચિલ્ડ્રન શાળામાંના સંતાનોના ૧૫૦ વાલીઓએ વ્યક્તિગત ચિંતાને સંગઠિત થઈ ઉકેલવા, સૂલઝાવવા પ્રયાસ પ્રારંભ્યા. **વાલીઓએ જ સંગઠિત થઈ પોતાની મૂડીમાંથી નાણાંકીય ભંડોળ ઊભું કર્યું.** સંજાણથી ઉમરગામ જતા રોડ ઉપર ટેંભી ગામે વરોલી નદીના કિનારે પ્રાકૃતિક સૌંદર્યના સાનિધ્યમાં 'સંજાણ હોમ' આકાર પામ્યું. **જ્યાં માનસિક વિકલાંગ સંતાન માતાપિતાની હયાતી બાદ આવીને સુખેથી રહી શકે છે.**

સંજાણ હોમના વિચારને સાકાર કરવા ૧૯૮૯ માં તા. ૧૦-૧૨-૧૯૮૯ ના રોજ 'દિલખુશ વેલફેર સોસાયટી' નામે એફ - ૧૩૧૪૯ (મુંબઈ) થી રજિસ્ટ્રેશન કરાવ્યું. પ્રારંભે વાલીઓએ એકત્રિત કરેલ ભંડોળ અને ક્રિશ્ચિયન મિશનરીની આર્થિક સહાયથી સંજાણ પાસે ટેંભી ગામે ત્રણ એકર જમીન ખરીદી જેમાં માનસિક વિકલાંગ સંતાનો - છોકરા અને છોકરીઓ માટે અલગ અલગ રહેવાની હોસ્ટેલ, રસોડું, ડાઈનિંગ હોલ તથા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર અને વહીવટી ઓફિસ - કમ મેડિકલ સેન્ટર ... વગેરે મકાનની અંદર વ્યવસ્થા કરીને ૨૦૦૩ થી 'સંજાણ હોમ' નો પ્રારંભ થયો.

જ્યારે માતા-પિતા બેમાંથી એક હયાત હોય અથવા માતાપિતા વયોવૃધ્ધ થતા તેઓ પોતાના માનસિક વિકલાંગ સંતાનની કાળજી-સંભાળ રાખવા અક્ષમ થાય ત્યારે આ સંતાનો 'સંજાણ હોમ' માં આવીને પોતાનું શેષ જીવન વિતાવી શકે છે. **અહીં ૧૮ વર્ષથી ઉપરના માનસિક વિકલાંગતા ધરાવતા પુખ્ત વયના છોકરાં-છોકરીઓને નાતજાત, ધર્મના બાધ વગર ભારતના દરેક વિસ્તારમાંથી આવીને આસરો મેળવી શકે છે.** ક્રિસ્ટોફર, ટપુ ઠક્કર, વીણાબેન, રોનક શાહ, રમા કિની (મેંગ્લોર) સંજાણ હોમમાં અત્યારે આશરો લઈ રહ્યાં છે.

મુંબઈમાં રહેતા દિલખુશ વેલફેર સોસાયટી - 'સંજાણ હોમ' ના ચેરપર્સન શ્રીમતી રેશમા નૈયમપલ્લી (૦૯૮૨૦૨૩૭૮૨૩) એ જણાવ્યું કે માનસિક ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ સાફ દિલવાળા હોય છે. **તેઓને માત્ર પ્રેમની-હૂંફની જરૂર છે. તેઓને આત્મસન્માનથી જીવતા રાખવાના છે...**મારો ૩૩ વર્ષનો દીકરો વિશાલ માનસિક ક્ષતિ ધરાવતો છે તો અમારા સેક્રેટરી નીનાબેન સુનિલ રાણેની ૨૬ વર્ષની દીકરી કલ્પશ્રી મંદબુદ્ધિના છે...આજે સંજાણ હોમની સફરને અગિયારેક વર્ષ થયા. આ દરમ્યાન વાલીઓને ઘણી મુશ્કેલીઓ આવી. ક્રિશ્ચિયન મિશનરીની આર્થિક સહાયથી આ હોમનો પ્રારંભ થયેલો. હવે તેમના તરફથી સહાય બંધ થતાં ઘણી આર્થિક સમસ્યાઓ ખડી થઈ છે. વળી સરકારશ્રી તરફથી પણ કોઈ સહાય મળતી નથી... માનસિક ક્ષતિ ધરાવતા છોકરા-છોકરીઓની સંભાળ લેવા માટે, રસોઈ કરી જમાડવા માટે, નવડાવવા ધોવડાવવા માટે પ્રેમાળ અને સમર્પિત કર્મચારીઓના પગાર ખર્ચાઓને પહોંચી વળવાની હાલ મુશ્કેલીઓ છે...સંજાણ ગામમાં અને સમાજમાં માનસિક વિકલાંગતા અંગે સાચી સમજણ કેળવાય તે જરૂરી છે.

સંજાણ ગામના વિસ્તારમાં માનસિક વિકલાંગતા ધરાવતી ૨૦ જેટલી વ્યક્તિઓ છે. તેમના વાલીઓ સાથે સંપર્ક કરી 'સંજાણ હોમ' માં 'ડે કેર સેન્ટર' પણ ચાલે છે. ડે કેર સેન્ટરમાં ભાષા, ગણિત, લખતા-વાંચતા, બાળગીતો, બાળ વાર્તાઓની પ્રવૃત્તિથી તેમને પ્રવૃત્તિમય રાખવામાં આવે છે. પગલૂછણિયાં, પેપરબેગ, દીવડા રંગવા, આર્ટિફિશિયલ જ્વેલરી બનાવી વેચાણ કરી સ્વરોજગારી મેળવવાના પ્રયાસો થઈ રહ્યાં છે... મંદબુદ્ધિવાળા સંતાનોના માતા-પિતાઓ સંજાણ હોમનાં કેમ્પસ એડમિનિસ્ટ્રેટર શ્રીમતી આશાબેન નોલીન (૯૬૩૮૩૧૪૯૭૭) નો, સંજાણ હોમ, વરોલી નદીના કાંઠે, ટેંભી ગામ, સંજાણ, જિ. વલસાડ સંપર્ક કરી માહિતી મેળવી શકે છે.

સંજાણ હોમને અપાયેલ દાન ૮૦-જી હેઠળ ઈન્કમટેક્ષમાં મુક્તિને પાત્ર તો છે જ.... પણ અપાયેલ દાન સંજાણ હોમને પુનઃ ધબકતું કરી શકે છે. તેમાં રહેતા માનસિક વિકલાંગોના જીવનને સુખમય-ઉમંગમય બનાવી શકે છે અને જે હેતુથી સંજાણ હોમનો પ્રારંભ કરેલો તે જાળવવામાં સહાયરૂપ નીવડશે, અને અહીં રહેતા વિકલાંગ વ્યક્તિના સ્વર્ગે સીધાવેલ માતાપિતાના આત્માને શાંતિ...શાતા મળશે.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો : ૯૬૬૨૮ ૩૩૨૬૮*

ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

તંદુરસ્તી

# બાયપાસ સર્જરીના ત્રીસ વર્ષ બાદ : હૃદયરોગથી પીડિત એક વ્યક્તિની કથા

(પ્રકરણ - ૧)

• ડૉ. ધીરેન શાહ, MB, MS, MCH (CVTS) •
કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલર સર્જન

તેત્રીસ વર્ષ પહેલા બાયપાસ સર્જરી કરાવેલી તેવા એક માણસની કથની. તેમની કથા વિજયની છે અને એવા વિજયની છે કે જેમાં રોગ ઉપર વિજય પ્રાપ્ત થયો હોય. આ વાત લોકોને તેમની જીવનશૈલી બદલવા વિષે પ્રેરણા આપે તેવી છે કે જેના થકી લોકો પોતાના જીવનને તંદુરસ્ત રાખી શકે અને લાંબુ જીવી શકે તેના માટે પ્રેરે તેવી છે. "હૃદયની કોરોનરી બીમારીને રોકવા માટે તંદુરસ્ત જીવનશૈલીની પસંદગીમાં હું વિશ્વાસ ધરાવું છું. પરિણામે, હું પૌષ્ટિક ખાવાનો આગ્રહ રાખું છું, કસરત કરું છું, તણાવનું નિયમન કરું છું, સિગરેટના ધુમાડાને ટાળુ છું અને હકારાત્મક અભિગમ રાખું છું. મારી પાછલી જિંદગી પર એક નજર નાખીએ તો, તમને કહેતાં હું અત્યંત પ્રેમ અનુભવું છું કે તંદુરસ્ત જીવનશૈલી વિશેની મારી પ્રતિબદ્ધતા મારી પુરાની જીવનશૈલીનું પરિણામ હતું. પરંતુ તે એક જરૂરિયાતમાંથી ઉદ્‌ભવેલી. મારા જીવનના પ્રથમ તેત્રીસ વર્ષ, તંદુરસ્ત જીવનશૈલીની વાત પાછળ રહેલી હતી, અને વધુ મહત્ત્વપૂર્ણ લગતી બાબતોએ મારો ઘણો સમય અને રસ લઈ લીધો જેવી કે પરિવાર, કામ અને સમાજ. એ ઉપરાંત, હું હંમેશાં સ્વસ્થ અને તંદુરસ્ત રહ્યો હતો. ગંભીર રોગો જેવા કે હૃદયના રોગ અને કેન્સર બીજા લોકોને થયા. ચોક્કસપણે એવી કેટલીક વસ્તુઓ હતી જેને સુધારી શકાઈ હોત. મારામાં કોલેસ્ટેરોલ ખૂબ ઊંચું હતું, હું થોડાક કિલો વજન ઓછું કરી શક્યો હોત, અને મારી કસરતની પદ્ધતિ છૂટીછવાયી હતી. મેં વિચાર્યું, એવો કોઈ સમય પણ આવી શકે, કે ભવિષ્યમાં મારા જીવનના વર્ષો અને તંદુરસ્તી વધારી શકાય. પરંતુ હું ખોટો હતો. ૧૯૭૭માં મારે કોરોનરી બાયપાસ સર્જરી કરાવવી પડી. હું ૩૨ વર્ષનો હતો. હજુ સુધી મેં અને મારી પત્નીએ અમારા લગ્નની ૧૦મી વર્ષગાંઠ પણ નહોતી ઉજવી. મારી દીકરી ૬ વર્ષની હતી અને દીકરો ફક્ત ૪ વર્ષનો જ હતો. તે અનુભવ મારા માટે જીવનશૈલીની આદતોની અસર સમજવા માટે અને તેને સુધારવા અંગે એક ખૂબ જ પ્રેરણાદાયી અનુભવ રહ્યો. ભૂતકાળમાં, એ મહત્ત્વપૂર્ણ પાઠ શીખવો ખૂબ કઠીન હતું. પુનઃવસવાટ માટે શીખવી પડતી વાત હું એને રોકવા માટે પણ કરી શક્યો હોત.

જુલાઈ ૧૯૭૭ની એક ઉનાળાની બપોરે, બીજી એક વખત હું એક જાણીતા હૃદયરોગ નિષ્ણાતની કચેરીમાં બેઠો હતો. મને આશ્ચર્ય હતું કે હું ત્યાં શા માટે હતો. પાંચ દિવસ પહેલા જેને હું શ્વાસનળીના દુખાવાની સમસ્યા તરીકે જોતો હતો તેના નિવારણ માટે હું અમારા ફેમિલી દાક્તરને મળવા ગયેલો. એક મહિના સુધી, મને શ્વાસ લેવામાં સહેજ ઓછપ અનુભવાતી હતી અને, જ્યારે હું ટેનિસની રમત રમતો ત્યારે આછો છાતીનો દુઃખાવો રહેતો. દુઃખાવો ઓછો હતો પણ એક દબાણની અથવા તો ભારની લાગણી અનુભવાતી. સ્ફુર્તિમાં આવ્યા બાદ એ દુઃખાવો લગભગ દૂર થઈ જતો. દુઃખાવો દૂર થઈ જશે એ આશામાં હું મારી પીડાને અવગણી રહ્યો હતો. પરંતુ એક દિવસ, ૨ કલાકની આખીયે રમત દરમિયાન મને દુઃખાવો રહ્યો. એ ક્ષણ હતી કે જ્યારે મેં નક્કી કર્યું કે હું આમને ફોન કરીશ.

"મને મારા ફેફસાંમાં શ્વાસનળીના દુઃખાવાની સહેજ તકલીફ છે." આવું મેં તેમને જણાવ્યું. તેમણે મને સીધેસીધું એમને ત્યાં આવી જવા કહ્યું. હું એમને ૪ મહિના પહેલા જ મારા શરીરની વાર્ષિક તપાસ માટે મળેલો, અને તે વખતે પરિણામ ખૂબ સરસ હતું, તેથી હું એક ખૂબ નાની મુલાકાત અને એક દવાની ચિઠ્ઠીથી વધુ કોઈ અપેક્ષા રાખી રહ્યો નહોતો.

તપાસ પરીક્ષણમાં જાણ થઈ કે મારા ફેફસા એકદમ બરાબર હતા. ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામનું પરિણામ નકારાત્મક હતું. ચાર મહિના પહેલા જ ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ કરવામાં આવેલો અને તે વખતે પરિણામ તદ્દન સામાન્ય હતું. પરંતુ હાલમાં પરિણામ તદ્દન વિપરીત હતું. "જોય, પરીક્ષણમાં કોરોનરી ધમનીમાં એક અવરોધ દર્શાવે છે" મારા ડોક્ટરે કહ્યું. "તમારે આજે જ એક હૃદયરોગના નિષ્ણાતને તાત્કાલિક મળવું જોઈએ." રોજિંદી તપાસના ૩ કલાક બાદ મારું હૃદયનું પરીક્ષણ અને કસરત દ્વારા થતા તણાવનું પરીક્ષણ કરવામાં આવ્યું. હૃદયરોગના નિષ્ણાતને મળવાની ઘટનાને મેં જરાય હળવાશથી ના લીધી. પરંતુ હું માની નહોતો શકતો કે ત્યાં ચોક્કસ એક તકલીફ હતી. હું ચોક્કસ હતો કે એ એક ભૂલ હતી. ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામની જેમ જ તણાવના પરીક્ષણના પરિણામોમાં સમસ્યા નજરે પડી. એ પછી કોરોનરી એન્જિયોગ્રાફી કરવામાં આવી જેના દ્વારા સ્પષ્ટ થયું કે ધમનીમાં ૫૦% - ૯૫% જેટલો અવરોધ છે. "તમને કોરોનરી હૃદયરોગ છે," દાક્તરે આવું જણાવ્યું મને. "હું ભલામણ કરીશ કે તમારે થોડાક દિવસની અંદર જ કોરોનરી હૃદયરોગની શસ્ત્રક્રિયા કરાવવી જોઈએ. આ ક્ષણે તમને હૃદયરોગના હુમલાઓ થવાની રાહમાં છો."

તેમના શબ્દોએ મારા ચહેરા પર એક

*વાણીનાં ઘા ક્યારેય ના રૂઝાય.*

થપ્પડ પડી હોય તેટલો આઘાત આપ્યો. મને આવું ના થઈ શકે. તેમણે જે કહ્યું એ સાંભળવા હું તૈયાર નહોતો, મને સમજવામાં તકલીફ થઈ રહી હતી. તેઓ એક હૃદયરોગની તકલીફની વાત કરી રહ્યા હતા - મારા હૃદયના રોગ વિષે માનસિક રીતે તે હું સ્વીકારી નહોતો શકતો. વિચારોના હુમલાએ મારા મનને ભાંગી નાખ્યું. "ઊભો થા અને બહાર નીકળ", મેં મારી જાતને કહ્યું "આ એક ભૂલ છે, તારે અહીં આવવાની જરૂર જ નહોતી," સુરક્ષિત રીતે મારી દુનિયામાં પાછા વળતા, હું એક રાતના બિહામણા સપનામાંથી બહાર નીકળ્યો.

હું દાક્તરને ગુમસુમ રહીને સાંભળી રહ્યો હતો, હું વ્યગ્ર હતો. અન્ય લોકોની જેમ, હૃદયની અને કોરોનરી ધમનીની કાર્યપ્રણાલી અંગે મને થોડો ખ્યાલ હતો, પરંતુ આ જાણકારી-માહિતી મુખ્યત્વે બાયોલોજી ૧૦૧ વિવિધતાની હતી. પરંતુ તદ્દન પ્રમાણિકપણે, તે મારા માટે દૂરસ્થ રસ મુજબની હતી. આ પ્રકારની માહિતી, ખરેખર તો આ વિષય પોતે જ, મારા જીવન સંબંધિત નહોતી. અવરોધિત ધમની અથવા હૃદયરોગના હુમલાને મારા જેવા એક યુવાન વ્યક્તિ સાથે શું લેવાદેવા? અજાણતા જ, હું એક એવા સિન્ડ્રોમ અનુભવી રહ્યો હતો કે જેમાં મેં મારી જાતને જ કહ્યું કે "શું મને નથી ખબર તેવા કશાથી મને નુકસાન થઈ શકે?" વાસ્તવમાં, જેની મને ખબર નથી એ વસ્તુ મને ફક્ત નુકસાન જ પહોંચાડે તેવું નથી, તે મને મોતનાં ઘાટે પણ ઉતારી શકે તેમ હતી.

★ જે મને ખબર નહોતી તે વાત એ હતી કે હૃદયરોગ સામાન્ય રીતે તીવ્રપણે, ચુપચાપ રીતે ૨૦ વર્ષથી ૪૦ વર્ષની ઉંમરના સમયગાળા દરમિયાન વિકસે છે. એક વાર તે સપાટી પર આવ્યા પછી, તેનું પ્રાથમિક પરિણામ, હૃદયરોગનો હુમલો, ઘણી વખત તરત જ ભયંકર હોય છે.

★ જે વાતની મને ખબર નહોતી તે એ હતી કે ૧૩ મિલિયનથી વધુ અમેરિકનોને હૃદયરોગ હોય છે અને દર વર્ષે ૧.૫ મિલિયન લોકો હૃદયરોગના હુમલાનો શિકાર બને છે. જેનાથી ૬00000 થી ૮00000 લોકો મૃત્યુ પામે છે.

★ અન્ય જે વાતની મને ખબર નહોતી તે વાત એ હતી કે અમેરિકામાં દર વર્ષે હૃદયરોગના હુમલાથી થતા કુલ મોતની સંખ્યા કુલ થતા મૃત્યુની સંખ્યાના ૪૫% જેટલી હોય છે. જે કેન્સર, એઈડ્સ, મોટર અકસ્માતો, પૂર અને વિમાન આપત્તિઓ આ બધામાં સંયુક્ત રીતે થતા મૃત્યુની સંખ્યા કરતા પણ વધુ છે.

★ મને ખબર નહોતી કે હૃદયરોગના હુમલાનો ભોગ બનનાર એક તૃતિયાંશ લોકોને માત્ર એક જ વાર હૃદયરોગનો હુમલો આવે છે અને તે હૃદયરોગના હુમલા દ્વારા થતા મોતમાં પલટાય છે.

★ મને એ વાતનો ખ્યાલ નહોતો કે આનુવંશિક ઇતિહાસ મહત્ત્વનો છે, પણ મોટાભાગના લોકો જેમને હૃદયરોગનો હુમલો આવે છે તેઓની નબળી જીવનશૈલીની આદતો જેવી કે ખોરાક, કસરત, તણાવ અને ધુમ્રપાન ભાગ ભજવે છે. પરંતુ તેનાથી વિપરીત, આવી આદતોને સુધારવાથી હૃદયની તંદુરસ્તી વધુ સારી બને છે અને તેમાં ફાળારૂપ બને છે.

આ બધીય માહિતી મારા રોજિંદા જીવન ક્ષેત્રની બહાર હતી. પરંતુ તે જુલાઈ મહિનાની બપોરે મારા માટે સઘળુંય બદલી નાખ્યું. જેવું નિદાન થયું કે તરત મારી નિર્દોષતા અને અજ્ઞાનતાની ઉંમરનો અંત આવ્યો. હું ભયંકર શુદ્ધ પેટ-મંથનના ભયમાં જકડાઈ ગયો હતો. ૩૨ વર્ષની ઉંમરે, મને અમરત્વની લાગણી થઈ કે જેનો અનુભવ માત્ર યુવાન લોકોને જ થાય છે. મૃત્યુનો ખ્યાલ દુરસ્ત હતો. લાંબા જીવનના અંતે, આનંદ, સિદ્ધિ અને પરિપૂર્ણતાના અનુભવ બાદ મેં એને વિચાર્યું હતું. વૃદ્ધત્વ એક એવી વસ્તુ હતી જેને મેં મારી પત્ની સાથે વિતાવવાનું વિચાર્યું હતું. મેં ક્યારેય મૃત્યુને મારા યુવાન સમયે મને લઈ જશે એવું વિચાર્યું નહોતું.

જુલાઈના એ દિવસે, વાસ્તવિકતાની ઘડિયાળ રણકી. એ દિવસે મને ભાન થયું કે અત્યારે ફક્ત મૃત્યુ આવી શકે તેમ નથી, પરંતુ એ અત્યારે જ આવી શકે તેમ છે કારણ કે મારી છાતીની અંદર સમય ટાઈમબોમ્બ પ્રસ્થાપિત થઈ ચૂક્યો છે. કોરોનરી બાયપાસ સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

શસ્ત્રક્રિયાના એક સપ્તાહ બાદ, શક્તિની પુનઃપ્રાપ્તિ કરવા માટે ઘેર ગયો, જીવિત રહેવા સાથે અને પરિવાર સાથે પાછા ફરવાની લાગણીથી હું ગર્વીલો હતો. પણ હું મારા ભવિષ્ય વિષે ખૂબ ચિંતિત હતો. શસ્ત્રક્રિયાને લીધે તાત્કાલિક સમસ્યાનું નિવારણ આવી ગયેલું. હૃદયરોગનો હુમલો હતો એ - પણ રોગને અટકાવી શકાય તેમ નહોતું. બાયપાસ એ ઈલાજ નહોતો. મારા દાક્તરે સલાહ આપી કે, "તમને શાસ્ત્રક્રિયાના આગળના દિવસે હૃદયરોગ હતો, શસ્ત્રક્રિયા બાદ પણ હૃદયરોગ રહેશે અને આજે પણ હૃદયરોગ છે જ. શસ્ત્રક્રિયાએ પીડાનું નિવારણ લાવી દીધેલ છે પણ એ રોગને સમાપ્ત નથી કરતી. તમારી જીવનશૈલીની રોજબરોજની આદતોમાં ફેરફાર થકી જ ભવિષ્યમાં આ હૃદયરોગનો હુમલો ના આવે તેની શક્યતાઓ ઘટાડી શકાય."

આ સમજ રાષ્ટ્રીય સ્તરે જાણીતી લીપીડ નિષ્ણાતની આગાહી પ્રમાણે થોડી જટીલ હતી. શસ્ત્રક્રિયા બાદ હું એમને મળવા ગયેલો કે જેથી મારે કોલેસ્ટેરોલને કઈ રીતે સાચવવું જોઈએ એ વિષે સમજ મળે. "શું મારે મારો ખોરાક વધારવો જોઈએ અથવા વધુ કરસત કરાવી જોઈએ?" મેં પૂછ્યું. "ચિંતા કરશો નહિ" તેમણે કહ્યું. "તમારે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૨ ઉપર)**

*ડિપ્રેશનનું કારણ દેખાદેખી છે.*

# વૈશ્વિક ચિત્તભ્રમ દિન (World Schizophrenid Day)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

### • ૨૪ મે વૈશ્વિક ચિત્તભ્રમ દિન :

વિશ્વભરમાં ૨૪ મે વૈશ્વિક ચિત્તભ્રમ દિન તરીકે મનાય છે. આ દિવસે આરોગ્યને લગતાં જાહેર કાર્યક્રમો યોજાય છે. જેમાં ચિત્તભ્રમ બીમારી વિશે વૈજ્ઞાનિક જાણકારી આપવામાં આવે છે તથા ચિત્તભ્રમ બીમારી વિશેની ગેરસમજ તથા ખોટી માન્યતાઓ દૂર કરવા પ્રયત્નો કરાય છે. આને લીધે ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિનું યોગ્ય તથા ત્વરીત નિદાન થઈ શકે, યોગ્ય સારવાર થાય અને વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે.

### • વ્યાપ અને વિસ્તાર :

વિશ્વની વસતિના ૧% લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે.

ભારતમાં ૧ કરોડથી વધુ લોકો ચિત્તભ્રમ બીમારીના શિકાર બનેલા છે જેમને યોગ્ય સારવારની જરૂર છે.

### • ચિત્તભ્રમ (સ્કિઝોફ્રેનિયા)ની બીમારી :

ચિત્તભ્રમ (Schizophrenia)ની બીમારીમાં મગજ (Brain)માં આવેલા મન (mind)ના અવયવો (પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપ્પોકેમ્પસ, એમીગડેલા, ટેમ્પોરલ લોબ, લિમ્બિક સિસ્ટમ વગેરે)માં બંધારણીય (કદ, રચના) તથા રાસાયણિક ફેરફારો થાય છે. આથી ઉપરોક્ત અવયવોના જ્ઞાનતંતુઓમાં ન્યુરો ટ્રાન્સમિટર્સ (કેમિકલ)ની માત્રામાં ફેરફારો થાય છે. (ફિલ્મવાળા મુન્નાભાઈના પ્રમાણે કેમિકલ લોચા). આ ફેરફારોને લીધે મનના કાર્યો જેવા કે :

(૧) વિચારો (૪) લાગણી અને
(૨) વર્તન (૫) કાર્યશક્તિ
(૩) વાણી

પર વિપરીત અસર થાય છે અને ચિત્તભ્રમ બીમારીના લક્ષણો જોવા મળે છે.

## ચિત્તભ્રમ (સ્કિઝોફ્રેનિયા)ના લક્ષણો

### ૧. વિચારો :

દર્દીને ઘણા બધા વિચારો આવે છે. દર્દી પોતાના વિચારો પરનો કાબૂ ગુમાવી બેસે છે. વિચારો દર્દીનો કાબૂ મેળવી લે છે. થોડાંક દર્દીઓમાં વિચારો આવતા જ નથી. વિચારોમાં શૂન્યાવકાશ સર્જાય છે.

**વિચારોનો વિષય** (**Content of thoughts**) :

**(૧) ભ્રમ (delusions)** : ખોટી માન્યતા જેવા ભ્રમ આવે. ગમે તેટલું સમજાવ્યા છતાં દર્દી સમજે નહીં. ગમે તેટલી હકીકત / સત્યની સાબિતી આપીએ છતાં દર્દી પોતાના વિચારો (ભ્રમ)માં ટસથી મસ ન થાય. વિચારોને જ સત્ય માને અને એ પ્રમાણે વર્તણૂક કરે.

(અ) દર્દીને શંકાઓ આવે (Paranoid Delusions) બધા લોકો મારી વાતો કરે છે. લોકો મારી વિરૂધ્ધ છે, મારા દુશ્મન છે, હું જ્યાં જાઉં છું ત્યાં મારી પાછળ આવે છે, સી.આઈ.ડી., પોલીસ મારી પાછળ છે, વીજાણું યંત્રો - કેમેરા, સી.સી.ટી.વી. દ્વારા મારા પર દેખરેખ રખાય છે. મને ખાવામાં ઝેર આપશે, હું ઘરની બહાર નીકળીશ તો મને શારીરિક નુકસાન પહોંચાડશે વગેરે.

(બ) લોકો મારા પર નજર રાખે છે. એટલે દર્દી ઘરના બારીબારણાં, બારીના પડદા દિવસના પણ બંધ રાખે છે. જેથી દર્દીને કોઈ જોઈ ન શકે. ઘરની અંદરની હિલચાલ પર નજર ન રાખી શકે.

(ક) જીવનસાથી પર શંકા કરે. બીજા જોડે પ્રેમ કરે છે, લફરું કરે છે એવા અયોગ્ય, અસત્ય વિચારો આવે.

(ડ) મારા વિચારો બીજા લોકો જાણી જાય છે. મારી વાતો, મારા વિચારો, ટી.વી. વર્તમાનપત્રોમાં છપાય છે. મારા વિચારો ફેસબુક, ટ્વીટર પર આવે છે (thought broadcasting).

(ઈ) મારા વિચારો મારા નથી પરંતુ બીજી વ્યક્તિએ એના વિચારો મારા મનમાં ફસાવી દીધા છે. હકીકતમાં હું નથી બોલતો / વિચારતો. એ લોકો બોલે / વિચારે છે (thought insertion).

(ફ) દર્દીને લાગે છે કે ઓળખીતા લોકો હકીકતમાં એ નથી પરંતુ હુબહૂ એમના જેવા જ બીજા લોકો છે. એક દર્દીને તપાસતી વખતે દર્દીએ કહ્યું કે ડૉક્ટર તમે ડૉ. ગડા નથી પરંતુ એમના જેવી જ બીજી વ્યક્તિ છો. તમે બીજા ડૉ. ગડા છો (Capgrass Syndrome.)

**(૨) ભણકારા / ભાસ (Hallucinations)** :
આસપાસમાં, આજુબાજુમાં કોઈ પણ ન હોય છતાં એને

*સમાચારો દુઃખ કરે તેવા નહિ પણ ખુશ કરે તેવા હોવા જોઈએ.*

આભાસ થાય. અન્ય વ્યક્તિઓ કે કુટુંબીજનોને આ આભાસ થતો નથી. પાંચેય ઈન્દ્રિયોમાંથી કોઈ પણ એક અથવા વધારે ઈન્દ્રિયોમાં આ પ્રકારની ખલેલ પહોંચી શકે.

**(અ) કાન :** કાનમાં સ્પષ્ટ અવાજો સંભળાય. આ લક્ષણ સૌથી વધારે જોવા મળે છે.

કાનમાં સ્પષ્ટ અવાજો સંભળાય જે આજુબાજુના બીજા લોકોને સંભળાતા નથી.

૧. અવાજ સ્ત્રી કે પુરુષનો હોય.

૨. અવાજ જાણીતી વ્યક્તિનો હોય કે અજાણ વ્યક્તિનો હોય.

૩. અવાજ એક વ્યક્તિનો હોય કે ઘણી બધી વ્યક્તિઓનો હોય.

૪. વાતચીતનો વિષય કોઈ પણ હોઈ શકે. દર્દીની વર્તણૂક કે વિચારો પર ટીકા કે ટીપ્પણી કરે.

૫. ઘણી વખત અવાજો દર્દીને હુકમ કરે "આ પ્રમાણે કરો, આ પ્રમાણે નથી કરવાનું, ડૉક્ટર કહે એ પ્રમાણે નથી કરવાનું વગેરે."

**(બ) આંખ :** હાજર ન હોવા છતાં પરિચિત કે અપરિચિત વ્યક્તિઓ દેખાય. આખું શરીર દેખાય કે ઘણી વખત શરીરનો એક ભાગ (ચહેરો કે આંખો) દેખાય.

**(ક) નાક :** આજુબાજુ કાંઈ પણ ન હોય છતાં દુર્ગંધ આવે. મોટાભાગના કિસ્સામાં દુર્ગંધ જ આવે. સુગંધ જવલ્લે જ આવે.

**(ડ) ત્વચા :** ત્વચા પર જીવજંતુઓ ચાલે છે એવું લાગ્યા કરે. માથાના વાળમાં જીવજંતુઓ છે એવું સતત લાગ્યા કરે (ભાસ થયા કરે) તથા વાળ સાફ કર્યા કરે.

**(ઈ) જીભ :** મોઢામાં ખોરાક ન હોય છતાં વિચિત્ર સ્વાદ આવ્યા કરે.

**(૩) વર્તણૂક (Behaviour) :**

✤ ચિત્રવિચિત્ર હાવભાવ કરે, હાથના ચેનચાળા કરે.

✤ કાલ્પનિક વ્યક્તિ જોડે વાતચીત કરે.

✤ ગુમસુમ થઈ જાય. ઘરમાં એકાંતમાં રહે, બધાથી અલિપ્ત રહે, પોતાની દુનિયામાં ખોવાઈ જાય. આજુબાજુનું તથા વાસ્તવિકતાનું ભાન ન રહે.

✤ દિવસો સુધી ઘરની બહાર ન નીકળે.

✤ વાસ્તવિક્તાને ધ્યાનમાં લીધા વિના મનમાં આવે એ પ્રમાણે વર્તન કરે.

✤ પરિણામની પરવા કર્યા વગર વર્તણૂક કરે.

✤ ઉત્તેજીત થઈ જાય, ઉગ્ર થઈ જાય.

✤ ચીડિયાપણું આવે.

✤ હિંસક વર્તન કરે, મારપીટ કરે, વસ્તુઓ ફેંકે, તોડી નાખે. ગુસ્સામાં ટી.વી., મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, મોંઘી વસ્તુઓ ફેંકી દે, તોડી નાખે.

✤ સમયનું ભાન ન રહે. જમવાનું, નાહવાનું, સૂવાનું પોતાના સમયે (કસમયે) કરે અથવા દિવસો સુધી ન કરે.

✤ કારણ વગર હસ્યા કરે.

✤ અરીસામાં વારંવાર જોઈ ચિત્રવિચિત્ર હાવભાવ કરે.

✤ રાત્રે ઊંઘ ન આવે, દિવસે ઊંઘી જાય.

**(૪) વાણી (Speech) :**

✤ અસંબધ્ધ વાતો કરે, અસંબધ્ધ જવાબ આપે.

✤ પોતે જ બોલ્યા કરે. ઘણી વખત બીજા કોઈને બોલવા જ ન દે.

✤ મનમાં ને મનમાં બોલ્યા કરે. હોઠ ફફડાવ્યા કરે, શું બોલે છે એ કોઈને સંભળાય નહીં.

✤ આગળના વાક્યનો પાછળના બીજા વાક્ય જોડે મેળ જ ન હોય એવી વાતો કરે.

**(૫) કાર્યશક્તિ :**

✤ કામમાં એકાગ્રતા ન રહે. બેધ્યાનપણું આવે.

✤ ધંધા કે ઓફિસના કામમાં ભૂલો થાય.

✤ સમજાવવા છતાં પોતાની ભૂલ ન સમજાય. પોતાની ભૂલો દર્દી ન સ્વીકારે.

✤ કામ પર અનિયમિત જાય.

✤ જવાબદારીનું ભાન ન રહે. કામ પૂરું ન કરે.

✤ વારંવાર નોકરી બદલે.

✤ રસોઈમાં ભૂલો થાય. ગેસ ચાલુ રહી જાય, ગેસ બંધ કરવાનું યાદ ન આવે, દૂધ ઊભરાઈ જાય, રોટલી - શાક બળી જાય, રસોઈમાં મીઠું નાખવાનું ભૂલી જવાય કે વધારે મીઠું નાખી દે.

**(૬) ભણતરને લગતા લક્ષણો :**

✤ વિદ્યાર્થી વારંવાર નાપાસ થાય અથવા ક્ષમતા કરતાં ઓછા ગુણાંક મળે. વિદ્યાર્થી ભણતર ચાલુ ન રાખી શકે.

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

- ✤ એકાગ્રતા ઓછી થાય, યાદ ઓછું રહે.
- ✤ ભણવાની ક્ષમતા ઓછી થાય.

## ચિત્તભ્રમ બીમારી વિશે પ્રવર્તતી ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય

★ **ગેરસમજ :** કોઈએ આ વ્યક્તિને કાંઈક કરી નાખ્યું છે. ભૂત-પિશાચ, દેવી કે શેતાનની અસર છે. ભુવા પાસે લઈ જવાની જરૂર છે. ડૉક્ટર આમાં શું કરશે?

★ **મનોવૈજ્ઞાનિક સત્ય :** વિચિત્ર હાવભાવ, અયોગ્ય વર્તણૂક, શંકાઓ, ભાસ - ભણકારા વગેરે ચિત્તભ્રમ બીમારીના લક્ષણો છે. મગજમાં આવેલા મનના અવયવોમાં થતાં બંધારણીય તથા રાસાયણિક ફેરફારોને લીધે આ લક્ષણો ઉત્પન્ન થાય છે. યોગ્ય દવાઓ દ્વારા સારવાર કરવાથી આ રાસાયણિક ફેરફારો સામાન્ય - નોર્મલ થાય છે. આથી ઉપરોક્ત લક્ષણો કાબૂમાં આવે છે.

આ માટે ભૂવા, ડાકલિયા પાસે જવાની જરૂર નથી. તાવિજ કે દરગાહ પર જવાની જરૂર નથી. મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી, યોગ્ય દવાઓ દ્વારા સારવાર કરવાથી દર્દી નોર્મલ થાય છે.

★ **ગેરસમજ :** લગ્ન કરી દેવાથી ચિત્તભ્રમની બીમારી સારી થાય છે.

★ **મનોવૈજ્ઞાનિક સત્ય :** લગ્ન કરવા એ કોઈપણ બીમારીની (શારીરિક કે માનસિક) સારવાર નથી. ચિત્તભ્રમની બીમારીની યોગ્ય સારવાર દવાઓ દ્વારા કરવી જરૂરી છે.

• **ચિત્તભ્રમ બીમારીની સારવાર :**

શારીરિક બીમારીઓની સારવાર (ડાયાબિટીસ, થાઈરોઈડ, હૃદયની બીમારીઓ વગેરે) જેમ ચિત્તભ્રમ બીમારીની સારવારમાં દવાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

પૂરક ચિકિત્સા તરીકે (અ) કાઉન્સેલિંગ - મનોવિશ્લેષણ, (૨) બિહેવિયર થેરાપી, (ક) પરિવારજનોનો સમજણપૂર્વકનો સાથ અને સહકાર અન્ય ઘટકો છે.

આ સર્વના પરિણામ સ્વરૂપ ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે. જેમાં ધંધાકીય જવાબદારી, કૌટુંબિક જવાબદારી, સામાજિક જવાબદારી સ્વીકારી દર્દી નોર્મલ જીવન જીવી શકે છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

**ઘર ઘરની મીઠાઈ..**



REGD.T.M.

**હાથી છાપ ગોળ**

**શાહ હાથીભાઈ અજરામલદાસ**
**જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪**

# મોતીબિંદુ (મોતિયા)ને સમજીએ

● ડૉ. જુગલ પી. શાહ - આંખના સર્જન ●

## કેટરેક્ટ (મોતિયો) શું છે?

આંખની અંદરના લેન્સ ઉપર કુદરતી આવરણ છે.

**કેટરેક્ટના સામાન્ય કારણો :**

★ **ઉંમરની અસરને પરિણામે.**
આ બહુ જ સામાન્ય કારણ છે અને એ કુદરતી રીતે ઉંમર વધવા સાથે લેન્સના ફાઈબર ઑપેક (અર્ધપારદર્શક) બની જાય છે.

★ **ટ્રોમેટિક કેટરેક્ટ :**
કોઈપણ જાતની ઈજાને કારણે પરિણમે છે.

★ **મેટાબોલિક કેટરેક્ટ :**
શરીરમાં ડાયાબિટીસ જેવા રોગોને કારણે આંખમાં કોઈપણ જાતની ઈન્ફેક્શન અથવા સુજનને કારણે અમુક દવાઓ લાંબો સમય સુધી લેવામાં આવે. દા.ત. સ્ટીરોઈડ્સ.

★ **કંજેન્શિયલ કેટરેક્ટ :**
થોડાં બાળકો આ રોગ સાથે જ જનમ્યા હોય છે.

★ **વારસાગત :**
ક્યારેક કુટુંબમાં જ આની શક્યતા વિશેષ રહેતી હોય છે. જેના કારણે વીસ વર્ષની ઉંમરે પણ મોતિયો થયેલો જોવા મળે છે.

● **સેકન્ડરી કેટરેક્ટ :**

અહીં બીજા રોગો (આંખના) આ મોતિયાને આમંત્રણ આપે છે. ઝામર અને લાંબા સમયથી ખંજવાળ, સોજા વગેરે.

● **મોતિયાના લક્ષણો :**

★ સૂર્યનો પ્રકાશ (તડકો) જ્યારે કડક હોય ત્યારે દૃષ્ટિમાં સહેજ ઝાંખપ આવી જાય છે અને રાતના વાહનોની લાઈટમાં ડ્રાઈવિંગ કરવામાં તકલીફ પડે છે.

★ જ્યાં ચોક્સાઈથી અને ઝીણવટપૂર્વકનું કામ કરવાનું હોય ત્યાં મુશ્કેલી જણાય છે.

★ ક્યારેક ડબલ પણ દેખાય અથવા વસ્તુ વિકૃત થયેલી દેખાય.

★ એક આંખમાં વસ્તુ વધારે ચળકતી દેખાય અને બીજીમાં સામાન્ય.

★ ચશ્માના નંબર વારંવાર બદલવાની જરૂર પડે.

★ વસ્તુની ઊંડાઈ, જાડાઈ વગેરેનો ખોટો અંદાજ આવે. પગથિયાં ઉતરવા હોય તો બરોબર સમજાય નહીં.

● **મોતિયાની શસ્ત્રક્રિયા ક્યારે કરાવવી?**

જ્યારે મોતિયા આપણા રોજિંદા જીવનમાં સ્પષ્ટ, સુરેખ વસ્તુઓ જોવામાં અડચણરૂપ બને છે ત્યારે એને દૂર કરવાની જરૂર છે. મોતિયો પાકે ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. ઓછો પાકેલો મોતિયો દૂર કરવામાં પણ સહેલો અને ઑપરેશન પછી રીકવરી પણ ખૂબ જ ઝડપી.

● **મોતિયાનો ઉપચાર :**

આમાં આપણું નેત્રપટલ ધુંધળું થયું હોય તે દૂર કરવું જ પડે છે અને તેની જગ્યાએ નવું સિન્થેટીક ઈન્ટ્રાઓક્યુલર લેન્સ બેસાડવું પડે છે. શસ્ત્રક્રિયા દ્વારા મોતિયો દૂર કરવો એ જ એક ઉપાય છે અને આનો નિર્ણય ડોક્ટર અને દર્દી સાથે મળીને જ કરે છે. બે પ્રકારની ઉપચાર પધ્ધતિ ઉપલબ્ધ છે :

**(૧) ECCE :**

જે સગવડદાયક પધ્ધતિ છે. જેમાં ૧૦થી ૧૨ એમ.એમ.નો કાપો મૂકવામાં આવે છે. જેમાં થોડા ટાંકા પણ લેવામાં આવે છે. ઝાંખો પડેલો આખોય કાચ દૂર કરવામાં આવે છે અને ઘડી વગરનો લેન્સ બેસાડવામાં આવે છે.

ઑપરેશન પછી બહુ વધારે નંબરના ચશ્મા પહેરવા પડે છે. હવે આ પધ્ધતિ જ બંધ થઈ ગઈ છે.

**૨. માઈક્રો ઈન્સીશન મોતિબિંદુની શસ્ત્રક્રિયા (ફેકો ઈમલ્સન ટેકનીક) :**

આધુનિક પધ્ધતિ છે. કાણું ફક્ત બે થી ત્રણ એમ.એમ.નું જ કરવામાં આવે છે. ટાંકા વગરનું ઑપરેશન છે.

મોતિયાવાળો લેન્સ પ્રવાહી જેવો બનાવી દેવાય છે (અલ્ટ્રા સાઉન્ડ એનર્જીથી) અને ફેકોઈમલ્સીફાયર પ્રોબથી લીક્વીડ ખેંચી લેવામાં આવે છે. ઈન્ટ્રા ઓક્યુલર લેન્સ કાચની જગ્યાએ બેસાડવામાં આવે છે.

**ફેકો સર્જરીના ફાયદા :**

★ રૂઝ ખૂબ ઝડપથી આવે છે.

★ આંખને નુકસાન ખૂબ જ ઓછું થાય છે.

★ આ ટાંકા વગરનું ઑપરેશન છે અને લોકલ એનેસ્થેશિયામાં જ કરાય છે.

★ કાર્યવાહી જલ્દી કરી શકો છો.

★ ઓપરેશન પછી નંબરની શક્યતા ઓછી રહે છે.

**ઈન્ટ્રાઓક્યુલર લેન્સના ફાયદા :**

એનાથી વસ્તુ મોટી દેખાતી નથી.

અને વસ્તુઓના આકારમાં કોઈ ફેરફાર જણાતો નથી.

**ફોલ્ડેબલ ઈન્ટ્રાઓક્યુલર લેન્સીસ :**

આ લેન્સ બે-ત્રણ એમ.એમ.થી પણ નાના ઍપરચરમાં આરામથી મૂકી શકાય છે. ફોલ્ડેબલ લેન્સ સીલીકોન અથવા એક્રેલીકના બનાવવામાં આવે છે. આ લેન્સના ઉત્પાદનમાં બહુ જ ગુણવત્તાદાયક ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. એટલે આની કિંમત જરા વધારે હોય છે.

*મા નર્સિંગ હોમ અને નેત્ર જ્યોતિ આઈકેર સેન્ટર*
*હિમાચલ બિલ્ડિંગ, સુંદર નગર સામે,*
*એસ.વી. રોડ, મલાડ,*
*ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.*
*ફોન : (૦૨૨) ૨૮૭૫ ૨૧૦૨,*
*મો. ૯૮૨૦૦ ૭૨૮૪૩*

# તમને પાણી પીતાં આવડે છે?

• શાંતિલાલ સંઘવી •

આજકાલ દૈનિક અખબારોમાં તેમજ જુદાજુદા મેગેઝિનોમાં સામાન્ય આરોગ્ય વિષયક લખાણો નિયમિત પ્રકાશિત થાય છે. પરંતુ ઘણીવાર એવું પણ વાંચવા મળે છે કે એક જગ્યાએ એક પ્રકારની સૂચના છપાઈ હોય ત્યારે બીજી જગ્યાએ બીજા માસિક - અઠવાડિકમાં એનાથી સાવ વિપરિત સૂચના છપાયેલી હોય છે. કેટલાક આરોગ્ય નિષ્ણાત ગણાતા લોકો તદ્દન ઉટપટાંગ માર્ગદર્શન આપતા હોય છે. કેટલીક સૂચનાઓ તો ફાયદાની જગ્યાએ શરીર માટે નુકસાનકારક પણ હોય છે. મને બેંગ્લોર ખાતે ઝિંદાલના નેચર ક્યોર સેન્ટરમાં ત્રીસ દિવસ સુધી સારવાર અને તાલીમ લેવાની તક મળેલી છે. ત્યાં માત્ર સારવાર જ કરવામાં આવતી ન હતી પણ દરરોજ સાંજે તમામ દર્દીઓને ખાણી-પીણી, રહેણી અને કરણીની બાબતમાં સરસ રીતે સમજણ અને તાલીમ આપવામાં આવતી હતી. આ લેખમાં માત્ર પાણી પીવા બાબતે કયા પ્રકારની કાળજી લેવી એટલો મર્યાદિત આશય રાખવામાં આવેલ છે.

ઘણી જગ્યાએ તમે સૌએ પણ વાંચેલ હશે કે "દરરોજ છ ગ્લાસ, અથવા આઠ ગ્લાસ અથવા ત્રણ લીટર પાણી પીવું." કેટલાક લેખોમાં 'ખૂબ પાણી પીવા' ની વાત પણ લખેલી જોવા મળી હશે.

આ તમામ સૂચનાઓ - માન્યતાઓ ભૂલ ભરેલી છે. જેટલું પાણી ઉનાળામાં પીવાય — પીવું જોઈએ. એટલું જ પાણી શિયાળામાં તથા એટલું જ પાણી ચોમાસામાં પણ પીવું જોઈએ? સ્વાભાવિક રીતે જ શિયાળામાં પાણીની જરૂર ઓછી પડે અને ચોમાસામાં તો માત્ર જરૂર પૂરતું જ પાણી પીવું જોઈએ વધારે નહિ.

અમને જિંદાલમાં વારંવાર એવું ભારપૂર્વક કહેવામાં આવતું કે ફ્રીજમાં રાખેલું પાણી ખૂબ નુકસાનકારક છે. માટે ફ્રીજનું પાણી કદી ન પીવું. વોટર કુલરનું પાણી પણ ન પીવું. બહુ ગરમી હોય ત્યારે ફ્રીજના થોડા પાણીમાં માટલાનું સાદું પાણી ૫૦% ઉમેરીને નોર્મલ ટેમ્પરેચરવાળું મિક્સ કરેલું પાણી પી શકાય. ઉપરાંત ફ્રીજના પાણીની બોટલ કાઢીને ઊભે ઊભે ગટગટાવી જવું તે પણ શરીર માટે નુકસાનકારક છે. પાણી શક્ય હોય ત્યાં સુધી બેસીને જ પીવું જોઈએ. એટલું જ નહીં પણ પાણીની ઘૂંટ મુખમાં બે-ચાર વાર ઘુમાવીને ધીરે ધીરે પીવું જોઈએ. એકીશ્વાસે આખો ગ્લાસ ગટગટાવી જવો એ શરીર માટે નુકસાનકારક છે.

ભોજન કરતાં પહેલાં અડધો કલાક સુધી પાણી ન પીવું જોઈએ. કારણકે ભોજન વખતે હોજરીમાં જે પાચક રસો શ્રવે છે તેમાં પાણી ભળવાથી તેની પાચક શક્તિ ઘટી જાય છે. તેજ રીતે ભોજન દરમિયાન પણ પાણી ન પીવું જોઈએ — ઉપર જણાવેલા કારણસર.

એ જ રીતે ભોજન પછી એક કલાક બાદ જ પાણી પીવું જોઈએ જેથી ખોરાકની બરાબર પાચનક્રિયા થઈ શકે. મારું નિરીક્ષણ તો એવું છે કે ૯૦% લોકો ખાસ કરીને હોટેલમાં જમનારા - ભોજન શરૂ કરતાં પહેલાં જ એક બે ગ્લાસ પાણી ગટગટાવી જાય છે. ઉપરાંત પોતાને હોશિયાર સમજતા લોકો (વાસ્તવમાં મૂર્ખ લોકો) ભોજન કરતાં કરતાં કોકાકોલા કે પેપ્સી કે થમ્સઅપ જેવા ટોઈલેટ ક્લિનર પીવાનું ચાલુ રાખે છે. અને ૯૦% કરતાં પણ વધારે લોકો ભોજન કરી લીધા પછી અચૂક પાણીનો ગ્લાસ પીવે છે. આમ કરવાથી હોજરીમાંના પાચક રસો મંદ પડી જાય છે અને ખોરાકનું યોગ્ય પાચન થતું નથી. બીજું માઠું પરિણામ એ આવે છે કે એમ કરવાથી પેટની ફાંદ વધતી જાય છે. ભોજનનું લોહીમાં બરાબર રૂપાંતર થતું નથી અને ચરબી વધતી જાય છે. રાત્રે મોડા જમવાથી અને જમીને વહેલા સૂઈ જવાથી પણ શરીરમાં ચરબી વધતી જાય છે. મહાત્મા ગાંધીજીને કોઈએ પૂછેલું કે પાણી ક્યારે અને કેટલું પીવું જોઈએ? ગાંધીજીએ ટૂંકો જવાબ આપેલો કે જ્યારે તરસ લાગે ત્યારે અને તરસ છીપાય એટલું પાણી પીવું જોઈએ.

હકીકતમાં પાણી ઓછું પણ ન પીવું જોઈએ અને વધારે પણ ન પીવું જોઈએ. દિવસમાં આઠ ગ્લાસ અને દસ ગ્લાસવાળી વાતો બકવાસ છે. બહુ ગરમ કે બહુ ઠંડું પાણી પણ ન પીવું જોઈએ કારણકે તેમ કરવાથી લોહીની ગતિ એ તરફ વધે છે અને શરીરના અન્ય ભાગમાં લોહીની અછત સર્જાય છે.

મોંમાં જે લાળ ઉત્પન્ન થાય છે તે આયુર્વેદની તથા નેચરોપથીની દૃષ્ટિએ અત્યંત કિંમતી છે. પાણી પણ અડધી મિનિટ મોંમાં ફેરવીને લાળ સાથે ભેળવીને, ધીમે ધીમે, પીવું જોઈએ. મોંની લાળ એ સર્વોત્તમ કિંમતી ઔષધિ છે. જમતી વખતે પણ ઝડપથી લૂસલૂસ કોળિયા ગળે ઉતારી દેવા એ પણ ભૂલ છે. ધીમે ધીમે ચાવીને - લાળ ભેળવીને - ગળે ઉતારવાથી ઘણા રોગોથી બચી શકાય છે અને ડોક્ટરોની જરૂર પડતી નથી. આમ કરવાથી પૈસા પણ બચે છે અને આરોગ્ય પણ સચવાય છે.

રાત્રે સૂતી વખતે અવશ્ય બ્રશ કરીને મોં સાફ કરીને જ સૂવું. ઘણા લોકો સવારે બ્રશ કરવા માટે લાંબો સમય દાંતને ઘસ ઘસ કર્યા કરે છે. બ્રશનો નિયમ એવો છે કે વધારેમાં વધારે એક મિનિટ કરતાં વધારે સમય દાંતને ઘસવાના નહીં. વધુ વખત ઘસવાથી દાંતનું ઉપલું પડ નબળું પડે છે અને દાંતમાં કળતર થાય છે અને દાંત

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૨ ઉપર)**

*સદ્‌ગુણોનો અભાવ હોય તો બ્યુટીને ધોઈને પીવાય નહિ.*

વાર્તા

# ગાયિકા

• હરેશ ધોળકિયા •

રાધા સ્નાન કરી, તૈયાર થઈ મંદિરમાં આવી. સંપૂર્ણ સફેદ વસ્ત્રોમાં તે નમણી અને કમનીય લાગતી હતી. જીવનના ચોથા દાયકામાં પ્રવેશ કર્યો હોવા છતાં તેનું રૂપ જળવાઈ રહ્યું હતું. સાદગી અને સંયમનો પ્રભાવ દેહ અને સૌંદર્ય પર પણ હતો. સ્વસ્થ સૌંદર્ય હતું તેનું. મધ્યમ ઊંચાઈ, તેજસ્વી આંખો - જોનારનું ધ્યાન ખેંચે તેવાં હતાં.

દ્વારકાધીશનું મંદિર હતું. ભગવાન દ્વારકાધીશની સરસ નાની મૂર્તિ હતી. રાધાએ તેમના ચરણ પાસે બે દીવડા પ્રગટાવ્યા. પછી ગર્ભગૃહ બહાર રહેલ બે ગોખલામાં પણ બીજા બે દીવડા પ્રગટાવ્યા. સવાર હતી તેથી તેજ પ્રમાણમાં ઝાંખું હતું, છતાં ધ્યાન ખેંચતું હતું. રાધાએ મંદિરની સફાઈ કરી, તેને ચોખ્ખું-ચણક કરી નાખ્યું. પછી ભીંતો પરનાં દેવોનાં ચિત્રને વંદન કર્યા. ફરી ગર્ભગૃહમાં ગઈ અને નીચે નમી, બેસીને ભગવાનના ચરણ કમળોમાં પોતાનું મસ્તક ટેકવી દીધું. ચરણોના સ્પર્શથી તેના સમગ્ર વ્યક્તિત્વમાં એક ઝણઝણાટી પ્રસરી ગઈ. તેને લાગ્યું કે જાણે ભગવાને તેના મસ્તક પર પોતાનો હસ્ત મૂક્યો અને આશીર્વાદ આપ્યા. તેની બન્ને આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. થોડી ક્ષણો તે એ જ સ્થિતિમાં બેસી રહી. પછી મસ્તક ઊંચું કરી આંસુઓના પડદા વચ્ચેથી દ્વારકાધીશનાં વંદન પર નજર સ્થિર કરી. એકીટસે તેમની સામે જોઈ રહી. મનોમન બબડી - 'ભગવાન, ક્યાં સુધી ટટળાવશો? ક્યારે દર્શન આપશો?'

પછી નજર ખેસવી અને બન્ને હાથથી ફરી ચરણોને સ્પર્શ કરી, તે બન્ને હાથને આંખ પર સ્પર્શ કરી, હાથ જોડી વંદન કર્યા. તે બહાર આવી. હળવેથી તેણે ઘંટ વગાડ્યો. ઘંટારવમાં તેને "સા' નો રણકાર સંભળાવા લાગ્યો. તેના ચિત્તમાં ફરી કાફી રાગના સૂર પ્રગટવા લાગ્યા.

તેણે ખૂણામાં પડેલ તંબુર ઉપાડ્યો. ગર્ભગૃહ સામેના ખૂણામાં બેસી ગઈ અને કાફીના સ્વર રેલાવ્યા. પછી ભજન શરૂ કર્યું..... 'ખેલત નંદકુમાર...' આંખ બંધ કરીને તે ગાવા માંડી. તેનો મધુર સ્વર મંદિરના ગુંબજમાં ઘૂમરાવા લાગ્યો. ગાતા ગાતા જાણે તેના મનઃચક્ષુ સમક્ષ બાલકૃષ્ણ પોતાના ગોપ મિત્રો સાથે નાચતા-કૂદતા હોય, ગાયો પર હાથ ફેરવતા હોય, દોડતા હોય...એ દશ્યો આવવા લાગ્યાં. તેમ તેમ રાગ ઘેરો બનવા લાગ્યો. તે તેની સાથે એકતાન થવા લાગી. હલક મીઠી થવા માંડી. તે સ્થિર બેઠી હતી. હાથ તંબુરા પર ફરતો હતો. આંખમાંથી આંસુની ધાર ગાલ પરથી વહેતી હતી. મંદિરમાં દર્શન કરવા આવેલ સ્ત્રીઓ તેની પાસે શાંતિથી બેસી ગઈ. એકાદ-બે પુરુષો સ્તબ્ધતાથી તેના આંસુથી લથબથતા ચહેરા સામે જોતા હતા. સ્ત્રીઓની આંખો પણ ભીની હતી.

આ દશ્ય રોજનું હતું. સવારે રાધા ભજનો ગાય. તેના પૂજારી પિતાએ તેને ધ્રુપદ શાસ્ત્રીય ગાયકી બાળપણથી જ શીખવી હતી. તેની ખૂબ કઠોર તાલીમ આપી સાધના કરાવી હતી. પરિણામે તેનો અવાજ ખૂબ જ કેળવાઈ ગયો હતો. મીઠો ચટ્ટક અને મધુર બની ગયો હતો. તેની આ ગાયકીની કચ્છમાં બધાને જાણ હતી. મહારાવ ખેંગારજીએ પણ તેને પોતાની પાસે ગાવા આવવાનું આમંત્રણ આપ્યું હતું. પણ રાધાનું વ્રત હતું કે માત્ર ભગવાન સામે જ ગાવું. પરિણામે મહારાવ જ્યારે માંડવીની મુલાકાતે આવેલ, ત્યારે મંદિરમાં બેસી તેને સાંભળેલ. મહારાવે ખુશ થઈ તેને મોટું ઈનામ આપેલ. જે રાધાએ તે જ પળે ભગવાનના ચરણોમાં સોંપી દીધેલ.

રાધાને બાળપણથી જ ભગવાનનું ઘેલું લાગ્યું હતું. જ્યારથી તે સમજણી થઈ, ત્યારથી પિતા પૂજા કરે ત્યારે બાજુમાં ઊભી રહેતી અને એકાગ્ર દૃષ્ટિથી મૂર્તિને જોઈ રહેતી. સંગીત શીખ્યા પછી પણ રિયાઝ મૂર્તિ સામે જ કરતી. તે કૃષ્ણનાં જ ભજનો ગાતી. તે ગાતી હોય ત્યારે મંદિરમાં આવતા લોકોને ઉતાવળ હોય તો પણ આ સંગીત સાંભળવા રોકાઈ જતા. રાધાના સંગીતના કારણે સાંજની આરતીમાં ભીડ જામતી. અન્ય પંથોના ભક્તો પણ સાંભળવા આવતા.

આવી તીવ્ર ભક્તિને કારણે રાધાએ આજીવન એકલા જ રહેવાનું નક્કી કર્યું હતું. પિતાએ તેને સમજાવેલ, પણ તે તેમને જવાબ આપતી, "મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ..." પિતાને હરખ અને ચિંતા બન્ને થતાં. છેવટે તેણે તેને સમજાવવાનું મૂકી દીધેલ અને ભગવાન પર છોડી દીધેલ. પિતા-પુત્રી પૂજા અને સંગીતમાં મસ્ત રહેતાં. માંડવીનો કલાપ્રેમી વર્ગ પણ તે બન્નેને આદર આપતો.

રાધાએ ભજન પૂરું કર્યું. તંબુર શાંત થઈ ગયો. પણ તેના સૂર મંદિરમાં ગુંજતા હતા. ધીમે ધીમે તે પણ શાંત થયા. સ્ત્રીઓ ઊભી થઈ ચાલી ગઈ. મંદિરમાં ફરી એકાંત છવાઈ ગયું.

રાધા ઊભી થઈ. તેણે થોડી મિનિટો માનસિક પૂજા કરી થોડા શ્લોકો ગાયા. પછી મંદિર પાછળ આવેલ નાની ઓરડી તરફ પગ ઉપાડ્યા. રસોઈની તૈયારી કરવાની હતી. પિતાજી હવે વૃદ્ધ થયા હતા. પૂજા તેમણે બંધ કરી હતી. અલબત્ત, હજી તે સશક્ત હતા, છતાં મંદિરનો વ્યવહાર તેમણે રાધાને સોંપી દીધો હતો. તે નિશ્ચિત થઈ માળા ફેરવતા. રાધાનું સંગીત ચાલુ હતું તે

*સુખની ક્ષણોને વેડફો નહિ અને દુઃખને ભગાડો.*

દરમ્યાન તે પણ મંદિરમાં આવ્યા હતા અને ચૂપચાપ નાના પાટ પર બેસી ગયા અને માળા ફેરવતા હતા. તે પણ પુત્રીનાં સંગીતથી અભિભૂત હતા. તેમની આંખોમાં પણ તેને સાંભળતી વખતે આંસુ આવી જતાં.

રાધા પિતા પાસે આવી બોલી, "બાપા, થોડી વારમાં દૂધ લાવું છું, હોં!"

રાધા બારણા તરફ વળી.

ત્યાં તેણે કોઈને મંદિરમાં પ્રવેશતું જોયું. નજર સ્થિર કરી તે તરત બોલી ઉઠી, "અરે ભાટિયા શેઠ, તમે? આવો, આવો. ઘણા દિવસે દેખાયા તમે તો!"

ભાટિયા શેઠ સીધા મૂર્તિ પાસે ગયા અને તેને વંદન કર્યા. પછી પૂજારી પાસે આવ્યા અને તેને પણ પગે લાગ્યા. તે દરમ્યાન રાધાએ પિતા પાસે એક આસન પાથરી દીધું. શેઠ તેના પર બેઠા.

પૂજારીએ માળા પૂરી કરી. પછી તેને આંખે અડકાવી અને પછી ખોળામાં મૂકી દીધી.

ત્યાં સુધી શેઠ શાંત બેસી રહ્યા.

રાધા ઝડપથી અંદર ગઈ અને થોડી વારમાં દૂધના બે વાટકા લઈ આવી. પિતા અને શેઠની સામે મૂક્યા. પછી પોતે શાંત ઊભી રહી.

પૂજારીએ વાટકો હાથમાં લેતાં શેઠ સામે જોઈ કહ્યું, "અરે ભાટિયા શેઠ, તમે આજે વળી ભૂલા પડ્યા? મેં તો સાંભળ્યું હતું કે તમે તો વેપાર માટે બહાર ગયા હતા?"

શેઠે દૂધનો ઘૂંટડો ગળામાં ઉતારતાં જવાબ આપ્યો, "હા, પૂજારીજી, તમે સાચા છો. હું મુંબઈ ગયો હતો. વેપારના કામે. કાલે જ આવ્યો."

"સરસ. મુંબઈ તો મોટું શહેર મનાય છે."

"હા."

"વેપાર બરાબર થયો ને?"

શેઠે મૂર્તિ સામે હાથ જોડતાં કહ્યું, "દ્વારકાનાથની કૃપા છે તેથી સારું ચાલે છે."

"હા, કનૈયાની કૃપા જ બધું કરે છે," પૂજારીએ સંમત થતાં કહ્યું.

શેઠે રાધા સામે જોઈને કહ્યું, "અરે, રાધા, તને એક નવા સમાચાર આપવાના છે. મુંબઈથી લાવ્યો છું."

"નવા સમાચાર?" નવાઈથી રાધા શેઠ સામે જોઈ રહી.

"રાધા," શેઠ આગળ બોલ્યા, "તને યાદ છે આપણા માંડવીમાં એક સંન્યાસી આવ્યા હતા?"

પૂજારીએ સ્મિત કરતાં જવાબ આપ્યો, "શેઠ, માંડવીમાં તો અનેક સંન્યાસીઓ આવતા રહે છે."

"હા, પૂજારીજી, પણ એક વર્ષ પહેલાં એક સંન્યાસી આવ્યા હતા."

"કોણ?" રાધાએ પૂછ્યું.

"તને તો યાદ હશે. તે મારે ઘેર ઉતર્યા હતા."

"ઓહ! પેલા અંગ્રેજીમાં બોલતા હતા તે સાધુ?" પૂજારીએ કહ્યું.

"હા એ જ. બે ગુરુભાઈઓ સાથે આવ્યા હતા. થોડા દિવસ મારે ત્યાં રહ્યા હતા."

"હા, બરાબર યાદ છે." રાધાએ જવાબ આપ્યો.

"શું નામ હતું તેમનું ભલા?" પૂજારીએ યાદ કરવાનો પ્રયત્ન કરતાં પૂછ્યું.

"વિવિ...," રાધાએ યાદ કરવા પ્રયાસ કર્યો.

"વિવિદિશાનંદજી," શેઠે જવાબ આપ્યો.

"હા, એ જ," રાધા બોલી.

"સાથે તેના ગુરુભાઈ અખંડાનંદજી પણ હતા તેવું યાદ છે, "પૂજારીએ પૂર્તિ કરી.

"હા."

"પણ તેમાં નવા સમાચાર શું છે?" રાધાએ જિજ્ઞાસાને વ્યક્ત કરતાં કહ્યું.

"એ સ્વામી વિવેકાનંદે અમેરિકામાં આપણા ધર્મનો ડંકો વગાડ્યો છે."

"એટલે?"

"અરે! કહેવાય છે કે તેમણે પાંચ-સાત હજાર ગોરાઓ સામે એવું ફાંકડું ભાષણ કર્યું કે બધાએ ઊભા થઈ તાળીઓ પાડી હતી."

"શું વાત કરો છો?" પૂજારીએ આનંદથી કહ્યું.

"પણ શેઠ, તમે તો વિવેકાનંદ નામ બોલ્યા. આપણે ત્યાં જે સાધુ આવ્યા હતા, તેમનું નામ તો વિવિદિશાનંદ હતું તે?"

"રાધા બેટી, ઈ વિવિદિશાનંદ જ વિવેકાનંદ છે."

"તમને કેમ ખબર પડી?"

"હું મુંબઈમાં હતોને, ત્યારે છાપામાં સમાચાર અને ફોટો હતાં. ઈ બંગાળી છે. રામકૃષ્ણના શિષ્ય છે."

"હા, ઈ વાત તો તેમણે મને કરી હતી," પૂજારીએ સંમતિ આપતાં કહ્યું.

"મેં ફોટો જોયો અને તરત યાદ આવી ગયું કે અરે! આ તો આપણે ત્યાં પધારેલ સ્વામી જ હતા. સાચું કહું? મને તો બહુ હરખ થયો કે આવા મહાન સ્વામી મારા ઘેર પધાર્યા હતા. હું તો ધન્ય ધન્ય થઈ ગયો, હોં પૂજારીજી." શેઠે ભીના અવાજે કહ્યું.

પછી શેઠે પોતા સાથેના થેલામાંથી એક છાપું કાઢ્યું અને પૂજારી સામે ધર્યું. પૂજારીએ ઝીણી આંખ કરી જોયું. રાધા પણ ઝડપથી પિતા પાછળ ઊભી રહી અને છાપામાં જોવા લાગી.

"હા, .... છે તો ઈ જ સ્વામીજી. એ જ તેજસ્વી ચહેરો છે. હા, પણ તે દિવસે તેમના માથાં પર ફેંટો ન હતો," રાધા બોલી. પૂજારીએ પણ માથું હલાવ્યું.

ત્રણે થોડીવાર એકાગ્રતાથી ફોટાને જોઈ રહ્યાં.

***સમય આવે ત્યારે સાથ ન આપે તે સગા કામના નથી.***

પછી શેઠ બોલ્યા, "હું મુંબઈમાં હતો ત્યારે સ્વામીની સિદ્ધિને બિરદાવવા મોટી સભા ભરાઈ હતી. તેમાં પણ હું ગયો હતો."

"પણ તે અમેરિકા પહોંચ્યા કેમ?" પૂજારીએ પૂછ્યું.

"હા, સભામાં એ વાત થઈ હતી. સ્વામીજી આખા દેશમાં ફર્યા હતા. ત્યારે દક્ષિણના એક રાજાએ તેમને અમેરિકા જવા કહ્યું. વ્યવસ્થા પણ કરી આપી. તે ગયા જુલાઈમાં ગયા હતા. સપ્ટેમ્બરમાં ત્યાં દુનિયાના બધા જ ધર્મોના વડાઓ એકઠા થયા હતા તેમાં તે આપણા ધર્મ વતી બોલ્યા હતાં."

"પણ અહીં ખબર કેમ પડી?"

"ત્રણેક મહિના પછી તેમના ગામ કલકત્તા સમાચાર પહોંચ્યા. ત્યાંના છાપાંમાં સમાચાર આવ્યા. બસ! પછી તો આખા દેશનાં છાપાંઓમાં સમાચાર આવ્યા. દેશમાં ધમાલ થઈ ગઈ છે. હું મુંબઈમાં હતો તેથી મને પણ ખબર પડી."

"પણ તેમણે નામ કેમ બદલાવ્યું?" રાધાએ પૂછ્યું.

"હા, ભારતમાં ફરતા હતા ત્યારે જુદા જુદા નામે ફરતા હતા, પણ રાજાએ તેમને આ નામ જ રાખવા કહ્યું. તે નામે જ તે ગયા."

થોડી વાર શાંત રહી શેઠ બોલ્યા, "અને રાધા, તને યાદ છે....?"

તેમનાં વાક્યને કાપી નાખતાં રાધા બોલી, "હા શેઠ, મને બરાબર યાદ છે તે સ્વામી. અહીં જ, આ મંદિરમાં જ, તેમની ધ્રુપદ ગાયકી સાંભળી હતી."

"હા, એ તો ખૂબ જ યાદ છે. ખૂબ મીઠો અવાજ હતો તેમનો," પૂજારીએ પણ જવાબ આપ્યો.

"પૂજારીજી, રાધા, મને તો મુંબઈમાં એટલો આનંદ થયેલો કે થયું કે દોડીને તમને સમાચાર આપું. આપણે ખરેખર ધન્ય થઈ ગયા હોં."

રાધાએ મૂર્તિ સામે માથું નમાવ્યું.

શેઠ ઉભા થયા. બોલ્યા, "હું તો આ નવા સમાચાર આપવા જ આવ્યો હતો. કાલે મોડી સાંજે આવ્યો. રાત પડી ગઈ હતી એટલે માંડ મન દબાવ્યું. એટલે જ સવાર થતાં જ દોડતો આવ્યો છું. બસ! આ જ સમાચાર આપવા હતા. તો હવે જાઉં."

બોલી શેઠે પૂજારીના પગને સ્પર્શ કર્યો. પછી મૂર્તિને ફરી હાથ જોડ્યા. રાધાને આશીર્વાદ આપ્યા. પછી ઘંટ વગાડી મંદિર બહાર નીકળી ગયા.

પિતા-પુત્રી તેને જતા જોઈ રહ્યાં.

"રાધા," શેઠ ગયા પછી પૂજારી બોલ્યા, "ઘણા સારા સમાચાર છે, હોં! ઓહો! આપણા ધર્મની વાતો સાંભળી વિલાયતમાં ગોરાઓ તાળી પાડે! વાહ, પ્રભુ વાહ! તારી લીલા અપરંપાર છે...અને એ મહાત્માનો સત્સંગ આપણને મળે! આપણે પણ સદભાગી છીએ. કેવા તેજસ્વી યુવાન હતા ને સંન્યાસી, નહીં! તગતગતી તપસ્વી આંખો. ધન્ય! ધન્ય! તેને અને તેના ગુરૂને નમસ્કાર."

પૂજારીએ બે હાથ જોડી આકાશ સામે જોઈ વંદન કર્યા.

રાધાએ પણ હાથ જોડ્યા.

પૂજારીએ ખોળામાં પડેલ માળા ફરી હાથમાં લીધી. કપાળમાં તેને વંદીને ફરી ફેરવવી શરૂ કરી. તેમની આંખો બીડાઈ ગઈ. તે માળામાં તલ્લીન થઈ ગયા.

રાધાએ હળવેથી બે વાટકા લઈ લીધા. ફરી ઓરડીમાં ગઈ. અંદર જઈ ચૂલો સળગાવ્યો. તેના પર દાળ-શાક-ચોળા મૂક્યા. રોટલીનો લોટ બાંધ્યો. પછી હાથ ધોઈ રસોઈ થાય ત્યાં સુધી રાહ જોવા બહાર આવી. બહાર આંગણામાં ઘટાટોપ વડનું ઝાડ હતું. તેની છાયામાં એક નાનકડો હીંચકો હતો. તેના પર બેઠી. પગને ઠેલો માર્યો. હીંચકો હળવેથી ઝૂલવા માંડ્યો. હળવો પવન વાતો હતો. વાતાવરણમાં ઠંડક હતી.

રાધાની આંખો બીડાઈ ગઈ.

તેને સ્વામી દેખાવા લાગ્યા. તે મંદિરમાં આવ્યા હતા તે સમગ્ર ઘટના આંખ સામે તરવા લાગી...

એકાદ વર્ષ પહેલાંની તે ઘટના હશે. એક બપોર ઢળતી હતી. પૂજારી હિંચકા પર બેસી માળા ફેરવતા હતા. રાધા પાસેના ઓટલા પર બેસી ફૂલની માળા ગુંથતી હતી. સૂર્યનાં કિરણો ઢળતાં હતાં. વાતાવરણમાં પૂર્ણ શાંતિ હતી. પક્ષીઓના ચહેચહાટનો અવાજ જ આવતો હતો.

અચાનક આંગણામાં કોઈનો પગરવ સંભળાયો. રાધાએ મસ્તક ઊંચું કરી જોયું તો ભાટિયા શેઠ ઊભા હતા. તે તો ઊભી થઈ ગઈ અને પાસે જઈ હાથ જોડ્યા. શેઠે આશિષ આપ્યા.

પછી શેઠ પૂજારી પાસે આવ્યા. રાધા પાસે ઊભી રહી.

શેઠે પૂજારીને વંદન કર્યા. પછી ઓટલા પર બેઠા.

"તે શું શેઠ, બપોરે આવ્યા?" પૂજારીએ પૂછ્યું.

"વડીલ, એક ખાસ કામ માટે આવ્યો છું."

"બોલો."

"મારે ઘેર એક સંન્યાસી પધાર્યા છે."

"હા, સમાચાર સાંભળ્યા. મંદિરમાં આવતા ભક્તોએ વાત કરી. વખાણ પણ કરે છે."

"હા પૂજારીજી, ખરેખર વખાણવા જેવા જ છે. છે તો બહુ નાના! ૨૭ - ૨૮ના લાગે છે. પણ જ્ઞાનમાં તો ઋષિ જ લાગે છે. ખૂબ જાણે છે. સરસ ચર્ચાઓ કરી શકે છે. દેશાટન કરવા નીકળ્યા છે. ફરતાં ફરતાં

*ખુશ રહેવા માટે જૂની, સારી વાતો યાદ કરો.*

ભુજ આવેલા. આપણા મહારાવના મહેમાન થયા હતા. હવે માંડવી - નારાયણ સરોવર વગેરે યાત્રાએ નીકળ્યા છે. હમણાં માંડવી છે. ભુજમાં કોઈએ મારું નામ આપ્યું હતું. તેથી મારે ત્યાં આવ્યા છે." શેઠ એકીશ્વાસે બોલી ગયા.

"સરસ."

"હમણાં અમે બેઠા હતા ત્યાં મને અચાનક તે સ્વામીએ પૂછ્યું કે અહીં કોઈ સંગીતપ્રેમી છે?"

"હું."

"મને તો તમે અને રાધા જ યાદ આવ્યાં. મેં જવાબ આપ્યો કે - હા, છે ને! અમારા કૃષ્ણ ભગવાનનાં મંદિરના પૂજારી સરસ ગાય છે. તેની દીકરી પણ. આ સાંભળીને તે બોલ્યા કે તો તો બોલાવોને તેમને. આપણે સાંભળીએ. પણ મેં કહ્યું કે અમારી રાધા ક્યાંય નથી જતી. માત્ર ભગવાન સામે જ ગાય છે. તો બોલ્યા કે તો આપણે મંદિરે જઈએ. મેં કહ્યું કે પૂછી આવું. એટલે આવ્યો છું. તે પણ સંગીત જાણે છે, પૂજારીજી, કહો તો સાંજે તેડી આવું!"

પૂજારીએ રાધા સામે જોયું. રાધાએ મૂક સંમતિ આપી.

"ભલે લઈ આવો," પૂજારીએ જવાબ આપ્યો.

"સરસ."

"અને રાધા બેટી, આપણે એ સાધુને ભોજન કરાવીને પુણ્ય મેળવવું છે?" પૂજારીએ રાધા સામે જોતાં પૂછ્યું.

રાધાની આંખો નાચી ઉઠી. "હા બાપુ, જરૂર. મને તો ગમશે. તે ભોજન કરવાનું સ્વીકારશે તો."

"તો શેઠ, મહાત્માને કહેજો કે સાંજે ભોજન અહીં લે. પછી સંગીત સાંભળશું. અને તમે પણ સાથે જમજો."

"ના, માત્ર સ્વામી જ ભલે જમે." શેઠ બોલ્યા. પછી કહે, "તો સાંજે સાત વાગ્યે સ્વામીને તેડીને આવું છું."

કહી શેઠ ચાલ્યા ગયા.

રાધાએ માળા ગુંથવી અટકાવી દીધી. ઝડપથી રસોડામાં ગઈ અને સ્વામી માટે ભોજન તૈયાર કરવા લાગી ગઈ.

સાડા છ વાગ્યે સૂરજ પશ્ચિમમાં અદશ્ય થઈ ગયો. સંધ્યાની લાલાશ પણ ઓછી થવા લાગી. આછો અંધકાર પથરાવો શરૂ થયો. રાધાએ ફરી મંદિર સાફ કરી નાખ્યું. આજે તેણે ચારે ખૂણે દીવડાઓ પ્રગટાવ્યા. બે ફાનસ પણ પ્રગટાવ્યાં. પરિણામે મંદિરમાં સરસ અજવાળું થઈ ગયું.

સાત વાગે શેઠ અને સ્વામી પહોંચી આવ્યા. સ્વામીએ આવી, પૂજારીને વંદન કર્યા. પૂજારીએ પણ સામા વંદન કર્યા.

પૂજારીએ સ્વામીને નીરખ્યા. મધ્યમ ઊંચાઈ હતી. ભગવા વસ્ત્રો પહેર્યા હતાં. માથાં પરના વાળ કાઢી નાખ્યા હતા. ટટ્ટાર ચાલતા હતા. આંખોની તેજસ્વીતા અદ્‌ભુત હતી. આંખો તેમના સામે જોતી હતી, છતાં અપાર્થિવ લાગતી હતી. કશુંક અદશ્ય જોતી હોય તેવી દેખાતી હતી.

પૂજારીએ તેમને હીંચકા પર બેસાડ્યા. બાકી બધા ઓટલા પર બેઠા. રાધા પણ આવીને ઊભી રહી.

સ્વામી હિન્દીમાં બોલ્યા, "આ શેઠે કહ્યું કે આપ સારા સંગીતકાર છો. મને ઘણા દિવસથી સારું સંગીત સાંભળવાની ઈચ્છા છે. માટે અહીં આવ્યો છું."

પૂજારીએ જવાબ આપ્યો, "સારો છું કે નહીં તે તો ખબર નથી, પણ થોડું ઘણું શીખ્યો છું. મારી આ દીકરીને પણ શીખવ્યું છે. હવે હું તો વૃદ્ધ થયો છું. એટલે ગાતો નથી. મારી દીકરી સંભળાવશે."

સ્વામીએ રાધા સામે જોયું. રાધાની આંખો નીચી થઈ ગઈ.

"પણ," પૂજારી બોલ્યા, "સ્વામીજી, પહેલાં આપણે ભગવાનનો પ્રસાદ લઈ લઈએ. પછી નિરાંતે બેસીએ, તો!"

"જેવી આપની ઈચ્છા."

રાધાએ ઓસરીમાં બે આસનો પાથર્યા હતાં. આસન પાસે બે બાજોઠ મૂક્યા હતા. પૂજારી અને સ્વામી આવ્યા. આસન પર બેઠા. રાધાએ બન્નેને ભોજન પીરસ્યું. સ્વામી ખાતાં ખાતાં બોલી ઉઠ્યા, "અરે વાહ! ભોજન તો ખૂબ સ્વાદિષ્ટ છે. ખૂબ સરસ. ખૂબ સરસ."

રાધા ખુશ થઈ ગઈ.

સ્વામી નિરાંતે જમ્યા. જમતાં જમતાં પૂજારી અને શેઠ સાથે વાતો કરી. તેમના ગુરૂ રામકૃષ્ણની વાતો કરી. ત્રણે સ્તબ્ધ થઈને સાંભળતાં હતાં.

"ઓહો!" પૂજારી આદરથી બોલ્યા, "તેમણે ભગવાનનાં દર્શન કર્યા હતા?"

"કર્યા હતાં નહીં, પળેપળ કરતા હતા, કાલી મા સાથે વાતો કરતા હતા."

રાધા વિસ્ફારિત નયને સાંભળતી હતી.

"અને પૂજારીજી, મને પણ તેમણે ઝાંખી કરાવી છે. હું પણ સદ્‌ભાગી છું."

"હેં? આપે પણ ભગવાનનાં દર્શન કર્યા છે?"

સ્વામીએ સ્મિત કરી મસ્તક હલાવ્યું.

"ધન્ય, ધન્ય, સ્વામી આપ તો."

રાધા તો ગળગળી થઈ ગઈ.

જમીને સ્વામી ઉઠ્યા. રાધાએ ઝડપથી વાસણ સાફ કરી નાખ્યાં.

પછી બધાં મંદિરમાં આવીને બેઠાં. શેઠે બે-ચાર સંગીત પ્રેમીઓને પણ બોલાવ્યા હતા. તે આવીને બેઠા હતા.

મંદિરમાં પૂરો અજવાસ હતો. બહાર પૂનમનો ચંદ્ર પોતાનો શીતળ પ્રકાશ ચારે તરફ ફેલાવતો હતો. વાતાવરણમાં પૂર્ણ નીરવતા હતી.

સ્વામીજીની નજર તંબુરા પર પડી. તેણે ઈશારો કરી તે આપવા કહ્યું. રાધાએ તેમને તે આપ્યો.

સ્વામીની આંગળી તાર પર ફરી. તાર

*હતાશા અને ગુસ્સાને કાબૂમાં રાખતા શીખો.*

રણઝણી ઉઠ્યા. પર્યાવરણમાં તેનો ગુંજારવ રણઝણી ઉઠ્યો. રાધાનું હૃદય પણ રણઝણી ઉઠ્યું. દીવડાના સ્થિર પ્રકાશ પણ રણઝણી ઉઠ્યા.

એકાદ-બે પળ સ્વામીની આંખો બંધ રહી.

પછી બોલ્યા, "આપ કોઈ વિશિષ્ટ ગાયન શીખ્યા છો?"

"હા," પૂજારીએ જવાબ આપ્યો, "મારા ગુરૂએ મને ધ્રુપદ ગાયકી શીખવી છે."

સ્વામીજી ઉત્સુકતાથી બોલ્યા, "શું બોલ્યા? ધ્રુપદ ગાયકી?"

"હા"

"વાહ! વાહ! શેઠ મજા પડી ગઈ તો તો."

"કેમ?" શેઠે જિજ્ઞાસાથી પૂછ્યું.

"અરે, હું પણ ધ્રુપદ જ શીખ્યો છું. મને તે ખૂબ પ્રિય છે. આજે તો મજા આવી જશે."

સ્વામીએ ફરી તાર રણઝણાવ્યા. પોતાનો 'સા' બોલ્યા. તેને અનુકૂળ તાર કર્યા.

રાધા તો સ્વામીનો 'સા' સાંભળી થરકી ઊઠી. ઓહો! આવો મીઠો અવાજ! કલ્પનાતીત અવાજ હતો આ તો.

પૂજારી પણ હલબલી ઊઠ્યા. અહાહા! આ તો અદ્ભુત અવાજ હતો.

"ઓહો! આ તો દૈવી અવાજ છે" તે ગદગદ થઈને બોલી ઉઠ્યા.

રાધાની આંખો તો ભીની જ થઈ ગઈ.

સ્વામીએ સરગમ ગાવી શરૂ કરી. એક પછી એક સ્વરને ઘૂંટવા લાગ્યા. વાતાવરણમાં એક અકથ્ય અદ્ભુતતા પથરાવા લાગી. સાથે સ્વરોના આરોહ-અવરોહ કરી સ્વામીએ ભજન ઉપાડ્યું - 'પ્રભુ! મોરે ચિત્ત અવગુણ મત ધરો....'

જેમ જેમ ભજન આગળ વધતું હતું તેમ તેમ રાધા તો જાણે બેહોશ જ થતી ગઈ. ધ્રુપદ તો પોતે પણ ગાતી હતી. પણ આ સ્વામીનું ગાયન! કોઈ શબ્દો મળતા ન હતા વર્ણન કરવા. રાધાને લાગ્યું કે તેના શરીરનો કણેકણ વિખરાતો જતો હતો. શરીર ઓગળીને નામશેષ થતું જતું હતું. તેની આંખો બંધ જ થઈ ગઈ. આંખો સામે વિરાટ શૂન્ય અનુભવાતું હતું. જેમાં આ સ્વરો નૃત્ય કરતા હતા. રાધા સ્વરોની મીઠાશ સહન કરી શકતી ન હતી. તેણે ચહેરાને બે હાથથી ઢાંકી દીધો. તેને લાગ્યું કે તે આનંદથી રડી પડશે. માંડ તે રૂદન દબાવતી હતી.

થોડો વખત સ્વામીએ શાસ્ત્રીય ઢબે ભજન ગાયું. બધા તો તલ્લીન થઈ ગયા હતા. બધાના શ્વાસ જાણે થંભી જ ગયા હતા. દીવડાની સ્થિર જ્યોત જાણે નિશ્ચલ થઈ ગઈ હતી. બહાર ચંદ્ર પણ આગળ વધવાનું નામ લેતો ન હતો. વૃક્ષોનાં પાન પણ સ્થિર થઈ ગયાં હતાં. વાતાવરણમાં દિવ્યતા પથરાઈ ગઈ હતી.

અચાનક સ્વામીએ ભજન અટકાવ્યું.

રાધાની આંખો છલકાતી હતી. તેણે પિતા સામે જોયું. તેમની વૃદ્ધ આંખો પણ છલકાતી જ હતી. અનિમેષ નજરે તે સ્વામીને જોતા હતા. પોતાના ગળામાંનો ડૂમો છૂપાવતા હતા. હાથમાંની માળા પણ સ્થિર થઈ ગઈ હતી. સમગ્ર શરીર જડવત હતું.

અન્ય સાંભળનારા પણ ચિત્રવત હતા.

થોડી વાર શાંતિ રહી.

અચાનક સ્વામીનો અવાજ સંભળાયો, "અબ માતા, તમે ગાવ."

રાધાને લાગ્યું કે બહાર ગાયોના ગળા પરની ઘંટડી રણકી.

તે ચમકી. તેણે આંખો લૂછી નાખી. પિતા સામે જોયું. પિતાએ આંખ નમાવી સંમતિ આપી.

સ્વામીએ તંબુરો નીચે મૂક્યો. રાધાએ તે હાથમાં લીધો. તેની આંગળીઓ તાર પર ફરવા લાગી. બે-ચાર ક્ષણ પછી તેણે પણ 'સા' શરૂ કર્યો.

"અહો! અદ્ભુત! અદ્ભુત!" સ્વામી બોલી ઉઠ્યા.

રાધાએ પણ સૂરના તાન પલટા શરૂ કર્યા. તેમનો મધ જેવો મીઠો ગળચટ્ટો અવાજ ગુંબજમાં ઘૂમવા લાગ્યો. પછી તેણે ભજન શરૂ કર્યું - 'મેરે તો ગિરિધર ગોપાલ...' સ્વામી તો ડોલી ઉઠ્યા. હાથ જોડીને રાધાને જોઈ જ રહ્યા. પછી આંખો બંધ કરી મદારીની બીન સામે નાગ ડોલે તેમ ડોલવા લાગ્યા.

રાધા તો ભૂલી ગઈ કે પોતે જાહેરમાં ભજન સંભળાવે છે. તે તો તેના ગિરિધરમાં ડૂબવા લાગી. તેના દર્શનનો આનંદ પણ લેતી હતી અને વિયોગમાં તરફડતી પણ હતી. જ્યારે 'અંસુબન જલ સીંચ સીંચ' લીટી ઉપાડી, ત્યારે તેની આંખમાંથી ધોધમાર આંસુ વહેવા લાગ્યાં. 'ઘાયલકી ગત...' વખતે તો તેનો અવાજ ગદગદ જ થઈ ગયો. વાતાવરણમાં એક જાતનું દિવ્ય ભારેખમપણું પ્રસરી ગયું. તે સૂરને એવી રીતે ઘૂંટતી હતી કે તેમાંથી સમગ્ર વિશ્વની મીઠાશ ટપકતી હતી. બધા સાંભળનારા - ગાયક - મંદિર - દ્વારકાનાથ - જાણે અદ્વૈત રચાઈ ગયું.

પછી ધીમે ધીમે ભજનનો અંત આવ્યો. 'મીરાં કે...' બોલતી વેળા જાણે મીરાં જ ગાતી હોય તેવી બધાને અનુભૂતિ થઈ. ક્રમશઃ ભજન પૂરું થયું. રાધાનો અવાજ અટકી ગયો. પણ તંબુરાના તાર પર આંગળી તો અવશ ફરતી જ રહી. તેનો ગુંજારવ ચાલુ જ રહ્યો.

પૂજારીએ ખોંખારો ખાધો. તેને રાધાની આ સ્થિતિની ખબર હતી કે રાધા સૂર અને ભજનમાં વિલિન થઈ જાય છે. સમયાતીત થઈ જાય છે. એટલે સંગીત પૂરું થવા છતાં તેમાંથી બહાર આવતાં તેને સમય લાગે છે. તે ખૂબ ખુશ હોય છે, પણ ખોંખારો તો ખાવો જ પડે છે. પાછા આજે તો મહેમાન હતા. એવા જ નિષ્ણાત.

રાધાએ તંબુરો નીચે મૂક્યો. સ્વામીને વંદન કર્યા.

***અભિમાની માણસ મહાન બની શકતો નથી.***

"અરે માતા! તમે તો મને દિવ્યલોકમાં જ ખેંચી ગયાં હતાં. મને લાગ્યું કે ગંધર્વ જ ગાતા હતા. અહાહા! આટલો મીઠો, મધુર, દિવ્ય અવાજ! ધન્ય છો તમે, માતા! ધન્ય છો તમે, પૂજારીજી! માંડવી આવવું સફળ થઈ ગયું મારું તો."

રાધાએ મસ્તક નમાવ્યું.

"માતા, સમય થઈ ગયો છે, પણ એક ભજન ગાવ તેવી મારી વિનંતી છે" સ્વામીજીએ કહ્યું.

રાધાએ ફરી તંબુરો હાથમાં લીધો. આ વખતે તણે ભજન ન ગાતાં કેવળ ધ્રુપદ ગાયકી જ સંભળાવી. તેના તાનપલટા, આરોહ-અવરોહ ગાયાં. પણ એક સૂર પર સ્થિર થાય, ત્યારે જાણે ગહન પ્રાણાયામ કરતી હોય તેવું લાગે. સમગ્ર વિશ્વ જાણે સ્થિર થઈ ગયું હોય તેવો અભાસ થતો હતો. એક સૂરથી બીજા સૂર પર જાય, ત્યારે જાણે આકાશમાં વાદળાંઓ પર પગ મૂકતી અનંતતા તરફ જતી હોય તેવું લાગે. તીવ્ર સૂર પરથી અચાનક મંદ સ્વર પર આવે, ત્યારે જાણે ચંદ્ર પરથી ભૂસકો મારી પૃથ્વી પર સરકતી હોય તેવો આભાસ થાય. બધા સતત 'વાહ-વાહ' કરતા રહ્યા. સ્વામીથી પણ ન રહેવાયું. તે પણ વચ્ચે કૂદી પડતા અને સામે તાન પલટા ગાતા. સમગ્ર સમય દરમ્યાન મંદિરમાં જાણે સાતે સૂર સમૂહમાં નૃત્ય કરતા હતા.

ગાવાનું પૂરું થયું ત્યારે સ્વામીએ પુષ્કળ પ્રસંશા કરી.

પૂજારીએ સ્વામીને વિનંતી કરી કે તે ભૈરવીથી પૂર્ણ કરે. ભૈરવી શબ્દ સાંભળતાં સ્વામી હલબલી ઉઠ્યા. સ્ફૂર્તિથી તેમણે તંબુરો ઉપાડ્યો અને તાર રણઝણાવી ભૈરવી ઉપાડ્યો. તેમણે "અધરં મધુરં..." ઉપાડ્યું.

અચાનક વાતાવરણમાં કોમળતા વ્યાપી ગઈ. કોમળ 'રે-ગ-ધ-નિ' પર સ્વામી આવે, ત્યારે શ્રોતાઓને જાણે તેઓ પીગળતા હોય, કલ્પનાતીત હળવાશ અનુભવતા હોય, વજનવિહીનતા અનુભવતા હોય, માધુર્યમાં તરતા હોય એવી અનુભૂતિ થતી હતી.

રાધા તો આ મીઠાશ સહન જ કરી શકતી ન હતી. તેને એવાં તો ન સમજાય તેવાં સંવેદનો થતાં હતાં કે તેને થતું હતું કે તે ઊભી થઈને મૂર્તિ સામે નૃત્ય જ શરૂ કરી દે. મૂર્તિને વળગી જ પડે. તેને થયું કે તે બૂમ પાડીને સ્વામીને કહે કે - બસ કરો! અટકી જાવ! હું વિસર્જિત થતી જાઉં છું. મારું અસ્તિત્વ અલોપ થતું જાય છે. તેના મનમાં આ શ્લોક પડઘાતો હતો...." ચિદાનંદરૂપો શિવોડહમ" તે લગભગ બેહોશ થઈ ગઈ હતી.

સ્વામીનું ગાયન પૂરું થયું ત્યારે રાધાથી રહેવાયું નહીં. તે ઊભી થઈ સ્વામીના ચરણોમાં પડી ગઈ. "પ્રભુ-પ્રભુ" બોલી ઉઠી. પૂજારી પણ સ્તબ્ધ, મૂર્તિવત બેઠા રહ્યા. શેઠ તો સંગીતમાં કશું જ જાણતા ન હતા, છતાં ચિત્રવત બેઠા હતા. અન્ય શ્રોતાઓ પણ 'અદ્‌ભુત' બોલતા હતા.

થોડી ક્ષણો તો કોઈ જ બોલી ન શક્યું.

પછી પૂજારીએ સ્વામીના હાથ પકડી લીધા. બોલ્યા, "હે મહાત્મા! તમે પણ આજે મને ભગવાનનાં દર્શન કરાવ્યાં. મધુરાપતિ સાક્ષાત થયા. અદ્‌ભુત! અદ્‌ભુત! આવો મીઠો અવાજ મેં ક્યારેય નથી સાંભળ્યો. તમે સાક્ષાત સરસ્વતીના જ અવતાર છો. ધન્ય! ધન્ય!"

રાધા તો ડૂસકાંજ ભરતી હતી.

સ્વામી ઝડપથી સ્વસ્થ થઈ ગયા. ગંભીર, મધુર, ઘંટડી જેવા સ્વરે બોલ્યા, "મને પણ એ જ અનુભવ થયો છે. આ માતાનો અવાજ ખરેખર દિવ્ય, સ્વર્ગીય, ગંધર્વયુક્ત, પવિત્ર છે. તેની સાધના અદ્‌ભુત છે. આપે તેને તીવ્ર સાધના કરાવી છે. ભગવાનની તેના પર પૂરી કૃપા છે. અદ્‌ભુત! હું પણ ધન્ય થયો છું".

પછી તે ઊભા થયા. પિતા-પુત્રીને હાથ જોડ્યા અને રજા માગી. હાજર લોકો સાથે હાથ મેળવ્યા. બધાને આશીર્વાદ આપ્યા. મૂર્તિને વંદન કર્યા. પછી હળવેથી છતાં ગૌરવભેર ચાલતા બહાર નીકળી ગયા.

રાધા તો ધન્ય થઈ ગઈ હતી. એક સ્વામીએ તેને આવકારી હતી.

બીજા દિવસે સવારે શેઠ અને સ્વામી ફરી આવ્યા હતા. થોડો વખત પિતા પુત્રીને મળ્યા હતા. કહેલ, "થાય છે કે રોકાઈ જાઉં. ફરી ગાયન કરીએ. પણ મારે ખૂબ આગળ જવાનું છે. ખૂબ કામ છે. તેથી ઈચ્છા હોવા છતાં રોકાઈ શકતો નથી. પણ મા," રાધા સામે જોઈ બોલ્યા, "તમને ભગવાન સન્મુખ જ છે. તે તમારામાં સંગીતરૂપ વિદ્યમાન છે. તમે સદ્‌ભાગી છો. મારા વંદન સ્વીકારશો. તમારું સંગીત મને આજીવન યાદ રહેશે. તમારું કલ્યાણ થાવ."

અને ચાલ્યા ગયા...

અને એ સ્વામી અમેરિકામાં પ્રગટ થયા. ત્યાં તાળીઓના ગડગડાટ મેળવ્યા.

રાધા બડબડી, 'અરે પ્રવચનમાં જો તાળી પડી, તો તેમણે જો ધ્રુપદમાં ગાયું હોત તો? તો શું સ્થિતિ થાત ગોરાઓની?'

કલ્પનાથી તેના હોઠ પર સ્મિત આવી ગયું.

તે જાગૃત થઈ ગઈ.

"અખિલં મધુરં..." ગણગણતી રસોડાં તરફ જવા લાગી.

*ન્યુ મિન્ટ રોડ*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

**Inter**
**PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

# મનુષ્ય જીવનનું ગંગાજળ

• ડૉ. ઊર્મિલા શાહ •

“પુનિતા! ક્યારે આવી? આ શું? ત્રીજી ડિલિવરી? તારે તો શ્રીરાજ અને સુજાતા, બે ખરું કે નહીં? કેમ છે બંને? મજામાં? તેમને મૂકીને આવી છે? પુનિતા...ધન્યવાદ...તું દીકરો અને દીકરી બંને હોવા છતાં આ ત્રીજા બાળકની જવાબદારી લેવા તૈયાર થઈ, બાકી આજની છોકરી તો એક બાળકમાં કંટાળી જાય છે.”

અને એટલે પુનિતાએ આખીય પરિસ્થિતિનો ઘટસ્ફોટ કર્યો. “મારો મોટો શ્રીરાજ જન્મ્યો ત્યારથી મોંગોલ ચાઈલ્ડ છે અને એટલે એનો પ્રોગ્રેસ ઘણો ધીમો છે. બે વર્ષ એની પાછળ ખૂબ ધ્યાન આપ્યા જ કરતી હતી અને એને કારણે મારી હિંમત બીજા બાળક માટે હતી જ નહીં. પણ ઘરમાં અમે ત્રણ દેરાણી જેઠાણી. એ બંનેને કોઈ જ બાળક નહીં અને એટલે શ્રીરાજ તો ઘરમાં જાણે શી વાત? અમે બધાં જ તેની પાછળ જ હોઈએ ને તેમાં ય મારાં જેઠાણી તો તેને હૃદયથી બિલકુલ અળગો કરે જ નહીં. એમને એને માટે એટલી બધી મમતા બંધાઈ ગઈ છે કે એમણે જ મને બીજા બાળક માટે હિંમત આપી. ‘પુનિતા એમાં ગભરાય છે શું? એક બાળકમાં તકલીફ હોય એટલે બીજું બાળક પણ એવું જ થશે એવું ન હોય. ને નહીં તોય શ્રીરાજમાં શું ઓછું છે? મને તો એ ખૂબ વહાલો છે. પુનિતા તું માને કે ન માને, શ્રીરાજને હું મારાથી અળગો નહીં કરી શકું!” ને ત્યારે મને લાગ્યું કે ક્ષમાભાભીને સાચે જ બાળક માટે ખૂબ ઝંખના છે અને મેં બીજા બાળક માટે પ્લાનિંગ કર્યુ અને એમ સુજાતાનો જન્મ થયો. ઘરમાં મારાં સાસુ, સસરા, અમે ત્રણ ભાઈઓ ને ત્રણ વહુ ને બધાં વચ્ચે ફક્ત આ જ બાળકો ને છતાંય એ બાળકોથી જ જાણે ઘર કિલ્લોલતું લાગ્યા કરે. શ્રીરાજની આમ મુશ્કેલી ખરી, એને સાચવવો પડે, ધ્યાન રાખવું પડે પણ બીજી કોઈ તકલીફ નહીં એટલે એ ક્યાં સચવાય તે ખબર જ ન પડે. સુજાતાય મોટી થવા માંડી. ને એક વાર સાંજે સૌ જમીને બેઠાં હતાં ત્યાં બાએ પ્રસ્તાવ મૂક્યો. “પુનિતા, શ્રીરાજને સુજાતા તો મોટાં થવા માંડ્યાં. નાના છોકરા વિનાનું ઘર ગુંજતું નથી લાગતું.” ને ક્ષમાભાભીએ તેમાં સાદ પૂર્યો. સુજાતા વખતે ય તેમણે જ મને પ્રોત્સાહન આપ્યું હતું ને! અને મેં પુલિનને વાત કરી. મારામાં તો હવે ત્રીજો ચાન્સ લેવાની હિંમત જ ન હતી. કારણ કે શ્રીરાજનો પ્રોબ્લેમ જાણે મારા મગજમાંથી ખસતો જ ન હતો. ક્ષમાભાભીને તે ખૂબ વહાલો છે તે હુંય સમજતી હતી પણ “આવા બાળકની જવાબદારી કંઈ જીવનપર્યંત કોઈ સ્વીકારે ખરું?” મને મારું મન વારંવાર પૂછતું ‘ક્ષમાભાભી ભલે શ્રીરાજને હૃદયથી અળગો ન કરે પણ દત્તક લેવો હોય તો કાંઈ આવું બાળક કોઈ ઓછું જ લે.’ અને એટલે હું ત્રીજા બાળક માટે મૂંઝાતી હતી, ને તેમાં વળી પ્રેગનન્સી – એ મારે માટે ખૂબ મુશ્કેલ પરિસ્થિતિ હતી. લગભગ નવે મહિના પથારીમાં જ કાઢવા પડે તેવી રીતે મારી તબિયત રહેતી. એટલે મનમાં ખૂબ જ દ્વિધા ચાલતી હતી. પણ એકબાજુ બાનો આગ્રહ, બીજી બાજુ ક્ષમાભાભીનું પ્રોત્સાહન...ને આખરે ઘણી બધી મથામણ પછી મેં અને પુલીને ત્રીજા બાળક માટે પ્લાનિંગ કર્યું. હવે તમે કહો, તમે ધન્યવાદ કોને આપો છો?” ને તે એકદમ હસી પડી. પુનિતાએ નિખાલસતાથી ને સાહજિકતાથી કરેલી વાત મને સ્પર્શી ગઈ ને મારું મન વિચારે ચડ્યું.

મનોસૃષ્ટિ સમક્ષ ક્ષમાભાભીનું એક આબેહૂબ ચિત્ર ખડું થવા માંડ્યું. અત્યાર સુધીમાં ‘મા અને બાળક’ એવાં શીર્ષકવાળાં મેં ઘણાં ચિત્રો જોયાં છે. ખોળામાં બાળક લઈને બેઠી હોય ને એના મોં પર જે ભાવ હોય, સંતોષ અને સુખની રેખા હોય અને એમાંય સ્તનપાન કરાવતી માં તો જાણે કેવા સ્વર્ગીય સુખની અનુભૂતિ માણી રહી હોય એવા એના હૃદયના ભાવોને મેં વારંવાર જોયા છે, માણ્યા છે. કેટકેટલા ચિત્રકારો, પછી તે દુનિયાના ગમે તે ખૂણે હોય પણ મા અને બાળકના આ વિષયે તેના હૃદયને સ્પર્શ કર્યો છે ને ત્યારે માતૃત્વ એ સાચે જ કોઈ દૈવી અનુભૂતિ છે એવું મને હંમેશાં લાગ્યું છે, પણ બાળક નથી એવાં ક્ષમાભાભીની શ્રીરાજ માટેના આ મમત્વની વાત સાંભળી ત્યારે મને પણ મનમાં પ્રશ્ન થયો. ‘ક્ષમાભાભીને શ્રીરાજ ખૂબ વહાલો છે એ વાત બરાબર, નાનપણથી પોતાના ખોળામાં રમીને બાળક મોટું થયું હોય એટલે વહાલું તો લાગે જ ને! પણ કંઈ જીવનભર એવા બાળકની જવાબદારી એમને કાંઈ ઓછી જ સોંપાય? અને આવી જવાબદારી એ સ્વીકારે ય ખરાં? દત્તક જ લેવું હોય તો સારું બાળક ન લે! જેને પેટે આવું બાળક જન્મ્યું હોય તેને તો નાછૂટકે આ જવાબદારી સ્વીકારવી પડી હોય પણ જાણી જોઈને તે કંઈ કોઈ આવી જવાબદારીને નોંતરે ખરું? જાણીને અજાણ્યા કૂવામાં ભૂસકો કોણ મારે? પણ પુનિતાને ત્રીજી બેબી આવી ને હું ખબર કાઢવા ગઈ. ત્યારે તેણે મને સમાચાર આપ્યા કે “હું ડિલીવરી પરથી પાછી જાઉં પછી ક્ષમાભાભી વિધિપૂર્વક શ્રીરાજને દત્તક લેવાનાં છે.”

વાત મારા માન્યામાં આવતી ન હતી. ક્યાંથી આવે? પણ પુનિતાએ મને તેની પર આવેલ ક્ષમાભાભીનો નાનકડો કાગળ વંચાવ્યો.

*“વ્હાલી બહેન પુનિતા...*

*તારી તબિયત કેમ છે? દીકરી મજામાં? એનું નામ આપણે અમી રાખીશું? તું અંતરમાં અમી પાઈને તેને ઉછેરે છે એટલે એ પણ*

*સંવાદ શક્ય ન હોય તો મૌન રાખવું યોગ્ય.*

*આપણાં સૌની 'અમી' જ બની રહેશે. ખૂબ સરસ રીતે જલદી મોટી થઈ જાય તેવી હૃદયની શુભાશિષો.*

*એક વાત તને પૂછવી છે. મનમાં દ્વિધા છે. તને ગમશે કે નહીં! પણ છતાંય પૂછ્યા વિના રહી શકતી નથી. મેં શ્રીરાજને વિધિપૂર્વક દત્તક લેવા વિચાર્યું છે. હું જાણું છું કે બાળક એટલે માનાં હૃદયનો ટુકડો. એને મા કેવી રીતે અળગો કરી શકે? ને છતાંય હું આ માંગણી કરું છું. કારણ શ્રીરાજ માટે મને ખૂબ મમતા બંધાઈ ગઈ છે, હું એના વિના જીવી શકું તેમ નથી. એ મારા રોમેરોમમાં વ્યાપી ગયેલ છે. ને એટલે જ તારી પાસે આટલી યાચના કરું છું. પુનિતા...પુલીનભાઈને તું સમજાવી શકશે? જીવનભર તારું ઋણ નહીં ભૂલું.*

*- ક્ષમાભાભીનાં સ્નેહાશિષ."*

...ને કાગળ વાંચી જાણે તે માતૃત્વથી ઊભરાતાં...છલકાતાં. ક્ષમાભાભીનાં હૃદય માટે માનથી મારું માથું નમી પડ્યું.

આજે ચારેબાજુ મને એવી માતાઓ પણ જોવા મળે છે કે જેમને ઈશ્વરે બાળક જેવી મહામૂલી ભેટ આપી છે પણ એ ભેટની કિંમત તેમને નથી સમજાતી અને પોતાની જ મસ્તીમાં તેઓ મ્હાલે છે. **'કેમ અમારે અમારી જિંદગી જીવવાની ન હોય! ઘર, વર અને છોકરામાં શું અમારી જિંદગીનાં અગત્યનાં વર્ષો આમ બરબાદ કરી નાખવાનાં હોય! અમારે ય અમારી મહાત્વાકાંક્ષા ન હોય!" ને એ માતાઓ બાળકને જાણે ક્યારેક ઠેબે ચડાવતી હોય છે. બાળકને સાચવે ખરી. ખવડાવે, નવડાવે ખરી પણ એક ફરજ તરીકે, પ્રેમપૂર્વક નહીં. અને એટલે એવાં બાળકોનાં મોં પર પ્રસન્નતા શોધીય જડતી નથી.** ખરેખર તો બાળક એટલે ઈશ્વરે માણસમાં મૂકેલો વિશ્વાસ છે, પણ બાળકની આમ સતત ઉપેક્ષા કરીને તો આપણે ઈશ્વરના ગુનેગાર બનીએ છીએ ને એવાં બાળકો જાણે ફૂટબોલની જેમ અટવાતાં જ રહે છે ને ત્યારે આવાં ક્ષમાભાભીને હું જોઉં છું કે એમની વાત સાંભળું છું ત્યારે મને જાણે માતૃત્વની સાક્ષાત્ અનુભૂતિ થાય છે.

નવ નવ માસ ઉદરમાં ધારણ કરીને અસહ્ય પ્રસવ વેદના પછી પ્રાપ્ત થતા સંતાન માટે સ્ત્રીના હૃદયમાં મમતા પ્રગટે ને તેમાં તે કરોળિયાના જાળાની જેમ ગૂંથાય એ સાહજિક છે. પણ આ કશાય અનુભવ વિના પણ જો બાળક સાથે આટલી મમતા બંધાઈ જાય તો એ સ્ત્રીના હૃદયનું માતૃત્વ કેટલું પ્રબળ હશે! ને તેમાંય શ્રીરાજ જેવાં બાળકોને પોતાનું બાળક બનાવવાનો જે મા નિર્ણય લઈ શકે એ માનો નિઃસ્વાર્થ પ્રેમ કેવો પ્રબળ હશે!

ક્ષમાભાભીનું આખુંય ચિત્ર જાણે મારી નજર સમક્ષ ખડું થયું. ને મને ચાણક્યની ઉક્તિ યથાર્થ લાગી, **'માતા મનુષ્ય જીવનનું ગંગાજળ છે.'** મહાભારતમાં પણ કહ્યું છે કે **'માતા પૃથ્વીથી પણ મહાન છે.'** માતૃત્વમાં જ નારીત્વની પૂર્ણતા છે. ને એ પૂર્ણતાને ઝંખતા ક્ષમાભાભીને મેં મનોમન વંદન કર્યા. ખલીલ જીબ્રાને બહુ સુંદર કહ્યું છે : **'માના હૃદયમાં સૂતેલું ગીત એ જ બાળકના હોઠ ઉપર આવીને બેઠેલું સ્મિત.'**

માનો પ્રેમ બિનશરતી હોય છે. એને કોઈ સીમા નથી હોતી. કોઈ પૂર્વશરત નથી હોતી. દીકરો એટલે દીકરો. પછી તે ગમે તે હોય, ગમે તેવો હોય. માતા એને ચાહ્યા વિના રહી શકે જ નહીં.

માતા છે એટલે પ્રેમ છે. એ શાશ્વત અટલ સિદ્ધાંત છે. 'ઉત્કૃષ્ટ પ્રેમ એક પાવન સ્ત્રોતથી મળે એ માટે કુદરતે દરેક માનવીને માતા આપી છે.' એમ ફાધર વાલેસે યથાર્થ જ કહ્યું છે.

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ, એસ.જી. હાઈવે*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## તમને પાણી પીતા આવડે છે?

**(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)**

નબળા પડે છે. રાત્રે બ્રશ કરીને સૂઈ ગયા પછી સવારે, કોગળા કર્યા વગર, મોંમાં રહેલી લાળ સાથે એક મોટો ગ્લાસ હુંફાળું પાણી, ધીમે ધીમે ઘૂંટડે ઘૂંટડે, મોં માં ફેરવી ફેરવીને પીવાથી સવારની લાળ કે જે વધારે કોન્સન્ટ્રેટેડ હોય છે તે શરીરના ટોક્સીનને બહાર કાઢવામાં ખૂબ ઉપયોગી છે.


માત્ર અને માત્ર સવારે સહેજ વધારે પાણી પીવાની છૂટ છે તે સિવાય તરસના પ્રમાણમાં તથા સીઝન પ્રમાણે જરૂર મુજબનું જ પાણી પીવું જોઈએ. ચોમાસામાં ઓછું પાણી પીવું જોઈએ.

ઉપરાંત ચોમાસામાં પાંદડાવાળી ભાજી તેમજ પાંદડાવાળા અન્ય શાકનો ઉપયોગ ટાળવો જોઈએ.

થોડુંક સમજીને બુદ્ધિનો ઉપયોગ કરીને પોતાની જીવનચર્યા જો ગોઠવવામાં આવે તો મોટે ભાગે માણસ સ્વસ્થ રહી શકે છે. ગમે તેટલી સારી હોટેલમાં પણ ફરીથી ગરમ કરેલો વાસી ખોરાક જ મોટે ભાગે પીરસવામાં આવે છે. પેકેટ ફૂડ હંમેશાં વાસી જ હોય છે, ઉપરાંત તેમાં કેમિકલ ભળેલા હોય છે. બજારમાં મળતી તમામ મીઠાઈમાં બનાવટી ઘી વાપરવામાં આવે છે. ભોજન સમારંભ પછી છેલ્લે આઈસ્ક્રીમ ખાવાનો હવે તો રિવાજ પડી ગયો છે જે ભારે નુકસાનકારક છે.

બીજી મોટી વાતોને જવા દઈએ. શું ખાવું ને કેવી રીતે ખાવું એ વાતને પણ ઘડીભર બાજુએ મૂકીએ. પરંતુ કોઈ આપણને એવું કહે કે તમને પાણી પીતાં પણ નથી આવડતું? તો આપણને કેવું લાગે?

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ*
*કાશીરામ અગ્રવાલ હોલ પાસે*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૩૦૧૭૨૯*

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 2242 7310 ● Fax : (022) 3008 0072**



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ આંઉ પાંજે બાજુવારે ફ્લેટ મેં જોકો ભગુબાપા રેંતા અનીંજી ખબર કઢેલા વાડીલાલ હોસ્પિટલમેં વ્યો વો. તડેં બાપાજે ખાટલેજી આજુબાજુ અનીંજા ચાર છોકરા ને અનીંજી ઘરવાળીયું ઊભી વ્યું ને બાપા આં તે... લખુ, આંઉ મરા પોય નારણપુરાજા જતરા બંગલા આંઈ સે તું ગેને ગનજ. જખુ, વસ્ત્રાપુર વિસ્તારજા મડે રો-હાઉસ તું રખજ... ગાભુ, સેટેલાઈટવાળા ચોઈ ફ્લેટ તું સાચવીજ. આંઉ તા વિચારમેં પે વ્યો ક હતરી મડે મિલકત હુંધે છતાં ભગુબાપા હેડી સરકારી હોસ્પિટલમેં કુલા સારવાર ગેનેલા આવ્યા આંઈ. જરા તપાસ ત કર....

બચુડો : (તપાસ કરેનેં ચે) અધા... ભગુબાપા ગ્યા મિલ્કત મેં કીં નાય. ઈ તા છાપા વજેજો કમ ક્યાં તે... સે પંઢજે મરે પુઆ છોરા વડેં ન અતરે મણીંકે અગાઉથી જ પંઢજો કમ વાંટે દેના આંઈ.

## ખિલજા મ ભલા

પતિ : (પત્નીને) તારી મમ્મીની ઘા ઉપર મીઠું ભભરાવવાની આદત હજી પણ એમ જ છે.

પત્ની : કેમ શું થયું? ફરી પાછી શું તકલીફ થઈ?

પતિ : અરે આજે સવારે જ ફોનમાં પૂછતા હતા કે મારી દીકરી સાથે પરણીને ખુશ તો છો ને....?

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : (પતિને) હેવ એ નાઈસ ડે...

પતિ : મારે કઈ રીતે દિવસ પસાર કરવો એ તારે કહેવાની જરૂર નથી.

☺ ☺ ☺ ☺ ☺

મંગુ : યાર, બહુ તકલીફમાં છું... જે પણ કામ કરું તો એમાં મારી પત્ની વચ્ચે આવી જાય છે. શું કરું કાંઈ ખબર જ પડતી નથી.

ચંગુ : તું ટ્રક ચલાવવાનું શરૂ કર ને પછી જો... વચ્ચે આવવાનું નામ નહીં લે!

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : મમ્મી... મમ્મી.... હું અને બાજુના એપાર્ટમેન્ટમાં રહેતી ચીંકી શુધ્ધ દેશી રોમાંસ પિક્ચર જોવા જઈએ?

મમ્મી : (ગુસ્સે થઈને) ડોબા, હજુ તો તું સાતમામાં ભણે છે...

ચીન્ટુ : પણ એમાં ક્યાં દસમું પાસ માગે છે?

☺ ☺ ☺ ☺ ☺

મોહન : સરકારને પ્રજા ઉપર જરાય ભરોસો નથી.

સોહન : કેમ એવું કહે છે?

મોહન : ગુજરાતમાં દારૂબંધી છે તો પણ ઠેર ઠેર બોર્ડ માર્યા છે... 'દારૂ પીધા પછી ડ્રાઈવિંગ જોખમી છે.'

☺ ☺ ☺ ☺ ☺

નેતાની પત્ની : (ટોઈલેટમાં ગયેલા પતિને) સાંભળો છો....? હજુ કેટલીવાર? કામ પત્યું કે નહીં, કે પછી ધરણા ચાલુ કર્યા છે...?

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : મોન્ટુ... આજનું છાપું જોયું? એમાં ઈલેક્શનની તારીખ નક્કી થઈ ગઈ છે.

મોન્ટુ : એ દિવસે ખબર પડશે કે કઈ કઈ છોકરીઓ ૧૮ વર્ષની થઈ ગઈ છે....!!!

☺ ☺ ☺ ☺ ☺

કોંગ્રેસી નેતા : (રાહુલ ગાંધીને) વિદેશી પ્રવાસમાં સૌથી વધુ કરકસર તો મોદીજી કરે છે.

રાહુલ : હેં.... નવાઈની વાત કહેવાય!

નેતા : એમાં નવાઈ નથી. એમને વિદેશી વિઝા જ મળતા નથી.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : પપ્પા, અમારા ક્લાસમાં હમણાં એક નવો છોકરો દાખલ થયો છે. હમણાં લેવાયેલ પરીક્ષામાં સવાલોના જવાબ તો તેણે લખ્યા નહીં પણ સામે નવા પચ્ચીસ સવાલો પૂછ્યા, ને તેના જવાબ માગ્યા!

પપ્પા : તો પછી એ કેજરીવાલનો કુટુંબી જ હશે!!!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

## બાલુડેં જ્યું ગાલિયું

### THE FROG AND THE BULL

A frog saw a bull in a field. So off he went and told his mother.

"Mother," said the frog, "I saw a big animal in the field."

"How big was it?" said the mother frog. "Was it as big as I?"

"It was much bigger than you," said the frog.

Then the mother frog puffed herself out. "Was it as big as this?" she said.

"It was much bigger than that," said the frog.

The mother from puffed herself out still more.

"Was it as big as that?" she said.

"Oh, it was much bigger than that," said the frog.

The mother frog puffed and puffed, and puffed.

"Bigger, bigger, bigger!" said the frog.

The mother frog went on puffing.

"You are not nearly as big as the animal I saw in the field," said the frog.

Then the mother frog grunted, and puffed more and more until – bang! She had burst like a toy balloon!

"And she was still not nearly as big as the bull," said the frog. ■

એક કિડી બીજી કિડીને કહે છે, 'ચાલ, આપણે હાથીના પગમાં ગલગલિયા કરીએ.'

બીજી કિડી : 'જવા દે ને, ગબડી જશે તો ઊભો આપણે જ કરવો પડશે.'

☺ ☺ ☺

આ ૧૫મી ઓગસ્ટે એક ઐતિહાસિક રેકોર્ડ રચાઈ ગયો! શું?

મનમોહનસિંહ સળંગ ૩૦ મિનિટ 'બોલ્યા'!


Ramesh Savla
Manish Savla
M. 94260 77479

AI

ARIHANT INDUSTRIES

Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948


### કચ્છી સુભાષિતો

સો મૂરખ પુત્રે કન્ના, હિકડો ડાહ્યો સારો;
''રશ્મિન'' ચેં જગમે થીએ, એકુંતેર કુળ તારો. ૬૧
નો લખ્ખ તારા ઉભ્ભમેં, હરીયેં ન અંધારો;
જડેં ચંદ્ર ઊગે તડેં, 'રશ્મિન' થીયે ઉજારો. ૬૨
ભલેંજીયું ભલાઈયું, ઘરઘર વાંચાંજે;
દુષ્ટે કે ''રશ્મિન'' ચેં, લ્હાનત ડેવાજે. ૬૩
બૂરાઈનું ભજજે સદા, દુષ્ટેનું પણ દૂર;
''રશ્મિન'' ચેં ઓ માડુળા, વહાયો અમૃત પૂર. ૬૪
વીચ્છી કંઢો ત્રાટકે, કરડે કારો નાગ;
''રશ્મિન'' ચેં શૈતાન તીંય, મુડી નતોડે માર્ગ. ૬૫
ભૂખ્યો મંગે અન્નને, ઉન્યો મંગે નીર;
વહાર કજે ''રશ્મિન'' ચેં, પે ગરીબ તેં ભીડ. ૬૬

### કચ્છી પિરોલી


(૧) પાતાળનું ઉન્નું વિને, આકાશનું પણ બાર
ડો દેશું પલમેં ફિરે, રશ્મિન ચેં માડુનું નાંય ધાર.
(૨) ઘરમેં ૫ ઘર કરી, પાંનું પરે ઉચ્ચેં
રશ્મિન ચેં ઈ આય કુરો, જાુકો કડેં નતો કુચ્છે.

(જવાબ : (૧) વિચાર, (૨) કરોળિયો.)

*'રશ્મિન જો રણકાર' ભાગ-૧ માંથી સાભાર*


શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ

HEMANT SURGICAL INDUSTRIES LTD.
647, Girgaum Road, Near Dhobi Talao,
Avijah Bldg., Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA.
Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585




*સુજ્ઞ વાચક વર્ગ,*

**આ વિભાગમાં 'મંગલ મંદિર' સંબંધી આપશ્રીના કોઈપણ પ્રકારના પ્રતિભાવો ખૂબ આવકારપાત્ર છે. આળસ કરશો નહીં. અબકી બાર.... કલમ ઉઠાઈયે.**

*— તંત્રી મંડળ*

## 'બિઝનેસ ડિરેક્ટરી' અંગે

ગઈકાલે મને કચ્છી બિઝનેસ ડિરેક્ટરી મળી. જિજ્ઞાસાવશ જોવા બેસી ગયો. અનુક્રમને આધારે જોવા લાગ્યો. દરેક પળે નવો નવો ખજાનો પ્રગટ થતો હતો. અનેક પરિચિતો, તેમના સંતાનોના નામ અને તેમની વિગતો જોતાં કેટલો સમય વીતી ગયો તેનો ખ્યાલ જ ન રહ્યો. એક નવા જ પ્રદેશમાં રહેવાની અનુભૂતિ થઈ.

આ ડિરેક્ટરી ખરેખર દરેક પરિવારજનોને ઉપયોગી બનશે. સમગ્ર અમદાવાદ / ગાંધીનગર સ્થિત કચ્છી ભાંડુઓ શું કરે છે તેનું વ્યાપક ચિત્ર આમાં જોવા મળે છે. આના આધારે કચ્છીઓ કેટલા ક્ષેત્રોમાં ફરી વળ્યા છે તેનો ખ્યાલ આવે છે. એક પણ એવું ક્ષેત્ર નથી દેખાતું, જ્યાં ઓછામાં ઓછો એક કચ્છી ન હોય!

આ ડિરેક્ટરીનું પણ જો પૃથક્કરણાત્મક વિશ્લેષણ - સંશોધન કરવામાં આવે તો કેટલા ક્ષેત્રોમાં કચ્છીઓ છે, તે ખ્યાલ આવે. ક્ષેત્રોની સંખ્યા તેની વ્યાપકતાના દર્શન કરાવે છે. બહુ રસપ્રદ વિશ્લેષણ થાય, નોકરિયાતો, પ્રોફેશનલો, વ્યવસાયીઓ, ઉદ્યોગ સાહસિકોનું એક વિશાળ ચિત્ર ખડું થાય તેમ છે. કેવા કેવા ક્ષેત્રોમાં કચ્છીઓ ફરી વળ્યા છે અને કેવી તકોનો ઉપયોગ કરે છે તે દેખાય. સાથે ડિરેક્ટરીમાંથી કારકિર્દીનાં કેટલા ક્ષેત્રો છે તેનો પણ ખ્યાલ આવે છે.

ડિરેક્ટરી પર ઉપરછલ્લી નજર પણ કરાય તો પણ આ બધાનું દર્શન થઈ શકે તેમ છે.

આ એક ઉત્તમ દસ્તાવેજીકરણ છે. બહુ વ્યાપક ઉપયોગ થશે તેનો. વ્યક્તિગત અને વ્યવસાય સંબંધી ઘણા લોકોને લાભ થઈ શકશે.

શ્રી અશોકભાઈ અને શ્રી મનુભાઈએ આ વિરાટ કાર્ય સર્વોત્તમ રીતે પાર પાડ્યું છે, જે અભિનંદન સાથે વંદન કરવા પ્રેરે છે.

મારી સલામ સ્વીકારશો.

ભવિષ્યમાં 'કચ્છ એનસાઈક્લોપીડિયા' વિશે પણ વિચારશો. કેવળ તમે જ તે કામ કરી શકશો. અમે બધા તમારી સાથે રહીશું.

ડિરેક્ટરી મોકલાવવા બદલ આભારી છું.

***હરેશ સી. ધોળકિયા - ભુજ, કચ્છ.***
***ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬***

## 'મંગલ મંદિર' પ્રતિભાવ

'મંગલ મંદિર'ના ગત અંકના તંત્રી લેખમાં તંત્રીશ્રીએ જે ચૂંટણી પ્રથા જણાવેલ છે તે મારા ખ્યાલ પ્રમાણે પંચાયતી રાજ્યમાં તો છે. ઉપરાંત તંત્રીશ્રીએ નેતાઓને ચૂંટવાનું ધોરણ બહુ જ સારી રીતે સમજાવ્યું છે.

આપણા નેતાઓનું સન્માન કરવા માટે કેટલા મોટા હાર પહેરાવવામાં આવે છે. જે હાર પકડવા માટે ત્રણથી ચાર જણની મદદ લેવી પડે છે. તો પણ કોઈ નેતા એમ નથી કહેતા કે અમને આટલા મોટા હારની જરૂર નથી, ફક્ત સુતરની આંટી જ પહેરાવો. ખરેખર તો નેતાઓના ગળામાં આ પ્રકારના મોટા હાર પહેરાવીને સમગ્ર રેલીમાં ફેરવવા જોઈએ!

રાજકીય કાર્યકરો મીડિયાના ઉપયોગથી પોતે જાણે સર્વગુણ સંપન્ન હોય અને સામે પક્ષે બધું ગેરવ્યાજબી હોય તેવા ડોળ કરતા હોય છે. કોઈના અંગત જીવનમાં ટીકા કરતાં પણ શરમાતા નથી.

સાધુ સમાજ કે જેને સંસારથી લેવા દેવા નથી તેઓ પણ પક્ષાપક્ષી કરી એકબીજાને ભાંડે છે તે પણ યોગ્ય નથી જ. ધર્મ અને રાજકારણને સાથે રાખી નેતાઓ અને સાધુઓએ રાજકારણને અખાડો બનાવી દીધો છે. કેટલાક સાધુઓ ઍશોઆરામ માટે પોતાના ભક્તો પાસેથી ધન મેળવતા હોય છે. ઉદ્યોગપતિઓ પોતાનો રોટલો શેકવા માટે પ્રધાનોની વાહવાહ કરી પ્રજાને લૂંટી રહ્યા છે. પ્રજા પણ બધાની ગંદી રાજરમતની નૌટંકી જોઈને કંટાળી ગઈ છે.

***અલ્કા એ. સંઘવી - અમદાવાદ***

★

## કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - ૨૦૧૪

કચ્છી બિઝનેસ ડિરેક્ટરી-૨૦૧૪ મળી. હૃદયપૂર્વક આભાર. અમદાવાદ અને ગાંધીનગરમાં પથરાયેલાં કચ્છી માડુઓના વ્યાવસાયિક સંકુલો વિષયક માહિતીને પુસ્તકરૂપે એક તાંતણે ગૂંથવાનું કામ કરી તમારી સંસ્થાએ અદ્‌ભુત કાર્ય સંપન્ન કર્યું છે.

આટલી બધી વ્યાવસાયિક જાણકારીને જુદી જુદી કેટેગરીમાં તારવી, તેને આકાર આપવાનું કામ ખરેખર ભગીરથ ગણાય તેવું છે. આવું કઠિન કામ પૂરું કરવા બદલ દરેક જણ અભિનંદનને પાત્ર છે.

૩૬ જેટલી સંસ્થાઓના અગ્રણીઓ, તેમના ફોન નંબર, અમદાવાદ વિષયક માહિતી વગેરે માટે આ અંક સંદર્ભગ્રંથ ગણી શકાય તેવું છે.

કચ્છની વસતિની આંકડાકીય માહિતીમાં ટુંડા ગામ (પાનું-૩૩૪)ની વસતિ, પુરુષો અને સ્ત્રીઓની સંખ્યાનું વર્ગીકરણ કંઈક ભૂલભરેલું લાગ્યું. ભૂલ હોય તો ખુલાસો કરવા ઘટતું કરશો.

***પન્નાલાલ કે. છેડા - મુંબઈ***
***ફોન : (૦૨૨) ૨૩૪૨૦૫૧૫***

★

*દ્રઢ ઈચ્છા અને ત્યાગ જ સફળતા આપે છે.*

### 'ડિરેક્ટરી - ૨૦૧૪' શુભેચ્છા

જયભારત સાથે જણાવવાનું કે આપે મોકલાવેલ કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - ૨૦૧૪ મને મળેલ છે. ડિરેક્ટરી ખૂબ જ સુંદર અને માહિતીસભર છે. આવી સુંદર ડિરેક્ટરી બનાવવા બદલ આપને અભિનંદન પાઠવું છું.

*તારાચંદ જે. છેડા, મંત્રીશ્રી, ગુજરાત સરકાર*

★

### 'ડાયાલિસિસ સેન્ટર' - અભિનંદન

આપશ્રી દ્વારા જાહેર જનતા માટે એક અદ્યતન અને તમામ આધુનિક સગવડો સાથે ડાયાલિસિસ સેન્ટર, સસ્તા દરે શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં (રાજસ્થાન હોસ્પિટલ સામે) શરૂ કર્યાના સમાચાર વાંચી ઘણો આનંદ થયો. આપને હાર્દિક અભિનંદન. કિડનીના દર્દીઓ માટે ઘણા જ આશીર્વાદરૂપ બનશે. આજની કારમી મોંઘવારીના જમાનામાં આપશ્રી દ્વારા સસ્તા દરના ડાયાલિસિસથી ઘણી જ રાહત રહેશે.

માનવ સેવાકીય કાર્યોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ હંમેશાં અગ્રેસર હોય છે. જે તેની આગવી ઓળખ છે. આપના સત્કર્મને મારા સલામ.

*શાંતિભાઈ અખાણી - મહેસાણા (ફોન : ૨૨૪૯૦૪)*

★

### વર્કશોપનો પ્રતિભાવ

મારી પુત્રીને એક પ્રશ્ન ખૂબ મૂંઝવણકર્તા હતો કે ધોરણ-૧૧માં કઈ ફેકલ્ટીની અને કયા વિષયોની પસંદગી કરવી. તેની આ સમસ્યાનો ઉકેલ તાજેતરમાં યોજાયેલ યુવાવર્ગ માટેના વર્કશોપમાં મળ્યો હતો. આ વર્કશોપમાં વિભિન્ન પ્રકારની ફેકલ્ટીઝ પોતાના વ્યાખ્યાન આપવા આવી હતી. એન્જિનિયરિંગ ફેકલ્ટી દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન અને માર્ગદર્શન બાદ તેણે એન્જિનિયરિંગમાં જવાનું એકદમ નક્કી કરી લીધું. આ રીતે ઉપરોક્ત વર્કશોપમાં મારી પુત્રી ત્વરિત અને આખરી નિર્ણય લઈ શકી. જે બાબત વર્કશોપની સફળતા સૂચવે છે. વર્કશોપના આયોજન બદલ સમાજ અને સમિતિનો ખૂબ આભાર.

*જિનેશ મહેતા (મો. ૯૮૨૫૮ ૫૧૩૮૫)*

★

### યુવા વર્ગ માટેના વર્કશોપનો પ્રતિભાવ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ધોરણ-૯ અને ૧૦ના યુવાવર્ગ માટે યોજાયેલ ત્રિ-દિવસીય વર્કશોપ ખરેખર ખૂબ જ સરસ અને ઉપયોગી હતો. મારી પુત્રી ધારાને વર્કશોપના દૈનિક વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં ખૂબ જ શીખવા મળ્યું. તેમજ તેને આગળ કઈ લાઈનમાં જવું તે અંગે ચોક્કસ પ્રકારની ગાઈડ લાઈન મળી.

**આ કારણે સમાજ દ્વારા યોજાતા આ પ્રકારના કાર્યક્રમમાં દરેક વાલીઓએ અંગત રસ લઈ પોતાના બાળકોને જરૂર જરૂરથી મોકલવા જોઈએ એવી મારી નમ્ર વિનંતી છે.** આ પ્રકારના કાર્યક્રમો યુવાવર્ગને પોતાની કારકિર્દી તેમજ વાલીઓને જરૂરી માર્ગદર્શન માટે ખૂબ જ મદદકર્તા બને છે.

સમાજ આપણા બાળકો માટે આટલું સરસ વિચારીને ઉપયોગી કાર્યક્રમો તૈયાર કરાવે છે તે માટે તેમનો ખરા દિલથી આભાર માનું છું.

*વિજય કે. છેડા - અમદાવાદ (મો. ૯૮૨૫૪ ૩૩૦૦૭)*


યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્નેહમિલન પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થશે. (૧) 'શ્રી શિવલાલભાઈ નાનજીભાઈ પટેલ ખોંભડીવાળા' શ્રેષ્ઠતા પારિતોષિક : ધો.-૧૦ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓને. (૨) 'શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ 'સરસ્વતી' કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક' ધો.૧૦ અને ધો.૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને. (૩) 'નવનીત' શ્રેષ્ઠતા પારિતોષિક : ધો.૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને. (૪) શ્રીમતી ઝવેરબેન રંગવાલા શ્રેષ્ઠતા પારિતોષિક ધો.૧૨ હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ હેઠળ આવરાયેલા અમદાવાદ અને ગાંધીનગર આજુબાજુના વિસ્તારોમાં વસતા મૂળ કચ્છના વતની એવા વિદ્યાર્થીઓ કે જેઓ અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારોનાં કેન્દ્રોમાંથી માર્ચ-૨૦૧૩માં ગુજરાત સેકન્ડરી તેમજ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાયેલી ઉક્ત ત્રણ પરીક્ષામાં ૭૦% કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા હોય, તેઓ નીચેની વિગતો તા. ૨૫ જૂન, ૨૦૧૪ સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલી આપવા વિનંતી.

### વિશિષ્ટ સન્માન

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા વિશિષ્ટ ક્ષેત્રો જેવા કે આર્કિટેક્ટ, ફેશન ડિઝાઈન, મેડિકલ, ઈજનેરી, સી.એ., સી.એસ., હોટલ મેનેજમેન્ટ, એવિએશન, પીએચ.ડી. વગેરે ક્ષેત્રોમાં પણ ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ગત વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન મેળવેલ સિદ્ધિઓ ધરાવતા આપણા સમાજના તેજસ્વી સભ્યોનું સન્માન કરાશે. ઉપરાંત સ્પોર્ટસ ક્ષેત્રે ગત વર્ષ દરમ્યાન વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરેલ હોય તેમને પણ સન્માનિત કરવામાં આવશે.

ઉપરોક્ત વિશિષ્ટ સન્માન માટે સ્પોન્સરશીપ આવકાર્ય છે.

આ નવા પ્રકારના અભિગમમાં આપનો સહકાર આપી અમને ચોક્કસ પ્રોત્સાહિત કરશો.

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કાર્યાલય**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રીજ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪
(સમય : બપોરે ૧૨ થી ૫)

(૧) (અ) વિદ્યાર્થીનું નામ (બ) પિતાનું નામ
(ક) દાદાનું નામ (ડ) અટક
(૨) સરનામું (પીનકોડ તથા ફોન નંબર સાથે)
(૩) જાતિ : સ્ત્રી / પુરુષ
(૪) જન્મ તારીખ / ઉંમર
(૫) કચ્છમાં મૂળ ગામ અને તાલુકો
(૬) ઉત્તીર્ણ કરેલી પરીક્ષા
(૭) (અ)મેળવેલ માર્કસ, (બ) કુલ માર્કસ અને, (ક) ટકા
(૮) (અ) પરીક્ષાના કેન્દ્રના સ્થળનું નામ
(બ) ક્રમાંક નંબર (માર્કશીટ ઝેરોક્ષ જોડવી)
(૯) પરીક્ષામાં મેળવેલી વિશિષ્ટતા
(માર્કશીટ અને પુરાવાની અધિકૃત ઝેરોક્ષ નકલો જોડવી.)
(૧૦)આપને ત્યાં 'કચ્છશ્રુતિ' આવે છે? હા / ના
(૧૧)આપશ્રી કચ્છી સમાજના સભ્ય છો? હા / ના
(૧૨)વાલી તથા વિદ્યાર્થીનું નામ, સહી અને તારીખ

**દીપકભાઈ ચૌહાણ - કન્વીનર, મો. ૯૮૭૯૫૪૯૭૬૫**
**સંજય રાઠોડ (સહમંત્રી), મો.૯૮૯૮૯૧૪૯૮૪**
**સરસ્વતી સન્માન સમિતિ**

★

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શૈક્ષણિક હેલ્પલાઈન

ગત વર્ષની માફક ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીના પ્રશ્ને એક હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીના પ્રશ્ને કોર્ષની પસંદગી, કોલેજોની પસંદગી, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ તથા અન્ય ખાનગી કોર્ષ વિશે શક્ય માહિતી પૂરી પાડવામાં આવશે. અમદાવાદમાં હોસ્ટેલ એડમિશન તથા પેઇંગ ગેસ્ટની સગવડ તથા ૪ કે તેથી વધુ વિદ્યાર્થી / વિદ્યાર્થિનીના રહેઠાણના પ્રશ્ને પણ માહિતી પૂરી પાડવામાં આવશે. વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓના માતા-પિતાના આ પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ

*સાચી ગુરૂ સેવા વિના વિદ્યા પ્રાપ્ત ન થાય.*

લાવવા પ્રયાસ કરવામાં આવશે.

અહીંથી માત્ર માહિતી પૂરી પાડવામાં આવશે. એડમિશનની વ્યવસ્થા વિદ્યાર્થીએ જાતે કરી લેવાની રહેશે.

અમદાવાદ તથા કચ્છના કોઈ પણ વિદ્યાર્થી આ બાબતે નીચેની વ્યક્તિઓનો ફોન પર સંપર્ક સાધી શકશે.

**હિમાંશુ ઠક્કર / શ્વેતા નાયર**
મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
બી-૩૦૨, મિલેનિયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે, માનસી ટાવર ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

★

## મેગેઝિન ક્લબની વર્ષ ૨૦૧૩-૧૪ની વાર્ષિક બેઠકનો અહેવાલ

### સત્ય અને સંગઠન શક્તિને સાંપડેલ સફળતા

પદ્મશ્રી સ્વ. ઈશ્વરભાઈ પટેલ દ્વારા સ્થપાયેલ પર્યાવરણ સંસ્થાન, સુઘડ મુકામે મેગેઝિન ક્લબ - અમદાવાદની વર્ષ ૨૦૧૩-૧૪ની વાર્ષિક બેઠકનું પ્રમુખ શ્રી પી.કે. લહેરીની અધ્યક્ષતા હેઠળ તારીખ ૨૦ એપ્રિલના રોજ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મેગેઝિન ક્લબના ઉપપ્રમુખ શ્રી જોરાવરસિંહ જાદવે કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત સભ્યો તેમજ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહેમાનોનું સ્વાગત એક પુસ્તક દ્વારા કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ શ્રી રશ્મિનભાઈ જાની (ઍડવોકેટ - ગુજરાત હાઈકોર્ટ) આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી મણિલાલ પટેલે તેમનો ટૂંકો પરંતુ માહિતીસભર પરિચય આપ્યો હતો. શ્રી રશ્મિનભાઈએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં શિક્ષક અને સામયિક સાંપ્રત સમાજમાં કેવી ભૂમિકા ભજવી શકે તે અંગે વાતો કહી હતી.

મેગેઝિન ક્લબના મંત્રી શ્રી ભીમજીભાઈ નાકરાણીએ મેગેઝિન ક્લબની પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ અને અભિગમ વિષે વિગતે વાતો કરી હતી. તેમણે બેઠકના ભાગ રૂપે 'સાંપ્રત સમયમાં જનજાગૃતિ માટે સામયિકની ભૂમિકા' જેવા વિષયને પણ ખોલી આપ્યો હતો. આ વિષય પર વિવિધ મેગેઝિનના તંત્રીશ્રી અને સંપાદકશ્રીએ પોતાના સ્વતંત્ર અને સકારાત્મક વિચારો ખૂબ સુંદર રીતે રજૂ કર્યા હતા અને બેઠકને રસપ્રદ બનાવી હતી. દરેક સામયિક ઓછામાં ઓછું એક પાનું પણ જો સામાજિક નિસ્બત, સમાજ સુધાર, પ્રોત્સાહક વાતો જેવા વિષય માટે ફાળવે તો દરેક સામયિક ચોક્કસ એક નવી દિશા ખોલી આપે. આ બેઠકમાં ખાસ કહી શકાય તેવી વાત એ હતી કે તંત્રીઓ અને સંપાદકો ભુજ, ભાવનગર, અમરેલી, વિજાપુર, ગાંધીનગર, દિયોદર, ધુમા વગેરે શહેરોમાંથી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મેગેઝિન ક્લબની આ સફળતાને જોઈને શ્રી ભીમજીભાઈએ આવી બેઠકો બીજા જિલ્લાઓમાં પણ કરી શકાય તેવો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી પી.કે. લહેરી સાહેબે પોતાના વિચાર ખૂબ રસપ્રદ શૈલીમાં રજૂ કર્યા હતા. તેમણે કેટલાક ચોટદાર ઉદાહરણ ટાંકીને કહ્યું હતું કે દરેક સામયિકે જ્ઞાન-વિજ્ઞાન, વ્યસન મુક્તિ, જનજાગૃતિ, અંધશ્રદ્ધા નિવારણ, સમય - સાધનના યોગ્ય ઉપયોગ, શિક્ષણ, આરોગ્ય, સકારાત્મક નિર્માણ વગેરે જેવા વિષયોને બને તેટલા ઉજાગર કરવા જોઈએ.જે મેગેઝિન હજુ આ ક્લબના સભ્યો નથી બન્યા તેમને પણ મેગેઝિન ક્લબના સભ્ય બનવાની અપીલ કરી હતી. આ ઉપરાંત તેમણે સામયિકનું લવાજમ ઑનલાઈન ભરી શકાય તે માટે વેબસાઈટ બનાવવાની વાત પણ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મેગેઝિન ક્લબના નવનિયુક્ત કો-ઑર્ડિનેટર શ્રી મિતેષ સોલંકીએ કર્યું હતું. શ્રી મણિભાઈ પટેલે કાર્યક્રમના અંતે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે સૌ સાથી મિત્રોએ ભોજનનો આનંદ માણ્યો હતો. અંતે શ્રી જયેશભાઈ પટેલે સંપૂર્ણ પર્યાવરણ સંસ્થાનની વિશેષતા, વિવિધતા અને પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી, તેમ ક્લબ વતી મિતેષ એમ. સોલંકીના એક અહેવાલમાં જણાવાયું હતું.

★

## શ્રી કચ્છી જૈન સમાજ - વાપી

શ્રી કચ્છી જૈન સમાજ - વાપી આયોજિત સ્નેહ મિલન તાજેતરમાં દમણમાં વાપી ખાતે સમાજની ટેલિફોન ડિરેક્ટરી 'પરિવાર પુષ્પ - ૨૦૧૪'ની વિમોચન વિધિ સમાજના ૭૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ સભ્યો ભાઈ-બહેનોના હાથે રાખવામાં આવેલ. ત્યારબાદ સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડાએ સ્વાગત પ્રવચનમાં પધારેલા મહેમાનોનું હાર્દિક અભિવાદન કર્યું હતું.

ત્યારબાદ 'પરિવાર પુષ્પ - ૨૦૧૪'માં જાહેરાત દ્વારા વધુ યોગદાન આપનારા તેમજ અન્ય સર્વે દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતે સંગીતનો રંગારંગ કાર્યક્રમ દર્શકોએ આનંદપૂર્વક માણ્યો હતો તેમ સંસ્થાના એક અહેવાલમાં જણાવાયું હતું.

★

## સાહિત્ય ક્ષેત્રે એક સંપાદકનું સ્થાન....?

તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ગુજરાતના ૧૧ સારસ્વતોને સાહિત્ય ગૌરવ પુરસ્કાર (પ્રત્યેકને રૂા. ૧ લાખ) જાહેર થયા છે. એ તો દેખીતું છે કે **કોઈ એક કે વધુ સાહિત્ય સ્વરૂપો પર લેખનમાં જેનું સાતત્યપૂર્ણ અને સમૃદ્ધ એવું પ્રદાન હોય એમની જ પસંદગી આ ગૌરવ પુરસ્કાર માટે થતી હોય.** અકાદમી દ્વારા દર વર્ષે પ્રકાશિત પુસ્તકો માટેના પુરસ્કારોમાં પણ સાહિત્ય સ્વરૂપ તરીકે વર્ગીકૃત મથાળા નીચે પુરસ્કારો જાહેર થાય છે.

*બીજાની નિંદા કરી રાજી થવું યોગ્ય નથી.*

મારી મૂંઝવણ એ છે કે **સાહિત્ય ક્ષેત્રે શિષ્ટ સામયિકોમાં સંપાદકનું શું કશું જ પ્રદાન નથી હોતું?** એક સાહિત્ય સ્વરૂપ તરીકે શિષ્ટ સામયિકના સંપાદકોને પણ આવા પુરસ્કારોની વિચારણા માટે ગણતરીમાં લેવામાં આવે એને હું ન્યાય અને ઔચિત્યના સંદર્ભે તાકીદની બાબત ગણું છું. લાગતા વળગતા સૌ કોઈએ આ વિચારણા અને તે અંગેના નિર્ણયને સર્વોચ્ચ અગ્રતાક્રમે લેવી જોઈએ.

**હકીકતમાં આવા એક સંપાદકને હું સાહિત્ય ક્ષેત્રે એક પારખુ ઝવેરી તરીકે સમજતો રહ્યો છું.** સાહિત્ય વિષયે જેમની પાસે ગંભીરપણે કંઈક કહેવા - લખવા જેવું છે એમને શોધવા - પ્રોત્સાહિત કરવા અને પોતાના સામયિકમાં એમની ગુણવત્તાસભર કૃતિને જ માત્ર સ્થાન આપવું એમ નહીં પણ સહેજ કચાશવાળી કૃતિને પણ મઠારીને એને પ્રકાશમાં લાવવાનું શુભકાર્ય એક સંપાદક કરી શકે.

આપણા સૌનું સદ્ભાગ્ય છે કે દરેક દાયકામાં આપણને આવા પારખુ ઝવેરી સમાન થોડાક સત્ત્વશીલ સંપાદકો મળતા જ રહ્યા છે. વળી, આવા પ્રતિભાવાન સંપાદકો થકી એમના જેવા અન્ય સહૃદયી સંપાદકોનું પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘડતર થતું જ હોય છે. આજે પણ આપણી પાસે આવા સંપાદકો છે. અકાદમી જેવી સંસ્થાઓએ આવા સંપાદકોના પ્રદાન સામે સતત નજર રાખવી જોઈએ. એટલું જ નહીં પણ સરકારી કર્મચારીઓ માટે રખાતી સી.આર. ફાઈલની જેમ આવા મૂલ્યવાન પ્રદાનની સાતત્યપૂર્વક નોંધ થતી રહેવી જોઈએ. એ સંદર્ભે મૂલ્યાંકનોની ગ્રેડેશન જેવી નોંધ થતી રહેવી જોઈએ.

સંપાદક કોઈને કોઈ રીતે લેખકોને ઘડતો હોય છે - એમાં સુપ્રસિદ્ધ લેખકોને હું અપવાદ નથી ગણતો. છેલ્લાં ૩૬ વર્ષ દરમ્યાન મારું મહદ્ અંશે ઘડતર કંઈક આવી જ હવા થકી થઈ રહેલ છે, જે હું જોઈ રહ્યો છું - અનુભવી રહ્યો છું. ઔચિત્ય ખાતર કોઈ હયાત સંપાદકનાં નામ આપીને અન્ય સંપાદકોને અન્યાય કરવા હું ન જ ઈચ્છું; કારણકે પ્રત્યેક સંપાદક પોતપોતાની વિશેષતા અને સજ્જનતાને લેખકોના ઘડતરની દિશામાં વાળતા જ હોય છે અને એ માટે ભારે મોટો એવો પરિશ્રમ પણ કરતા હોય છે, જેને હું મારી ભાષામાં 'પોતાની જાતને નિચોવી નાખવાનું' ગણું.

એક નમૂના તરીકે - એક મોડેલ તરીકે મને આ સંદર્ભે સ્વ. યશવંત દોશીનું નામ સહેજે યાદ આવે. સને ૧૯૭૫માં તેઓ પરિચય ટ્રસ્ટના સંપાદક હતા. એ સમયે મારું નામ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે તદ્દન અપરિચિત હતું. વળી એમની સાથે મારે કશો જ અંગત પરિચય કે સંપર્ક નહોતો. છતાં પણ એમણે મારી પાસેથી 'ભારતીય દર્શન' વિશે પુસ્તિકા લખાવી. મારી હસ્તપ્રતમાં રહેલી થોડીક અધૂરાશ કે હકીકત દોષોને સુધાર્યા પણ. ૩૨ પાનાંની મારી એ પુસ્તિકાને મળેલો આવકાર અભૂતપૂર્વ હતો. સને ૧૯૮૨માં 'ગ્રંથ' માસિક માટે સમીક્ષાના હેતુથી મને એક પુસ્તક મોકલીને મારો એક સમીક્ષાલેખ પણ એમણે પ્રગટ કર્યો.

**સાહિત્યિક સામયિકના સંપાદક હોવું એનો અર્થ જ છે કે એ નવાગંતુકો અને સુસ્થાપિત એવા સૌ સાહિત્યકારોના પરમ મિત્ર, માર્ગદર્શક અને શિક્ષક બની રહેવું.**

*માવજી કે. સાવલા - ગાંધીધામ (કચ્છ)*

## ગુજરાત લોકકલા રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર : ૨૦૧૪

### પુસ્તક પ્રકાશન ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રી મનુભાઈ જી. શાહનું ખાસ બહુમાન કરવામાં આવ્યું

લોકકલા અને લોક કલાકારોને સમર્પિત સંસ્થા એટલે અમદાવાદની ગુજરાત લોકકલા ફાઉન્ડેશન. આ સંસ્થાના ઉપક્રમે કલાકારીગરી, લોક સંસ્કૃતિ, લોક કલાકારો તેમજ વિવિધ ક્ષેત્રની પ્રતિભાશાળી વ્યક્તિઓનું પ્રતિવર્ષ જાહેર કાર્યક્રમમાં બહુમાન કરીને યોગ્ય પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

ચાલુ વર્ષે લોકસાહિત્ય વગેરે ક્ષેત્રના પ્રતિષ્ઠિત ત્રણ ઍવોર્ડ પ્રાપ્ત કરનાર શ્રી જોરાવરસિંહ જાદવ આ ફાઉન્ડેશનના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી તેમજ મેગેઝિન ક્લબના ઉપપ્રમુખ છે.

સંસ્થાની આગવી પરંપરા અનુસાર ગુજરાત - રાજસ્થાનનાં લોકનૃત્યો, લોકસંગીત અને હાસ્યરસનો એક કામણગારો કાર્યક્રમ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્રની ધરતીના રાસ, ગરબા અને લોકનૃત્યોની રજૂઆત કરનાર ગોહિલવાડ (ભાવનગર)ની સુપ્રસિધ્ધ કલા સંસ્થા 'કલાપથ' તેમજ કુદરતની કૃપાથી વંચિત એવા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોના શિક્ષણ અને વિકાસની સાથોસાથ ગીત, સંગીત અને નૃત્ય જેવી કલાઓનું પ્રશિક્ષણ આપતી મંગલમૂર્તિ વિકલાંગ (ટ્રસ્ટ) સંસ્થા - જુનાગઢ અને છેલ્લા ૪૯ વર્ષોથી હાસ્યરસના અગણિત કાર્યક્રમો અને નાટકો દ્વારા ગુજરાતની સંસ્કૃતિ અને સંસ્કારની દેશ-વિદેશમાં સુવાસ પ્રસરાવનાર હાસ્યરસના મૌલિક સર્જક એવા શ્રી મહેશ શાસ્ત્રી — એમ ત્રણેનું યોગ્ય બહુમાન કરીને ગુજરાત લોકકલા રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર - ૨૦૧૪ અર્પણ કરાયા હતા.

આ ઉપરાંત શ્રી અશ્વિનભાઈ જી. પંડ્યા - મંત્રી, શ્રી પી.એન.આર. સોસાયટી - ભાવનગર, શ્રી મનજીબાપા, મેને. ટ્રસ્ટી, ગુરૂઆશ્રમ - બગદાણા, શ્રી નવીનભાઈ વ્યાસ, પૂર્વપ્રમુખ - ઓલ ઈન્ડિયા ગુજરાતી સમાજ, શ્રી નયનભાઈ મજમુદાર - સમાજસેવક, શ્રી યોગેશ ઠક્કર, યોગી એન્જિનિયર્સ દ્વારા વિવિધ ક્ષેત્રે પોતાની સેવાઓનું પ્રદાન કરવા બદલ આ પ્રસંગે બહુમાન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત પુસ્તક પ્રકાશન ક્ષેત્રે માત્ર જથ્થાની રીતે નહીં પરંતુ **ખૂબ જ ઉત્તમ કક્ષાના સંખ્યાબંધ પુસ્તકોનું પ્રકાશન કરનાર ગૂર્જર ગ્રંથરત્ન પ્રકાશનના શ્રી મનુભાઈ જી. શાહનું પણ ઉપરોક્ત કાર્યક્રમમાં ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.** અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી મનુભાઈ શાહ ઉપપ્રમુખપદે છે.

*અહેવાલ : દિનેશ આર. મહેતા*

*કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પડે છે.*

# શ્રી મધુભાઈ માંકડનું સન્માન



ધૃત-તુલાથી શ્રી મધુભાઈ માંકડનું ખેડૂતો દ્વારા સન્માન



સન્માન સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો અને કચ્છના ખેડૂતો

મધુભાઈ માંકડ, એ જન્મે નાગર છે પરંતુ તેઓએ પોતાની સમગ્ર જિંદગી એક ખેડૂત તરીકે વ્યતીત કરેલ. ૧૯૫૩માં તેઓએ આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાંથી બી.એસસી. (એગ્રીકલ્ચર)ની પદવી મેળવ્યા પછી કચ્છના ગામડામાં સ્થિર રહી એક પ્રગતિશીલ ખેડૂત તરીકે જિંદગી જીવવાની શરૂઆત કરેલ. નાનપણથી જ તેમને ખેતી પ્રત્યે લગાવ હોવાથી તેઓએ એગ્રીકલ્ચરલ ગ્રેજ્યુએટ થવાનું સ્વીકાર્યું. તેઓ એકમાત્ર ભણેલ ગણેલ ખેડૂત હોવાથી લોકો તેમની સલાહ લેવા અવારનવાર તેમની પાસે આવતા અને ત્યારબાદ તો ધીમે ધીમે તેઓ સમગ્ર કચ્છના ખેડૂત સલાહકાર તરીકે ઉભરી આવ્યા. મુંદ્રાનું કૃષિ સંશોધન કેન્દ્ર, મુંદ્રાની ટીસ્યુ કલ્ચર લેબોરેટરી, માંડવીની વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ અને નવનિર્માણ અભિયાનના તેઓ અગ્રણી બની રહ્યા. મૃદુભાષી અને સરળ સ્વભાવના મધુભાઈ સેવા કરતા કરતા આજે ૮૦ વર્ષની જૈફ ઉંમરે પહોંચેલ છે.

મુંદ્રા તાલુકાના ખેડૂતોએ તેમની જિંદગીભરની ખેડૂતોના સલાહકાર અને સેવાની કદર સ્વરૂપે તેઓનું સન્માન કરવાનું વિચાર્યું. ૧૧ સભ્યોની સલાહકાર સમિતિની રચના કરવામાં આવી અને તેના સંયોજક તરીકે ભુજપુર ગામના માજી સરપંચ મહેન્દ્રભાઈ ગઢવીની વરણી કરવામાં આવી. રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪ના સાંજના મુંદ્રા મધ્યે તેમના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ સમયે તાલુકાભરના ૭૦૦થી ૮૦૦ ખેડૂતો ઉપસ્થિત રહેવા પામેલ હતા. સમારંભ અધ્યક્ષ તરીકે માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા બિરાજમાન રહેલ હતા. અતિથિ વિશેષ તરીકે ભારતીય કિસાન સંઘ - કચ્છના પ્રમુખ શ્રી શામજીભાઈ મ્યાચા, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોકભાઈ મહેતા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતી છાયાબેન ગઢવી, અદાણી ફાઉન્ડેશનના શ્રી મુકેશભાઈ સક્સેના, ભાજપના તાલુકા પ્રમુખ શ્રી વાલજીભાઈ ટાપરિયા તથા અદાણી ફાઉન્ડેશનના સી.ઈ.ઓ. શ્રીમતી સુષ્માબેન ઓઝા ઉપસ્થિત રહેલ હતા.

સન્માન સમારોહના પ્રતિસાદ સ્વરૂપે શ્રી મધુભાઈએ જણાવેલ કે ખેતી એ વ્યવસાય નહીં પણ જીવનની સંસ્કૃતિ છે. ખેતી થકી વ્યક્તિ સ્વાવલંબી બની સન્માનપૂર્વક જીવન ગુજારી શકે છે. માટે ગર્વથી કિસાન હોવાની ઓળખ આપો.

સન્માન સમારોહના અધ્યક્ષ તથા મુંદ્રા - માંડવી વિસ્તારના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવેલ કે જ્યારે સંખ્યાબંધ પ્રામાણિક ખેડૂતોનું પણ આજે સન્માન કરવામાં આવ્યું છે ત્યારે શ્રી મધુભાઈ માંકડનો સન્માન સમારોહ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. તેઓએ જણાવ્યું કે પોતાના મતવિસ્તારમાં મુંબઈ મહાજનના સહયોગથી દર વર્ષે ૧૦૦ જેટલા તળાવો બનાવવામાં આવશે. ટોટલ ૫૦૦ તળાવોનું આયોજન કરવામાં આવેલ છે.

અતિથિ વિશેષપદેથી શ્રી અશોકભાઈ મહેતાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે અત્યાર સુધીની જિંદગીમાં મંત્રીશ્રીનું, ધારાસભ્યશ્રીનું, સમાજ સેવકનું, શ્રેષ્ઠીઓનું તથા અન્ય લોકોનું સન્માન અનેક સમારોહમાં નિહાળેલ છે પરંતુ એક ખેડૂત પુત્રનું સન્માન થતું પ્રથમ વખત જ નિહાળવા મળેલ છે. મધુભાઈ માંકડની ખેડૂતોની જિંદગીભરની સેવાના કારણે આજે ધરતીપુત્રો એકત્રિત થઈને તેમનું સન્માન કરી રહેલ છે. શ્રી અશોક મહેતાએ વધુમાં જણાવ્યું કે નર્મદા નદીના નિયમિત પાણી તો આવતા બે વર્ષમાં કચ્છમાં પહોંચી આવશે પરંતુ વધારાના પાણી માટેના કાર્યો જ્યારે કચ્છમાં પૂર્ણ કરવામાં આવશે ત્યારે દર વર્ષે રૂા. ૨૦૦૦ કરોડ જેટલી આવક કચ્છના ગામડાના ખેડૂતોને થવા પામશે. આ કાર્યો જલદી થાય તે માટે આપણે સહુએ પ્રયાસ કરવા જોઈએ.

અન્ય લોકોએ પણ આ સમારોહમાં પ્રસંગોચિત વક્તવ્યો આપેલ હતા.

લગભગ ૩ કલાક ચાલેલ આ સમારોહમાં નૈતિકતાને વરેલ ઝિંદાદિલ ૨૧ જેટલા ખેડૂતોનું પણ બહુમાન આ સમારોહમાં કરવામાં આવેલ હતું. આ ઝિંદાદિલ ખેડૂતોની માહિતી એક અન્ય લેખમાં ‘મંગલ મંદિર’ના આ જ અંકમાં આપવામાં આવેલ છે.

*યોગ્ય વ્યક્તિઓને આગળ કરવા જોઈએ.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) બિહારના સૂરજભાણસિંહ નામના એક દાગી રાજકારણીના પત્ની વીણાદેવી પોતાના મતક્ષેત્રમાં પ્રચાર કરતી વખતે જણાવ્યું કે જો મારા પતિ રામવિલાસ પાસવાનની પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ જશે નહીં તો હું મારા પતિને છૂટાછેડા આપીને ભાજપમાં જોડાઈ જઈશ. ***(સાધના, તા. ૧૨-૪-૧૪)***

(૨) અમેરિકાના ઓહિયો રાજ્યના કોલંબસ ખાતે ત્યાંના મુસ્લિમો દ્વારા એવા બિલબોર્ડસ મૂકવામાં આવેલ છે કે 'ઈશુ ખ્રિસ્ત મુસ્લિમ હતા.' આથી ત્યાંના ખ્રિસ્તીઓએ વિરોધમાં દેખાવો કરેલા. ***(સાધના, તા. ૧૨-૪-૧૪)***

(૩) ગુજરાતના મુખ્યમંત્રીએ પર્યાવરણની જાળવણી વિષય પર પુસ્તક લખ્યું. બીજી બાજુ ભોપાલ ગેસ દુર્ઘટનાનો કચરો ગુજરાતમાં આણવાની તૈયારી બતાવી! આની સામે રોહિત પ્રજાપતિએ હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો ત્યારે ભાજપના ધુરંધર અરૂણ જેટલી અને કોંગ્રેસના ધુરંધર અભિષેક મનુ સિંઘવીએ સરકાર તરફથી વકીલાત કરી! ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૪-૧૪)***

(૪) મોરના પગ સિંહના પગ જેવા જ સમર્થ અને શક્તિશાળી હોય છે. એના પગને સહેજ પણ ઈજા થાય તો મોર બે-ત્રણ દિવસથી વધારે જીવી શકતો નથી. ફુંફાડા મારતા વિષધર નાગને મોર પોતાના પગ વડે જ હરાવે છે. નાગના કાતિલ ઝેરની મોર પર કશી અસર થતી નથી. ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૪-૧૪)***

(૫) છેલ્લા ૫૦ વર્ષમાં ચાર્લી ચેપ્લિન પર દુનિયાભરમાંથી ઓછામાં ઓછા નેવું હજાર લોકો Ph.D. કરી ચૂક્યા છે.. જેમાં ૪૨ ગુજરાતીઓ છે. ***(સંદેશ, તા. ૨૭-૪-૧૪)***

(૬) વર્ષ ૧૯૯૬માં તામિલનાડુની વિધાનસભાની ચૂંટણી વખતે ત્યાંના મોદોરુચી બેઠક ઉપર ૧૦૨૩ ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. ત્યારે બેલેટ પેપરની જગ્યાએ બેલેટ બુકલેટ છપાવવી પડી હતી. પણ છેલ્લે દરેક બુથમાં ૧૦૨૩ પ્રતિનિધિઓને હાજર રાખવા માટે પૂરતી વ્યવસ્થા ન થતાં ચૂંટણી મોકુફ રાખવી પડી. ***(સાધના, તા. ૨૬-૪-૧૪)***

(૭) ભારતના બિહાર રાજ્યમાં પૂર્ણિયા જિલ્લામાં પાકિસ્તાન નામનું એક ગામ છે! આ ગામમાં એક પણ મુસ્લિમ રહેતો નથી. ભાગલા વખતે આ ગામના તમામ મુસ્લિમો પૂર્વ પાકિસ્તાન (હાલે બાંગ્લાદેશ)માં ચાલ્યા ગયા હતા. ***(સાધના, તા. ૨૨-૪-૧૪)***

(૮) ચીનના રાજકીય નેતાઓએ ચીનની જનતાને ચાવી ચાવીને ખાવાની સલાહ આપવા માટે ખાસ સરકારી સલાહકારો રોક્યા છે. ચાવીને ખાવાથી ઓછા ખોરાકે વધુ પોષણ મળે છે માટે. ***(હલચલ, તા. ૩-૮-૨૦૧૨)***

(૯) ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬-૦૭થી વર્ષ ૨૦૧૩-૧૪ સુધીમાં કોર્ટ કેસ અને વકીલોની ફી ના રૂપમાં રૂા. ૨૬૪ કરોડનો ખર્ચ કરેલ છે. ***(લોક સ્વરાજ, મે-૨૦૧૪)***

(૧૦) ભારતે સૂર્ય ઊર્જા અંગેના કાર્યક્રમમાં જે પેનલ વાપરવાની હોય છે તે અમેરિકાથી મંગાવવાની હતી. પણ હવે ભારતમાં જ આવી પેનલો બનાવી શકાય છે અને ભારતીયો આ પેનલ વાપરે છે. એટલે અમેરિકાએ WTOમાં ભારત સામે કેસ કરેલ છે. ***(લોક સ્વરાજ, મે-૨૦૧૪)***

(૧૧) ભારતની સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે જમીનનો માલિક ખેડૂત જમીનની નીચેની ખનીજનો પણ માલિક છે. (સરકાર માલિક નથી.) ***(લોક સ્વરાજ, મે-૨૦૧૪)***

(૧૨) દુનિયામાં એવું કોઈ પ્રાણી કે જીવજંતુ નથી જેને ચીનાઓ ખાય નહીં. પરંતુ હાલમાં ચીનની સરકારે ૪૨૦ જેટલી પ્રજાતિઓને સંરક્ષિત વર્ગમાં મૂકી છે. ચીનના નવા કાયદા મુજબ કોઈ ચીનનો નાગરિક આ સંરક્ષિત પ્રજાતિઓમાં કોઈ પ્રાણીનું માંસ ખાતા પકડાશે તેને ૧૦ વર્ષની જેલની સજા થશે. ***(નવગુજરાત સમય, તા. ૫-૫-૨૦૧૪)***

(૧૩) વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૧૪ દેશોમાં કરેલા અભ્યાસના આધારે એવું તારણ કાઢ્યું છે કે એન્ટિબાયોટિક દવાઓ બેઅસર થઈ રહી છે. ઘણા બેક્ટેરિયાઓએ આ દવાઓ સામે પોતાની સુરક્ષા ઊભી કરી લીધી છે. ***(સંદેશ, તા. ૭-૫-૨૦૧૪)***

ઉપર બતાવેલ અને નક્કી કરેલ પહેલા હેતુને સિધ્ધ કરવા માટે કરિયર ગાઈડન્સમાં કરિયર એટલે શું? તે કેવી રીતે નક્કી કરવી જોઈએ અને તેમાં કેવા અલગ અલગ વિકલ્પો છે તેના પર વાત કરવામાં આવી. જેમાં નીચેના નિષ્ણાતોએ આવીને વિદ્યાર્થીઓને સમજ આપી.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. દેવાંશી શાહ | ૨૦૦૮માં ગુજરાત બોર્ડમાં પ્રથમ — પોતાના અનુભવો |
| ૨. | Ms સિરાલી મહેતા | આર્ટસની કરિયર |
| ૩. | RJ - વશિષ્ઠ | રેડિયો મીર્ચીના અનુભવો |
| ૪. | Ms માલતી મહેતા | મીડિયાને લગતી કરિયર |
| ૫. | Mr. રમેશ કટારિયા | સાયન્સમાં એ ગ્રુપ - બી ગ્રુપની કરિયર |
| ૬. | Mr. અરવિંદ વેગડા | ભાઈ ભાઈ સોંગ અને પોતાની કરિયર |
| ૭. | Mr. લિહાસ ત્રિવેદી | મેરેથોન દોડ વિજેતા - મુશ્કેલીમાંથી બહાર કેમ આવશો? |
| ૮. | Ms પારૂલ પરમાર (જે પોતે પોલિયોગ્રસ્ત હોવા છતાં બેડમિન્ટન ચેમ્પિયન છે) | બેડમિન્ટનમાં અર્જુન ઍવોર્ડ વિજેતા - હાવ ટુ બી અ વિનર. |
| ૯. | ડૉ. મુકુંદ મહેતા | લાફિંગ સાથે કસરત |
| ૧૦. | Mr. દીપક તેરૈયા | સિવિલ સર્વિસિસની કરિયર |
| ૧૧. | Ms નમ્રતા શેઠ | સંપૂર્ણ ફિટનેસ |
| ૧૨. | Mr. પીયૂષ દેસાઈ મેનેજિંગ ડિરેક્ટર, વાઘ બકરી ચા | એક બિઝનેસમેનની જિંદગી |
| ૧૩. | ડૉ. જ્વલંત વોરા | સાયન્સની થોડી ડિફરન્ટ કરિયર્સ વિષે વાત. |
| ૧૪. | Mr. જયરાજ પંડ્યા | કરિયર એટલે શું? નક્કી કરવાની રીત. કોમર્સમાં કેવી કરિયર - પર્સનાલીટી ડેવલપમેન્ટ. |

બીજા નંબરે વિદ્યાર્થીઓમાં પર્સનાલિટી ડેવલપમેન્ટ કરવાની પણ સમજ આવે તે માટે કોમ્યુનિકેશન સુધારવાની પ્રેક્ટિસ અલગ ટોપીક આપીને કરાવવામાં આવી. આત્મવિશ્વાસ કેમ વધારવો અને ક્રિએટીવિટી વિકસાવવાને લગતી ટીપ્સ આપવામાં આવી અને પ્રેક્ટિસ પણ કરાવવામાં આવી. જેમાં ક્રિએટીવિટીના ક્લાસમાં વિદ્યાર્થીઓએ પોતાની ટીમની ખૂબ સરસ જાહેરાત બનાવી અને પ્લાસ્ટિક ચેરના ઉપયોગથી જાતજાતની ડિઝાઈન બનાવી.

*કર્તવ્ય પાલનથી ક્યારેય ડગવું નહિ.*

એજ્યુકેશન સંસ્થાની મુલાકાતના ભાગરૂપે આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ એન.આઈ.ડી. - પાલડીની મુલાકાત લીધી. જેનાથી તેમને એક વૈશ્વિક કક્ષાની ડિઝાઈનિંગ સંસ્થા કેવી હોય તેની સમજ પડી, તો બીજી બાજુ એમણે બુક ફેરની પણ વિઝિટ કરી. જેમાં ઈવેન્ટ મેનેજમેન્ટ અને પુસ્તકની અજાયબ વાતો જાણી.

આ વર્કશોપમાં ૧૫ છોકરીઓ અને ૮ છોકરાઓએ ભાગ લીધો. જેમાં અમદાવાદની કુલ ૧૭ સ્કૂલના વિદ્યાર્થીઓ હતા.

આ વર્કશોપની સફળતા માટે હું અશોકભાઈ, હીરેનભાઈ, હાસ્યલતાબેન, દેવેનભાઈ, પ્રદીપભાઈ અને ઓફિસ પ્રતિનિધિ અમીષાબેન અને દીપકભાઈનો ખાસ આભાર માનું છું.

મારી દૃષ્ટિએ આ આખો વર્કશોપ ખૂબ જ અસરકારક રહ્યો. જેમાં છેવટે વિદ્યાર્થીઓ પોતાની કરિયર કેવી રીતે નક્કી કરવી એ જાણતા થયા, મહેનત વગર સારી કરિયર ના બની શકે એ સમજતા થયા અને તેમની પર્સનલ લાઈફ સ્ટાઈલમાં પણ પોઝિટીવ ફેરફાર આવતા જશે એવું મને તેમના છૂટા પડતી વખતની વાતોથી લાગ્યું. અને છેલ્લે, આવી તક આપવા માટે હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભાર માનું છું. વિદ્યાર્થી મિત્રોને શુભેચ્છા આપું છું અને મજબૂત સૂચનો માટે સૌને આવકાર આપું છું.

*એક અને શૂન્યથી બનેલો દસ હવે બસ કહી જાય છે,*
*જિંદગીનું દરેક નવું વર્ષ જુદા ગણિત શીખવી જાય છે.*
*ક્યારેક દસ-દસ વર્ષનો સહવાસ અધૂરો રહી જાય છે,*
*ને દસ દિવસની મિત્રતા આખું જીવન બદલી જાય છે.*

**આલેખન : વર્કશોપ કો-ઓર્ડિનેટર જયરાજ પંડ્યા**
**કન્વીનર : શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ**

---

★ બાળકોના વાલીઓએ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, બાળકોના જીવન ઘડતર, વિકાસ અને કારકિર્દી માટે આ એક ખૂબ જ ઉપયોગી અને આદર્શ વર્કશોપ કહી શકાય. વર્કશોપના સંચાલક અને સમાજનો તેઓએ ખાસ આભાર માન્યો હતો. આ પ્રકારના વર્કશોપનું વારંવાર આયોજન થાય તેવી ઈચ્છા પણ તેઓએ વ્યક્ત કરી હતી.

★ ભવિષ્યમાં આ પ્રકારના કોઈના પણ વર્કશોપ થાય તે માટેના મારા સૂચનો :

૧. આવા વર્કશોપ વેકેશન શરૂ થતાં જ યોજાય તો વધુ સારું.

૨. સમાજના હજુ વધુ સભ્યો આવા વર્કશોપનો લાભ લે તે ખૂબ જરૂરી.

૩. હવેનો જમાનો સ્પર્ધાત્મક છે અને અગાઉથી આયોજનનો છે. તો દરેક પેરેન્ટ્સને સૂચન છે કે તેઓ પોતાના સંતાનની કારકિર્દી માટે સમાજ દ્વારા થતી આવી પ્રવૃત્તિઓને પોઝીટિવ રીસ્પોન્સ આપે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી માસ મે - ૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | સુરેશ રતનશી સાયા | ૮. | જિનેશ દિનેશભાઈ મહેતા | ૧૫. | દિનેશ મોહનલાલ વોરા |
| ૨. | નવીન મુક્તિલાલ શાહ | ૯. | વસંતલાલ ખીમજી શેઠિયા | ૧૬. | સુરેશ નરશી સોની |
| ૩. | મૂકેશ મૂળજી લાલકા | ૧૦. | લલિત જે. રાંભિયા | ૧૭. | રેખાબેન દેવજી ધારશી ગાલા |
| ૪. | રીંકુ અમૃતલાલ સંઘવી | ૧૧. | જગજીવન ખેંગારભાઈ મહેતા | ૧૮. | અમૃતલાલ પોપટલાલ સંઘવી |
| ૫. | મોનીષ ભૂપેન્દ્ર વોરા | ૧૨. | અરુણ અમૃતલાલ શાહ | ૧૯. | મહેન્દ્ર રવજી રાંભિયા |
| ૬. | પરેશ હસમુખલાલ દોશી | ૧૩. | મૂકેશ ઝુમખલાલ શાહ | | |
| ૭. | વિનોદ કનકલાલ દોશી | ૧૪. | અલ્પેશ ઝુમખલાલ શાહ | | |

***નોંધ : સમાજના સભ્યશ્રીઓને ખાસ જાણ કરવામાં આવે છે કે, જેઓએ 'મંગલ મંદિર'નું લવાજમ હજી સુધી ભરેલ નથી તેઓ વહેલાસર સમાજના ઓફિસ કાર્યાલયમાં લવાજમની રકમ જમા કરાવે, તેવો ખાસ અનુરોધ છે.***


*જિંદગીમાં વ્યવહારિક જ્ઞાન જરૂરી છે.*

# યુવા વિકાસ સમિતિ

## માઉન્ટ આબુના પ્રવાસનો અહેવાલ




માઉન્ટ આબુ ખાતે જ્યાં મુકામ કરેલ તે મહાવીર કેન્દ્ર ધર્મશાળામાં સમૂહ તસવીર



માઉન્ટ આબુના પી.આર.એલ. સેન્ટરની બહાર રાત્રે ટેલિસ્કોપની મદદથી સર્વે સભ્યોએ 'તારા દર્શન' કરવાની મજા માણી.



માઉન્ટ આબુ સ્થિત પી.આર.એલ. સેન્ટરની અંદરના મોટા દૂરબીન વડે સૌ કોઈએ દિવસમાં ૫ વાગે આકાશમાં ગુરુનો ગ્રહ નિહાળીને આશ્ચર્ય અનુભવ્યું હતું.



સૌ સભ્યોને પ્રભાવિત કરનાર પાટણની અદ્ભુત કલાકારીગરીવાળી 'રાણકી વાવ'

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૬ અને ૨૭ એપ્રિલના રોજ માઉન્ટ આબુનો પ્રવાસ યોજવામાં આવેલ હતો.

તા. ૨૬ની સવારે માઉન્ટ આબુની શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર ધર્મશાળામાં પહોંચ્યા બાદ 'અધરદેવી' માતાના મંદિરે સૌએ ભાવપૂર્વક દર્શન કર્યા હતા. ત્યાંથી વૈશ્વિક સ્તરે પ્રસિધ્ધ થઈ ગયેલ દેલવાડાનાં જૈન દેરાસરમાં બિરાજમાન પ્રભુજીના સૌએ દર્શન કર્યા. દેરાસરની અદ્ભુત રચના, ઉત્કૃષ્ટ સ્થાપત્ય કલા, કોતરણી તથા બાંધકામ નિહાળીને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બપોર બાદ અચલગઢ અને ગુરુ શિખર ગયેલ. ત્યાં સૌએ દત્તાત્રેય ભગવાનના દર્શન કરી ગુરુ શિખરમાં જ આવેલી ભારત સરકારની ખાસ ખગોળ વિજ્ઞાન માટે બનાવેલ 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી'ની મુલાકાત લીધી હતી. જ્યાં અવકાશના વિવિધ તારાઓ અને ગ્રહોની રસપ્રદ માહિતી આપવામાં આવેલ. ગુરુના ગ્રહને તથા એક તારાને ટેલિસ્કોપ દ્વારા પ્રત્યક્ષ જોવાનો અનેરો લહાવો સૌને સાંપડેલ હતો. પી.આર.એલ.ની મુલાકાત શ્રી વિશાલભાઈ શાહના પ્રયત્નોને આભારી હતી.

ત્યારબાદ અમદાવાદથી આવેલ ખગોળવિદ્ શ્રી પ્રફુલ્લભાઈ અને શ્રી મનોજભાઈએ ટેલિસ્કોપ દ્વારા વ્યાપક રીતે 'તારા દર્શન'નો અમૂલ્ય લહાવો સૌને આપ્યો હતો. ત્યારબાદ રાત્રિના સમયે અલૌકિક વાતાવરણમાં મોડી રાત્રિ સુધી 'નખી લેક' પર ફરવાની સૌએ મજા માણી હતી.

બીજા દિવસે બપોરે પાટણની 'રાણકી વાવ'ની મુલાકાત લીધેલ હતી. આ વાવની સ્થાપત્ય કળાની શ્રેષ્ઠ કામગીરી જોઈ સૌ પ્રભાવિત થયા હતા.

સમગ્ર પ્રવાસ દરમ્યાન સૌ સભ્યોએ સુંદર સાથ અને સહકાર આપ્યો હતો.

***કન્વીનર : યુવા વિકાસ સમિતિ***

*વાતનો સાર જાણો, વતેસરમાં ન પડો.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## સમિતિ દ્વારા આયોજિત અનેકવિધ હરીફાઈઓનો કાર્યક્રમ

પ્રતિ વર્ષની જેમ સમિતિએ આ વર્ષે પણ અનેક વિવિધતાસભર હરીફાઈઓનું આયોજન કરેલ છે. દરેક સ્પર્ધાના વિષયો અપાયેલા છે. પ્રેક્ટિસ માટે પૂરતો સમય પણ છે. તો તૈયાર થઈ જાવ - સ્પર્ધામાં ભાગ લઈને ઈનામો જીતવા.

### (૧) રામજી વેલજી સાવલા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)

- **શનિવાર, તા. ૨૧-૯-૨૦૧૪**
- **વિષય : મિષ્ટાન્ન**
  પાકી કેરી અથવા કાચી કેરીમાંથી મિષ્ટાન્ન બનાવવાની રહેશે.

### શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા વાનગી હરીફાઈ (ફરસાણ)

- **વિષય : ફરસાણ**
  મકાઈમાંથી ફરસાણ બનાવવાનું રહેશે.
- **હરીફાઈના નિયમો :**

૧. ભાગ લેનારે વાનગી પોતે જ ઘરે બનાવવાની રહેશે.
૨. વાનગી મૌલિક હોવી જોઈએ.
૩. વાનગીની રેસિપી સુવાચ્ય અક્ષરે ઘરેથી લખીને લાવવાની રહેશે. **જેના ઉપર પોતાનું નામ ન લખવા ખાસ વિનંતી.**
૪. વાનગી અપાયેલા વિષયને ધ્યાનમાં રાખીને બનાવવાની રહેશે.

### (૨) શ્રીમતી વિમળાબેન શિરીષ કોરડિયા ડ્રોઇંગ હરીફાઈ

- **શનિવાર, તા. ૨૧-૯-૨૦૧૪**
- **વિષયો :**
  (૧) મતદાન દિવસ
  (૨) મનપસંદ નેતાની વિજયરેલીનો કાર્યક્રમ
  (૩) પર્યાવરણ દિવસ
  (૪) અતિ ભારે વરસાદનો દિવસ.
  (૫) તમારો, તમારા બાળકોને શાળાએ મૂકવા જવાનો પહેલો દિવસ.
  (૬) રિવર ફ્રન્ટની મુલાકાતનો દિવસ.
- **હરીફાઈના નિયમો :**

૧. ડ્રોઈંગ માટેની સામગ્રી બધી જ અહીંથી આપવામાં આવશે.
૨. **ઉપરોક્ત વિષયોમાંથી તમારો મનપસંદ કોઈ પણ એક વિષય દોરવાનો રહેશે.**

### (૩) માતુશ્રી દમયંતીબેન ખીમચંદ વેલજી ધરમશી લગ્નગીત ગાવાની હરીફાઈ

- **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**
- **વિષય :** લગ્ન પ્રસંગના દરેક અવસરને અનુરૂપ ગીતો તૈયાર કરવાના રહેશે. હિંદી / ગુજરાતી / કચ્છી / ફિલ્મી - નોન ફિલ્મી ગીતો અપાયેલા વિષયને સંબંધિત ગાવાના રહેશે.
- **નિયમો :**

૧. હરીફાઈના દિવસે અવસર ચિઠ્ઠી ઉપાડીને નક્કી થશે. એ પ્રમાણે ગાવાનું રહેશે.
૨ સમય મર્યાદા : ૩ મિનિટ.

### (૪) ગૂર્જર પરિવાર બ્યુટી હરીફાઈ

- **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**
- **વિષય :** લગ્નને અનુરૂપ મેઈક-અપ અને લગ્નને અનુરૂપ હેર ડ્રેસિંગ (સમય મર્યાદામાં રહીને)
- **નિયમો :** ડ્રેસિંગ - કચ્છી બાંધણી ઘરેથી પહેરીને આવવાનું રહેશે. મેઈક-અપ અને હેર ડ્રેસિંગ લગ્નને અનુરૂપ સ્થળ ઉપર કરવાનું રહેશે. જેના માટેનો સામાન / ઘરેણાં ઘરેથી લાવવાના રહેશે.
- **સમય :** બપોરના ૨.૩૦ વાગ્યાથી
- **સ્થળ :** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

### (૫) રંગોળી હરીફાઈ

- **શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૧૪**
- **વિષયો :**
  ૧. સરસ્વતિ દેવી
  ૨. ભારત માતા
  ૩. ધ્વજવંદન
  ૪. આદર્શ નેતાનું રેખાચિત્ર
  ૫. ભારતનો નકશો - રાજ્યના નામો સાથે (અંગ્રેજી / ગુજરાતીમાં લખી શકાય.)
  ૬. ગણેશજી
- **નિયમો : ઉપરોક્ત વિષયમાંથી તમારો મનપસંદ કોઈપણ એક વિષય સ્થળ પર સમય મર્યાદામાં રહીને દોરવાનો રહેશે.** માત્ર ને માત્ર રંગોળીના કલરનો ઉપયોગ કરવાનો રહેશે. ગેરૂ વાપરવું હોય તો ઘરેથી લાવવાનું રહેશે.
- **સમય :** સવારના ૧૧.૦૦ કલાકે.
- **નોંધ :**

૧. દરેક હરીફાઈમાં ૧૬+ ઉંમરની બહેનો ભાગ લઈ શકશે.
૨. હરીફાઈમાં ભાગ લેનાર બહેનોએ (રંગોળી સિવાય) મોડામાં મોડા ૩.૦૦ વાગ્યા સુધી નામ લખાવવાના રહેશે.
૩. સ્પોન્સરરના પરિવારજનો જે તે હરીફાઈમાં ભાગ લઈ શકશે નહીં. અન્ય સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
૪. નિર્ણાયકનો નિર્ણય આખરી ગણાશે.
૫. સ્પર્ધક સિવાયના હાજર રહેનાર બહેનો માટે કંઈક સ્પેશિયલ.

***સ્પર્ધકોએ બધા જ નિયમો ધ્યાનથી વાંચવા અને તેનું પાલન કરવું.***

***કન્વીનર - સુલુ જલદીપ શાહ***

# વયસ્ક સમિતિ

## એક રંગારંગ કાર્યક્રમનું આયોજન

વયસ્ક સમિતિ તરફથી એક રંગારંગ કાર્યક્રમ બુધવાર, તા. ૨-૭-૨૦૧૪ના સાંજે ૪.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. સર્વ વડીલોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

કાર્યક્રમના અંતે સ્વરૂચિ ભોજન લઈને છૂટા પડીશું.

***કન્વીનર : રજનીકાંત પારેખ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ અને વયસ્ક સમિતિ

ઉપરોક્ત બંને સમિતિઓના સંયુક્ત ઉપક્રમે તા. ૩-૩-૨૦૧૪ના રોજ પાલડી ભવન ખાતે એજ્યુકેશન વીથ એન્ટરટેઈનમેન્ટનો કાર્યક્રમ યોજાઈ ગયો.

ગાયનેકોલોજિસ્ટ ડૉ. નીતા ઠાકરેએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી માત્ર બહેનોની ઉપસ્થિતિમાં બહેનોને લગતા વિષયો - બ્લિડિંગ, મેનોપોઝની ઉંમરે રક્તસ્રાવ, યુરિનરી લીકેજ - પેશાબની તકલીફો, સર્વાઈકલ કેન્સરને અટકાવવા વેક્સિન વગેરે ઉપર વક્તવ્ય આપ્યું હતું. એમણે આ વિષયોની સમસ્યા માટે આધુનિક ટેકનોલોજીની મદદથી થતી સારવારની વિગતવાર માહિતી આપી હતી. એમના કહેવા મુજબ, તમે તમારા ડૉક્ટર ન બનો પણ ડૉક્ટરને કન્સલ્ટ જરૂર કરો. જેથી સમસ્યાનું નિવારણ પરફેક્ટ અને ફાસ્ટ થઈ શકે. અંતમાં બહેનોની પોતાની અંગત સમસ્યા / મૂંઝવણ અંગે પ્રશ્નોત્તરી પણ થઈ હતી.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં ટી.વી. આર્ટિસ્ટ - ભાવિની જાની (કાકા ચાલે વાંકા ફેઈમ કાકી)ની સ્ટેન્ડ અપ કોમેડીના કાર્યક્રમમાં વયસ્ક ભાઈઓ પણ જોડાયા હતા અને સૌ કોઈ હાસ્યના કાર્યક્રમમાં તરબોળ થઈ ગયા હતા. બંને સમિતિઓના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## નાની બચત યોજના અને સલામત ભવિષ્ય

તા. ૨૬-૪-૨૦૧૪ના રોજ પાલડી ભવન ખાતે ઉપરોક્ત વિષય પર સેમિનાર યોજાઈ ગયો.

SEBIના પ્રતિનિધિ Ms. પલક લોહિયાએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી 'મૂડી રોકાણનું સલામત આયોજન' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમના વક્તવ્યમાં નાની બચતને કેવી રીતે મોટી કરવી, સલામત રોકાણ ક્યાં કરવું, વૃધ્ધિ - સલામતી - પ્રવાહિતતા વિશે સમજ, મૂડીરોકાણ પર જોખમ અને વળતર, ચક્રવૃધ્ધિ વ્યાજ, યોગ્ય મૂડી રોકાણના વિકલ્પો, પબ્લિક પ્રોવિડંટ ફંડ, મ્યુચ્યુઅલ ફંડ, પોસ્ટ ઓફિસની સ્કીમો, બોન્ડ્સના પ્રકારો વગેરે મુદ્દાઓ સવિસ્તાર આવરી લેવાયા હતા. અને ખાસ ચેતવણી આપતાં, છેતરામણીવાળી યોજનાઓને કેમ પારખવી - એની સમજ પણ તેમણે આપી હતી.

આ વિષય બહેનો માટે તદ્દન નવો હોવા છતાં પ્રશ્નોત્તરીમાં બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ઘણી બધી માહિતી મેળવી હતી.

***કન્વીનર : સુલુ જલદીપ શાહ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# લાઈબ્રેરી સમિતિ

સમૃધ્ધ વાંચન દ્વારા જ 'સ્વસ્થ સમાજ'ની રચના થઈ શકે એ માન્યતાના આધારે સમાજના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન સમાજના સભ્યોને ત્યાં ઘરે ઘરે લાઈબ્રેરીની બુક્સ મોકલીને સમાજના લોકો પોતાના ઘરે રહીને યોગ્ય વાંચન કરી શકે એ હેતુથી આ યોજના શરૂ કરી દીધેલ હતી. અનેક સભ્યોએ રસ દાખવી આ યોજનામાં પોતાને જોડેલ હતા અને તેઓના ઘરમાં નિયમિતપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરી બુક્સનું વાંચન ચાલું હતું. 'વાંચે ગુજરાત'ના સૂત્રને આથી સારૂં એવું બળ પ્રાપ્ત થયેલ હતું.

સુવર્ણ જયંતી વર્ષ બાદ કેટલાક મહિનાઓ પછી ઘેર ઘેર લાઈબ્રેરીની બુક્સ મોકલી આપવાની પ્રથા બંધ એ હેતુથી કરેલ હતી કે હવે પછી જે તે સભ્યો ભવન પર આવીને પોતાની જરૂરિયાત મુજબની બુક્સ લાઈબ્રેરીમાંથી મેળવી, નિયમિતપણે વાંચન ચાલુ રાખશે.

થોડા દિવસના અનુભવ પછી એ હકીકતનો ખ્યાલ આવ્યો કે સભ્ય પરિવારને મહિનામાં બે વખત અથવા ચાર વખત ભવન પર આવીને બુક્સ બદલીને લઈ જવાનું સરળ પડતું નથી અને કોઈને કોઈ કારણસર તેઓ ભવન પર આવી શકતા નથી. પરિણામે વાચક વર્ગની સંખ્યા ૫૦થી ૬૦ જેટલી થઈ ગયેલ હતી.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **લાઈબ્રેરી સમિતિએ ફરીથી ઘેર ઘેર બુક્સ મોકલીને સભ્યોની વાંચન પ્રત્યેની રૂચિ ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે.** પરિણામસ્વરૂપે આપણે એક 'સ્વસ્થ સમાજ'ની રચના તરફ આગળ વધી શકીશું. આ યોજના સોમવાર, તા. ૧૬-૬-૨૦૧૪થી ફરી શરૂ કરવા માંગીએ છીએ.

**લાઈબ્રેરી બુક્સ યોજનામાં જોડાઈ જવા આથી સહુને અપીલ કરવામાં આવે છે.** જે સભ્યોએ પોતાના ઘરે લાઈબ્રેરીની બુક્સ મંગાવવાની હોય તેઓએ પોતાના નામ વહેલી તકે ભવન પર ફોન કરી **અમીષા ભાવસાર** પાસે નોંધાવી દેવા અપીલ કરવામાં આવે છે.

આ અંગે કોઈ સૂચન હોય તો તે વહેલાસર મોકલી આપશો તો તે આવકાર્ય રહેશે.

આપશ્રીના સકારાત્મક પ્રત્યુત્તરની અપેક્ષા.

**રોહિત શાંતિલાલ સંઘવી**
**કન્વીનર - લાઈબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**(મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮)**

*નિષ્ફળતા પણ એક સારો શિક્ષક છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મેરેજ બ્યુરો સમિતિ

માસ ડિસેમ્બર-૨૦૧૩થી લગ્નોત્સુક યુવક - યુવતીઓના બાયોડેટા બેંક ઉપરોક્ત સમિતિ દ્વારા શરૂ કરવામાં આવી છે. લગ્નોત્સુક યુવાવર્ગને પોતાની પસંદગીનું યોગ્ય પાત્ર મળી રહે તેવા ઉદ્દેશ સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે દર શનિવારના બપોરે ૩.૩૦થી ૫.૩૦ દરમ્યાન જરૂરી વિગતો નોંધાયેલા સભ્યોને રૂબરૂ બતાવવાની કામગીરી ચાલે છે. આ પ્રકારની વિગતો અત્રેથી મેળવીને લાગતાવળગતા અનેક વાલીઓ તથા ઉમેદવારો સામા પક્ષનો સંપર્ક કરતા હોય છે. આજ સુધી આશરે ૩૫૦ સભ્યોએ આ યોજનાનો લાભ લીધેલ છે. અમને આપવામાં આવેલ વિગત મુજબ, અત્રેથી પ્રાપ્ત કરેલ માહિતીના આધારે અત્યાર સુધી આઠ ઉમેદવારોના પરસ્પર સંબંધ નક્કી થઈ ચૂક્યા છે. જે આ યોજનાની સફળતા દર્શાવે છે. કોઈપણ વ્યક્તિ આ સમિતિ સમક્ષ સભ્યપદની નોંધણી કરાવ્યા બાદ ઉપરોક્ત યોજનાનો લાભ મેળવી શકે છે.

**સમિતિની ઉપરોક્ત કામગીરી માટે સ્વેચ્છાએ પોતાની સેવા આપી શકે તેવા સભ્યશ્રીએ આ સમિતિના કન્વીનરશ્રીનો સંપર્ક કરવા અનુરોધ છે.**

*કન્વીનર : હીરજી પાસુભાઈ શાહ*
*મો. ૯૮૨૫૩ ૮૦૮૬૬*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## મેડિકલ સેન્ટર દ્વારા
## એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

વિશ્વ હાઈપર ટેન્શન દિન નિમિત્તે મેડિકલ સેન્ટરમાં તા. ૧૭-૫-૨૦૧૪ના રોજ એક નિઃશુલ્ક તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ વ્યક્તિઓએ લાભ લઈને પોતાના બી.પી. (બ્લડ પ્રેશર)ની માત્રા જાણીને તે સંબંધી જરૂરી જાણકારી પ્રાપ્ત કરી હતી. આ કેમ્પમાં ડૉ. શ્રીમતી વિશાખાબેન શાહે પોતાની માનદ્ સેવા આપી હતી. તે ઉપરાંત મેડિકલ સેન્ટરના સીનિયર ફિઝિશિયન ડૉ. શ્રીમતી નીતુબેન પરીખે હાઈપર ટેન્શન એટલે શું તથા તે કોને - કેવા સંજોગો હેઠળ થઈ શકે, તેના ઉપચાર અને મેડિસીન વગેરે બાબતે સેન્ટરમાં લોકોને જરૂરી સમજણ આપી હતી તેમજ આ વિષય સંબંધી તેઓની સમસ્યાઓના નિરાકરણ અર્થે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

*કન્વીનર : તબીબી સેવા સમિતિ*

**શુભ ભાવના અને સારા વિચારોનું સેવન માણસના તન અને મન ઉપર સચોટ અસર કરે છે.**

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### રાહત દરે નોટબુક - ફૂલસ્કેપ ચોપડા વિતરણ

'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા રાહતદરે નોટબુક - ફૂલસ્કેપ ચોપડાની યોજના અન્વયે કુલ ૧૧૧ ફોર્મ આવેલ હતા. જેમાં કુલ ૧૩૪ ડઝન વિવિધ નોટબુક તથા ૨૯૯ ડઝન ફૂલસ્કેપ ચોપડા તા. ૨૪-૫ અને તા. ૨૫-૫ના રોજ તમામ સભ્યોને તેઓના ઓર્ડર મુજબ વિતરણ કરવામાં આવેલ. નોટબુક અને ચોપડાની ઉત્તમ ક્વોલિટીની સૌ સભ્યોએ પ્રશંસા કરેલ.

ઉપરોક્ત યોજના સફળ બનાવવામાં ૫૦% રકમના મુખ્ય દાતા તરીકે (૧) સ્વ. શ્રી ધીરુભાઈ સ્વરુપચંદ શાહ, ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી - અમદાવાદ રૂા. ૨૧,૦૦૦/- (૨) સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલા પરિવાર રૂા. ૨૧,૦૦૦/- તથા (૩) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી બાકીની ખૂટતી રકમ પ્રાપ્ત થઈ શકશે.

આ યોજના માટે ૫૦ ટકા લેખે જરૂરિયાતની રકમ ઉપરોક્ત દાતાશ્રીઓ પાસેથી પ્રાપ્ત થઈ શકવાની હોવાથી આ યોજના સફળ થઈ શકેલ છે. દરેક દાતાશ્રીના અમે આભારી છીએ.

### આગામી કાર્યક્રમો

★ તા. ૪-૭-૨૦૧૪થી બે દિવસ માટે કચ્છ પ્રવાસનું આયોજન છે. આ પ્રવાસ અંગેની વધુ માહિતી નીચે દર્શાવેલ સભ્યો પાસેથી જાણી લેવા વિનંતી.

| | | |
|---|---|---|
| શ્રી પારસ વીરા | : | મો. ૯૮૨૫૫ ૫૦૦૬૬ |
| શ્રી નીતિન શાહ | : | મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧ |
| શ્રી અલ્પેશ મહેતા | : | મો. ૯૦૯૭૬ ૨૮૨૮૦ |

પ્રવાસ માટે 'સંકલ્પ' તથા સમાજના સભ્યોએ તા. ૨૦-૬-૨૦૧૪ સુધીમાં પોતાના નામ ઉપરોક્ત વ્યક્તિ પાસે લખાવી દેવા જરૂરી છે.

★ તા. ૯-૮-૨૦૧૪ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ કરવાનું નક્કી કરેલ છે. સમાજનાં જે યુવા ભાઈ-બહેનો આ કાર્યક્રમમાં ભાગ લેવા માગતા હોય તેઓએ ફોન દ્વારા પોતાના નામ તા. ૨૦-૬-૨૦૧૪ સુધીમાં નીચે જણાવેલ સભ્યો પાસે લખાવી દેવા વિનંતી. આ કાર્યક્રમમાં ૩ વર્ષથી માંડીને તમામ નાના મોટા યુવાવર્ગને સમાવી લેવામાં આવશે.

| | | |
|---|---|---|
| શ્રી દર્શન કોઠારી | : | મો. ૯૪૨૯૬ ૨૦૦૩૯ |
| શ્રી મહેક સંઘવી | : | મો. ૯૯૦૪૫ ૧૬૩૬૩ |
| શ્રી અલ્પેશ મહેતા | : | મો. ૯૦૬૭૬ ૨૮૨૮૦ |
| શ્રી પારસ વીરા | : | મો. ૯૮૨૫૫ ૫૦૦૬૬ |
| શ્રી નીતિન શાહ | : | મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧ |

*મંત્રી - 'સંકલ્પ'*

*ગુસ્સો અનેક બીમારીઓને નોતરે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૪

● **સોમવાર, તા. ૨૧-૪-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા વગેરેએ સાથે બેસીને રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ તથા કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન કાર્યક્રમ અંગે વિહંગાવલોકન કર્યું. રવિવારના કાર્યક્રમમાં અનેક લોકોએ સ્વેચ્છાએ ડોનેશનની જાહેરાત કરેલ હોવાથી એ કાર્યક્રમ દીપી ઉઠેલ. અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ તથા અધિકારીશ્રીઓની ઉપસ્થિતિના કારણે કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચનનો કાર્યક્રમ પણ ઝળકી ઉઠેલ.

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશ્વિનભાઈ સાવલાએ આવતી ટ્રસ્ટ મંડળની મીટિંગની મંજૂરીની અપેક્ષાએ એક વખત ડાયાલિસિસ કરાવવાનો ચાર્જ (ડાયાલાઈઝરની કિંમત અલગથી) રૂા. ૪૦૦/- રાખવાનું નક્કી કરેલ હતું.

● **બુધવાર, તા. ૨૩-૪-૨૦૧૪**

★ લૂણી પાંજરાપોળવાળા શ્રી વસનજીભાઈ સોનીની દોહિત્રીની દીક્ષા પ્રસંગે સમાજમાંથી શ્રી અશોક મહેતા, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર તથા શ્રી દિનેશભાઈ મહેતા કોબા ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

★ નેચર ક્યોર હોસ્પિટલ - મુંદ્રાના શ્રીમતી મંજુલાબેન મણિલાલ વોરા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મુંબઈથી પધારેલ હતા. તેમની સાથે અમદાવાદના શ્રી શૈલેષભાઈ જશવંતલાલ શાહ હતા. મુંદ્રા - કચ્છ ખાતે ડાયાલિસિસ સેન્ટર ઊભું કરવા અંગે તેના દરેક પાસાની ચર્ચા - વિચારણા કરવામાં આવેલ હતી. આપણી પાસે આ અંગે જે માહિતી ઉપલબ્ધ હતી તે દરેક માહિતી તેમને આપવામાં આવેલ હતી.

★ ભુજ ખાતે આર્કિટેક્ચરલ કૉલેજની જમીન સંપાદનની પ્રક્રિયા અંગે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રદીપ જોષી આજે રાત્રે ભુજ જવા નીકળેલ હતા.

● **ગુરૂવાર, તા. ૨૪-૪-૨૦૧૪**

★ આજરોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા, શ્રી પ્રદીપ જોષી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર તથા શ્રી રજનીભાઈ પટવા પ્રથમ એકત્રિત થઈ, DILR ની ઓફિસમાંથી શ્રી નાઈને સાથે લઈ ભાટ ગામની સીમના સર્વે નંબર-૪૬ પર ગયેલ હતા કે જે જમીન સંપાદિત કરવા માટે આપણે પ્રયાસ કરી રહ્યા છીએ. અગાઉ જે જમીન નિર્ધારિત કરેલ હતી તેમાં ઊંચા ટેકરા અને ખીણ હોવાથી તેના બદલે તેની બાજુની જમીન અંગેની વિચારણા કરવામાં આવેલ હતી. બાજુની જમીનની માપણી કરી, તેના પ્લાન બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **શુક્રવાર, તા. ૨૫-૪-૨૦૧૪**

★ ગંગર આઈનેશન - મુંબઈએ તેની પ્રથમ બ્રાંચ આજરોજ સી.જી. રોડ પર શરૂ કરેલ હોવાથી સમાજ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિનભાઈ સાવલા વગેરે તેઓના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા.

● **શનિવાર, તા. ૨૬-૪-૨૦૧૪**

★ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર પર ડૉ. જગદીપ શાહે મોકલેલ પેશન્ટ પર આજે સૌપ્રથમ ડાયાલિસિસ કરવામાં આવ્યું.

★ તા. ૩૧-૩-૨૦૧૪ સુધીના 'મંગલ મંદિર'ની જાહેરાતના બીલોની ઉઘરાણીનું લિસ્ટ રજિસ્ટરમાં નોંધી આજે કમ્પ્લીટ કરવામાં આવ્યું.

● **રવિવાર, તા. ૨૭-૪-૨૦૧૪**

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીમાં છપાયેલ જાહેરાતના બીલોની ઉઘરાણી તથા ડાયાલિસિસ સેન્ટરના નકરાની વિગત રજિસ્ટરમાં નોંધીને પૂર્ણ કરવામાં આવી.

● **સોમવાર, તા. ૨૮-૪-૨૦૧૪**

★ શનિવારે કરવામાં આવેલ પ્રથમ ડાયાલિસિસ પછી આજે બીજા બે ડાયાલિસિસ કરવામાં આવ્યા, કે જે ખૂબ જ સારી રીતે થઈ શક્યા. આ રીતે હવે ડાયાલિસિસ સેન્ટર નિયમિત થઈ જવા પામેલ છે.

★ આજરોજ સવારના ભાગે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ભવન પર મળેલ હતા અને વર્ષ ૨૦૧૪-૧૫ માટેના કેટલાક આયોજનો વિચારવામાં આવેલ હતા.

● **મંગળવાર, તા. ૨૯-૪-૨૦૧૪**

★ ડૉ. સુબ્રમણ્યમ ઐયર તથા ડૉ. મનન કંસારાએ પણ આજરોજ ડાયાલિસિસ સેન્ટર પર ડાયાલિસિસ કરાવવા પોતાના પેશન્ટ્સને મોકલી આપેલ હતા. તેઓ પણ હવેથી નિયમિતપણે ડાયાલિસિસ સેન્ટર પર પોતાના દર્દીઓને મોકલતા રહેશે.

● **બુધવાર, તા. ૩૦-૪-૨૦૧૪**

★ આજરોજ ભવન પર કો.ઓ. ક્રેડિટ સોસાયટીની કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી નલિનભાઈ મોમાયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર

*અહંકારનું આયુષ્ય ઘણું ટૂંકું હોય છે.*

છ. શાહ, શ્રી મનુભાઈ શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. જરૂર જણાતા ધીરાણના નિયમો સુધારવામાં આવ્યા. નવા નિયમ પ્રમાણે રૂપિયા એક લાખ સુધીના ધીરાણ માટે ધીરાણ મેળવનારે ૫ ટકા અને બે જામીનદારોમાંના દરેકે અઢી ટકા ડિપોઝિટ જમા કરાવાની રહેશે અને રૂપિયા એક લાખથી વધુ ધીરાણ મેળવનારે ૧૦ ટકા અને બે જામીનદારોમાંના દરેકે ૫ ટકા ડિપોઝિટ જમા કરાવવાની રહેશે. જરૂર જણાતા અન્ય કેટલાક નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા હતા. કેટલાક નવા સભાસદોની અરજીઓ પણ મંજૂર કરવામાં આવેલ હતી.

★ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી દિનેશભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિમાં લેવાયેલ નિર્ણય અનુસાર સમાજ દ્વારા નવા ઊભા કરવામાં આવેલ ડાયાલિસિસ સેન્ટરની જવાબદારી આ સમિતિને સુપરત કરવામાં આવેલ હતી. પરંતુ આ મીટિંગમાં ચર્ચા વિચારણાને અંતે એવું જણાયેલ કે આ સમિતિ પાસે હાલે શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરની ખૂબ જ મોટા પ્રમાણમાં જવાબદારી હોતાં અગર સમાજની કારોબારી સમિતિ ડાયાલિસિસ સેન્ટર અંગે અન્ય સમિતિ બનાવી, તેને તે જવાબદારી સુપરત કરવામાં આવે તો બંને તરફના કાર્યોને પૂરતો ન્યાય આપી શકાશે અને બંને તરફ કામની ગુણવત્તા યોગ્ય રીતે જળવાઈ રહેશે. આ નિર્ણયના અનુસંધાને કારોબારી સમિતિને યોગ્ય સ્વરૂપે વિગતવાર પત્ર લખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ ગુજરાતભરમાં લોકસભા ૨૦૧૪ની ચૂંટણીનો આજે દિવસ હતો. સમાજના લગભગ બધા જ સભ્યોએ પોતપોતાના વિભાગમાં ઉત્સાહપૂર્વક મતદાન કરેલ હતું. સમાજના સ્ટાફના દરેક સભ્યને પણ મતદાન કરવા અનુકૂળ વાતાવરણ ઊભું કરી દેવામાં આવેલ હતું.

● **ગુરૂવાર, તા. ૧-૫-૨૦૧૪**

★ અષાઢી બીજ વિશેષાંકના અનુસંધાને જે લેખકશ્રીઓને તેમના લેખ માટે અગાઉ પત્રો લખવામાં આવેલ હતા અને જેઓના લેખો હજુ સુધી મળેલ નથી તેઓનો આજથી ફોન પર સંપર્ક સાધવાનું શરૂ કરી દેવામાં આવેલ હતું.

● **શુક્રવાર, તા. ૨-૫-૨૦૧૪**

★ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના તા. ૫-૫-૨૦૧૪થી તા. ૭-૫-૨૦૧૪ દરમ્યાનના ૩ દિવસના વર્કશોપ માટે આજે સમાજના ૯મા ધોરણ તથા ૧૦મા ધોરણના કેટલાક વિદ્યાર્થીઓનો સંપર્ક સાધવામાં આવેલ હતો કે જેના કારણે આ વર્કશોપ માટે ખૂટતા વિદ્યાર્થીઓની ત્રુટી સાંધી શકાયેલ હતી.

★ શિવાની ઝવેરીએ અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરેલ ઈતિહાસના બે લેખ આજરોજ મેઈલ દ્વારા મળેલ હતા. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરવાના ઈતિહાસના લેખોનું કામ સંતોષજનક રીતે આગળ વધી રહેલ છે.

● **શનિવાર, તા. ૩-૫-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૧૭ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં સમાજના ત્રણે ભવનો પર ચાલતા વિવિધ રીનોવેશન કામના અનુસંધાને એક રીનોવેશન સમિતિની રચના કરવામાં આવેલ હતી. મેડિકલ સમિતિના કન્વીનરશ્રીના આવેલ પત્રના અનુસંધાને ડાયાલિસિસ સેન્ટર માટે આજરોજ એક ડાયાલિસિસ સમિતિની પણ અલગથી રચના કરવામાં આવેલ હતી.

● **સોમવાર, તા. ૫-૫-૨૦૧૪**

★ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ પ્રાયોજિત અને શ્રી જયરાજભાઈ પંડ્યાની નિગરાની હેઠળનો ધોરણ-૯ તથા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટેના ૩ દિવસના વર્કશોપનો આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શુભારંભ કરવામાં આવેલ હતો. લગભગ ૨૪ વિદ્યાર્થીઓ આ વર્કશોપમાં ભાગ લઈ રહ્યા છે. સવારના ૮ થી સાંજના ૬ વાગ્યા સુધી આ વર્કશોપ ચાલુ રહેનાર છે કે જેમાં વિદ્યાર્થીઓને બહારની સંસ્થાની મુલાકાતે પણ લઈ જવામાં આવનાર છે. અલગ અલગ ફેકલ્ટીઓ દ્વારા વિષયવાર વક્તવ્ય આપવામાં આવે છે અને તેના અનુસંધાને ચર્ચા પણ કરવામાં આવે છે.

● **બુધવાર, તા. ૭-૫-૨૦૧૪**

★ સમાજની આવાસ યોજનામાં બે ફ્લેટ અગાઉ ખાલી થયેલ હોવાથી અને સમાજના જરૂરિયાતવાળા અન્ય સભ્યોને તે ફાળવવાના હોવાથી તેના અનુસંધાને સમાજના સભ્યો પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ હતી. આવેલ અરજીના અનુસંધાને આ સભ્યોની ઘરની મુલાકાતે ઓઢવ, નરોડા વગેરે વિસ્તારમાં શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર અને શ્રી કે.ડી. શાહ રૂબરૂ ગયેલ હતા અને અરજી કરનાર સભ્યોના ઘરની પોતાની રીતે ચકાસણી કરેલ હતી.

★ આજરોજ સાંજના ૫ વાગે અમદાવાદ સ્થિત કોષ્ટી સમાજની (મૂળ મધ્ય પ્રદેશના પરંતુ ૭૦થી પણ વધુ વર્ષોથી અમદાવાદમાં રહેતા) કારોબારી સમિતિના ૧૫ જેટલા સભ્યો ભવન પર આવેલ હતા અને તેમના સમાજના (ટોટલ ૨૪૦૦ સભ્યો છે) સભ્યોને ભવન પર ચાલતા મેડિકલ સેન્ટર સાથે જોડવા ૧૭૬ જેટલા ફોર્મ ભરાવીને લાવેલ હતા. અને તેઓના મેડિકલના કાર્ડ બનાવવા એ ફોર્મ્સ અત્રે સુપરત કરી ગયેલ હતા.

*અન્યને મદદ કરો અને શાંતિ મેળવો.*

★ શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત વર્કશોપનો આજે ત્રીજો અને અંતિમ દિવસ હતો. વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના પેરેન્ટ્સને આજે સાંજના રૂબરૂ બોલાવી તેઓને વર્કશોપમાં શું કરવામાં આવ્યું તેની માહિતી આપવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓએ પણ વર્કશોપના અંતે વિવિધ કાર્યક્રમો દ્વારા પોતાની ઝલક દાખવેલ હતી. દરેક વિદ્યાર્થીને યોગ્ય પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતા.

★ આજરોજ શ્રી હંસરાજભાઈ કંસારા દ્વારા ઇતિહાસના રીવાઈઝ્ડ અને સુધારેલા લેખો જલદી પ્રાપ્ત થઈ શકે તે માટે વિવિધ મહાનુભાવોને તેમને સોંપાયેલ વિષયે શક્ય જલદી બાકી રહેતી કાર્યવાહી પૂર્ણ કરવા પત્રો લખવામાં આવેલ હતા.

● **ગુરૂવાર, તા. ૮-૫-૨૦૧૪**

★ આવાસ યોજનાના ખાલી થયેલ બે ફ્લેટ્સ ફાળવવાના અનુસંધાને આજરોજ શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર તથા શ્રી કે.ડી. શાહે વેજલપુર, નિર્ણયનગર, ચાંદલોડિયા વગેરે વિસ્તારમાં રહેતા અને ફ્લેટ માટે અરજી કરનાર સભ્યોના ઘરની રૂબરૂમાં મુલાકાત લઈ તેઓ સાથે જરૂરી પૂછતાછ કરેલ હતી.

★ સવારમાં ૧૦.૩૦ વાગે ભવન સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી કે. આર. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી દિનેશભાઈ જગજીવન શાહ, શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા, શ્રી પીયૂષભાઈ સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના વિવિધ રૂમોમાં થતા લીકેજીસ રીપેરિંગના કાર્યો, ગીતા મંદિર પરના સેવા ભવનના પ્રથમ માળે વરસાદી પાણી રોકવાના છજ્જાનું કામ તથા આવાસ યોજનાના ધાબા પર રૂફિંગ કરાવવાનું કામ રીનોવેશન સમિતિને સુપરત કરવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. એ સિવાય અન્ય અનેક રૂટીન કામોના અનુસંધાને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **શુક્રવાર, તા. ૯-૫-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર હિસાબી સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી મગનભાઈ સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી ર.કું. ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રાજુભાઈ વસા આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. ૨૦૧૩-૧૪ની બેલેન્સ શીટ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

● **શનિવાર, તા. ૧૦-૫-૨૦૧૪**

★ મેડિકલ સેન્ટરના મોટાભાગના સ્ટાફના સહીવાળો એક પત્ર સ્ટાફના પગાર વધારા માટે વિચારણા કરવા અંગેનો આજરોજ મળેલ હતો.

★ વયસ્ક સમિતિની એક બેઠકમાં યુરોપની ટુર અને તા. ૨-૭-૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

● **રવિવાર, તા. ૧૧-૫-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણીના અનુસંધાને લગભગ ૬૨ જેટલા પત્રો અગાઉ તૈયાર કરવામાં આવેલ હતા. તેના અનુસંધાને આજરોજ બીજા ૮૦ જેટલા પત્રો તૈયાર કરવામાં આવ્યા કે જે પ્રથમ એકાઉન્ટ વિભાગમાં ચેક કરાવવા મોકલાવ્યા બાદ ટાઈપ કરવા આપી શકાય.

★ મુંબઈના ગાલા સ્પ્રિંગના શ્રી વસનજીભાઈ હરશી ગાલાની ખબર પત્રિકામાં વાંચનાલય માટે વર્તમાનપત્રો તથા મેગેઝિન્સ મોકલવાની તથા પુસ્તકાલય માટે બુક્સ ડોનેશનમાં આપવા અંગેની આવેલ જાહેરાતના અનુસંધાને જરૂરી ફોર્મ ભરી તે તૈયાર કરવામાં આવેલ અને તેની સાથે એક કવરીંગ લેટર પણ તૈયાર કરવામાં આવેલ હતો.

★ વયસ્ક સમિતિના જે સભ્યો વિદેશ પ્રવાસે જવાના છે તેઓએ પોતાના વિઝા મેળવવા અરજીઓ રજૂ કરી હતી.

● **સોમવાર, તા. ૧૨-૫-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર એક અનૌપચારિક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કું. ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. આવાસ યોજનાના બે ફ્લેટ ફાળવવા અંગે, મેડિકલ સ્ટાફના પગાર વધારા અંગે આવેલ પત્ર બાબતે, મંગલ મંદિરના ટેબલ વર્ક માટે એક અલગ સ્ટાફ મૂકવા બાબતે તથા અન્ય કેટલીક બાબતો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ કોષ્ટી સમાજના આવેલ ૧૭૬ ફોર્મ્સનો ડેટા કોમ્પ્યુટરમાં ફીડ કરવા અંગે શ્રીમતી દક્ષાબેન, શ્રી પીન્ટુ પટેલ તથા રાધિકા સાથે જરૂરી ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવેલ હતો.

★ શૈક્ષણિક લોનના વિતરણ માટે શ્રી રજનીકાંત પારેખ અને શ્રી આણંદજીભાઈ વીરાએ ચર્ચા વિચારણા કરેલ.

● **મંગળવાર, તા. ૧૩-૫-૨૦૧૪**

★ મેડિકલ કાર્ડ માટે આવેલ નવી અરજીઓની તપાસણી કરીને કાર્ડ તૈયાર કરાવવા માટે મેડિકલ કાર્ડ સમિતિ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી.

● **બુધવાર, તા. ૧૪-૫-૨૦૧૪**

★ સમાજના સભ્યપદ માટે આવેલ અરજીઓની ચકાસણી કરીને મંજૂરી અર્થે ટ્રસ્ટ મંડળને મોકલાવવાની કાર્યવાહી સભ્યપદ સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

● **ગુરૂવાર, તા. ૧૫-૫-૨૦૧૪**

★ આજરોજ હિસાબી સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી મગનભાઈ

*અઘરા કામ પણ સફળ બનાવી શકાય.*

સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી ર.કું. ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રાજુભાઈ વસા ઉપસ્થિત રહેલ હતા. વર્ષ ૨૦૧૩-૧૪ની બેલેન્સ શીટ માટે તેઓએ જરૂરી નિર્ણયો લઈ તેને તૈયાર કરવા ખજાનચીશ્રીને સુપરત કરવામાં આવેલ હતી.

★ ભવન સમિતિની એક બેઠકમાં રીનોવેશન કામકાજ માટે ચર્ચા કરવામાં આવેલ તેમજ એ.સી. અને વોટર કુલરના સારસંભાળ માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા સંબંધી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

● **શુક્રવાર, તા. ૧૬-૫-૨૦૧૪**

★ લોકસભાની ચૂંટણીના પરિણામો આજે સવારથી જ ટી.વી. પર જાહેર કરવાના હોવાથી મોટાભાગના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તથા અન્ય કાર્યકરોએ આજ રોજ ભવનની મુલાકાત લીધેલ ન હતી.

● **શનિવાર, તા. ૧૭-૫-૨૦૧૪**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ભવન સમિતિ તથા રીનોવેશન સમિતિની એક સંયુક્ત મીટિંગ સવારના ભાગે મળેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી આશિષ દિનેશ મહેતા, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી દિનેશ જ. શાહ, શ્રી પીયૂષ પારેખ, શ્રી પીયૂષ સાવલા, શ્રી અશ્વિનભાઈ સોની વગેરે એકત્રિત થયેલ હતા અને કરવામાં આવનાર જરૂરી રીનોવેશન કામો અંગે ચર્ચા કરી તે કામોની વિધિ શરૂ કરી દેવા રીનોવેશન સમિતિના કન્વીનર શ્રી આશિષ દિનેશ મહેતાને જણાવવામાં આવેલ હતું.

★ અષાઢી બીજ વિશેષાંક માટે લેખ તરતમાં મોકલી આપવા અંદાજિત ૨૫ જેટલા લેખકશ્રીઓને રીમાઈન્ડર પત્ર મોકલવા તે પત્રો તૈયાર કરવામાં આવેલ હતા.

★ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર યુવા વિકાસ સમિતિની એક મીટિંગ મળેલ હતી.

● **રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪**

★ આજે સાંજના ૫ વાગે મુંદ્રા ખાતે શ્રી મધુભાઈ માંકડના સન્માન કરવા મળેલ ૭૦૦ જેટલા ખેડૂતોની સભામાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોક મહેતા અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા અને તેઓએ પ્રસંગોચિત વક્તવ્ય પણ આપેલ હતું. આ સભામાં નીતિમત્તાના ધોરણને વળગી રહી, પોતાના હાથમાં હોવા છતાં મોંઘા ભાવની જમીન સામેની વ્યક્તિને કોઈપણ જાતના વધારાના મૂલ્ય લીધા વગર સ્વેચ્છાએ સુપરત કરી દેનાર અંદાજિત ૧૫થી ૨૦ ખેડૂતોનું પણ સન્માન કરવામાં આવેલ હતું. સમારંભ અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ ઉત્તમ કક્ષાનું વક્તવ્ય આપેલ હતું. શ્રી મધુભાઈ માંકડે પણ ગદ્ગદિત ભાષામાં પોતાના સન્માન બદલ પ્રતિસાદ વ્યક્ત કરેલ હતો. સન્માન સમયે ખેડૂતો દ્વારા એકત્રિત કરેલ એમાઉન્ટ રૂા. ૧ લાખની થેલી તેમને અર્પણ કરવામાં આવતા તેઓશ્રીએ પોતાના પરિવારના અન્ય રૂા. ૨૫,૦૦૦/- ઉમેરી એ રકમ ખેડૂતોના સારા કામો કરવા ખેડૂત સન્માન સમિતિને પરત કરેલ હતી.

● **સોમવાર, તા. ૧૯-૫-૨૦૧૪**

★ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પ્રમુખ તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોક મહેતા આજરોજ બિદડા ખાતેના માતૃવંદનામાં રોકાઈ શ્રી કોમલભાઈ સાવલા સાથે ભવિષ્યમાં માતૃવંદના દ્વારા હાથ પર લેવામાં આવનાર પ્રોજેક્ટો અંગે અનેકવિધ ચર્ચા કરેલ હતી. કચ્છના શિક્ષણના તથા અન્ય કેટલાક પ્રશ્ને આવતા બે-ત્રણ મહિનામાં એક, બે દિવસીય ચિંતન શિબિરનું આયોજન ઘડી કાઢવામાં આવેલ હતું અને તેની તૈયારી કરવાનો શુભારંભ પણ કરી દેવામાં આવેલ હતો. તેના અનુસંધાને રાત્રે તેઓ ભુજ ખાતે ડૉ. કાંતિભાઈ ગોરને પણ મળી આ તથા અન્ય કેટલાક પ્રશ્ને વિચાર વિમર્શ કરેલ હતો.

★ પૂરા થયેલા વર્ષના હિસાબો સમયસર ફાઈનલ કરવા સર્વશ્રી કે.ડી. શાહ, રમણિકભાઈ ગોસર અને કિશોરભાઈ ઠક્કર ઑડિટર્સ સાથે ચર્ચા કરવા તેમની ઓફિસમાં મળ્યા હતા.

● **મંગળવાર, તા. ૨૦-૫-૨૦૧૪**

★ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ની બેલેન્સ શીટના અનુસંધાને ખજાનચી શ્રી કે.ડી. શાહ તથા સહ ખજાનચી શ્રી ર.કું. ગોસર સાથે કેટલીક જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ ટી.ડી.એસ.ની રકમ વહેલી તકે રીફંડ મેળવવા અંગે શ્રી કે.ડી. શાહે ઑડિટર શ્રી નૌતમભાઈ વકીલ અને શ્રી જાનીભાઈ સાથે વિસ્તૃતપણે ચર્ચા કરી હતી.

● **ગુરુવાર, તા. ૨૨-૫-૨૦૧૪**

★ સમાજના વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના હિસાબ અને સ્ટાફ સભ્યોના પગાર ધોરણ અંગે ચર્ચા વિચારણા કરવા સર્વશ્રી કે. આર. શાહ, કે.ડી. શાહ, મગનભાઈ સંઘવી, મણિલાલભાઈ ગોસર, હસમુખભાઈ શાહ તથા રમણિકભાઈ ગોસર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળ્યા હતા.

● **શુક્રવાર, તા. ૨૩-૫-૨૦૧૪**

★ શ્રી સેવા ભવન તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહના વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના ઑડિટ થયેલા હિસાબો તેમજ ટી.ડી.એસ. સર્ટિફિકેટ વિશે સર્વશ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને એકાઉન્ટન્ટ શ્રી કિશોર ઠક્કરે ચર્ચા કરીને દરેક વિગત ઑડિટર્સને મોકલી આપવા એકાઉન્ટન્ટને સૂચના આપવામાં આવી હતી.

● **શનિવાર, તા. ૨૪-૫-૨૦૧૪**

★ સભ્યપદ સમિતિની એક બેઠકમાં ૧૯ અરજીઓની ચકાસણી કર્યા બાદ જરૂરી મંજૂરી અર્થે ટ્રસ્ટ બોર્ડને મોકલાવી આપવાનું નક્કી થયું હતું. સર્વશ્રી રમણિકભાઈ ગોસર, કે.ડી. શાહ અને રજનીકાંત પારેખ ઉપરોક્ત બેઠકમાં ઉપસ્થિત હતા. ■

*હારનારા ઘણા છે, થાકનારા ઓછા છે.*

## ઊડતી નજરે....

**એપ્રિલ-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............<br>જેમાંથી – | ૧૨,૨૦૦ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ ૫૧૦ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ ૬૭ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ ૩૦ | |
| | (ગ) | સોનોગ્રાફી ............ ૯૯૬ | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ ૪૨ | |
| | (ચ) | બોડી ચેક-અપ ............ ૪૧૮ | |
| | (છ) | અન્ય ............ ૧૦,૧૩૭ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૧,૮૫૯<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ............ ૫,૬૪૯<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ............ ૪૫૬<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ............ ૧,૯૩૧ | ૯,૮૯૫ |
| ૩. | | માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૮૫૨<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૩,૬૭૪ | ૪,૫૨૬ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૪૮૧ | ૪૮૧ |
| | | એપ્રિલ - ૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | ૨૭,૧૦૨ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૪ની બાળવર્ગથી ૭ સુધીના ધોરણની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ________________________________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : ______________ મોબાઈલ : ______________

કચ્છમાં ગામ ______________ તાલુકો ______________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ______________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ________________________________________

________________________ પીન ______________ ફોન ______________

તા. – – ૨૦૧૪ વાલીની સહી ______________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ - પિતા - દાદા - અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદબાત્તલ થશે.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૨૦-૭-૨૦૧૪**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૨૦-૭-૨૦૧૪** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડુતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડુતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૫૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

BHARAT B. GALA

NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

RE - ROLLING / S. S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

B
BLUE STAR
INDUSTRIES

www.shilpaworld.com

Chandrakant K. Gada
+91 - 9825069290

STAINLESS STEEL RE-ROLLERS

Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in


પ્લોટ્સ અને વિલા ૧૫ લાખથી શરૂ
બુકીંગ ચાલુ છે.
સેમ્પલ વિલા તૈયાર છે.
Kalpavriksha
abode
Plots & Villas
@ પંચાસર
શંખેશ્વર
પ્લોટ સાઈઝ- ૫૦૦ વાર અને વધુ ના પ્લોટ્સ
● ૧ BHK - વિલા - ૬૯.વાર
● ૨ BHK - વિલા - ૧૧૫.વાર
સાઈટ એડ્રેસ :
કલશ કુબેરની બાજુમાં, પંચાસર ગામ, શંખેશ્વર, ગુજરાત
ઓફીસ એડ્રેસ :
ચોથો માળ, અંજલી હાઉસ, લાલ બંગલોની સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
ડેવલોપર :
DIAMOND
realty


Gala
NO DUST BROOM
iska bhusa nahi nikalta!
No 'new broom dust'
3X Longer lasting
Washable
Superior Cleaning Guaranteed

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

ROMAN
GROUP

Give Your Society The Best!













Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,